
ભાગ બીજો
શેઠ નગીનભાઈ મંછુભાઈ
જૈન સાહિત્યોદ્ધાર ફં.સુરત

શ્રી ગોડીપાર્શ્વનાથાય નમઃ

શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ ગ્રન્થાંક ૧૦

# શ્રી

# કુમારપાળ ભૂપાળ ચરિત્ર

## શ્રીમાન્ જયસિંહસૂરિવિરચિત સંસ્કૃત મહાકાવ્યનું ગુજરાતી ભાષાન્તર

## ભાગ ૨ જો

ભાષાંતરકર્તા-મોતીચંદ ઓધવજી શાહ

-: પ્રકાશક :-

શેઠ નગીનભાઈ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડ માટે
ભાઈચંદ નગીનભાઈ ઝવેરી-સુરત

Lives of great men all remind us
We can make our life sublime
(Long Fellow)

( મહાપુરુષોના જીવનચરિત્રો આપણને બોધ આપે છે
કે આપણે પણ આપણા જીવનને ઉન્નત કરી શકીએ )

વીર સંવત્ ૨૪૮૨ | વિક્રમ સંવત્ ૨૦૧૨ | ઇ. સ. ૧૯૫૫
પ્રથમ આવૃત્તિ | મૂલ્ય ૨-૦-૦ | પ્રત ૧૦૦૦

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

આ ગ્રંથ છાપવા, છપાવવા વિગેરેનો હક્ક આ ફંડના
કાર્યવાહકોને જ આધીન છે.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર

Published by Bhaichand Naginbhai Javeri
Gopipura for Sheth Naginbhai Manchhubhai
Jain Sahityodhar fund.—SURAT

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

श्री सागरानन्दगुरूपदेशाद्, यो जैन साहित्य विकासनाय।
तदीयकोशेऽर्पितवान् धनंस्वं, सोऽयं सुधीः श्रेष्ठि नगीनचन्द्रः ॥१॥



શેઠ નગીનભાઇ મંછુભાઈ ઝવેરી-સુરત

જન્મ વિક્રમ ૧૯૧૪
વૈશાખ કૃષ્ણ ૩

સ્વર્ગવાસ વિક્રમ ૧૯૭૭
કાર્તિક શુકલ ૧૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગં. સ્વ. નવલબેન નગીનભાઇ મંછુભાઇ



સ્વર્ગવાસ

સંવત ૧૯૬૫ મહા વદ ૧૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જીવનચરિત્રોની મહત્તા

તીર્થંકરો પણ કેવળજ્ઞાન પામી શ્રી સમવસરણમાં બિરાજમાન થાય ત્યારે પણ ધર્મકથા જ કહે. **ચરિત્રો, રાસો અને છંદો** એ બધા એના પ્રતિકો છે.

**શ્રી સાગરજી**

આનંદચંદ્રસુધાસિન્ધુ ભાગ ૨, પા. ૧૫૫

મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાથી તે તે ઉત્તમ જીવોનાં ગુણ તમને સ્મરણપથમાં ઉપસ્થિત થશે. તમારા હૃદયપટ ઉપર કોઈ અપૂર્વ જાગૃતિ થશે. વૈરાગ્યની વાસના પ્રગટ થશે. તે જીવોના આત્મબળ, તે જીવોની ધૈર્યતા અને ધર્મ ઉપર નિશ્ચલતાનો અનુભવ થશે.

**સમોવાળા ભક્તિસૂરિ**

શ્રી વૈરાગ્યભાવના પાનું ૧૬૫.

On the lives of Remarkable men ink and paper should least be shared. Gothe.

મહાપુરુષોના જીવનચરિત્ર માટે શાહી કે કાગળની જરા પણ કસર કરવી નહી.

**મહાકવિ ગ્યોટે**

ગૂર્જરરાષ્ટ્રના તમામ સમાજે શ્રી હેમચંદ્રાચાર્યની અપ્રતિમ પ્રતિભા માટે અભિમાન ધરાવવું જોઇએ. હેમચંદ્ર આચાર્ય માત્ર જૈન વિભૂતિ નહોતા. તેમનું વ્યક્તિત્વ ગૂર્જર હતું, આર્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતું, અગમ્ય સર્વજ્ઞત્વવાળું હતું. જે નવા જૂના ગૂર્જર લેખકો-એ તે સર્વજ્ઞ વ્યક્તિત્વનો ઉપહાસ કર્યો છે તેમણે અક્ષમ્ય ગુન્હો કર્યો છે. હેમચંદ્રની પ્રતિભાની રજકણ જેટલી પ્રતિભા જેની નથી તેઓ આવો ગુન્હો કરી શકે, એ હજુ ચાલુ છે. તે આપણી અયોગ્યતા સૂચવે છે.

**શ્રી કેશવલાલ હિંમતલાલ કામદાર**

જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દિ સ્મારકગ્રંથ

ગુજરાતી વિભાગ પાનું ૧૮

---

युष्मान् भो अभिवादये भव जयी, भो एधि जैनश्च भो,
युष्मानप्यभिवादये सुकृतवान्, भूयः कुमारो भव ।
आयुष्मांश्च कुमारपाल चिरमित्याशंसितोऽत्रार्हतै-
श्चैत्यं स्फाटिकपार्श्वबिंबमकृत स्वर्णेन्द्रनीलैर्नृपः ॥

કુમારપાળ જૈન મુનિઓને કહે છે 'હું તમોને વંદના કરું છું.' જૈન મુનિઓ કહે છે 'તારી જય થાઓ. તું જૈન થા.' કુમારપાળ ઉત્તર આપે છે. 'હે આર્હતો! હું તમને ફરી અભિવંદના કરું છું.' આર્હતો કહે છે. 'હે રાજા! હે કુમારપાળ! તું સુકૃતવાન્ થા. તને ધર્મલાભ થાઓ. તું આયુષ્યમાન્ થા. તું જૈન દર્શનનો પ્રચાર કર.' એવી રીતે કહેવાતા એ રાજાએ સ્ફટિકના પાર્શ્વનાથ બિંબવાળું સોનાનું અને ઇંદ્રનીલવાળું ચૈત્ય (અણહિલ્લપાટકમાં) કર્યું.

**શ્રી હેમચંદ્રાચાર્ય**

('દ્વયાશ્રય કાવ્ય' ૨૦ મો સર્ગ, ૯૮ મો શ્લોક)

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ચિત્રપરિચય

卐

૧ શ્રી કુમારપાળ રાજા શ્રી હેમચંદ્રસૂરિજી પાસે બાર
વ્રત લે છે. પૃષ્ઠ ૧૨૮

૨ ઉદયન મંત્રીનું અંતસમયે મુનિવંદન. પૃષ્ઠ ૧૯૫

૩ વીતભયનગરથી મહાવીરસ્વામીની પ્રતિમા લાવી
પોતાના હાથે હાથી પર પધરાવી શહેરમાં પ્રવેશ
કરાવે છે. પૃષ્ઠ ૨૪૫

૪ ગીઝનીના બાદશાહનું કુમારપાળ પાસે આકાશ-
માર્ગે થઇને લાવવું. પૃષ્ઠ ૨૬૮

૫ શ્રી કુમારપાળ રાજા પૂર્વભવમાં કુલપૂજા કરે છે. પૃષ્ઠ ૨૮૬

૬ શ્રી કુમારપાળ રાજા શ્રી હેમચંદ્રાચાર્યનો અંતિમ
ઉપદેશ સાંભળે છે. પૃષ્ઠ ૩૦૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકનું નિવેદન

**શ્રી આર્યસુહસ્તિગિરિ** અને **શ્રી સંપ્રતિ**, શ્રી સિદ્ધસેન દિવાકર અને મહારાજા વિક્રમ, શ્રી આમ્રભટ અને બપ્પભટ્ટસૂરિ તેમ **શ્રી હેમચંદ્રાચાર્ય** અને **મહારાજા કુમારપાળ** જૈન ધર્મનો મહાન્ ઉદ્યોત કરનારા વિક્રમની બારમી સદીમાં થઇ ગયા.

જે જીવદયા શ્રી કુમારપાળ રાજાએ અઢાર દેશમાં ફેલાવી એવી આ અવસર્પિણીમાં બીજા કોઇ રાજાએ ફેલાવી હોય એવું કોઇ પ્રમાણ ઉપલબ્ધ નથી.

જે મહારાજા કુમારપાળ કાળ કરી વ્યન્તર દેવમાં ઉત્પન્ન થઇ, ત્યાંથી ચ્યવી બીજા ભવમાં શ્રી શ્રેણિકનો જીવ જે આવતી ચોવીસીમાં પદ્મનાભ નામના પહેલા તીર્થંકર થશે તેના અગિયારમા ગણધર થઇને મોક્ષપદ પામશે. તે પવિત્ર પુરુષના જીવનચરિત્રનું વાંચન જૈન સમાજને અતિ ઉપયોગી અને અનુકરણીય છે, એમાં જરાય સંશય નથી. એવા શ્રી કુમારપાળ મહારાજાના જીવન વિષે ઘણા સંસ્કૃત ચરિત્રો પૂર્વાચાર્યોએ લખ્યા છે ને પ્રગટ પણ થયા છે તેમાંનું એક **શ્રી જયસિંહસૂરિ**-વિરચિત શ્રી કુમારપાળ ભૂપાળ ચરિત્રનું સંસ્કૃત મહાકાવ્ય સંવત ૧૪૨૨ માં બનાવ્યું છે. સર્ગ ૧૦ અને શ્લોક ૬૩૦૭ પ્રમાણ છે. તે મુંબઇ શ્રી વિજયદેવસુર સંઘની પેઢી ગોડીજી દેરાસર તરફથી સંવત ૧૯૮૨ માં છપાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. તે પુસ્તક પં. શ્રી ખાન્તિવિજયજી જેઓ તે વખતે મુંબઇમાં શ્રી ગોડીજી ઉપાશ્રયમાં ચાતુર્માસ રહ્યા હતા, તેઓ **તરફથી**

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

સંશોધન કરવામાં આવ્યું હતું. તેઓશ્રીની પ્રેરણાથી આ ભાષાંતર કરવાનું અમોએ નક્કી કર્યું હતું ને ભાવનગરનિવાસી ભાઈ મોતીચંદ ઓધવજી પાસે તૈયાર કરાવ્યું હતું. સંજોગવશાત્ તે ભાષાંતર પ્રસિદ્ધ કરવામાં ઘણો વિલંબ થયો છે. ચરિત્ર લાંબું હોવાથી તેને બે ભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ તેનો બીજો ભાગ પ્રગટ કરવામાં આવે છે.

શ્રી પરમાર્હત્ રાજાધિરાજ કુમારપાળ માટે ઘણું સાહિત્ય પ્રગટ થયું છે, છતાં આ કાવ્યમાં ઘણી નવીન ઐતિહાસિક ઘટનાઓ જાણવા મળે છે. આ ચરિત્રની કેટલીક ચમત્કારિક ઘટનાઓમાંથી થોડી નીચે ટાંકીએ છીએ કે જેથી વાંચકોને ચરિત્રની મહત્તાનો ખ્યાલ આવે.

૧ નાગપુર શહેરમાં ધનદ નામનો શેઠ જે ઘણો જ ધનાઢ્ય હતો ને પુષ્કળ સોનામહોરો જમીનમાં દાટી હતી, કર્મવશાત્ તે ઘણો જ ગરીબ થઈ ગયો અને દાટેલું ધન ખોદીને બહાર કાઢે છે તો અંગારા થઈ ગએલું નીકળે છે, તેમને ત્યાં એ જ અરસામાં મુનિ સોમચંદ્ર ( શ્રી હેમચંદ્ર ) વહોરવા જાય છે ને તેમના સ્પર્શથી અંગારા ફરી સુવર્ણ-મહોર થાય છે.

શ્રી સોમચંદ્ર મુનિ ( શ્રી હેમચંદ્ર ) પોતાના ગુરુ ભાઈ શ્રી દેવેંદ્રવિજય સાથે વધુ અભ્યાસ માટે ગૌડદેશ તરફ ગુરુની આજ્ઞા લઈને જાય છે. રસ્તામાં ખેરાળુ ગામમાં શ્રી શાસનદેવી વૃદ્ધ જતિનું રૂપ લઈ તેમને મળે છે અને પોતાની પાસેની કળાઓ આપવા જણાવી શ્રી ગિરનાર તીર્થ પર લઈ જવાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાતો કરે છે. રાત્રિએ સૂતાં પછી થોડીવારમાં જાગે છે તો તેઓ બન્ને જણા ખેરાળુને બદલે રૈવતાચળ પર પોતાને જુએ છે. ત્યાં શાસનદેવી પ્રગટ થઈ બધી હકીકત કહે છે ને રાજાને તથા દેવને વશ કરવાના મંત્રો આપે છે ને સ્મરણશક્તિ કાયમ રહે તે માટે અમૃતરસનું પાન કરવા માટે કમંડળુ આપે છે. દેવેંદ્રવિજય (રાત્રિ હોવાથી) પીતા નથી પણ સોમચંદ્ર દેવીએ આપેલું અમૃતરસ ધરાઈને પી જાય છે.

૩ શ્રી હેમચંદ્રાચાર્ય સિદ્ધરાજ જયસિંહ સાથે શત્રુંજય ગિરનારની યાત્રા કરી પ્રભાસપાટણ થઈ કોડીનાર જાય છે ત્યાં અંબિકાદેવીની અઠ્ઠમ તપની આરાધના કરી દેવી પ્રગટ થાય છે ને જણાવે છે કે—સિદ્ધરાજ પછી તેમની ગાદીએ શ્રી કુમારપાળ રાજા થશે.

૪ શ્રી કુમારપાળ ગાદીનશીન થયા પછી શ્રી હેમચંદ્રાચાર્ય પાટણ પધારે છે ને ઉદયન મંત્રીને કહે છે કે–તમારે મહારાજ કુમારપાળને એકાંતમાં કહેવું કે–આજરાત્રે તમારે નવી રાણીના મહેલે જવું નહીં. આ સાંભળી રાજા નવી રાણીને મહેલે જતાં નથી. રાત્રિના સમયે અકસ્માત્ વીજળી થાય છે ને રાણી મરી જાય છે. રાજા સવારે મંત્રીને પૂછે છે કે–તમને કોણે કહ્યું હતું ? મંત્રી શ્રી હેમચંદ્રાચાર્યનું નામ જણાવે છે ને રાજાને ગુરુ પર પૂર્ણ શ્રદ્ધા પેદા થાય છે.

૫ શ્રી સોમનાથ મહાદેવનું મંદિર જીર્ણ થઈ જવાથી તેનો જીર્ણોદ્ધાર કરવા માટે શ્રી કુમારપાળ આજ્ઞા કરે છે ને શ્રી હેમચંદ્રાચાર્યને રાજા પૂછે છે કે–આ જીર્ણોદ્ધાર જલદી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થાય એવો ઉપાય બતાવો. ગુરુ માંસભક્ષણના ત્યાગનો નિયમ આપે છે ને પછી જીર્ણોદ્ધાર સંપૂર્ણ થયેથી તે મંદિરના દર્શનાર્થે શ્રી હેમચંદ્રાચાર્યની સાથે શ્રી કુમારપાળ જાય છે. ત્યાં મંત્રજાપથી મહાદેવ પ્રગટ થાય છે અને કહે છે કે–સાક્ષાત્ પરબ્રહ્મ જેવા સૂરીશ્વરની સેવા કર. હે કુમારપાળ! પોતાના એવા જ્ઞાનને લઈને જેઓ વિશ્વને આમળાની માફક જોઇ રહ્યા છે તેમના આદેશ ઝીલજે. તારી સર્વ કામના ફલિભૂત થશે એમ કહીને શંકર ભગવાન અન્તર્ધ્યાન થઈ જાય છે.

ભરુચના પ્રખ્યાત સંન્યાસી દેવબોધિ બ્રાહ્મણ શ્રી કુમારપાળને મળે છે, પોતે કમળના નાળના દાંડાનું–કાચા સુતરે બાંધેલું કેળના પાંદડાનું આસન બનાવી આઠ આઠ વરસના બાળકો પાસે ઉપડાવી રાજસભામાં આવે છે. રાજા વિસ્મય પામે છે. ગુરુ શ્રી હેમચંદ્રાચાર્ય બીજે દિવસે વ્યાખ્યાનમાં સાત બાજોઠ ગોઠવી ઉપર બેસી વ્યાખ્યાન આપે છે તે પછી શિષ્ય આવી એક પછી એક હેઠળના બાજોઠ ખેંચી લે છે. ગુરુશ્રીને ભૂમિથી અદ્ધર બેસીને દોઢ પહોર સુધી વ્યાખ્યાન આપતાં જોઇ રાજા સ્તબ્ધ થઇ જાય છે. પછી સૂરીશ્વર કુમારપાળને સર્વ તીર્થંકરો તથા કુમારપાળના પૂર્વજોના દર્શન કરાવે છે.

આવા ચમત્કારોથી ભરેલા તથા જેમાં શ્રી હેમચંદ્રાચાર્ય રાજા કુમારપાળને પ્રતિબોધ પમાડવા માટે ત્રણ અંતરમાર્ગો કહે છે, તે પણ ઘણી રસિક તથા બોધદાયક છે.

આ ઉપરાંત ભાષાંતરકર્તાએ શ્રી દ્વયાશ્રય મહાકાવ્યમાંથી પાટણ શહેરનું વર્ણન લીધું છે. જે વાંચવા જેવું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ બીજા ભાગમાં નીચે મુજબની ત્રણ સુંદર અંતર-કથાઓ આપેલી છે. જે ખાસ વાંચવા જેવી છે.

૧ જીવદયા ઉપર શ્રી પુન્યસાર કથા પૃ૦ ૧/૬૨.
૨ શ્રી વ્રતપાલન પર ભીમકુમાર કથા પૃ૦ ૭૬/૧૨૬.
૩ વિક્રમ રાજાનું દૃષ્ટાંત પૃ૦ ૧૬૭/૧૮૭,

તેમજ નીચે મુજબની ખાસ મનનીય અને વિચારણીય ઐતિહાસિક હકીકતો પરત્વે પણ વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ.


૧ કંટકેશ્વર દેવીનો નવરાત્રિના દિવસોમાં બકરા તથા પાડાના ભોગનું માગવું અને કુમારપાળ ભૂપાળે ભોગ ધરાવવાની ના કહેવાથી દેવી ક્રોધાયમાન થઈ રાજાને કોઢ ઉત્પન્ન કરે છે, અને શ્રી હેમચંદ્રાચાર્ય તે કોઢનું નિવારણ કરે છે.

૨ શ્રી ઉદયન મંત્રી સૌરાષ્ટ્રના રાણા સમરસેન સાથે યુદ્ધ કરવા જતાં ગંભીર રીતે ઘાયલ થાય છે. અંતસમયે મુનિના દર્શનની ઇચ્છા અને સિદ્ધાચળના જીર્ણોદ્ધારની પ્રતિજ્ઞા આપે છે.

૩ મહારાજા કુમારપાળની જીર્ણોદ્ધારની અનુમતિથી મંત્રી વાગ્ભટ્ટ જીર્ણોદ્ધાર કરાવવા જાય છે. તેના ખરડામાં **ભીમ** નામના સામાન્ય ઘીના વેપારીનું **સાત સોનૈયાનું** દાન અને ફાળામાં પહેલું નામ ભીમનું લખાય છે.

૪ શ્રી કુમારપાળનો ચોમાસામાં પાટણ શહેરની બહાર નહીં જવાનો નિયમ અને ગીઝનીના બાદશાહનું પાટણ શહેર પર આક્રમણ, શ્રી હેમચંદ્રાચાર્ય બાદશાહને પલંગ સાથે મહેલમાં લાવવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



શેઠ મોતીચંદ નગીનભાઇ

| જન્મ | સ્વર્ગવાસ |
| --- | --- |
| સં. ૧૯૪૭ કારતક વદ ૯ | સં. ૧૯૮૦ ચૈત્ર સુદ ૧૪ |

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

૫ શ્રી ભગવાન્ મહાવીરના સમયમાં સિંધુ દેશના **વિતભય** નગરમાં વિદ્યુન્માલીદેવ શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા ભરાવે છે. તે નગરનું દૈવી કોપથી દટાઈ જવું અને શ્રી કુમારપાળ રાજાએ તે નગરીનું ખોદકામ કરાવી તે **પ્રતિમા** ઉદાયન રાજાના તામ્રપત્રના લેખ સાથે મેળવે છે અને પાટણ લાવી ભવ્ય સ્ફટિકનું મંદિર બંધાવે છે. વિગેરે વિષયો વાંચવા જેવા છે.

બાલબ્રહ્મચારી પ્રાતઃસ્મરણીય આચાર્ય નેમિસૂરિજીના પટ્ટધર શ્રી અમૃતસૂરિજીના પ્રશિષ્ય વિદ્વાન્ પંન્યાસશ્રી **ધુરંધરવિજયજી**એ ભા. ૧ લાની પ્રસ્તાવના લખી આપેલી તે ખાસ ઉપયોગી હોવાથી ભા. ૨ જામાં પણ અમે તે જ લીધી છે.

મહારાજા કુમારપાળે પોતે સંસ્કૃતમાં **આત્મનિન્દા–દ્વાત્રિંશિકા** બનાવી છે તે બત્રીશીનું કાવ્ય આ સાથે મૂકવામાં આવેલ છે.

પ્રસિદ્ધ ચિત્રકાર ભાઈ ગોકળદાસ કાપડિયા પાસે મુખપૃષ્ઠનું ચિત્ર તથા બીજા ચિત્રો તૈયાર કરવામાં આવ્યાં છે.

અંતમાં મહાપુરુષોના જીવનચરિત્રો છપાવી પ્રસિદ્ધ કરી ઓછી કિંમતે આપી પ્રચાર કરવાના આ પ્રયાસને જૈન સમાજ સહકાર આપશે, એવી આશા રાખીએ છીએ.

સં. ૨૦૧૨
કાર્તિકી પૂર્ણિમા
ગોપીપુરા–સુરત

**ભાઇચંદ નગીનભાઇ ઝવેરી**
અને બીજાઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સકલલબ્ધિસમ્પન્નાય શ્રીગૌતમસ્વામિને નમ:

# પ્રસ્તાવના

પરમાર્હત મહારાજા કુમારપાલનો જન્મ સં. ૧૧૪૯ માં થયો હતો. દધિસ્થલી ( દેથલી ) ગામમાં ત્રિભુવનપાલને ઘેર કાશ્મીરાદેવીની કુક્ષિએ તેમનો જન્મ થયો હતો. તે સમયે ગુજરાતમાં ચૌલુકયવંશનું રાજ્ય ચાલતું હતું અને ધર્મ તરીકે જૈનધર્મનો પૂર્ણ પ્રભાવ હતો. રાજાઓના હૃદય ઉપર પણ જૈનધર્મની પૂરી છાપ હતી.

ચૌલુકયોનો રાજ્યકાલ એ જૈનધર્મનો સુવર્ણયુગ, ને તેમાં પણ કુમારપાલ ભૂપાલનો સમય તો રત્નયુગ. એ સમયે જૈન ધર્મની ઉન્નતિ એક અપેક્ષાએ ટોચે પહોંચી હતી. જો કે તે સમયે પણ ઇતર ધર્મોની ખેંચતાણ પૂરી હતી છતાં સમર્થ આચાર્ય ભગવંતોની પ્રભાવશીલતાને કારણે જૈનધર્મનું તેજ દિનાનુદિન વધતું જ રહ્યું હતું. 'પરમાર્હત' થયેલા મહારાજા કુમારપાલને પણ પરમમાહેશ્વર કરવાના કોડ અને યત્નો તે સમયના શૈવો સતત સેવતા હતા છતાં તેમાં તેઓ ફાવી શકયા ન હતા. સેંકડો સમર્થ સાધનોથી નિશ્ચિત થયેલ મહારાજાના પરમાર્હતપણાને ખસેડી તે સ્થળે પરમમાહેશ્વર-પણાને સ્થાપન કરવાના પ્રયત્નો કરવા તે કેવળ નિષ્ફળ છે એટલું જ નહિ પણ વિપરીત ફળ આપનારા છે. બાકી તો શૈવો પણ મહારાજા કુમારપાળને પરમમાહેશ્વર તરીકે માને તેમાં એકન્દર મહારાજાનું તો ગૌરવ જ છે. જૈનાચાર્યોએ પરમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રુતજ્ઞાનની ઉપાસના કરીને યથાસાધ્ય મળેલી હકીકતોને વ્યવસ્થિત ગુંથીને રચેલા ગ્રંથોને બાદ કરતાં મહારાજા કુમારપાલને આલેખવાનું શૈવોને કહેવામાં આવે તો છૂટાછવાયા શિલાલેખો સિવાય અન્ય શું સાધન–સામગ્રી તેમની પાસે છે ? અને તેવા શિલાલેખો સામે પણ અનેક અન્ય શિલાલેખો વિદ્યમાન છે, માટે કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી મહારાજ આદિના સંપૂર્ણ પ્રમાણિક ઉલ્લેખો મહારાજાને ઓળખવા માટે પર્યાપ્ત છે.

જન્મ પછી રાજ્ય મળ્યું ત્યાં સુધીનો ૫૦ વર્ષનો જીવનકાળ કુમારપાળનો વિશિષ્ટ ન હતો. બાહ્યદૃષ્ટિએ ઘણી આપત્તિઓ એ સમય દરમિયાન સહન કરવી પડી, અને અભ્યન્તર દૃષ્ટિએ સતત ચિંતાઓ સતાવતી હોય ત્યાં આત્માની બીજી સાધના શું સાધી શકાય ? એવી સ્થિતિ હતી. પરાપૂર્વથી ચાલ્યું આવતું રાજા સિદ્ધરાજ સાથેનું વૈમનસ્ય અને તેમાં પણ સિદ્ધરાજે જાણ્યું કે મારી પછી રાજા કુમારપાલ થવાનો છે એટલે વૈમનસ્યમાં થયેલો વધારો એ સર્વ કારણે કુમારપાલને પોતાના યૌવનકાળમાં ઘડીભર શાંતિથી બેસવા જેવું રહ્યું નહિ. એ સમયે કુમારપાલે જે કષ્ટો સહન કર્યાં ને સાહસ કેળવ્યું તે રોમાંચક સાથે અનેક પ્રેરણા આપે એવું છે. ચરિત્રમાં એ વાત વિસ્તારથી વિગતવાર છે. ૧૧૯૯ વિક્રમ સંવતમાં કુમારપાલને પાટણની ગાદી મળી–રાજ્ય પ્રાપ્ત થયા પછી કૃતજ્ઞશિરોમણિ એ રાજાએ પોતાના આપત્તિકાળમાં જે જે મદદગાર બન્યા હતા તે સર્વને સંભારી સંભારીને બોલાવ્યા, અને દરેકનો વિનમ્રતાપૂર્વક ઉચિત બદલો વાળ્યો. કુમારપાલ રાજામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોટામાં મોટો એ કૃતજ્ઞતાનો ગુણ ખીલ્યો હતો, એને એ ગુણને લઈને તેની પ્રતિષ્ઠા અને રાજ્યની સ્થિરતા જામી હતી.

એક વૃદ્ધ મંત્રીનો પ્રસંગ આવે છે કે–એકદા રાજસભામાં આનંદની ખાતર મહારાજા કુમારપાલે સર્વને પૂછ્યું કે–મહારાજા સિદ્ધરાજમાં વધારે ગુણો હતા કે મહારાજા કુમારપાલમાં વધારે ગુણો છે. નિઃસંકોચ જેને જે યોગ્ય લાગે તે કહો. રાજાના તેજમાં અંજાએલા દરેકે રાજા સિદ્ધરાજ કરતાં રાજા કુમારપાલ વધારે ગુણવાળા છે એ પ્રમાણે કહ્યું. એક વૃદ્ધ મંત્રી કાંઈ પણ બોલ્યા વગર ચૂપ રહ્યા ત્યારે ચાહીને રાજા કુમારપાલે તેને પૂછ્યું કે તમે કેમ કાંઈ કહેતા નથી ? મંત્રીએ કહ્યું કે–સાચું કહીશ તો આપને ખોટું લાગશે ને આપને સારું લગાડવા દરેકની જેમ ખોટું કહેવું એ મારો સ્વભાવ નથી. રાજાએ કહ્યું કે–ભલે તમો કહો. જે ખરું હોય તે કહો. મને ખોટું નહિં લાગે.

વૃદ્ધ મંત્રીએ કહ્યું કે–મહારાજા સિદ્ધરાજમાં ૯૮ ગુણો હતા અને બે અવગુણ હતા. આપનામાં બે ગુણો છે અને ૯૮ અવગુણ છે. ભરસભામાં આ સાંભળીને રાજા કુમારપાલની આંખ લાલ બની ગઈ. તે જોઈને વૃદ્ધ મંત્રીએ માફી માંગી અને પોતાના કહેવાનો આશય સમજવા વિનંતિ કરી. પછી પોતાના કહેવાનો મર્મ ખોલતાં તેણે કહ્યું કે–મહારાજા સિદ્ધરાજમાં ઉદારતા, શૂરવીરતા આદિ ૯૮ ગુણો હોવા છતાં અકૃતજ્ઞતા અને પરસ્ત્રીલંપટતા એ બે એવા અવગુણ હતા કે તેના સર્વ ગુણો ઉપર પાણી ફરી વળતું હતું. એ સામે આપમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ બે એવા મહાન્ સદ્ગુણો છે કે આપ ગુણવાન ગણાઓ છો. આ સાંભળીને રાજા કુમારપાલ ખૂબ હર્ષ પામ્યો. આ વાતથી રાજામાં કૃતજ્ઞતાનો ગુણ એવો ખીલ્યો હતો કે ભલ-ભલાને વશ કરવા માટે સમર્થ હતો. આવી કૃતજ્ઞતા સાથે તેમનામાં કૃપાળુતા પણ ખૂબ હતી. જીવોનું દુઃખ જોઇને આર્દ્ર બની જવું એ તેમના હૃદયમાં સ્વાભાવિક હતું, એથી પોતાના રાજ્યમાં વસતા લોકોને વ્યસનમુક્ત કરવા તેમણે સફળ અને વ્યવસ્થિત આયોજન કર્યું હતું. પોતાના રાજ્યમાંથી દૂર કરેલા વ્યસનો બીજાના રાજ્યમાં જઇને ઘર કરી બેઠા છે એ જ્યારે તેમના જાણવામાં આવ્યું ત્યારે ચિત્રપટો સાથે પોતાના મંત્રીને તે રાજાને ત્યાં મોકલી ત્યાંથી પણ વ્યસનોને દૂર કરાવ્યા, એ પણ એક હકીકત છે. વ્યસનો કઇ રીતે નાબૂદ થાય એ સમજવા માટે મહારાજા કુમારપાલનો એ અધિકાર ખૂબ જ મનનીય છે. મૃતકની પાછળનું ધન લેવાનું રાજાએ છોડી દીધું તે પાછળ પણ રાજાના હૃદયમાં વસેલી કૃપાલુતા જ પ્રધાન કારણ હતી. આ સર્વને વિકાસ અને પોષણ આપતી દઢ મનોવૃત્તિ રાજામાં હતી. 'अङ्गिकृतं सुकृतिनः परिपालयन्ति' 'સ્વીકારેલો પથ ન તજવો સુજ્ઞની એ સુરીતિ'નો સાક્ષાત્કાર કરાવતી રાજાની દઢતા કંટકેશ્વરી દેવીના પ્રસંગથી સ્પષ્ટ જણાય છે. ભલભલા ચળી જાય-ઢીલા પડી જાય એવો એ પ્રસંગ હતો છતાં રાજાનો નિર્ણય અચલ અને અક્રૂર રહ્યો. એ અચલતાએ રાજાના અનેક વિશિષ્ટ કાર્યોમાં વેગ પૂર્યો.

આમ રાજ્યપ્રાપ્તિ પછી રાજ્યની અનેક જવાબદારીભરી ધુરા વહન કરવા છતાં રાજાની જ્ઞાન ભણવાની વૃત્તિ પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવનમાં મહત્ત્વભર્યો ભાગ ભજવે છે. યોગશાસ્ત્રના બાર પ્રકાશ અને વીતરાગસ્તવના વીશ પ્રકાશ એમ બત્રીશ પ્રકાશનો પાઠ પ્રતિદિન પ્રાતઃકાળમાં કરવો એ એમની દંતશુદ્ધિ હતી. બાવનવર્ષની વચે વ્યાકરણનું અધ્યયન કરીને 'આત્મનિન્દા-દ્વાત્રિંશિકા' જેવા પદ્યો રચવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવું એ નાની-સૂની વાત નથી. એ જિજ્ઞાસા જાગૃત કરાવનાર એક નાનો પણ પ્રેરક પ્રસંગ આ પ્રમાણે તેમના જીવનમાં બની ગયો હતો.

રાજસભામાં એકદા કવિઓ રાજાની પ્રશંસા કરતા હતા, તેમાં એક કવિએ નીચે પ્રમાણે સૂક્ત કહ્યું:—

पर्जन्य इव लोकाना-माधारः पृथ्वीपतिः ।
कुपितेऽपि हि परजन्ये जीव्यते न तु भूपतौ ॥

મેઘની માફક રાજા લોકોનો આધાર છે. મેઘ કોપે તો પણ જીવી શકાય પણ રાજા કોપે ન જીવી શકાય. આ સાંભળીને રાજા કુમારપાલે કહ્યું કે, 'किं राज्ञो मेघस्य उपम्या दीयते' શું રાજાને મેઘની ઉપમ્યા(ઉપમા) અપાય છે. રાજાએ ઉપમાને બદલે ઉપમ્યા એવા શબ્દનો પ્રયોગ કર્યો. તે સાંભળીને સભાના પંડિતોને શરમ ઉપજી. રાજાએ પણ તેઓને લજ્જિત જોઇને પૂછ્યું કે-કેમ મેં બરાબર નથી કહ્યું ? ત્યારે વિદ્વાનોએ કહ્યું કે- ના, આપે કહ્યું છે તો બરાબર પણ ઉપમ્યા શબ્દ બરાબર નથી. સંસ્કૃતમાં ઉપમા, ઉપમેય, ઉપમાન વગેરે શબ્દો છે પણ ઉપમ્યા શબ્દ નથી. આ સાંભળી પોતાના અજ્ઞાન માટે રાજાને ખેદ થયો ને સંસ્કૃત અભ્યાસ માટે તાલાવેલી જાગી. સમર્થ વ્યાકરણ સૂત્રના સૂત્રધાર કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ ભગવંતે

મહારાજા માટે સ્વોપજ્ઞ વ્યાકરણની લઘુવૃત્તિ રચીને રાજાને સંસ્કૃત ભણાવ્યું. આજ પણ એ લઘુવૃત્તિ (છ હજારી) અનેક આત્માઓને સંસ્કૃતના પારંગત બનાવવાનું સમર્થ સાધન છે. અને રાજાની રચેલી 'આત્મનિન્દાદ્વાત્રિંશિકા' કે-જે કુમારપાલબત્રીશી તરીકે પ્રસિદ્ધ છે તે પણ વિદ્યમાન છે.

આવા અનેક પ્રસંગો રાજાના ચરિત્રમાંથી જાણવા જેવા છે. તે સર્વ પ્રસંગો પાછળ રાજાના આત્માની યોગ્યતા અને યોગ્યતાને ખીલવનાર શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજ જેવા સદ્ગુરુનો ભગીરથ પ્રયત્ન યશસ્વી છે. સુવર્ણનું પાત્ર હોય પણ સિંહણનું દૂધ ન હોય અને સિંહણનું દૂધ હોય પણ પાત્ર સોનાનું ન હોય તો કાર્ય થતું નથી. બન્ને મળે ત્યારે જ રંગ આવે છે. ભૂમિકા ઘણી સુન્દર હોય પણ ચિત્રકાર-શિલ્પી કુશળ ન હોય, શિલ્પી-ચિત્રકાર કુશળ હોય પણ ભૂમિકા ખરાબ હોય તો કળા ખીલતી નથી. બન્ને વ્યવસ્થિત હોય તો કળા દીપી નીકળે છે. એ જ પ્રમાણે અહિં બન્યું છે. બન્નેનો સુંદર સંયોગ વ્યવસ્થિત રીતે પૂરક બન્યો છે. જીવનચિત્રમાં પ્રધાન ભાગ ભજવતા આ બે સિવાય રંગરૂપે અનેક વ્યક્તિઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો તે તેમના ચરિત્રોમાં સ્પષ્ટ છે. યૂકાવિહાર, મૂષિકવિહાર વગેરે રાજાના જીવનના પ્રસંગોને યથાર્થ રૂપમાં નહિ સમજતા કેટલાએક તે તે પ્રસંગોને વિકૃતરૂપે ચિતરે છે તે તેઓનું ખરેખર કમભાગ્ય છે. કોઈ પણ પ્રસંગ પર સારો કે નરસો અભિપ્રાય જણાવતા પહેલાં તે પ્રસંગને તેના વાસ્તવ સ્વરૂપમાં સમજવો જોઇએ. નહિ તો પાછળથી પોતાને જ જો પોતે સાચી સમજ લેવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તૈયાર હોય તો સમજાયા પછી પોતાની રભસવૃત્તિ માટે ખેદ થાય છે. અને ન તૈયાર હોય તો કદાગ્રહમાં અટવાઈને અનેક સારા તત્ત્વોથી વંચિત બનવું પડે છે.

મહારાજા કુમારપાળના પૂર્વજન્મની હકીકત અને ઉત્તર-જન્મની હકીકત પણ જાણવા જેવી છે. ટૂંકમાં આ પ્રમાણે છે.

મેવાડના ડુંગરમાં કુમારપાલનો જીવ જયતાક નામે પલ્લિપતિ હતો. તેણે ધનદત્ત સાર્થવાહને લૂંટ્યો. સાર્થવાહે માલવપતિ પાસે મદદ માંગી તેના સૈન્યથી જયતાકને નસાડ્યો ને તેની સગર્ભા સ્ત્રીને મારી નાખી. જયતાકને શ્રી યશોભદ્ર-સૂરિજીનો સમાગમ થયો તેથી તે ધર્મ પામ્યો. એકશિલા નગરીમાં ઓઢર શ્રેષ્ઠિને ત્યાં નોકરી રહ્યો. પાંચ કોડીને ફૂલે પૂજા કરી.

જયતાક એ કુમારપાલ
ધનદત્ત એ સિદ્ધરાજ
ઓઢર એ ઉદયન
યશોભદ્ર એ હેમચંદ્રસૂરિ

ઉપરની હકીકતમાં પૂર્વજન્મના સારા નરસા સંસ્કારો અને વેરવિરોધના પરિણામ ઉત્તરજન્મમાં પણ કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે તેનું સ્પષ્ટ દર્શન થાય છે. ઉત્તરજન્મમાં મહારાજા કુમારપાલ વ્યંતર નિકાયમાં દેવ તરીકે ઉત્પન્ન થયા છે ને ત્યાંથી ભદ્દિલપુરમાં શતાનંદ રાજાને ત્યાં ધારિણીની કુક્ષિએ જન્મ લેશે. શતબલ નામે રાજા થશે. છેવટે શ્રી પદ્મનાભ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નામે પ્રથમ તીર્થંકર કે–જે શ્રેણિરાજાનો આત્મા છે–તેમની પાસે સંયમ લઈ અગિયારમા ગણધર થઈને મુક્તિપદ પામશે.

મહારાજા કુમારપાલના જીવનચરિત્રને માટે પ્રાચીન તથા અર્વાચીન સાહિત્ય નીચે પ્રમાણે છે,—

૧ પ્રાકૃત કુમારપાલ ચરિત્ર (દ્વયાશ્રય) કર્તા–કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મ.
૨ કુમારપાલપ્રતિબોધ કર્તા શ્રી સોમપ્રભાચાર્ય (શતાર્થી)
૩ મોહપરાજય નાટક કર્તા મંત્રી યશઃપાલ.
૪ પ્રબંધચિંતામણિ કર્તા શ્રી મેરુતુંગાચાર્ય.
૫ પ્રભાવક ચરિત્ર કર્તા શ્રી પ્રભાચંદ્રસૂરિજી.
૬ કુમારપાલ ચરિત્ર કર્તા શ્રી જયસિંહસૂરિજી. (જેનું આ ભાષાંતર છે.)
૭ કુમારપાલ ચરિત્ર કર્તા શ્રી સોમતિલકસૂરિજી.
૮ કુમારપાલ ચરિત્ર કર્તા શ્રી ચારિત્રસુન્દરગણી.
૯ કુમારપાલ ચરિત્ર (પ્રાકૃત) કર્તા શ્રી હરિશ્ચન્દ્ર.
૧૦ કુમારપાલ પ્રબંધ કર્તા શ્રી જિનમંડનગણી.
૧૧ ચતુર્વિંશતિપ્રબંધ કર્તા શ્રી રાજશેખરસૂરિજી.
૧૨ કુમારપાળ રાસ કર્તા શ્રી જિનહર્ષ કવિ.
૧૩ કુમારપાલ રાજાનો રાસ કર્તા શ્રી ઋષભદાસ કવિ.
૧૪ વિવિધ તીર્થકલ્પ કર્તા વિજયપ્રભસૂરિજી.
૧૫ ઉપદેશપ્રાસાદ કર્તા વિજયલક્ષ્મીસૂરિજી.
૧૬ ઉપદેશતરંગિણી કર્તા ચારિત્રસુન્દરગણી.
૧૭ ઉપદેશસાર પૂર્વાચાર્યકૃત.

આ સિવાય જુદા જુદા શિલાલેખો તથા જુદા જુદા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઔપદેશિક ગ્રન્થોમાં છૂટક છૂટક ઘણી હકીકતો મળી આવે છે. આ સર્વ પ્રાચીન સાહિત્ય સામગ્રી છે.

અર્વાચીન સાહિત્યમાં તે તે ગ્રન્થોના ભાષાંતરો ઉપરાંત—

૧ ગૂર્જરેશ્વર કુમારપાલ.
૨ રાજર્ષિ કુમારપાલ.
૩ ગૂર્જરેશ્વર.
૪ પરમઆર્હત.
૫ ગૂર્જરપતિ કુમારપાલ. ભા. ૧
૬ ,, ,, ,, ભા. ૨

વગેરે પુસ્તકો અને છૂટક છૂટક અનેક લેખો છે. જો કે અર્વાચીન સાહિત્યમાં તેના રચયિતાઓએ પોતાની કલ્પના પ્રમાણે કેટલેક સ્થળે સુન્દર ચિત્રણો તો કેટલેક સ્થળે તદ્દન વિરૂપ ને ભ્રામક વિધાનો કર્યાં છે. વાચકે માધ્યસ્થ્ય જાળવીને ક્ષીરનીરન્યાયે વિવેક કરવો આવશ્યક છે.

## મહારાજા કુમારપાળનો કૌટુંબિક પરિવાર

પિતા–ત્રિભુવનપાલ.
માતા–કાશ્મીરાદેવી.
ભાઈઓ–મહીપાલ અને કીર્તિપાલ.
બહેનો–પ્રેમલદેવી અને દેવલ્લદેવી.
બનેવીઓ–કૃષ્ણદેવ અને અર્ણોરાજ.
ધર્મપત્ની–ભોપલદેવી.

## મહારાજા કુમારપાળનો જીવનસમય

જન્મ–વિ. સં. ૧૧૪૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજ્યપ્રાપ્તિ–વિ. સં. ૧૧૯૯
બાર વ્રત લીધા–વિ. સં. ૧૨૧૬
સ્વર્ગગમન–વિ. સં. ૧૨૩૦
રાજ્યભોગ–૩૦ વર્ષ ૯ માસ ૨૭ દિવસ.

મહારાજા કુમારપાલના રાજ્યકાલમાં પાટણમાં ૧૮ સો કોટ્યાધિપતિ વસતા હતા. રાજાએ ભોપલદેવીના સ્વર્ગવાસ પછી યાવજ્જીવ વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળ્યું હતું. ૧૪૪૦ નૂતન જિન-મન્દિરો બંધાવ્યા હતા. ૧૬૦૦૦ જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. દર વર્ષે રાજ્યમાં આવતું ૭૨ લાખ અપુત્રીયાનું ધન છોડી દીધું હતું. ૭૨ સામંતોને જીત્યા હતા. સાત મોટા સંઘો કાઢ્યા હતા. પ્રથમ તીર્થયાત્રામાં નવ લાખના નવ રત્નથી પ્રભુને નવ અંગે પૂજા કરી હતી. ૯૮ લાખ ધન ઉચિત દાનમાં વાપર્યું. ૨૧ જ્ઞાનભંડાર સ્થાપ્યા. પ્રતિવર્ષ એક ક્રોડ ધન સાધર્મિક ભક્તિમાં વાપરતા. ૭૨ લાખ ધન શ્રાવકોના કરપેટે આવતું હતું તે કર માફ કર્યો. આમ તન–મન–ધન અને વચનથી જૈન શાસનની અદ્વિતીય આરાધના કરીને સ્વ–પરકલ્યાણ કરનાર પરમાર્હત્ મહારાજા કુમારપાલે નિજજન્મ કૃતાર્થ કર્યો.

એવા આત્માઓ આ પૃથ્વીને પેટે અવતરે ને વિશ્વને અજવાળે એવી અભિલાષા સાથે એ રાજવીના જીવનનું વારંવાર વાચન–શ્રવણ કરીએ કૃતાર્થ થઈએ.

વી. નિ. સં. ૨૪૭૯
વિ. સં. ૨૦૦૯
આસો શુદ ૧૦

પં. ધુરન્ધરવિજયજી ગણી
ઠે૦ શ્રી નમિનાથજી જૈન ઉપાશ્રય
ભીંડીબજારને નાકે,
મુંબઈ–૩

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

# વિષયાનુક્રમણિકા

## પ્રકરણ ૧૧ મું

### શ્રી પુણ્યસાર કથા


| પાનું | વિષય |
| --- | --- |
| ૧/૨ | જીવદયાનો મહિમા. |
| ૩ | ગોપગિરિમાં પુણ્યસારનો જન્મ. |
| ૪–૫ | પુણ્યસારનો અભ્યાસ |
| ૬ | શારદાદેવીનું પ્રસન્ન થવું |
| ૭/૮ | પુણ્યસારે હારની કરેલી ચોરી. |
| ૯/૧૧ | વિદેશગમન ને વલ્લભીપુરમાં જવું. |
| ૧૨/૧૩ | પુણ્યોદયથી આઠ કુમારિકા સાથે હસ્તમેળાપ |
| ૧૪/૧૭ | દેવીની સહાયથી પાછા ગોપગિરિમાં આવવું. |
| ૧૮/૨૦ | પુણ્યસારના જવાથી આઠ કન્યાનો કલ્પાંત. |
| ૨૧/૨૨ | સૌથી નાની ગુણશ્રીનું પુરુષવેશે પતિની શોધમાં જવું. |
| ૨૩/૨૪ | ગોપગિરિમાં રાજાના મહેમાન તરીકે રહેવું. ગુણચંદ્ર નામ ધારણ કરવું. |
| ૨૫/૩૧ | રાજપુત્રી મદનવતીની સાથે પાણિગ્રહણ. |
| ૩૨/૩૩ | પુણ્યસારની નિરાશા, દેવીનું પ્રગટ થવું ને ગુણચંદ્રની મિત્રતા કરવા કહેવું |
| ૩૪/૩૫ | ગુણશ્રી( ગુણચંદ્ર )ની પુણ્યસાર સાથે મિત્રતા. |
| ૩૬/૪૦ | છ મહિનામાં પતિની શોધની પ્રતિજ્ઞા પૂરી ન થતાં ચિતામાં બળીમરવા તૈયારી. |
| ૪૧/૪૨ | પુણ્યસારનું ગુણચંદ્ર-(ગુણશ્રી)ને ચિતાપ્રવેશનું કારણ પૂછવું. |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| પાનું | વિષય |
|---|---|
| ૪૩/૪૪ | પુણ્યસારે ગુણચંદ્રને (ગુણશ્રી) ઓળખવું ને તેના પતિનો મેળાપ કરી આપવા કહેવું. |
| ૪૫/૪૬ | ગુણચંદ્રે ( ગુણશ્રીએ ) પુરુષવેશ છોડી પ્રગટ થવું. મદનવતી આશ્ચર્ય પામે છે. |
| ૪૭/૪૮ | પુણ્યસાર સાથે મદનવતીનું પાણિગ્રહણ. |
| ૪૯/૫૦ | વલ્લભીપુરમાં કામશ્રેષ્ઠી તથા સાતે કન્યાની ચિતા-પ્રવેશની તૈયારી. |
| ૫૧/૫૨ | પુણ્યસારનું ગુણશ્રી તથા મદનવતી સાથે આવવું. ને સાતે કન્યાઓનો મેળાપ |
| ૫૩/૫૪ | પુણ્યસારનું આઠે કન્યા સાથે ગોપગિરિ આવવું, |
| ૫૫/૫૮ | પુણ્યસારને જાતિસ્મરણ-જ્ઞાન થવું અને પૂર્વ-ભવ જાણવો. |
| ૫૯/૬૦ | ચારણ મુનિનું આવવું, શ્રાદ્ધધર્મ અંગીકાર. |
| ૬૧/૬૨ | પુણ્યસારની દીક્ષા અને સ્વર્ગગમન. |


## પ્રકરણ ૧૨ મું


| | |
|---|---|
| ૬૩/૭૫ | શ્રી હેમચંદ્રાચાર્ય બાર વ્રત વિસ્તારથી કુમારપાળને સમજાવે છે. |
| ૭૬/૭૭ | ભીમકુમારનું ચરિત્ર સંભળાવે છે. ભીમકુમારનો જન્મ. |
| ૭૮/૭૯ | મંત્રીપુત્ર મતિસાગર. |
| ૮૦/૮૧ | ગુરુઅભિનન્દસૂરિનો મેલાપ |
| ૮૨/ | રાજપુત્ર ને મંત્રીપુત્ર શ્રાવકધર્મ સ્વીકારે છે. |
| ૮૩/૮૬ | કાપાલિકનો મેલાપ ને વિદ્યા સાધવા જવું. |
| ૮૭/૮૮ | કાપાલિકની દુષ્ટ બુદ્ધિ, ભીમકુમારનો વધ કરવા પ્રયત્ન. |
| ૮૯/૯૦ | યક્ષિણીનું પ્રગટ થવું ને ભીમકુમારને બચાવવું ને ભોગની માગણી. |
| ૯૧/૯૨ | યક્ષિણીને ભીમકુમાર ઉપદેશ આપે છે. |

પાનું વિષય

૯૩/ ભીમકુમારને મુનિવરનો મેળાપ ને ઉપદેશશ્રવણ.

૯૪/૯૬ પાખંડી સાથે યુદ્ધ અને કાલિકાદેવીનું પ્રગટ થવું.

૯૭/૯૮ કાલિકાને ઉપદેશ આપી જીવદયા સમજાવવી.

૯૯/૧૦૦ કાપાલિકને પણ જીવહિંસા કાયમ માટે છોડાવવી

૧૦૧/૧૦૨ દિવ્યહસ્તી ભીમકુમાર તથા મતિસાગરને દૂર લઇ જાય છે.

૧૦૩/૧૦૬ હેમપુર નગરમાં જવું, રાક્ષસનો મેલાપ.

૧૦૭/૧૦૮ ચારણમુનિનું આવવું, ભીમકુમાર વિગેરે વંદન કરે છે.

૧૦૯/૧૧૮ અચ્ચંકારિત ભટ્ટિકાનું દૃષ્ટાંત.

૧૧૯/૨૨ હેમરથરાજાને ત્યાં રહેવું

૧૨૩/૨૪ કાલિકાદેવી આકાશમાર્ગે ભીમકુમારને પોતાના પિતા પાસે લઇ જાય છે.

૧૨૫/૨૬ રાજ્યનો સ્વીકાર ને દીક્ષાગ્રહણ.

પાનું વિષય

૧૨૭/૨૮ શ્રી કુમારપાળ રાજા બાર વ્રત ઉચ્ચરે છે.

૧૨૯/૩૦ પોતાના રાજ્યમાં જીવદયા પળાવે છે, સાત વ્યસનનો નિષેધ.

૧૩૧/૩૨ જૂ મારવા માટે વણિકને દંડ ને યૂકાવિહાર નામનું જિનમંદિર બંધાવવું.

૧૩૩/૩૪ કંટકેશ્વરી દેવીના ભોગ માટે પૂજારીની બકરા ને પાડાના વધની માગણી.

૧૩૫/૩૬ રાજાએ વધ બંધ કરાવ્યો, દેવીની ધમકી.

૧૩૭/૩૮ દેવીના કોપથી કુમારપાળને કોઢ રોગ ઉત્પન્ન થવો.

૧૩૯/૪૦ ઉદયન મંત્રી ગુરુ પાસે જલ મંત્રીને લાવી રાજાને છાંટવું, કોઢ મટી જવો.

૧૪૧/૪૨ રાજાને ગુરુમહારાજનો ઉપદેશ ને પરમ આર્હત્ બિરુદ પ્રાપ્તિ.

૧૪૩/૪૭ કાશી નરેશ પાસે જીવદયા પળાવવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૩ મું


| પાનું | વિષય |
|---|---|
| ૧૪૮/૬૬ | ચાર પ્રકારના ધર્મનું વિવરણ. |
| ૧૬૭/૮૬ | વિક્રમ રાજાનું જીવદયા ઉપર. ચરિત્ર |
| ૧૮૭/૮૮ | કુબેરશ્રેષ્ઠીનું મરણ. |
| ૧૮૯/ | કુમારપાળ અપુત્રિયા કુબેર શેઠનું ધન લેવાનું બંધ કરે છે. |
| ૧૯૦/૯૧ | ત્રિભુવનપાળ ચૈત્ય પાટણમાં બંધાવે છે. |
| ૧૯૧/૯૨ | તારંગાજીમાં ચૈત્ય બંધાવી શ્રી અજિતનાથ પ્રભુને બિરાજમાન કરે છે. |
| ૧૯૨/૯૩ | ઉદય મંત્રીને સૌરાષ્ટ્ર મોકલવો. |
| ૧૯૪ | ઉદયન મંત્રી વિમલગિરિ યાત્રા કરે છે અને યુદ્ધમાં ઘાયલ થાય છે. |
| ૧૯૫ | અંતસમયે મુનિને વંદન કરવાની ઇચ્છા, કોઇ વંઠને મુનિવેષ આપી ઉદયન પાસે લઇ જવું. |
| ૧૯૬ | ઉદયન મંત્રીનો સ્વર્ગવાસ. |
| ૧૯૭ | મંત્રીપુત્રનો તીર્થ-ઉદ્ધારનો અભિગ્રહ. |
| ૧૯૮ | જીર્ણોદ્ધાર માટે વાગ્ભટ્ટનું સિદ્ધગિરિ જવું. |
| ૧૯૯/૨૦૦ | ભીમ વાણિયાએ સાત સોનામહોર આપવી. |
| ૨૦૧/૨૦૨ | કપર્દી યક્ષનું ભીમ પર પ્રસન્ન થવું. |
| ૨૦૩ | મંદિરનું તૂટી જવું, ફરી જીર્ણોદ્ધાર. |
| ૨૦૪ | સંવત ૧૨૧૧ માગશર શુદ સાતમે શ્રી હેમચંદ્રાચાર્યને હાથે પ્રતિષ્ઠા. |
| ૨૦૫ | આમ્રભટ્ટનું ભરુચ જવું ને મુનિસુવ્રતનાં મંદિરનો જીર્ણોદ્ધાર શરુ કરવો. |
| ૨૦૬/૨૦૭ | શ્રી મુનિસુવ્રત ચૈત્યની શ્રી હેમચંદ્રાચાર્યને હાથે પ્રતિષ્ઠા. |
| ૨૦૮/૨૦૯ | આમ્રભટ્ટની અકસ્માત માંદગી, જોગણીઓનો ઉપદ્રવ. |
| ૨૧૦/૨૧૨ | પાટણથી ગુરુ મહારાજનું આકાશમાર્ગે આવવું ને જોગણીઓને દૂર કરવી |

## પ્રકરણ ૧૪ મું


| પાનું | વિષય |
|---|---|
| ૨૧૩ | શ્રી હેમચંદ્રાચાર્ય વીર-ચરિત્રનું શ્રવણ કરાવે છે. |
| ૨૧૪ | વિતભય નગરીનો રાજા ઉદયન. |
| ૨૧૫ | કુમારનંદી સુવર્ણકાર. |
| ૨૧૬ | હાસા પ્રહાસા દેવીઓ. |
| ૨૧૭/૧૮ | પંચ શૈલ પર્વત પર કુમારનંદીનું જવું. |
| ૨૧૯ | નાગીલ મિત્રનો કુમાર-નંદીને ઉપદેશ |
| ૨૨૦ | નાગીલનું ચારિત્ર લેવું ને મરી બારમા દેવલોકે જવું. |
| ૨૨૧/૨૨ | વિદ્યુન્માલી દેવ ગોશીર્ષ ચંદનની મહાવીરસ્વામી-ની પ્રતિમા ભરાવે છે. |
| ૨૨૩/૨૪ | તે પ્રતિમા પેટીમાં મૂકી દરિયામાં વહેતી મૂકવી. |
| ૨૨૫ | ઉદાયન રાજાની રાણી પ્રભા-વતીના હાથે પેટીમાંથી પ્રતિમાનું પ્રગટ થવું. |
| ૨૨૬ | રાણી પ્રભાવતી દીક્ષા અંગીકાર કરે છે. |
| ૨૨૭ | ગાન્ધાર શ્રાવકનું વીર-પ્રતિમાના દર્શન કરવા વિતભય આવવું. |
| ૨૨૮ | પ્રભાવતીની દાસી દેવ-દત્તાને ગુટિકા આપવી, દિવ્યસ્વરૂપ પ્રાપ્તિ. |
| ૨૨૯ | માલવ રાજા ચંડપ્રદ્યોત વિતભય આવી દાસી તથા પ્રતિમાને લઇ જવું. |
| ૨૩૦/૨૩૧ | ઉદાયન રાજા પ્રભાતે પ્રતિમા પર ફૂલને કર-માયેલા જુએ છે. |
| ૨૩૨/૨૩૩ | ચંડપ્રદ્યોત સાથે યુદ્ધ, તેને હરાવી દાસીપતિ શબ્દો કપાળ પર લખાવવા |
| ૨૩૪/૩૫ | ઉદાયન પાછા વીતભય જાય છે, રસ્તામાં પર્યુ-ષણ આરાધના. |
| ૨૩૬/ | ચંડપ્રદ્યોતને ક્ષમાપૂર્વક છોડી દેવો–રાજ્ય પાછું આપવું. |
| ૨૩૭ | ઉદાયન નવી પ્રતિમાને ભાવપૂર્વક પૂજે છે. |
| ૨૩૮ | ઉદાયન રાજા ચારિત્ર ગ્રહણ કરે છે. |
| ૨૩૯ | ઉદાયન મુનિને મહાન્ રોગ ઉત્પન્ન થવો. |
| ૨૪૦ | વિહાર કરતાં વીતભય નગરી આવવું. |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| પાનું | વિષય |
|---|---|
| ૨૪૧ | વીતભય નગર પર દૈવીકોપ. |
| ૨૪૨/૪૪ | શ્રી કુમારપાળનું પ્રતિમાનું વીતભય નગરમાંથી લાવવું. |
| ૨૪૫/૪૬ | શ્રી કુમારપાળની સિદ્ધાચળની યાત્રાની તૈયારી. |
| ૨૪૭/૪૮ | ડાહલ રાજા કર્ણનું પાટણ પર આક્રમણ. |
| ૨૪૯/૫૫ | મહારાજા કુમારપાળ શ્રી સિદ્ધાચળની યાત્રાએ. |
| ૨૫૬/૫૭ | શ્રી ગિરનાર તથા પ્રભાસ-પાટણની યાત્રા. |
| ૨૫૮/૨૬૨ | સાત તત્ત્વનું સ્વરૂપ શ્રી હેમચંદ્રાચાર્ય સમજાવે છે. |
| ૨૬૩/૨૬૬ | ત્રિષષ્ઠીશલાકા પુરુષચરિત્ર આદિ ગ્રંથોની રચના. |
| ૨૬૭/૨૭૦ | ગીજનીના રાજાનું પાટણ પર આવવું. |
| ૨૭૧/૭૨ | યવન રાજા જીવદયા પાલનના નિયમ લે છે. |
| ૨૭૩/૭૪ | મુનિના આચાર વંદન સંબધી ઉપદેશ. |
| ૨૭૫/૨૭૭ | મુનિનું અનશન અને સ્વર્ગગમન. |


## પ્રકરણ ૧૫ મું


| | |
|---|---|
| ૨૭૮થી ૨૮૭ | શ્રી કુમારપાળનો પૂર્વભવ. |
| ૨૮૮/૨૯૧ | શ્રી કુમારપાળનો આગામી ભવ. |
| ૨૯૨/૨૯૩ | ગુજરાતના ભાવિની ચિંતા અને વિચારણા. |
| ૨૯૪/૩૦૨ | શ્રી હેમચંદ્રાચાર્યનો અંતિમ ઉપદેશ. |
| ૩૦૩/૩૯૪ | શ્રી હેમચંદ્રાચાર્યનું સ્વર્ગગમન. શ્રી કુમારપાળ રાજા તથા સંઘનો વિલાપ. |
| ૩૦૫/૬ | કુમારપાલ રાજાની માંદગી અને અજયપાલ દ્વારા દૂધમાં ઝેર આપવું. |
| ૩૦૭/૧૦ | માંદગીમાં અંતિમ આરાધના માટે રામચંદ્ર મુનિને બોલાવવા અને પાપની નિંદા ગર્હા, સુકૃતની અનુમોદના, ચાર શરણા અને દેહત્યાગ–સ્વર્ગગમન. |
| ૩૧૧/૧૨ | કુમારપાલ દેવલોક ગયા પછી અનેક કવિઓએ કરેલી સ્તુતિ. |
| ૩૧૩/૧૬ | ગ્રંથકર્તાનું કથન, પ્રશસ્તિ–અને ગ્રંથ સમાપ્ત. |


P. P. Ac. Gunratansuriji M.S.     Jin Gun Aaradhak Trust

॥ ॐ अर्हं नमः ॥

परमार्हत् श्री कुमारपालभूपाल-विरचिता

# आत्मनिन्दा-द्वात्रिंशिका

नम्राखिलाखण्डलमौलिरत्न-रश्मिच्छटापल्लवितांह्रिपीठ ! ॥
विध्वस्तविश्वव्यसनप्रबन्ध !, त्रिलोकबन्धो ! जयताज्जिनेन्द्र !॥१।
( उपजातिवृत्तम् )

मूढोऽस्म्यहं विज्ञपयामि यत्त्वा-मपेतरागं भगवन् ! कृतार्थम् ।
नहि प्रभूणामुचितस्वरूप-निरूपणाय क्षमतेऽर्थिवर्गः ॥ २ ॥

मुक्तिं गतोऽपीश ! विशुद्धचित्ते, गुणाधिरोपेण ममाऽसि साक्षात् ।
भानुर्दवीयानपि दर्पणेऽंशु-सङ्गान्न किं द्योतयते गृहान्तः ?॥३॥

तव स्तवेन क्षयमङ्गभाजां, भजन्ति जन्मार्जितपातकानि ।
कियच्चिरं चण्डरुचेर्मरीचि-स्तोमे तमांसि स्थितिमुद्वहन्ति ॥४॥

शरण्य ! कारुण्यपरः परेषां, निहंसि मोहज्वरमाश्रितानाम् ।
मम त्वदाज्ञां वहतोऽपि मूर्ध्ना, शान्तिं न यात्येष कुतोऽपि हेतोः॥५

भवाटवीलङ्घनसार्थवाहं, त्वामाश्रितो मुक्तिमहं यियासुः ।
कषायचौरैर्जिन ! लुण्ट्यमानं, रत्नत्रयं मे तदुपेक्षसे किम् ?॥६॥

लब्धोऽसि स त्वं मयका महात्मा, भवाम्बुधौ बम्भ्रमता कथंचित् ।
आः! पापपिण्डेन नतो न भक्त्या, न पूजितो नाथ ! न स्तुतोऽसि॥७

संसारचक्रे भ्रमयन् कुबोध-दण्डेन मां कर्ममहाकुलालः ।
करोति दुःखप्रचयस्थभाण्ड, ततः प्रभो ! रक्ष जगच्छरण्य !॥८॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कदा त्वदाज्ञाकरणाप्ततत्त्व-स्त्यक्त्वा ममत्वादिभवैककंदम् ।
आत्मैकसारो निरपेक्षवृत्ति-र्मोक्षेऽप्यनिच्छो भवितास्मि नाथ ! ९

तव त्रियामापतिकान्तिकान्तै-र्गुणैर्नियम्यात्ममनःप्लवङ्गम् ।
कदा त्वदाज्ञामृतपानलोलः, स्वामिन् ! परब्रह्मरतिं करिष्ये ? ।१०।

एतावतीं भूमिमहं त्वदंह्रिपद्मप्रसादाद् गतवानधीश ! ।
हठेन पापास्तदपि स्मराद्या, ही ! मामकार्येषु नियोजयन्ति ।११।

भद्रं न किं त्वय्यपि नाथ ! नाथे, सम्भाव्यते मे यदपि स्मराद्याः?।
अपाक्रियन्ते शुभभावनाभिः, पृष्ठिं न मुञ्चन्ति तथापि पापाः।१२।

भवाम्बुराशौ भ्रमतः कदापि, मन्ये न मे लोचनगोचरोऽभूः ।
निस्सीमसीमान्तकनारकादि-दुःखातिथित्वं कथमन्यथेश !?।१३।

चक्रा ऽसि चापा-ऽङ्कुश-वज्रमुख्यैः, सल्लक्षणैर्लक्षितमंह्रियुग्मम् ।
नाथ ! त्वदीयं शरणं गतोऽस्मि, दुर्वारमोहादिविपक्षभीतः ॥१४॥

अगण्यकारुण्य ! शरण्य पुण्य ! सर्वज्ञ ! निष्कण्टक ! विश्वनाथ !
दीनं हताशं शरणागतं च, मां रक्ष रक्ष स्मरभिल्लभल्लैः ।१५॥

त्वया विना दुष्कृतचक्रवालं, नान्यः क्षयं नेतुमलं ममेश ! ।
किं वा विपक्षप्रतिचक्रमूलं, चक्रं विना छेतुमलम्भविष्णुः?॥१६॥

यद्देवदेवोऽसि महेश्वरोऽसि, बुद्धोऽसि, विश्वत्रयनायकोऽसि ।
तेनान्तरङ्गारिगणाभिभूत-स्तवाग्रतो रोदिमि हा ! सखेदम् ।१७।

स्वामिन्नधर्म्मव्यसनानि हित्वा, मनः समाधौ निदधामि यावत् ।
तावत्क्रुधैवान्तरवैरिणो मा-मनल्पमोहान्धवशं नयन्ति ॥१८॥

P. P. Ac. Gunratansuriji M.S.                Jin Gun Aaradhak Trust

त्वदागमाद्वेद्मि सदैव देव ! मोहादयो यन्मम वैरिणोऽमी ।
तथापि मूढस्य परात्तबुद्ध्या, तत्सन्निधा ही न किमप्यकृत्यम् ।१९।

म्लेच्छैर्नृशंसैरतिराक्षसैश्च, विडम्बितोऽमीभिरनेकशोऽहम् ।
प्राप्तस्त्विदानीं भुवनैकवीर ! त्रायस्व मां यत्तव पादलीनम् ॥२०॥

हित्वा स्वदेहेऽपि ममत्वबुद्धिं, श्रद्धापवित्रीकृतसद्विवेकः ।
मुक्तान्यसङ्गः समशत्रुमित्रः, स्वामिन् ! कदा संयममातनिष्ये?२१

त्वमेव देवो मम वीतराग ! धर्मो भवद्दर्शितधर्म एव ।
इति स्वरूपं परिभाव्यं तस्मा-न्नोपेक्षणीयो भवति स्वभृत्यः॥२२।

जिता जिताशेषसुराऽसुराद्याः, कामादयः काममयी त्वयेश ! ।
त्वां प्रत्यशक्तास्तव सेवकं तु, निघ्नन्ति ही मां परुषं रुषेव ॥२३॥

सामर्थ्यमेतद् भवतोऽस्ति सिद्धिं सत्त्वानशेषानपि नेतुमीश ! ।
क्रियाविहीनं भवदंह्रिलीनं, दीनं न किं रक्षसि मां शरण्य ! ॥२४॥

त्वत्पादपद्मद्वितयं जिनेन्द्र ! स्फुरत्यजस्रं हृदि यस्य पुंसः ।
विश्वत्रयीश्रीरपि नूनमेति, तत्राश्रयार्थं सहचारिणीव ॥ २५ ॥

अहं प्रभो ! निर्गुणचक्रवर्ती, क्रूरो दुरात्मा हतकः सपाप्मा ।
ही दुःखराशौ भववारिराशौ, यस्मान्निमग्नोऽस्मि भवद्विमुक्तः॥२६

स्वामिन्निमग्नोऽस्मि सुधासमुद्रे, यन्नेत्रपात्रातिथिरद्य मेऽभूः ।
चिन्तामणौ स्फुर्जति पाणिपद्मे पुंसामसाध्यो न हि कश्चिदर्थः॥२७

त्वमेव संसारमहाम्बुराशौ निमज्जतो मे जिन ! यानपात्रम् ।
त्वमेव मे श्रेष्ठसुखैकधाम, विमुक्तिरामाघटनाभिरामः ॥२८॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

चिन्तामणिस्तस्य जिनेश ! पाणौ, कल्पद्रुमस्तस्य गृहाङ्गणस्थः
नमस्कृतो येन सदाऽपि भक्त्या, स्तोत्रैः स्तुतो दामभिरार्चितोऽसि॥
निमील्य नेत्रे मनसः स्थिरत्वं, विधाय यावज्जिन ! चिन्तयामि।
त्वमेव तावन्न परोऽस्ति देवो, निःशेषकर्मक्षयहेतुरत्र ॥ ३० ॥

भक्त्या स्तुता अपि परं परया परेभ्यो,
मुक्तिं जिनेन्द्र दद्ते न कथञ्चनाऽपि ।
सिक्ताः सुधारसघटैरपि निम्बवृक्षा,
विश्राणयन्ति न हि चूतफलं कदाचित् ॥ ३१ ॥
( वसन्ततिलका )

भवजलनिधिमध्यान्नाथ ! निस्तार्य कार्यः
शिवनगरकुटुम्बी निर्गुणोऽपि त्वयाऽहम् ।
न हि गुणमगुणं वा संश्रितानां महान्तो
निरुपमकरुणार्द्राः सर्वथा चिन्तयन्ति ॥ ३२ ॥
( मालिनी )

प्राप्तस्त्वं बहुभिः शुभैस्त्रिजगतचूडामणिर्देवता,
निर्वाणप्रतिभूरसावपि गुरुः श्रीहेमचन्द्रप्रभुः ।
तन्नातः परमस्ति वस्तु किमपि स्वामिन् ! यदभ्यर्थये,
किन्तु त्वद्वचनादरः प्रतिभवं स्ताद्वर्धमानो मम ॥ ३३ ॥
( शार्दूल )

इति श्रीकुमारपालमहाराजविरचिता आत्मनिन्दाद्वात्रिंशिका ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# શેઠ નગીનભાઇ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડનાં
# પ્રકાશનો

| ગ્રન્થાન્ક | પુસ્તકનું નામ | | |
|---|---|---|---|
| + ૧ | અભયકુમાર ચરિત્ર ભાષાંતર | ભા. ૧ લો | ૧-૦-૦ |
| + ૨ | ,, ,, ,, | ભા. ૨ જો | ૦-૧૪-૦ |
| + ૩ | વિવિધ પ્રશ્નોત્તર | ભા. ૧ લો | ૦-૧૨-૦ |
| ૪ | અભયકુમાર ચરિત્ર ભાષાંતર | ભા. ૩ જો | ૦-૧૨-૦ |
| ૫ | વૈરાગ્યરસમંજરી ભાષાંતર સહિત | | ૧-૪-૦ |
| + ૬ | શ્રાવક વિધિપાઠ હિન્દી | | ભેટ |
| + ૭ | આનંદસુધાસિન્ધુ | ભા. ૧ લો | ૧-૫-૦ |
| ૮ | ,, ,, | ભા. ૧ જો | ૩-૦-૦ |
| ૯ | કુમારપાલ ભૂપાળ ચરિત્ર ભાષાંતર | ભા. ૧ લો | ૨-૮-૦ |
| ૧૦ | ,, ,, ,, ,, | ભા. ૨ જો | ૨-૦-૦ |

પોષ્ટેજ તથા પેકીંગ ચાર્જ જુદો.

લખો—

**શેઠ નગીનભાઈ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડ.**

ગોપીપુરા, ગેટ સામે-સુરત.

+ આ નિશાનીવાળા ગ્રંથો સીલકમાં નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

॥ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ ગ્રન્થાંક (૧૦)

# કુમારપાળ ભૂપાળ ચરિત્ર

## ( ભાગ ૨ જો )

## પ્રકરણ ૧૧ મું

### શ્રી પુણ્યસાર કથા

ગયા પ્રકરણમાં શ્રી હેમચંદ્રસૂરિએ કુમારપાળ રાજાને પુણ્યવૃક્ષનું ફળ બતાવ્યું. હવે એઓ એ પુણ્યવૃક્ષના મૂળ વિષે નિવેદન કરે છે.

અંકુરનું મૂળ જેમ બીજ છે તેમ પુણ્યનું મૂળ કરુણાભાવ છે; સત્ય આદિક બીજાં એનાં સહકારીઓ છે-જેમ માટી આદિક બીજનાં સહકારીઓ છે એમ. દીન, ભયભીત અને વધાર્થે લઈ જવામાં આવતા પ્રાણીઓનું પોતાના પ્રાણની પેઠે રક્ષણ કરવું-એનું નામ કરુણા, એ કરુણા કલ્યાણરૂપી લતાઓના કંદરૂપ છે, સર્વવ્રતરૂપી લક્ષ્મીના પ્રાણરૂપ છે અને સંસારરૂપી અપાર મહાસાગરની નૌકારૂપ છે. એ કરુણા વળી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મનુષ્યને દીર્ઘાયુ કરે છે, એમના શરીરને તંદુરસ્ત કરે છે, એમના ભાગ્યને દેવાંગનાને ભોગવવા લાયક બનાવે છે, એમના ગુણોને જગવિખ્યાત કરે છે અને એમની શક્તિને પરાકાષ્ઠાએ પહોંચાડે છે. વળી સમૃદ્ધ રાજ્યને, ચન્દ્રમા સમાન નિર્મળ યશ અને પ્રાન્તે સ્વર્ગ અને મોક્ષનાં સુખ પણ એ અપાવે છે. એકલા જિનભગવાને જ નહિં પણ પર દર્શનવાળાઓએ સુદ્ધાં કરુણાનો અદ્ભુત મહિમા કહ્યો છે, જુઓ—એક બાજુ, આખી પૃથ્વીનું પણ જેમાં દાન કરવામાં આવે છે એવા યજ્ઞો કરો અને સામી બાજુથી ભયાર્ત્ત પ્રાણીઓને પ્રાણદાન આપો—એ બેઉ સરખાં છે. હે રાજન્ ! બધા ય વેદ, બધા ય યજ્ઞ અને બધા ય તીર્થાભિષેકો જે ફલ ન આપી શકે એ ફલ પ્રાણી પ્રત્યેની દયા આપી શકે છે. એ કરુણા કલ્પલતાની પેઠે અહોનિશ સેવન કરવાથી, પુણ્યસારને પ્રાપ્ત થયું હતું એવું લોકોત્તર મનવાંછિત ફલ પ્રાપ્ત થાય છે.

એ પુણ્યસારનું વૃત્તાન્ત આ પ્રમાણે છેઃ—

આ જ જમ્બૂદ્વીપમાં ભરતખંડના ભૂષણરૂપ **ગોપગિરિ** નામનું ઇન્દ્રપુરી જેવું નગર હતું. સમુદ્ર પુનઃ મંથન થવાને ભયે જ હોયની એમ પોતાના સર્વ રત્ન એ નગરમાં મૂકીને પોતે જાણે ખાઈરૂપ અલ્પ રૂપ ધારણ કરીને એનું રક્ષણ કરતો હતો, ત્યાં શત્રુરૂપી હસ્તિઓનો મદ ઉતારનાર સાક્ષાત્ સિંહ જેવો પરાક્રમી શ્રીમાન્ **સમરસિંહ** નામનો રાજા રાજ્ય કરતો હતો. દેશપરદેશમાં એની કીર્તિ એટલી બધી ઝળહળી રહી હતી કે એની આગળ કપૂર, કસ્તૂરી જેવો દેખાતો હતો, હંસ કદમ્બ જેવો, મુક્તાફળ મેચક રત્ન જેવાં, ચંદ્રકાન્તમણિ

લોહકાન્ત જેવું, ચન્દ્રમા કાજળના બિન્દુ જેવો, ગંગા યમુના જેવી અને શંભુ કૃષ્ણવત્ દેખાતાં હતાં; અથવા એના ઝળહળતા યશ આગળ સર્વ કોઈ ઉજળી વસ્તુઓ ઝાંખી પડી જતી. સ્વર્ગના દેવસમ સ્વરૂપવાન્ આ સમરસિંહ નૃપતિને સમરશ્રી નામે દેવાંગના તુલ્ય રૂપવતી સ્ત્રી હતી. વળી એને **બુદ્ધિસાર** નામે પવિત્ર મંત્રી હતો, જેની બુદ્ધિથી પરાજિત થઇને જ જાણે બૃહસ્પતિ સ્વર્ગમાં જઈ વસ્યો છે !

આ જ ગોપગિરિમાં સર્વ વેપારીઓમાં મુખ્ય અને સર્વ કોઈ શ્રેષ્ઠ ગુણોએ શોભતો એવો **ધનસાર** નામે શ્રેષ્ઠી રહેતો હતો. એની વધતી જતી કીર્ત્તિ અને લક્ષ્મી પણ જાણે પરસ્પર સ્પર્દ્ધાને કારણે જ હોયની એમ દશે દિશાઓમાં વિસ્તરી રહી હતી. એને **ધનશ્રી** નામે રમણીય કાન્તિવાળી સ્ત્રી હતી, જે જાણે લાવણ્યરૂપ સંપત્તિની અધિષ્ઠાત્રી હોયની એવી તેજોમયી હતી. રતિ અને કંદર્પનું યુગલ હોયની એવા એ દમ્પતીને સંસારસુખ ભોગવતાં કેટલોક કાળ આનન્દમાં વ્યતીત થયો. એવામાં એકદા એમને સંતતિ નહિં હોવાની ચિન્તારૂપ સંતાપ થયો, પણ પુષ્કળ પુણ્ય કરવાથી સર્વ કોઈ મનોવાંછના પૂર્ણ થાય છે એમ સમજીને એમણે અમારિ, બન્દીવાનોનો મોક્ષ, ચૈત્ય દેવ આદિનાં અર્ચનપૂજન આદિક પોતાના ચિત્ત જેવાં નિર્મળ પુણ્ય કાર્યો કરવા માંડ્યાં. એના પ્રભાવથી એમને બીજો કામદેવ હોયની એવો સૌન્દર્યવાન્ પુત્ર થયો. પુત્ર નહોતો ને સાંપડ્યો તેથી એમને જે અત્યન્ત પ્રમોદ થયો એની આગળ સમુદ્ર પણ જાણે એક ખાબોચિયું હોયની એવો થઈ રહ્યો. પુત્રનો જન્મોત્સવ અને અનુક્રમે નામકરણસંસ્કાર પણ કર્યો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને એનું, એ પુણ્યના યોગે સાંપડેલો હોઈ, **પુણ્યસાર** એવું સાર્થક નામ પાડયું.

અહિં શ્રેષ્ઠીને ત્યાં પુત્ર અવતર્યો તે જ વખતે રાજા સમરસિંહને ત્યાં એક પુત્રી અવતરી અને એનું પણ એના પિતાએ યોગ્ય સંસ્કાર પછી **મદનવતી** એવું નામ પાડયું. આ મદનવતી ચંદ્રમાની જેમ :કાન્તિમાં દિનપ્રતિદિન વધવા લાગી. બાલ્યાવસ્થાનું પણ એનું રૂપસૌન્દર્ય જોઈ સૌ કોઈ ચિત્તને વિષે ચમત્કાર પામવા લાગ્યા અને હર્ષના આવેશને લઇને હોયની એમ મસ્તક ધૂણાવવા લાગ્યા.

અનુક્રમે યોગ્ય અવસરે રાજાએ પોતાની કુંવરીને અને શ્રેષ્ઠીએ પોતાના પુત્રને એક અધ્યાપકની પાસે અભ્યાસ અર્થે મૂકયા. એમાં મદનવતી, સરસ્વતીએ સ્ત્રી જાણીને સાન્નિધ્ય કર્યું હોય એટલે કે પછી ગમે એ કારણે, સદ્ય સકળશાસ્ત્રની પારગામી થઈ. પણ કુમાર પુણ્યસાર, બાળકને ઉચિત એવી ચંચળ ક્રીડા આદિકને લઇને અભ્યાસ પર મન ન હોવાથી કંઈ શીખ્યો નહિં.

એકદા, યુવાવસ્થા કુટતી આવતી હોવાને કારણે પુણ્યસાર અનંગને પરવશ થઇ તરુણી રાજકુમારી પ્રત્યે કહેવા લાગ્યો–રાજકુમારી, તને જ ધન્યવાદ ઘટે છે કે નેત્રાને અમૃતસમ શીતળતા ઉપજાવનારી એવી આ તારી રૂપસંપત્તિ વૃદ્ધિ પામે છે! ઇન્દ્રનાં સહસ્ર નેત્રા કરતાં પણ મારાં બે નેત્રા ભાગ્યશાળી છે કેમકે એનાં એ નેત્રા તો તને જુએ ત્યારે ખરાં, પણ મારાં તો જાણે ભોગાતુર હોયની એમ તને વારંવાર જોયા જ

કરે છે. સાધારણતઃ રૂપ હોય છે ત્યાં કળા હોતી નથી, ને કળા હોય છે ત્યાં રૂપ હોતું નથી પણ તારામાં એક અપવાદ-રૂપ એ બેઉનો વાસ છે. સુવાસ અને સુકુમારપણું બેઉ વાનાં સાથે તો માલતીમાં જ હોય, માટે પ્રસન્ન થઈ, અનંગપીડારૂપ સાગરમાં તણાતા મારા જેવાનો એકદમ પાણિગ્રહણ કરી મારો ઉદ્ધાર કર. આપણે હમેશાં સાથે ને સાથે જ રહેતા હોઇને, ચંદ્રમા અને નિશાની જેમ આપણી પ્રીતિ સદાકાળ ટકી રહેવાની.

પુણ્યસારનાં એવાં વચન સાંભળીને મદનવતી જે પોતામાં રહેલા કળાકૌશલ્યને લઇને સકળ જગત્‌ને તૃણવત્ અવગણતી હતી તેણે એકદમ મ્હોં મચકોડ્યું. એણે તો પુણ્યસારને અવજ્ઞાપૂર્વક સંભળાવી દીધું કે—મને લાગે છે કે હમણાં તારી મૂર્ખાઈ બેહદ વધી ગઈ છે, નહિં તો સ્વપરના વિચાર રહિત એવાં આ વચનો તારા મુખમાંથી કેમ નીકળે? કયાં હું વિદ્યાસંપન્ન રાજકુમારી અને કયાં તું મૂર્ખશિરોમણિ વણિક્‌પુત્ર! હું હંસી અને તું કાક—આપણા બેનો યોગ કેમ બને? મૂર્ખ પતિની સ્ત્રી થવા કરતાં તો એક કુમારિકા તરીકે જીવન ગાળવું સારું. ચોરલોકોનો વાસ હોય એવા ઘર કરતાં તદ્દન વસ્તી વગરનું ઘર સારું. કઇ ચતુર બુદ્ધિમતી સ્ત્રી મૂર્ખ પતિરૂપ પત્થર ગળે બાંધીને દુઃખના દરીયામાં ડૂબવા તૈયાર થશે?

રાજકુમારીનાં એવાં અપમાનભર્યાં વચનોથી પુણ્યસાર તો ઉગ્ર મેઘવૃષ્ટિથી કમળ મ્લાનિ પામે એમ મ્લાનિ પામ્યો. પોતે મૂર્ખ, વિદ્યારહિત છે એમ મદનવતીના આક્ષેપવચનોથી સમજી એણે સદ્ય એ (વિદ્યા) મેળવવા માટે સરસ્વતીદેવીને પ્રસન્ન કરવા નિશ્ચય કર્યો, અને શહેર બહાર મંદિરમાં રહેલી વિદ્યાની

અધિષ્ઠાત્રીનું ત્રણ ઉપવાસપૂર્વક પુષ્પચંદન આદિવડે પૂજન-અર્ચન કરીને આરાધન કર્યું. શારદા પણ દેહધારી સમગ્ર વિદ્યા હોયની એમ પ્રત્યક્ષ થઈ કહેવા લાગી–વત્સ પુણ્યસાર! હું તારા પર તુષ્ટમાન થઇ છું, માગ માગ જે કહે તે આપું. એ સાંભળી, શારદાદેવી પોતા પર પ્રસન્ન થઈ સમજી પુણ્યસારે પણ એ મહાદેવીને નમનપૂર્વક મદનવતી સંબંધી વૃત્તાન્ત નિવેદન કરી, એને પ્રાપ્ત કરવાને આવશ્યક એવી નિર્દોષ વિદ્યાની માગણી કરી. એટલે દેવીએ કહ્યું–પુણ્યસાર, તું મહાપુણ્યવાન છે, એને લઈને તને તારું સર્વ મનવાંછિત પ્રાપ્ત થશે, અભ્યાસથી કૌશલ્ય પ્રાપ્ત થાય છે તેમ તું—

यदाशाया न विषयं, दुर्घटं च जनेन यत्।
तदप्यारोपयत्याशु, प्राक्पुण्यं प्राणिनां करे॥*

આ શ્લોકનું એક મંત્રની જેમ સતત હૃદયમાં ધ્યાન કર્યા કરજે. આટલું કહીને દેવી અન્તર્ધાન થઇ ગઈ અને પુણ્યસાર પણ ઘેર ગયો.

હવેથી એ પોતાને સવ સ્વાર્થ સાધવાને સમર્થ એવા એ શ્લોકનો ભાવાર્થ સારી રીતે વિચારીને નિરન્તર પુણ્યકાર્યમાં જ આનન્દ માનવા લાગ્યો,–રાજહંસ કમળને વિષે આનન્દ માને તેમ.

આ વાતને કેટલોક કાળ વહી ગયો. એવામાં પુણ્યસારને કોઇ વિટપુરુષોની સાથે સમાગમ થયો તેથી એમની સાથે સારા ય શહેરમાં વિવિધ કૌતુકો નીરખતો ભમવા લાગ્યો.

* "પૂર્વના કરેલા પુણ્યનો પ્રભાવ એવો હોય છે કે જેની આશા પણ ન હોય તથા પ્રાણીઓને મુશ્કેલ હોય એવી વસ્તુ પણ અનાયાસે મળી આવે છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખાવું પીવું, હરવું ફરવું, સૂવું બેસવું, બોલવું ચાલવું, હસવું રમવું-ઈત્યાદિ સર્વ એણે એમની સાથે જ રાખ્યું; ઘેર જવાનું પ્રાયઃ માંડી વાળ્યું. એ વિટલોકો એનો સત્કાર કરવા લાગ્યા એટલે એનો સામો બદલો વાળવા પોતા પાસે કંઈ દ્રવ્ય ન હોવાને કારણે છાની રીતે પોતાની માતાનો મૂલ્યવાન હાર ઉપાડ્યો. ઘરમાંથી હાર ગુમ થયો એની શોધખોળ બહુ કરવામાં આવી પરંતુ પોતાનો લાડકો પુણ્યસાર એ ઉઠાવી ગયો છે એવો ભ્રમ સરખો ય માતાને થયો નહિં. વળી હારનું ઉપજેલું દ્રવ્ય ખરચાઈ ગયે એણે પુનઃ પણ ચોરી કરી ઘરમાંથી એક હજાર જેટલી સોનામહોર ઉઠાવી. ચોરીનો એક વાર સ્વાદ લાગ્યો એ મૂક્યો જાય પણ કેવી રીતે ?

ઘરમાંથી પોતાની સ્ત્રીના મૂલ્યવાન હાર અને એક સહસ્ર સુવર્ણમહોરોની ચોરી થવાથી ધનસારશેઠને પોતાને અત્યન્ત દુઃખ થયું. એણે ઘરના સેવકવર્ગને નિર્ભત્સનાપૂર્વક પૂછયું:- બોલો, તમારામાં કોણ ચોર છે ? એમનામાંનો એક જણ જે જાણતો હતો કે એ બધાં પુણ્યસારનાં કામ છે તેણે સદ્ય કહી દીધું કે-શેઠ, એ સઘળું ય લઇ જનારો આપનો પનોતો પુત્ર જ છે. ધનસારને તો એ સાંભળી ક્રોધની જવાળા ઉઠી. એણે તુરત જ પુત્રને બોલાવ્યો અને કડવાં ઝેર જેવાં વચન સંભળાવ્યાં: ધિક્કાર છે તને કે આચાર્ય પાસે અભ્યાસ કરવો પડતો મૂકી લુચ્ચાઓની સંગાથે રખડતા ફરી આવાં ચોરીનાં કામ કરવા માંડ્યાં ! સારા માણસના ફરઝંદે, વટની (વડના વૃક્ષની) જેવા **કુલીન** એવા પણ વિટ ( શઠ લોકો ) સેવવા ઉચિત નથી; એવાનો આશ્રય તો કિંપુરુષો જ લે. સાંભળ—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

याञ्चा चेत् किमु लाघवेन ? जडता चेच्छून्यभावेन किम् ?
लोभश्चेदुरितेन किं ? धनमदश्चेत् सीधुपानेन किम् ?।
मोहश्चेन्निगडेन किं ? व्यसनिता चेत् पारवश्येन किम् ?
नैःस्व्यं चेन्मरणेन किं ? विटरतिश्चेदस्त्यमार्गेण किम् ?॥

આ નીતિશાસ્ત્રના સૂત્રમાં પણ કહ્યું છે કે–વિટપુરુષોની મૈત્રી કુમાર્ગગમન બરાબર છે. કુસંગ ઉત્તમને પણ અધમ બનાવે છે: ગમે તેવું નિર્મળ જળ પણ મદિરાના ભાજનમાં ભર્યું એટલે અપવિત્ર જ થયું. આજ સુધી મારા ઘરમાં એક નોકર જેવાએ પણ કદિ ચોરી કરી નથી અને તેં કરી ! એવું કરતાં તને શરમ ન આવી ? બીજા દીકરાઓ પોતાની માતાને સુવર્ણ, પુષ્પાદિકવડે પૂજે અને તું તારી માતાનો હાર ઉચાપત કરે ! ખરેખર, તું પણ સપુત (?) જાગ્યો ! તને વધારે શું કહું ? એટલું જ કે એ તારી માતાનો હાર લઈને આવ ત્યારે જ મારા ઘરમાં પગ મૂકજે, નહિંતર નહિં.

પિતાની આ પ્રકારની નિર્ભ્રંછનાથી પુણ્યસારનું મ્હોં જાણે મસી ઢળી હોય એવું થઇ ગયું. એ તરત જ ઘેરથી નીકળી ગયો અને વિમાસણ કરવા લાગ્યો–ધિક્કાર છે મારા જીવતરને કે મેં મારા જ ઘરમાં ચોરી કરી ! અને એક અદના નોકરને પણ ન કરે એવું કરી પિતાએ મને ઘરમાંથી કાઢી મૂક્યો ! પિતાની સમૃદ્ધિ વધારનારા, સાગરપુત્ર ચંદ્રમા જેવા ઘણા સપુત પુત્ર હોય છે. હું જ શનિ જેવો કપુત કે ભાનુ જેવા પિતાને જ સંતાપકર થઈ પડ્યો, માટે હવે તો દેશાન્તર જઇ ત્યાંથી ધન ઉપાર્જન કરી લાવી દેવું દઈ દેવું અને એ રીતે

થયેલી ભૂલ સુધારવી.• પ્રાણ જાય તો પણ આવી ભૂલ ફરી કરીશ નહી.

આમ વિમાસણ કરતા પુણ્યસારે સરસ્વતીએ આપેલા શ્લોકનો અર્થ ચિન્તવતાં અભિમાનપૂર્વક શહેર છોડ્યું; અને માર્ગનો અજાણ્યો છતાં જાણે એનાં એવાં પુણ્યે પ્રેર્યો હોયની એમ પશ્ચિમ દિશાને આશ્રયીને ચાલી નીકળ્યો. ધનવાનનો સુકોમળ કુમાર અને પગે ચાલીને જવાનું એટલે મહાકષ્ટે આગળ વધ્યો, પણ બહુ તો બે ગાઉ ગયો હશે ત્યાં તો સૂર્ય અસ્ત પામ્યો; અને હું કયાંય પણ ચિરકાળ રહેતી નથી એમ વિદ્વાનોને કહી જણાવતી હોયની એમ એ શ્રી માત્ર પદ્મોમાંથી નીકળી કૌમુદમાં જઈ રહી. વળી જગત્ સર્વ અન્ધકારથી વ્યાપ્ત થઈ ગયું તે જાણે પુણ્યસારનાં અને વિયોગી ચક્રવાક તથા સ્ત્રીઓનાં હૃદયમાંથી નીકળેલા દુઃખના નિઃશ્વાસોથી જ હોયની ? હવે કુમાર પુણ્યસાર શું કરશે એ જોવાને માટે જ હોયની એમ આકાશ પણ તારાઓને વિષે વિકસ્વર નેત્ર કરી રહ્યું. ચોદિશ સર્વત્ર અન્ધકાર પ્રસર્યો એટલે આગળ નહિં જઈ શકવાથી પુણ્યસાર પણ આ માર્ગને વિષે આવેલા એક વટ એટલે વડલાના વૃક્ષની પોલાણમાં રાત્રીવાસો રહ્યો.

હવે, એ જ વૃક્ષ પર કામા નામની કોઈ યક્ષિણી રહેતી હતી. એને ય એની કોઇ કમળા નામે દેવી સખી હશે તે એ જ વખતે મળવા આવી. કામાએ એનો સત્કાર કરીને પૂછ્યું–બ્હેન, અત્યારે કયાંથી ? વળી કંઇ નવાજૂની કહેવાની છે ? કહે તો ખરી. કમળાએ કહ્યું–હા, કંઇ કૌતુક જેવું કહેવાનું છે ખરું. મારા સુવર્ણદ્વીપથી અહિં તને મળવા

આવતાં ગગનમાર્ગે ચાલી ને વિચિત્ર પૃથ્વીપ્રદેશો નીહાળતી નીહાળતી સૌરાષ્ટ્રદેશના ભૂષણરૂપ વલ્લભીપુર નામે નગર પાસે આવી. ત્યાં મેં એક કૌતુક જેવું જોયું તે કહું, સાંભળ —

એ વલ્લભીપુરમાં રૂપે કામદેવ જેવો કામદેવ નામનો એક મ્હોટો શ્રેષ્ઠી રહે છે; જેણે પોતાના જ ઘરમાં બહુ બહુ પ્રશસ્ત વસ્તુઓ ભરીને લક્ષ્મીની અનેક સ્થાનોએ ભ્રમણ કરવારૂપ ચપળતા પૂરી કરી દીધી છે. એને લક્ષ્મી જેવી સૌન્દર્યવાન લક્ષ્મી નામની સ્ત્રી છે. એની સાથે સંસારસુખ ભોગવતાં એને રૂપલાવણ્યે યુક્ત એવી આઠ પુત્રીઓ થઇ છે. ધનશ્રી, સમરશ્રી, નાગશ્રી, વિમલશ્રી, સોમશ્રી, કમળશ્રી, સુંદરશ્રી અને ગુણશ્રી–એવાં સાર્થક નામાભિધાનવાળી એ આઠે અનુક્રમે અનેક વિદ્યાકળા સંપાદન કરી હમણાં તરુણાવસ્થામાં આવી છે. દેવીઓ જ હોયની એવી એ સર્વ કન્યાઓનું રૂપ દેવતાઓને પણ મુગ્ધ કરી નાખે એવું છે.

એ કન્યાઓને માટે બહુ શોધ કરતાં પણ યોગ્ય વર ન જડવાથી કામદેવે છેવટે ગણપતિની યથાવિધ આરાધન કરી, એટલે ગણપતિએ પ્રત્યક્ષ થઈ એને કહ્યું–હું ત્તારા પર પ્રસન્ન થયો છું, કહે તારે શું જોઇએ છીએ ? શ્રેષ્ઠી કામદેવે પણ એ જોઇ પોતાની પુત્રીઓને અર્થે યોગ્ય વર શોધી આપવાની માગણી કરી. ગણપતિએ ધ્યાનપૂર્વક વિચાર કરીને કહ્યું–વત્સ કામદેવ ! તારી આઠે કન્યાઓને એક જ ઉત્તમ વર પ્રાપ્ત થશે, તું લગ્નની સર્વ સામગ્રી તૈયાર કર. હું લગ્નસમયે બીજો કામદેવ હોયની એવો સુંદર વર તારી કન્યાઓ માટે લાવી હાજર કરીશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રેષ્ઠીએ પણ દેવતાના એવા આદેશને લઇને વિવિધ વસ્ત્રાલંકાર અને સુંદર મંડપાદિ પણ તૈયાર કરાવ્યાં છે, વળી ખાદ્ય આદિક ભોજનના પદાર્થો પણ એટલા બધા એકઠા કરાવ્યાં છે કે જોનારને તે જાણે મ્હોટો પર્વત હોયની એવો ભ્રમ થાય છે. શુભ મુહૂર્ત્તે સાત શરાવોમાં યવ વાવી મૂકયા છે. કુટુમ્બની પ્રૌઢ સ્ત્રીઓ ધવળ મંગળ ગાઈ રહી છે. કન્યાઓને હાથે ઉર્ણામય કંકણ બાંધી દીધાં છે અને એમને પીઠીયાતી પણ કરી છે. વળી લગ્નની વેદી પણ તૈયાર કરાવી એના પર મંગળ કળશો ગોઠવી દીધા છે અને તોરણ સુદ્ધાં બાંધી દીધાં છે. આમ બધું તૈયાર તૈયાર થઈ ગયું છે; સ્નાન કરી શ્રેષ્ઠ વસ્ત્રાભૂષણ પહેરી સજ્જ થયેલી કન્યાઓ સહિત કામદેવ શ્રેષ્ઠી વરની વાટ જોતો મંડપમાં બેઠો છે, ને નગરજનો માંહે માંહે વાતો કરી રહ્યા છે કે આ એક આશ્ચર્ય જોયું ?–કામદેવ શેઠની આઠે કન્યાઓનો વગર વરે લગ્ન મહોત્સવ થાય છે !

આ બધું વલ્લભીપુરમાં સાંભળીને તથા નજરોનજર જોઇને વિસ્મય પામતી તારી પાસે આવી છું.

કમળાએ કહી એ અદ્ભુત કહાણી સાંભળીને કામાએ કહ્યું–હવે શું થાય છે એ ચાલને ત્યારે આપણે જઈને જોઇએ. કમળાએ એ વાત અંગીકાર કરી.

વડના કોટરમાં રહેલા પુણ્યસારને પણ આ આશ્ચર્યકારક ઘટના સાંભળી એઓની સાથે જવાનું મન થયું એટલે એ એમને પોતાનું સર્વ ભૂત વૃત્તાન્ત સંભળાવી કહેવા લાગ્યો– દેવીઓ, જો તમે મને પણ તમારી સાથે લઈ જઈ એ અદ્ભુત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘટના દેખાડી પાછો અહીં મૂકી જાઓ એમ હો તો મારે પણ એ નજરે જોવા આવવું છે. દેવીઓએ પણ જાણે એના ભાગ્ય-દેવતાથી પ્રેરાઈને જ હોયની એમ એની વાતની હર્ષપૂર્વક હા કહી. સારા માણસનો કોણ સત્કાર નથી કરતું ?

હવે કમળા અને કામા બેઉ સખીઓ પોતાના પુણ્યનો સાર હોયની એવા પુણ્યસારને લઇ અત્યન્ત વેગે ઊડી ક્ષણમાં વલ્લભીપુર પહોંચી ગઇ. ત્યાં કામદેવના ઘર આગળ પુણ્યસારને મૂકીને કહેવા લાગી–પાછા પ્રભાતે અમે તને અહિં જ મળશું. તું પણ અહિં જ આવજે કે જેથી તને પુનઃ એ વડભેગો કરી શકાય. એમ કહી બેઉ કૌતુક જોવા ગઈ, પણ પુણ્યસાર હું એ કૌતુક કેવી રીતે જોઈ શકીશ એમ વિચારતો ત્યાં જ ઊભો થઇ રહ્યો. એટલામાં તો લગ્નની વેળા થઇને ગણપતિએ આવીને એનો હાથ ગ્રહી 'લે આ તારી કન્યાઓ માટે વર લાવ્યો' એમ કહી એને કામદેવશ્રેષ્ઠી મંડપમાં બેઠો હતો ત્યાં જઇ સોંપ્યો. એ તો એવા અશ્વિનીકુમાર જેવા સ્વરૂપવાન જમાઈને જોઇ જાણે હર્ષસમુદ્રમાં નિમગ્ન થયો હોયની ! મંડપમાં બેઠેલા અન્ય સજ્જનો પણ નિષ્કલંક ચંદ્રમા જેવું એનું તેજસ્વી મુખ જોઇને બહુ આનન્દ પામ્યા.

પુણ્યસાર તો વિચારમાં પડ્યો કે આ હું કયાં આવ્યો ? આ લોકો કોણ હશે ? એઓને મારું શું કામ હશે ? આમ વિચાર કરે છે ત્યાં તો કામદેવ એને ઘરમાં લઈ ગયો, અને એને નિર્મળ સુવાસિત જળવડે સ્નાન કરાવી દેવતાના જેવાં દિવ્ય વસ્ત્રાભૂષણ સજાવ્યાં, અને પછી કન્યાઓ બેઠી હતી ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માયરામાં લઇ ગયો. કન્યાઓ તો એનું નેત્રોને સુધાંજન તુલ્ય રૂપ જોઇ પોતાને કૃતાર્થ માનવા લાગી. પ્રત્યેકને એમ જ થયું કે–આવી કમનીય રૂપસંપત્તિ છે તો એ શું સાક્ષાત્ મદન તો નહિં હોય? પણ ના એમ નથી, કેમ કે મદનને અંગ–શરીર જ કયાં છે? એટલે પછી (અંગ વિના) રૂપ–સંપત્તિની સંભાવના જ કયાં રહી? આપણાં મહા ભાગ્ય કે આવો આપણને પતિ મળ્યો કેમકે પુણ્ય વિના ચિન્તામણિરત્ન કોને મળે છે? આ પ્રમાણે સર્વે વિચારતી હતી એ વખતે એમના કટાક્ષો પણ રોમાંચની સાથે ઉડીને પુણ્યસારનું જાણે સ્વાગત કરવા લાગ્યા. માયરામાં ગોત્રદેવીનું પૂજન થઈ રહ્યા પછી એની સમક્ષ જ એક વિદ્વાન્ વિપ્રે પુણ્યસારનો આઠે કન્યાઓની સાથે હસ્તમેળાપ કરાવ્યો. કુમારે દક્ષિણ હસ્ત અને કુમારિકાઓએ વામ હસ્ત આપ્યો તે જાણે પરસ્પરના અપરિત્યાગનો જામીન આપ્યો હોયની. કન્યાઓ રહી રહીને પુનઃ પુનઃ કુમારને આડી આંખે જોયા કરતી હતી તે જાણે અન્ય હેતુને લઇને લજ્જાની મર્યાદાનો ભંગ કરતી હોયની! પછી વળી આચારને લઇને, નહિં કે નાસી જવાને ભયે, વરવધૂઓના વસ્ત્રોની છેડાછેડી બાંધી અને એમને વેદી (ચોરી) આગળ આણ્યા. ત્યાં આગળ પણ આચારજ્ઞ વિપ્રે અગ્નિને ઘૃત આદિકની આહૂતિ આપી વરવધૂઓને વેદી ફરતા ચાર ફેરા ફેરવ્યા તે જાણે હવે તમારે ચતુર્ગતિ સંસારમાં ભ્રમણ કરવાનું છે એમ સૂચવવાને જ હોયની! ફેરા ફરી રહ્યા એટલે કામદેવ-શ્રેષ્ઠીએ વિશ્વમાં જેની જોડી મળે નહિં એવા અમૂલ્ય રત્ન, અશ્વ, વસ્ત્રાદિક જમાઇને હર્ષપૂર્વક પહેરામણીમાં આપ્યા, અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાના સ્વજનોને પણ દિવ્ય ભોજન, તામ્બૂલ, વસ્ત્ર, આભૂષણ આદિ આપી પ્રસન્ન કર્યા.

આમ કન્યાદાન સવિધિ અને સહર્ષ સમાપ્ત થયું એટલે વરરાજા અને વહુરાણીઓ કામશ્રેષ્ઠીના આદેશાનુસાર અગાઉથી તૈયાર જ સજ્જ કરાવી રાખેલા માળ પર પ્રથમસમાગમનું અપૂર્વ સુખ માણવા ગયા. ત્યાં આઠે પ્રિયાઓ પોતાના નવીન પ્રીતમને અંગમર્દન, આલાપસંલાપ, પુષ્પપત્રાર્પણ આદિકથી પ્રસન્ન કરવા–લોભાવવા મથવા લાગી. પણ પ્રીતમનું ચિત્ત પોતા પાસે કયાં હતું કે એ લોભાય ? એ ન લોભાયો–પાષાણવત્ અભેદ્ય રહ્યો. એ તો મોહમાં પડેલા શખ્સની પેઠે વિચારવા લાગ્યો–શું પુણ્યની રચના છે ? દુર્ઘટ ઘટનાઓને પણ ઘટાવી આપનાર પુણ્ય ! તારી શક્તિ–તારું સામર્થ્ય સાચે જ વિસ્મય ઉપજાવે એવું છે. કયાં મારું ગોપગિરિ, સાથે કયાં આ વલ્લભીપુર ! હું ગોપગિરવાસી અને આ વલ્લભીપુરવાસીની ! મારા પિતાના ઉપાલંભ અને દેવીઓના સમાગમવડે કરીને મારા સમથ પુણ્યે જ આ બધું પરિણમાવ્યું છે ! આ બધું જે અત્યારે બની રહ્યું છે તે પરથી મને હવે ચોક્કસ થાય છે કે વાગ્દેવીએ આપેલા શ્લોકમાં સત્યાર્થ રહેલો હતો. દેવવાણી કદિ અસત્ય હોય નહિં, પણ હવે મારે અહિંથી નીકળી જવું જોઈએ તો ( મારી પીછાનને અર્થે ) એકાદ શ્લોક અહિં કયાંક લખતો જાઉં કે જેથી એમનામાં કેટલી દક્ષતા છે તે જણાય અને એઓ એ પરથી ભવિષ્યમાં મને ઓળખી શકે.

પુણ્યસાર આમ ચિન્તવન કરી રહ્યો છે એટલામાં નિશા પણ જાણે એને અહીંથી ઝટ વિદાય કરવો હોય એમ પોતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જવા તૈયાર થઇ. લગ્ન વખતે રાત્રી વીતી એટલે બીજું બધું ધન આદિક પડતું મૂકી, પોતે પહેર્યાં હતાં તે જ વસ્ત્રાભૂષણ પહેરી લઇ, શંકા દૂર કરવા જવાનું મિષ કરી પુણ્યસાર માળ પરથી નીચે ઉતર્યો. કાન્ત પર અત્યન્ત ભક્તિભાવ ધરાવતી આઠમી ગુણજ્ઞ નામની પ્રિયા એ જોઇને સદ્ય ઊભી થઇ જળની ઝારી લઇ એની પાછળ ઉતરી, એ જોઇ રહી ને પુણ્યશ્લોક પુણ્યસારે પોતાની ઓળખાણ માટે ઘરના દ્વારપિંડ પર એક શ્લોક લખ્યો. લખીને સત્વર પૂર્વે દેવીઓ સાથે સંકેત કરી મૂકેલો સ્થાને ગયો. ત્યાં એઓ એની વાટ જોતી જ ઊભી હતી. એમણે એને વરરાજાના ચિન્હ–વસ્ત્રાભૂષણમાં જોયો એટલે આશ્ચર્ય સહિત પૂછ્યું-તું જ આ શેઠની કન્યાઓને પરણ્યો કે? કુમારે હા કહી એટલે એઓને પણ આનન્દ થયો. એમણે કહ્યું—વત્સ, તારાં ખરેખરાં ધન્યભાગ્ય કે આવી પદ્મલોચના સ્ત્રીઓ તને મળી! પણ પુણ્યસારે તો એ બધો એમનો જ પ્રતાપ છે કહી એમનો અત્યન્ત ઉપકાર માન્યો. વળતી દેવીઓએ એને ત્યારે હવે, વત્સ! તારે અહિં રહી જવું છે કે અમારી સાથે આવવું છે? એમ પ્રશ્ન કર્યો એના ઉત્તરમાં એણે કહ્યું–મારે મારા માતપિતાને પાયે લાગવા જવું છે તેથી તમારી સાથે જ આવીશ. એ સાંભળી એને સાથે લઇ બેઉ દેવી ગગન-માર્ગે ઊડી પૂર્વના વૃક્ષ પાસે આવી. ત્યાં એને મૂકી અન્તર્ધાન થઇ ગઇ. દેવીઓ ગઇ એટલે પુણ્યસાર પણ આખી રાત્રીનો ઉજાગરો હોવાથી ક્ષણવાર આરામ લેવા પોતાના ઉત્તરીય વસ્ત્રનું બીછાનું કરી ત્યાં જ સૂતો અને નિદ્રામાં પડ્યો–ઊંઘી ગયો.

હવે અહિં ગોપગિરિમાં પુણ્યસારની માતાને જાણ થઈ કે

પોતાના જ સ્વામીનાથે પુત્રને કાઢી મૂકયો છે ત્યારે એણે આક્રંદપૂર્વક કહ્યું—નાથ, આજે તમારી મતિ કેમ ફરી ગઇ? પ્રાણાધિક પુત્રને ઘરમાંથી હાંકી કાઢવારૂપ અતિ નિંદ્ય કાર્ય તમને કયાંથી સૂઝયું ? એ ઘરમાંથી હાર વગેરે ઉઠાવી ગયો તો પણ એ બાળક છે, એણે બાળચેષ્ટાને લઇને એમ કર્યું તો તમારે એને શિખામણ દેવી હતી, આમ એક અદના નોકર માણસની જેમ કાઢી મૂકવો નહોતો. તમને લાગે છે કે હવે આપણને એવો કામ જેવો સ્વરૂપવાન્ પુત્ર કોઈરીતે ગમે એટલા દ્રવ્યના વ્યયે પણ પુનઃ સાંપડશે ? ધન જેવી અસ્થિર વસ્તુ માટે પુત્રની કોઇ નિભ્રંછના કરે ખરું ? પિત્તળને અર્થે કોઇએ સોનું ત્યજ્યું સાંભળ્યું છે ? માટે હમણાં ને હમણાં જ જઇને પુત્રને શોધી લઇ આવો. પુત્રનું મુખ જોઇશ ત્યારે જ હું અન્ન લઈશ, તે વિના નહિં લઉં એમ ચોક્કસ જાણજો.

પુત્રવત્સલ પત્નીનાં એવાં વચન સાંભળી, શ્રેષ્ઠીએ કહ્યું– ડાહી, એને એવાં અપકૃત્ય કરતો અટકાવવાને જ એટલી શિક્ષા કરી છે, નહિં તો મને પણ એ પ્રાણ કરતાં પણ વહાલો છે. ચોરી આદિક કરતાં શીખ્યો એ અંગજ પુત્ર હોય તો યે કુલનો ધ્વંસ કરનારો થઇ પડે છે. અમૃત પણ વિષ-મિશ્રિત હોય તો પ્રાણહારક નીવડે છે, વ્યસનાસક્ત પુત્રને પિતા શિક્ષા ન કરે તો, પ્રજાને પાપે ભૂપ લીંપાય છે એમ, એવા પુત્રને પાપે પિતા લીંપાય છે.

આ પ્રમાણે પત્નીને સત્ય વાત ગળે ઉતારી, શ્રેષ્ઠીએ સત્વર પુત્રને શોધી લાવવા ચોદિશ માણસો મોકલ્યા અને પોતે પણ

તપાસ કરવા નીકળ્યો. એક ખોવાઈ ગયેલી વસ્તુની જેમ એની આખી રાત્રી શોધ શરૂ રાખી. શહેરની અંદર એના મિત્રો આદિકને ત્યાં અને શહેર બહાર દેવકુળો વગેરે સ્થળોએ તપાસ કરી પણ કયાંય ભાળ લાગી નહિં. છેવટે પ્રભાતે ધનસાર નગર છોડી દૂર ચાલ્યો; અને દૈવયોગે, જે દિશામાં પુણ્યસાર ગયો હતો તે જ દિશા એણે પણ પકડી. બે કોસ ગયો ત્યાં તો એણે દૂરથી પોતાના પનોતા પુત્રને વરરાજાનાં વેષમાં વડના વૃક્ષ તળે સૂતેલો જોયો, અને અત્યન્ત હર્ષસહિત એની પાસે ગયો. એટલામાં એ પણ જાગી ગયો. ઘણો યે સ્વમાન જાળવવા-વાળો હોવા છતાં એ પિતાને જોઈ શરમાઈ ગયો અને શિષ્ય ગુરુને ચરણે નમે એમ ભૂમિપર્યન્ત મસ્તક નમાવીને તેને ચરણે નમ્યો. પિતાએ પણ એને ઊભો કરી આલિંગન આપ્યું અને કહ્યું કે પિતા પુત્રની તર્જના કરે તે પણ એના હિતાર્થે સમજવી. સૂર્ય પદ્મોને ઓછાં તપાવે છે? પણ તે એના વિકાસને કાજે જ ને? શિક્ષા વિના પુત્રે કદિ મહત્ત્વવાળું પદ મેળવ્યું જાણ્યું છે? એક માણેક પર પણ ઘર્ષણ થાય છે ત્યારે જ એ મ્હોટું મૂલ્યવાન ગણાય છે અને તું તો મેં મ્હોંએ જ શિક્ષાના બે વચનો સંભળાવ્યાં એમાં રીસાઈને જતો રહ્યો. ઘર આગળ તારી માતા તારા વિયોગે ઝૂરે છે અને અન્નનો પણ ત્યાગ કરી બેઠી છે. હું યે તારે માટે આખી રાત્રી રખડીને પૂરો થાકી ગયો છું, માટે વત્સ, હવે ઘેર ચાલ અને અમારું મનોદુઃખ ટાળ–સૂર્ય આકાશને વિષે આવીને અન્ધકાર ટાળે છે એમ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ પ્રમાણે પુત્રને સમજાવી, બળ કરી, હાથ ઝાલી, સાથે લઇ શ્રેષ્ઠી સ્વસ્થ થયો થકો ઘર ભણી પાછો ફર્યો. પુત્ર પિતા સંગાથે ઘેર આવ્યો તો જોયું કે પોતાની જન્મદાત્રી માતા પોતાની અલ્પકાળની ગેરહાજરીમાં મ્લાન, નિસ્તેજ પડી છે. એને એણે, પોતે એનો લઇ ગયો હતો એ કરતાં અતિ શ્રેષ્ઠ હાર પોતાના કંઠમાં હતો તે ઉતારી પુત્ર તરફની એક ભેટ તરીકે આપી વિનયપૂર્વક પ્રણામ કર્યા. વળી અન્ય પણ જે અલંકારો એણે પહેર્યા હતા તે સર્વ એણે, પિતાનું ધન લઇ ગયો હતો એના બદલામાં પિતાને અર્પણ કર્યા–આપી દીધા. પણ, 'આ બધું ક્યાંથી ?' એમ માતપિતાએ પુનઃ પુનઃ પૂછવા છતાં, એણે પોતાના પાણિગ્રહણ સંબંધી કંઈ વાત એમની આગળ જણાવી નહિં.

આ બનાવ બન્યા કેડે પુણ્યસાર એવો તો ધર્મનિષ્ઠ થયો કે એણે પોતાનું આખું યે કુળ પુનિત કર્યું–ગંગાનો પ્રવાહ હિમાલયને પુનિત કરે છે એમ.

હવે પાછળ વલ્લભીપુરીમાં શું બન્યું તે જોઇએ.

પુણ્યસાર દિશાએ જવાને વિષે બહાર નીકળ્યો તે પ્રભાતે પણ પાછો આવ્યો નહિં એ જોઇ ગુણશ્રી વિલક્ષ બની ગઇ, અને એણે એ વાત એણે પોતાની બ્હેનોને જણાવી. એટલે સર્વેએ મળી ઘરના બગીચા આદિક સ્થળોએ તપાસ કરી. પરિણામે પતિરાજ ગુમ થઇ ગયા એમ ચોક્કસ થયું, એટલે એઓ જાણે પોતાનું પુણ્ય જ ગુમ થયું હોયની એમ બહુ દિલગીર થઇ. કામશ્રેષ્ઠીએ પણ પુત્રીઓ પાસેથી એ શોકજનક

ખીના સાંભળી શહેરમાં સર્વત્ર શોધ કરાવી, પણ પુણ્યસારની ક્યાંય ભાળ લાગી નહિં. એટલે એને પણ બહુ ઉદ્વેગ થયો.

પણ પુણ્યસાર ગુમ થયાનું ખરું દુઃખ તો એની સ્ત્રીઓને થયું. એઓ તો પતિવિયોગે અશ્રુ સારતી આક્રંદપૂર્વક બોલવા લાગી—હા ! પ્રાણાધાર, હા ! હૃદયમંદિરના દેવ, હા ! ગુણસાગર નાથ, તમે અમને પરણીને, કોઇ પાક્કા વેરીની જેમ, મૂકીને જતા રહ્યા છો. એ અમને કૂવામાં ઉતારીને દોર કાપી નાખ્યા જેવું કર્યું તમને નથી લાગતું ? નળરાજા જેવા પત્નીને ત્યજી જતા રહ્યા હતા, પણ એ ક્યારે કે જ્યારે એમને માથે અસહ્ય કષ્ટ પડયું હતું ત્યારે, પણ તમે તો, નાથ ! વિના દુઃખે, વૃથા જ અમને છોડીને જતા રહ્યા છો ? સર્વ પુરુષો શું આવા હશે ! તમારું પુરુષવ્રત તો કોઈ આશ્ચર્ય જેવું છે ! પરમાત્માની જેમ તમારી સેવા કરતાં છતાં, તમે ગયા તે પાછા દેખાયા જ નહિં ! પણ એમાં દોષ કોને દેવો ? અમારા જેવી મંદભાગ્ય બાળાઓના નસીબમાં આવો પતિ સરજેલો નહિં હોય ! કડવી તુંબડીના ભાગ્યમાં કલ્પદ્રુમનો સંગમ હોય જ ક્યાંથી ? પ્રાણ ! તમે છંડી જાઓ, જીવ ! તું પણ જતો રહે, હૃદય ! તું યે ફાટી જા, દેહ ! તું બળી જા. તમારો સર્વેયનો જે સ્વામી–તે જ્યારે ક્યાંય જતો રહ્યો છે ત્યારે એના વિના તમે રહીને શો અર્થ સાધી શકશો ?

પુત્રીઓએ આમ કલ્પાન્ત કરી મૂકયું જોઇ પિતા કામશ્રેષ્ઠી પણ બહુ ખિન્ન થયો. પણ એણે ધૈર્ય ધારણ કરી એમને પણ સહનશીલતાનો પાઠ આપવાપૂર્વક કહ્યું—પુત્રીઓ, શોક શા માટે કરો છો ? જેણે તમને પૂર્વે આવો યોગ્ય વર આપ્યો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતો તે ગણપતિ જ પુનઃ તમને એ પાછો લાવી આપશે. હું હમણાં જ એનું આરાધન કરું છું.

પિતાએ એ પ્રમાણે દિલાસો આપ્યો એટલે પુત્રીઓ શાંત થઇ પોતપોતાના કામમાં ગુંથાઇ ગઇ, પરંતુ જે ગુણશ્રી હતી તે શારદાવત્ બુદ્ધિમાન્ અને ચતુર હોઈ ચિંતવવા લાગી. સ્વામીનાથની એવી ઉત્તમ આકૃતિ પરથી એનામાં બુદ્ધિમત્તા છે એમ મારો ચોક્કસ નિશ્ચય છે, તો એવો બુદ્ધિમાન્ નર જતે વખતે પોતાનું કંઇક પણ સ્વરૂપ કયાંક પણ જણાવ્યા વિના જાય નહિં. મને લાગે છે કે જતી વખતે બહારના દ્વાર પાસે એ જરા ખોટી થયા હતા ત્યાં એણે પોતાની પીછાન સંબંધી કંઇક લખ્યું છે. ચાલ જોઉં તો ખરી. એમ ચિન્તવી સત્વર ત્યાં જઇ જોયું તો દ્વારના પિંડ પર એક શ્લોક લખેલો માલૂમ પડ્યો: क्व स गोपगिरिः क्वेयं वल्लभी क्व विनायकः । दूरादेत्य कुमारोऽत्र परिणीय कनीर्ययौ ॥ ( કયાં ગોપગિરિ, કયાં વલ્લભીપુર અને ક્યાં વિનાયક ! કેટલે ય દૂરથી કુમાર આવી પરણીને જતો રહ્યો. ) આ શ્લોક જોઈ પતિદર્શન જેટલો હર્ષ પામી ગુણશ્રીએ એ શ્લોકનો આમ અર્થ બેસતો કર્યો–અમારો પતિ નિશ્ચયે ગોપગિરિનો નિવાસી છે; એને અહીં વિનાયક લઈ આવ્યા હતા. વળી એ અમારું પાણિગ્રહણ કરી પોતાને ઘેર જતા રહ્યા છે." પણ જતાં જતાં અમારા મતિવૈભવની પરીક્ષા કરવા આ શ્લોક લખતા ગયા છે, એમ મને લાગે છે.

આમ પતિનું નિવાસસ્થાન નિશ્ચિત કરી ગુણશ્રીએ પોતાના પિતાને એ શ્લોક વંચાવી કહ્યું—આ પરથી મને મારા પતિના નિવાસસ્થળની ખાત્રી થાય છે કે એ ગોપગિરિ છે; માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાત, મને વાણિજ્યને બ્હાને ત્યાં જવાની રજા આપો. ત્યાં જઇ હું મારી બુદ્ધિ કેળવીને એને અહિં લઇ આવીશ.

કામશ્રેષ્ઠી કહે–પુત્રી, તને તારા પતિના નગરની ભાળ લાગી એ ખરું, પરંતુ જ્યાં સુધી તું એનું નામઠામ જાણતી નથી ત્યાં સુધી તું એને કેવી રીતે શોધી કાઢીશ? વળી ચોદિશ લૂંટારાઓ રહેલા હોઇને માર્ગ પણ અતિ વિકટ છે. દેવાંગના સમી તને જોઇને એ લોકો વળી તને ઉપાડી જાય એવો પણ ભય રહે છે; માટે તું તો અહિં જ રહે. હું જ મારા વિશ્વાસુ માણસોદ્વારા સત્વર શોધ કરાવીશ.

ગુણશ્રીએ કહ્યું—પણ અમને પરણી જનારને અમારી બુદ્ધિની પરીક્ષા કરવી છે, તો અમારામાંથી જ એકાદ બ્હેન જઇએ અને સ્વયમ્ એને શોધી કાઢીએ તો જ અમારી બુદ્ધિનું પારખું થાય. વળી માર્ગમાં ઉપસર્ગનો ભય છે એમ કહો છો તો તેનું નિવારણ તો સરલ છે. હું પુરુષવેષ ધારણ કરી લઇશ એટલે એથી મારું પૂરતું રક્ષણ થશે. વળી હું જતાં પહેલાં એક પ્રતિજ્ઞા કરું છું તે તમે મારા તાત, મારાં માતાજી અને પ્રિય બ્હેનો, સૌ સાંભળોઃ–જો હું આજથી છ માસની અંદર મારા પતિને શોધી કાઢી અહિં ન લાવું તો મારે અગ્નિ જ શરણ છે–હું ત્યાં ને ત્યાં જ અગ્નિપ્રવેશ કરી મારા દેહનો અંત આણીશ.

કામશ્રેષ્ઠીએ પણ ન્હાનીશી પુત્રીની આવી મ્હોટી–આકરી પ્રતિજ્ઞા સાંભળી એને હિમતવાન સમજી જવાની સંમતિ આપી. એટલે એ પણ પિતાએ આપેલ પુરુષવેષ ધારણ કરી સર્વની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રજા લઇ ચાલી નીકળી. એના સાથમાં નિર્ભયતા સમજી એના કેટલાક ગોત્રીઓ અને અન્યજનો પણ વ્યાપાર નિમિત્તે સ્વસ્થતાપૂર્વક સાથે નીકળ્યા. શહેર બહાર નીકળ્યા ત્યાં ગુણશ્રીએ સકળ સાથને જણાવ્યું કે તમારે હવેથી જાહેરમાં મારું નામ ગુણચંદ્ર કરીને કહેવું. ઊંચા તુરંગ પર પુરુષવેષમાં પણ દીપી નીકળતી ગુણશ્રી માર્ગમાં, સાથે લીધેલા અસવારોવડે સર્વ સાથને પોતાના શરીરની જ જેમ જાળવતી, અર્થીજનોએ અતિ ઉદારતાપૂર્વક દાન દેતી અને પ્રિય પ્રાણુનાથવાળા શ્લોકનું સતત સ્મરણ કરતી અનુક્રમે ગોપગિરિને પાદર આવી પહોંચી. ત્યાં એને પોતાના પ્રિય પતિના નિવાસસ્થળ તરીકે ધન્યવાદ આપી વારંવાર એના તરફ દૃષ્ટિ કરવા લાગી.

એટલામાં તો માર્ગમાં ગુણશ્રીએ આપેલા બહુવિધ દાનથી અત્યન્ત સંતોષાયેલા બન્દિજનોને મુખેથી ' વલ્લભીપુરથી કામદેવશ્રેષ્ઠીનો ગુણી પુત્ર ગુણચન્દ્ર અહિં પ્રભાતે આવશે ' એમ અહિંના રાજા સમરસિંહે સાંભળેલું તે પરથી એણે એને ( ગુણચંદ્રને ) માન આપવાને પોતાના જ પ્રતિબિમ્બ હોય તો એવા સચિવને મોકલ્યા. એમણે આવીને કુશળ સમાચાર પૂછયા. ગુણશ્રીએ પોતે પણ એમનો પ્રેમપૂર્વક એવો સત્કાર કર્યો કે એઓ જાણે એના જ હોયની થઇ ગયા.

પછી પોતાના સર્વ સાથનો બહાર જ પડાવ નખાવીને, એ પ્રધાનોની જ સાથે, પુરુષવેષમાં જ શહેરમાં રાજાને મળવા તે ગઇ. ત્યાં રાજાને વિનયપૂર્વક અનેક અસાધારણ દિવ્ય ભેટ ધરીને એનું બહુ રીતે મનરંજન કર્યું. રાજાએ પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાના જ મહેલની નજીકમાં એને માટે સુંદર ઉતારાની ગોઠવણ કરાવી એનું યોગ્ય આતિથ્ય કર્યું.

હવે રાજમહેલની નજીકમાં જ આવાસ હોઇને રાજાના અતિ આગ્રહને વશ થઇ ગુણશ્રી મિત્રવત્ દરરોજ બે વાર રાજસભામાં જવા લાગી. વળી પોતાના પ્રાણનાથને શોધી કાઢવા હતા માટે હમેશાં ગવાક્ષમાં રહી રાજમાર્ગે જતા આવતા નાગરિકો તરફ વારંવાર નજર કરવા લાગી. પણ એને સમ્યક્ પરિચય નહોતો એટલે પોતાની દૃષ્ટિ સમક્ષ જતો આવતો હોય તોયે એને ઓળખી કાઢી શકી નહિં. નહોતી એ એનું નામ જાણતી કે નહોતું એને અત્યારે એની આકૃતિનું સ્મરણ, એટલે કંઇ પણ ભાળ ન મળી શકી તેથી એ મનમાં બહુ બળવા લાગી. પુણ્યસારે પણ સાંભળ્યું હતું કે કામશ્રેષ્ઠીનો પુત્ર અહિં આવ્યો છે પણ પોતાને કોઇ સાળો છે એની એને ખાત્રી ન હોવાને લઇને અને કંઇક લજ્જાને લઇને ગુણશ્રીને મળવા ન ગયો.

અન્યદા સુગંધથી બ્હેકી રહેલા ચંદન આદિક દ્રવ્યોના વિલેપનને લઇને દેવાંગનાવત દશે દિશાઓને સુવાસિત કરતી, અને અંગોપાંગે ધારણ કરેલા પુરુષોચિત મનહર વસ્ત્રાભૂષણને લઇને અનંગ-મદનવત્ નગરની સ્ત્રીઓનાં ચિત્તને મોહિત કરતી ગુણશ્રી રાજસભામાં જતી હતી ત્યાં એના પર મહેલ ગવાક્ષમાં ઉભેલી રાજપુત્રી મદનવતીની નજર પડી. એને જોતાં જ મદનવતીની જાણે કામના બાણથી વીંધાણી હોયની એવી દશા થઇ. એટલે એ ચિંતવવા લાગી-આ કોણ હશે ? બન્દિજનો એની સ્તુતિ કરી રહ્યા છે, ગન્ધર્વો એનાં ગીત ગાઇ રહ્યા છે અને વાયુ એના શરીરની સુવાસ ફેલાવી રહ્યા છે ! આવો ઉત્તમ

પુરુષ આ કોણ જાય છે ? શું એ તે કામદેવ છે ? ના કામને શરીર નથી, એ તો અનંગ છે, ત્યારે શું એ અશ્વિનીકુમાર છે ? ના, અશ્વિની તો જોડલે હોય છે, ત્યારે શું એ કોઈ સ્વર્ગથી ઉતરી આવેલો દેવ છે ? ના, દેવની તો અનિમેષ દૃષ્ટિ હોય છે. ત્યારે શું એ પુરુરવસ્ છે ? ના, તે પણ નહી કેમકે એ તો પૂર્વે થઈ ગયો, આ કાળે કયાંથી હોય ? જો અનંગ કામદેવ તપશ્ચર્યા કરીને અનુપમ અંગ–શરીર પ્રાપ્ત કરે તો એ ( કામ ) એની ઉપમાના માનને પાત્ર થાય, અન્યથા નહિં પણ એને જોતાં જ મારું હૃદય એના તરફ કેમ આકર્ષાય છે એની મને કંઈ સમજણુ પડતી નથી. ઉર્વશીને જેમ પુરૂરવા પતિ મળ્યો હતો એમ મને મળે તો જ મારું પણ જીવિત અને મારું યૌવન સફળ થાય.

રાજપુત્રી યુવતી મદનવતી આ પ્રમાણે મનમાં ચિન્તવન કરતી હતી ત્યાં તો ગુણશ્રી એની નજરથી દૂર પહોંચી ગઈ. પણ એને એની ભાળ તો મેળવવી હતી એટલે એણે પાસે રહેલી પોતાની સખીને પૂછ્યું–આ હમણાં અહિંથી પસાર થયો એ કોણ છે ? એને તું ઓળખે છે ? સખી ચતુર હતી. તે એનું મન જાણી ગઈ અને એને કયાંયથી પૂર્વે માહિતી મળી હતી તેથી એણે ઉત્તર આપ્યો કે–એ વલ્લભીપુરના ધનાઢ્ય કામદેવ શ્રાવકનો સપુત છે, એનું નામ ગુણચંદ્ર છે અને એ અહિં વ્યાપારાર્થે આવ્યો છે. અહિં આવતાં જ એ આપના પિતાનો પ્રેમપાત્ર બન્યો છે એને તેથી એમના આગ્રહથી એ આ માર્ગે હમેશાં રાજસભામાં જાય આવે છે. એમ અપૂર્વ શરીરસૌન્દર્યને લીધે હમણાં એ જાણે આપણા નગર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રૂપી નન્દનવનનું પારિજાત હોયની એવો જણાય છે. અત્યન્ત સુગન્ધ વિસ્તારી રહેલા કમળપુષ્પોની જેમ એના સદ્ગુણો સર્વ કોઇને કર્ણગોચર થઇ રહ્યા છે. મને લાગે છે કે ચન્દ્રમાને પરણનારી રોહિણીની જેમ એને પરણવાનું જે કન્યાના ભાગ્યમાં લખ્યું હશે એને ધન્ય છે!

સખીને મ્હોંયેથી ગુણશ્રીની પ્રશંસાના આવા શબ્દો સાંભળીને મદનવતીને એના પર સવિશેષ રાગ થયો. યૌવનના પૂરમાં તણાતા મનુષ્યોને પ્રાયઃ વિવેકાવિવેકનું ભાન રહેતું નથી—એમ કહેવાય છે એ સત્ય જ કહેવાય છે; કારણ કે નહિં તો આ પ્રમાણે એક સ્ત્રીજન અન્ય સ્ત્રીજાતિ પર મોહિત કેમ થાય ? અથવા તો એમાં યૌવનનો દોષ નથી, પણ વિધિનો દોષ છે કેમકે એ જ આવો અઘટિત પ્રેમ કરાવે છે! મદનવતી તો સખીએ વર્ણવેલા ગુણશ્રીના અનેક ગુણોને સંભારી કામાતુર બની મહામોહરૂપી અન્ધ કૂપમાં ડૂબી. સ્નાન, વિલેપન, ગીત, નૃત્યાદિક આનન્દજનક વસ્તુઓ એને તો વિષવત્ ભાસવા લાગી. પુષ્પબાણ—મદનના પ્રતાપથી એને જ્વર ઉત્પન્ન થયો તે એવો સખ્ત ઉત્પન્ન થયો કે વિધિની પ્રતિકૂળતા હોય ત્યારે બને છે એમ ઉપાય માત્ર અફળ થયા. સાધારણ તાપ છે તે જળ, કમળનાં પુષ્પો, પંખાનો પવન, ચન્દનનો લેપ, ચન્દ્રમાનો પ્રકાશ—ઇત્યાદિ અતિશીતળ પદાર્થોથી શાન્ત થાય છે, પણ વિરહાતુર મનુષ્યોના શરીરમાં જે તાપ થાય છે તે તો એ પદાર્થોથી ઉલટો વૃદ્ધિ પામે છે, એવા એ વિષમ તાપને પ્રવીણ વૈદ્યો પણ ઉપશમાવી શકતા નથી.

આમ પ્રિય ચક્રવાકના વિયોગે ઝૂરતી ચક્રવાકીની દશા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનુભવતી મદનવતીને જોઈને એની વ્યવહારકુશળ સખી જે નામે પ્રિયંવદા તેમ સંભાષણમાં પણ પ્રિયંવદા હતી તે કહેવા લાગી–રાજપુત્રી, ગ્રીષ્મઋતુમાં વેલી સૂકાય એમ તું સૂકાતી જાય છે તો તારા શરીરમાં કોઇ વિકટ વ્યાધિ ઉત્પન્ન થયો છે કે કોઇ પ્રકારની ચિન્તા તને ઉપસ્થિત થઈ છે ?

હાલીચાલીને વ્હારે આવેલી દક્ષ સખીની આગળ હૃદયની વાત નહિં કહું તો પછી બીજા કોની આગળ કહીશ ? એમ ચિન્તવીને મદનવતી પણ ક્ષણવાર લાજ કોરે મૂકી કહેવા લાગી–પ્રિય સખી, બીજો ચન્દ્રમા હોયની એવો દેદીપ્યમાન પેલો ગુણચન્દ્ર આપણા ગવાક્ષ આગળથી જતો મ્હારી દૃષ્ટિએ પડ્યો છે ત્યારથી હું પદ્મિનીની જેમ એના વિષે અનુરક્ત થઇ છું અને એ જ કારણથી મારી આ દશા થઇ છે. આત્મજ્ઞાની જેમ સર્વત્ર અદ્વૈત બ્રહ્મ જ જુએ છે તેમ હું સર્વત્ર એને જ જોઉં છું–આકાશમાં, દિગ્મંડળમાં, મારી આગળ, પાછળ કે પડખે એમ સર્વ સ્થળે એ કામદેવનો ગુણીયલ સપૂત જ મારી નજર આગળ તરવરે છે, એ વખતે તો એ દૂરથી દૃષ્ટિગોચર થયો હતો અને ચન્દ્રસમ શીતળ લાગ્યો હતો પણ હવે મારા હૃદયમાં આવીને વસ્યો છે ત્યારે કોણ જાણે કેમ મને વહ્નિની જેમ બાળી રહ્યો છે ! સખી, મારી અવદશાનું આ પરમ કારણ છે તે તને કહી નાખ્યું. હવે જો તું મારું હિત ચ્હાતી હો તો એ મને મળે એવો ઉપાય તું કહી નાખ.

ચિરકાળ રાજકુળમાં રહેલી હોઇ ચતુર બનેલી પ્રિયંવદા પણ કહેવા લાગી–સખી, તારું મન તો હું કયારની કળી ગઈ હતી. કારણ જાણતાં છતાં તને પૂછ્યું એ તો ફક્ત હાસ્ય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિનોદ માટે, એના જેવા ઉત્તમ, યોગ્ય પુરુષને માટે તું વૃથા ખેદ કરે છે! એનો ને તારો યોગ કોઇ રીતે દુર્ઘટ નથી, એ તો સુવર્ણને રત્નના યોગ જેવો યોગ્ય ને સુઘટ છે. તું રાજાની ભાગ્યવંત કુમારિકા છો અને એ ગુણચન્દ્ર પણ અનેક ગુણ-ગણાલંકૃત છે એટલે તમારા બેઉનો યોગ થવામાં કંઇ ન્યૂનતા નથી. આમાં કેવળ પ્રબળ વિધિની અનુકૂળતા જ જોઇએ છીએ કેમકે સમગ્ર કાર્યો અવશ્યમેવ એને જ આધીન છે. અને એ વિધિ તો પ્રાયઃ યોગ્ય યુગળનો યોગ યોજાતો હોય તો તત્પર હાજર જ છે: શિવ અને પાર્વતીનો તથા કૃષ્ણ અને લક્ષ્મીનો પરસ્પર યોગ એણે જ યોજ્યો હતો ને? માટે તું લેશ પણ ચિન્તા ન કર; તારાં માતાજીને કાને વાત નાખીને એવો પ્રયાસ કરાવીશ કે તારું મનવાંછિત સિદ્ધ થયું જ સમજ.

રાજપુત્રીને એ પ્રમાણે આશ્વાસન આપી પ્રિયંવદા તત્ક્ષણ એની માતા રાજરાણી પાસે પહોંચી અને એને સકળ વૃત્તાન્ત કહી સંભળાવ્યો. રાણી સમરશ્રીએ પણ મદનવતીની એ ઇચ્છા એકાંતમાં પોતાના પ્રાણનાથની આગળ જણાવી. રાજવી સમર-સિંહ એ સાંભળી કહેવા લાગ્યો–રાણી, પુત્રીના વિવાહને માટે હું પણ ઘણા વખતથી પ્રયાસમાં જ છું. પણ એને યોગ્ય કોઇ વર નજરે ન પડવાથી મારો પ્રયત્ન સફળ થતો નથી, પણ હવે જ્યારે પુત્રી પોતે જ ગુણચંદ્રને ચાહે છે એમ કહે છે ત્યારે બહુ ઠીક થાય છે. પ્રિયા; આવો સુંદર વર પૂરાં પુણ્ય કર્યાં હોય તેને જ મળે છે. પણ મને એક ચિંતા થાય છે, તે એ કે ગુણચંદ્ર વણિકપુત્ર છે. પણ રાણીએ કહ્યું–નાથ, એ આપની ચિંતા અસ્થાને છે. વણિકજન કંઈ સામાન્ય લોકો

જેવા નથી, એમનામાં યે અસાધારણુ ગુણો વિદ્યમાન હોય છે. કુળ, શીલ, આચાર, વિવેક, વિનય, નય અને યશ આદિ સમગ્ર વાનાં વણિક્-વેપારીમાં જ હોય છે, માટે આપણી મદનવતીને અવશ્ય એ ગુણચંદ્રને આપો. એ સંબંધ ચંદ્ર અને કુમુદિના સંબંધ જેવો એકદમ પ્રશસ્ય છે.

સહધર્મચારિણી રાણીનાં એવાં ઉત્તેજક વચનો સાંભળી સાંભળી રાજાએ પણ એ વાત માન્ય રાખી અને સદ્ય ગુણશ્રીને બોલાવી કહ્યું-ગુણચંદ્ર, આપણી મૈત્રી દૈવયોગે આપણી પ્રીતિ-લતાને પોષનારા મેઘ જેવી થઈ છે એટલે આપણે હવે પરસ્પર કંઈ અન્તર રાખવું શોભે નહિં, હવે એ આપણી મૈત્રી દૃઢ રહે એટલા માટે મારી ઇચ્છા છે કે તું મારી પુત્રી મદનવતીનો સ્વીકાર કર. તું જાણતો જ હોઈશ કે એનાં રૂપસૌન્દર્ય આગળ સ્વર્ગની અપ્સરાઓ પણ પાણી ભરે છે!

રાજાની એ માગણી સાંભળીને ગુણશ્રી તો એકદમ ચિન્તામાં પડી અને કહેવા લાગી-રાજન્, આ સંબંધ કેવી રીતે ઉચિત ધારો છો? કયાં સૂર્ય જેવા તમે અને એક ખદ્યોત સમાન હું! કયાં મેરુ અને કયાં સરસવ! કયાં કલ્પદ્રુમ અને કયાં ધતુરવૃક્ષ! કયાં મણિ અને કયાં કાંકરો! કયાં કુબેરથી પણ વિશેષ સમૃદ્ધિવાન એવા આપ-ક્ષત્રિય અને રંકમાં પણ રંક એવો હું વણિક્સુત! અગાધ મહાસાગર અને નહાનાશા તળાવડાંને કદિ સંબંધ બાઝે ખરો? જેની લોકો દૂર રહ્યા રહ્યા પણ દેવવત્ આરાધના કરે છે એવા રાજવીની કન્યા સાથે વિવાહરૂપ સાહસ કરવું એ સ્વપ્નમાં પણ ઇચ્છવા યોગ્ય નથી. આપણી જાતિ એક નથી, સમૃદ્ધિ સમાન નથી, નિવાસસ્થળ

એકત્ર નથી; વળી મારા માતપિતા પણ અહિં નથી–એવી સ્થિતિ છે ત્યાં આ કાર્ય કેવી રીતે થઇ શકે?

ગુણશ્રીની સર્વ દલીલો સાંભળીને ભૂપતિએ કહ્યું–ગુણીયલ ગુણચંદ્ર, તેં કહ્યું તે સર્વ સ્વરૂપ મારા ધ્યાન બહાર નથી. હું એ બધું સમજું છું, પણ વાત એમ છે કે મારી મદનવતીની એકદા કયાંય તારા પર દૃષ્ટિ પડી ત્યારથી એ, એક દેવી એક દેવને વિષે અનુરક્ત થાય એમ, તારે વિષે અત્યન્ત અનુરક્ત થઇ છે–માટે જ મારી આ પ્રાર્થના છે. તેથી ધન આદિકનો સંકોચ અને પિતા આદિકના ઉત્તરની વાત બાજુએ મૂકીને મારું કહ્યું માન્ય રાખ અને આપણા પ્રેમમાં વૃદ્ધિ થવા દે.

રાજાનો એવો ગાઢ આગ્રહ જોઇને ગુણશ્રી તો વિમાસણમાં પડી, શું ઉત્તર આપવો એ ન સૂઝવાથી વાત લંબાણમાં નાખવા એણે તુરતને માટે તો કહ્યું કે મારી સાથે વૃદ્ધ સંબંધીજનો છે એમને પૂછીને આપને ઉત્તર આપીશ.

પછી ઉતારે આવીને એણે સર્વ હકીકત પોતાના વૃદ્ધ–વડીલો આગળ મૂકી અને આ બાબતમાં કેવી યુક્તિથી કામ લેવું એમ એમને પૂછયું. "મને દૈવે કેવા કાર્યસંકટમાં નાખી છે? રાજા સત્ય બીનાથી અજાણ હોઇ મને પોતાની પુત્રી આપવા આવ્યો છે; અને હું પુરુષવેષમાં રહેલી એક સ્ત્રીમાત્ર છું. હવે મારે શું કરવું? જો કદાપિ હું પુરુષવેષ ત્યજી દઇને મારા ખરા સ્વરૂપમાં બહાર આવીશ તો આખા નગરમાં મારી પૂરી ફજેતી–હાંસી થશે અને વળી મારા પ્રિય સ્વામીનાથની ભાળ મળવી મુશ્કેલ થઇ પડશે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણશ્રીનું કહેવું સાંભળીને વૃદ્ધજનો વિચારમાં પડયાં, ઘણીરીતે વિચાર કરતાં પણ એમને કંઇ ઠીક જેવો ઉત્તર પણ ન આપી શકયા. એઓએ તો ફક્ત એમજ કહ્યું કે–અમે તો વયે જ વૃદ્ધ છીએ, બુદ્ધિએ વૃદ્ધ નથી, એટલે અનેકધા વિચાર કરતાં છતાં પણ અમને તારી વાતનો ખુલાસો જડતો નથી. તારી જ બુદ્ધિ સર્વ કાર્યોમાં આગળ પડતી છે માટે તું જ પૂર્ણપણે વિચાર કરતાં તને ઉચિત જણાય તેમ કર.

વૃદ્ધ વડીલવર્ગ કંઇ પણ યોગ્ય ખુલાસો કરી શકતા નથી જાણી ગુણશ્રી વિચારવા લાગી–હું ગમે એટલી ના કહીશ તો યે રાજા મને છોડવાનો નથી–એણે હઠ લીધી છે તે મને મદનવતી પરણાવ્યે જ રહેશે. વળી મારે મારા પ્રિય પતિની ભાળ મેળવ્યા પહેલાં મારું સ્ત્રીત્વ પ્રકટ કરવું નથી, માટે હવે તો આ પુરુષવેષમાં જ રાજપુત્રીનું પાણિગ્રહણ કરું. જો મેં પ્રતિજ્ઞા કરી છે એ પ્રમાણે છ માસની અંદર પતિનો મેળાપ થઇ જાય તો તો જેમ હું છું તેમ આ રાજપુત્રી પણ એની પ્રાણવલ્લભા થઈ રહે. પણ જો કદાચિત્ દૈવ પ્રતિકૂળ થાય અને મારા પ્રાણપતિની ભાળ ન લાગે તો પછી મારે મરણ જ શરણ છે એટલે રાજકન્યા પણ તે વખતે પોતાનું ફાવતું કરી લે.

બહુ બહુ વિચારને અન્તે એવા છેલ્લા ઠરાવ પર આવી ગુણશ્રીએ પ્રભાતે રાજસભામાં જઈ રાજાના આગ્રહને વશ થઈ એની પ્રાર્થના માન્ય રાખી. મદનવતીને એ વાત સાંભળી પોતાનું મનવાંછિત સિદ્ધ થયું જાણી અત્યન્ત આનન્દ થયો. પણ એમાં કંઈ આશ્ચર્ય નહિં કેમકે સ્ત્રીઓને પતિ મળે એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આનન્દ એમને સુધા એટલે અમૃત મળે એના કરતાં પણ વિશેષ છે.

રાજાએ પણ ગુણશ્રીએ પોતાની પ્રાર્થના માન્ય રાખી એટલે અત્યન્ત પ્રસન્ન થઇ મહાઉત્સવપૂર્વક લગ્ન સમારંભ કરી પુત્રીને એની સાથે પરણાવી. વરકન્યાના હસ્તમેળાપ વખતે કન્યા–મદનવતી–નો હર્ષ હૃદયમાં સમાતો નહોતો, કવિની વાણીને પણ અગોચર હતો. પછી છેડાછેડી બાંધવામાં આવી અને વરકન્યાને ચોરી આગળ ફેરા ફરવા લઇ જવામાં આવ્યા. ત્યાં ગુણશ્રી વિધિના આ અદ્‌ભુત કાર્ય પરત્વે વિચારવા લાગી–સર્વવ્યાપક કવિપ્રતિભા પણ જે નથી કળી શકતું, સારા જગતમાં સ્વેચ્છાપૂર્વક ગમે ત્યાં વિહરવાના સામર્થ્યવાળું મન પણ જેમાં નથી પ્રવેશ કરી શકતું, અનાગત એટલે ભવિષ્યના બનાવનાં જાણકાર એવાં જ્યોતિઃશાસ્ત્રમાં પણ જે નથી જણાતું, એવું અદ્‌ભુત કાર્ય પણ બળવાન્ વિધિ સહસા કરી શકે છે! કેવું આશ્ચર્ય! એક સ્ત્રી અન્ય સ્ત્રીનું પાણિગ્રહણ કરે એ નથી કયાંય પણ સાંભળ્યું કે નથી કયાંઇ પણ દીઠું! પણ અહિં તો વિધિએ એ કરી દેખાડયું! શી હૃદયહારક ઘટના!

ગુણશ્રી આ પ્રમાણે મનમાં ચિંતવન કરી રહી હતી ત્યાં તો કરમોચન સમય થયો–છેડાછેડી છોડવામાં આવી. એ વખતે રાજાએ જમાઈ થયેલાને પ્રસન્નચિત્તે હસ્તી, અશ્વ, સુવર્ણ આદિક પહેરામણીમાં આપ્યાં. એ પહેરામણી અને રાજકન્યા મદનવતીને લઇ, પછી, ગુણશ્રી પણ પોતાને આવાસે ગઇ. આવાસની અંદર ગુણશ્રીએ પોતાના ચિત્ત જેવું વિપુલ એક મંદિર કરાવ્યું હતું. એ મદનવતીને શયનાગાર તરીકે સોંપ્યું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

—એમાં એને રાખી. પછી એણે પોતાના સર્વ માણસોને એકાંતમાં સૂચના આપી દીધી કે તમારે મદનવતીની આગળ મારું સ્વરૂપ જરા પણ પ્રસિદ્ધ કરવું નહિં.

ચતુર ગુણશ્રી એ પ્રમાણે આવશ્યક બંદોબસ્ત કરી શયનગૃહમાં ગઈ અને પતિપત્નીનો વચ્ચે અમૃત ઝરતી ગોષ્ઠી શરૂ થઇ. એ અવસરે એને પોતાનું મૂળ સ્વરૂપ ગોપવવું હતું માટે એક યુક્તિ જે એણે અગાઉથી યોજી રાખી હતી તેનો ઉપયોગ કર્યો. એણે એને કહ્યું કે–પ્રિયે, હું હમણા એક જાતનું વ્રત કરું છું એને લઇને મારે છ માસ પર્યન્ત બ્રહ્મચર્ય પાળવાનું છે. એ વ્રત આદર્યાને બે ત્રણ માસ થયા છે એટલે શેષ માસ વીત્યે નિત્ય તારી સાથે પૂર્ણપ્રેમે સંસારનાં સુખ ભોગવીશ; માટે ત્યાં સુધી તું લેશ પણ ખેદ ન કરતી. આમ આશ્વાસન આપી એની સાથે ગોષ્ઠીસુખ અનુભવતાં અને એને વિવિધ વસ્ત્રાલંકારવડે પ્રસન્ન કરતાં ગુણશ્રીએ વખત પસાર કરવા માંડયો. પણ મદનવતી તો આમ અનંગરંગમાં ભંગ પડવાથી બહુ ખિન્ન થઇ અને દુઃખે દહાડા કાઢવા લાગી.

હવે પુણ્યસાર કુમારે રાજપુત્રી મદનવતી ગુણચંદ્રને પરણી ગઈ જાણી, એની સર્વ આશા મૂકી, એ તો જાણે હિમ પડયો હોય એવો થંડોગાર થઇ ગયો, અને મનમાં વિચારવા લાગ્યો; પૂર્વે મેં મદનવતીને અર્થે સરસ્વતીદેવીની ઉપાસના કરી હતી એણે મને તે માટે એક શ્લોક કહ્યો હતો. એ શ્લોકનું હું નિત્ય સ્મરણ કર્યા કરું છું, છતાં હું પડયો રહ્યો અને ગુણચન્દ્ર એને પરણી ગયો. સરસ્વતી જેવી દેવી ધુતારી ઠરી. એ મને જ ધૂતી ગઇ, પણ હવે મારે ધ્યાન ધરી એને પ્રત્યક્ષ

કરી ઉપાલંભ તો આપવો જ. એમ વિચારી ધ્યાન ધરીને બેઠો એટલે એ પણ પ્રકટ થઇ એની સમક્ષ આવી ઊભી. એટલે પુણ્યસાર પણ બહુ ભકિત સહિત એની આગળ શીશ નમાવી કર જોડી કહેવા લાગ્યો–મહા દેવી, તેં મને મદનવતીને અર્થે એક શ્લોક આપ્યો હતો એ શ્લોકનું હું નિરન્તર સ્મરણ કર્યાં કરું છું છતાં એ બીજાની થઈ–બીજાના હાથમાં ગઈ ને હું તો મ્હોં વકાસી બેસી રહ્યો! તારા જેવી દેવીનું વચન પણ જ્યારે અન્યથા થયું–ખોટું પડયું ત્યારે હવે સહસ્રરશ્મિ સૂર્યની પ્રભામાં અન્ધકાર કેમ નહિં ભળે? વાત્સલ્યરસની નીક સમાન તારા જેવી દેવીએ પણ મને ઠગ્યો ત્યારે હવે એમ જ જાણવું કે માતાઓ સર્વે પોતાના પુત્રોને નિશ્ચયે ઠગવાની જ.

પુણ્યસારે કહેલાં એ ઉપાલંભના વચનો સાંભળી દેવી બોલી–પુણ્યસાર, તું મને વૃથા ઉપાલંભ આપે છે! દેવવાણી મેરુની જેમ અચળ હોય છે, કદિ પણ ચળતી નથી. સામાન્ય જેવા મનુષ્યને પણ હું ઠગું નહિં, તો પછી તારા જેવા સરલ ભક્તને તો કયાંથી ઠગું? હજુ પણ જો તારે એ રાજપુત્રીને તારી વધુ બનાવવી હોય તો તું ગુણચંદ્ર પાસે જા અને એની સાથે મિત્રાચારી બાંધ.

એ પ્રમાણે પુણ્યસારને સમજાવીને સરસ્વતી અદૃશ્ય થઈ અને એ પુનઃ વિચારમાં પડ્યો–હજુ પણ દેવી આમ અસમંજસ કેમ બોલે છે? હવે તો મદનવતી પરકીયા થઇ અને પરસ્ત્રીથી તો હું વિમુખ છું ત્યારે એ હજુ મારી સ્ત્રી કેવી રીતે થાય? ખરેખર દેવી પુનઃ પણ મને છેતરી ગઈ! તો યે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ કહી ગઈ છે એટલે ગુણચંદ્રને તો મળું અને એની સાથે મિત્રાઈ કરું. આમ વિચારી બુદ્ધિમાન પુણ્યસાર તત્ક્ષણ એની પાસે જવા તૈયાર થયો.

હવે ગુણશ્રી જે કાર્ય અર્થે સ્વદેશ ત્યજી અહિં આવી રહી હતી તે કાર્ય હજુ પાર પડતું નહોતું–એના પતિના સંબંધમાં એને કાને કંઈ ઊડતી વાત પણ આવી નહિં એટલે એણે એક યોજના ઘડી કાઢી: પોતાના આવાસના દરવાજા બહાર તરત જ એક ઓટલો તૈયાર કરાવ્યો અને ત્યાં પોતે અવારનવાર બેસી પોતાના માણસો પાસે વ્યાપાર કરાવવા લાગી. એમ ધારીને કે વ્યાપારને નિમિત્તે કદાચ ત્યાં પોતાનો પતિ આવી ચઢે.

એવામાં એની સાથે મિત્રાચારી બાંધવા તૈયાર થયેલો પુણ્યસાર ત્યાં આવી ચઢ્યો. ઓટલા પર બેઠેલી ગુણશ્રીએ દૂરથી એને આવતાં જોયો કે તરત જ એ, એને પોતાના પતિ તરીકે ઓળખતી નહોતી છતાં, હર્ષ સહિત ઊભી થઈ એની સામે ગઈ અને વિસ્તૃત નયનોવડે એના સામું જોઈ રહી. પછી એને સત્કારપૂર્વક પોતાના સુંદર આસન પર બેસાડી એની સાથે મીઠી ગોષ્ઠી કરવા લાગી. પુણ્યસાર તો ચિરકાળ એની દૃષ્ટિ તથા ગોષ્ઠીરસનું પાન કરતાં જાણે અમૃતસાગરમાં ન્હાતો હોય એમ અત્યન્ત પ્રસન્ન થયો. બેઉ જો કે પરસ્પરનો પતિપત્ની સંબંધ જાણતા નહોતા તો યે એમનાં ચિત્ત અને નેત્રોને પૂરો નિર્દોષ આનંદ થયો. ખરેખર નેત્ર અને મન જ હમેશાં પ્રિયાપ્રિય કહી આપે છે. સામો માણસ આપણા પર પ્રેમ ધરાવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે કે દ્વેષ ધરાવે છે એ એની દૃષ્ટિ ને મન પરથી સદ્ય પરખાઈ આવે છે.

હવે પરસ્પરની ગોષ્ઠીમાં પોતાને અપૂર્વ પ્રેમ ઉત્પન્ન થયો છે એમ એને (ગુણશ્રીને) પણ થયો છે જોઈ પુણ્યસારે એને કહ્યું–ગુણસાગર ગુણચંદ્ર, હું તમારી સાથે મિત્રસંબંધ બાંધવા માગું છું, આપણે ઉભય ગાઢ મિત્રો થઈ રહીએ એમ ઈચ્છું. ગુણશ્રીએ કહ્યું–તમારા જેવી ઉત્તમ વ્યક્તિએ મારા જેવાની મિત્રાઈ માટે અભ્યર્થના કરવાની હોય? અમૃતનું પાન કરવા આવવા કોઈને શું કદાપિ વિનવવું પડે છે? તમારા જેવાનું તો દાસત્વ પણ જેને પ્રાપ્ત થાય એનાં ધન્યભાગ્ય સમજવાં. ત્યારે તમે પ્રસન્ન થઈને જેના મિત્ર થઈ રહેવા તૈયાર થયા છો એવાની તો વાત જ શી?

ગુણશ્રીના આ શબ્દો સાંભળી પુણ્યસાર અત્યંત હર્ષ પામ્યો, અને પરસ્પરની સમાન પ્રીતિને લઈને બેઉ વચ્ચે મિત્ર-સંબંધ ગોઠવાયો. અનુક્રમે એક બીજાના સહવાસમાં રહેવાથી, સાથે ક્રીડા આદિક કરવાથી અને શાસ્ત્રોક્ત કથાવાર્તાનો રસ પાવાપીવાથી એ સંબંધ સતત્ વૃદ્ધિ પામતો ચાલ્યો. આમ બેઉ વચ્ચે એકદમ એકતા થઈ તે ખરેખર એમના પરસ્પર સ્ત્રીપુરુષના સંબંધને લઈને જ સમજવી. અન્યથા એમના આત્મા સમાનભાવને ક્યાંથી પામે?

એ પ્રમાણે ઉલ્લાસ પામતા પ્રેમના હર્ષમાં ગુણશ્રી દિવસો વીતાડવા લાગી. પણ એ હર્ષનો પણ હવે અંત સમીપ આવ્યો; કારણ કે એની છ માસની પ્રતિજ્ઞા હતી તે મુદત પૂરી થવા

નગર બહાર ચંદનની ચિતા તૈયાર કરાવી. એમના નેત્રોમાંથી અસ્ખલિત અશ્રુધારા ચાલી પણ ગુણશ્રી તો અશ્વારૂઢ થઇ અત્રે બળી મરવા ચાલી નીકળી અને બધો પરિવાર પણ નિરુપાયે એની પાછળ પાછળ ગયો.

આ વાતની મદનવતીને ખબર પડી એટલે એના દુઃખનો તો પાર રહ્યો નહિં: એને તો જાણે શરીર ફરતી અગ્નિની જ્વાળાઓ વીંટી વળી હોય, સર્વાંગે રોમે રોમે તીવ્ર શૂળી ભોંકાતી હોય એવું અસહ્ય દુઃખ આવી પડયું. માત્ર હસ્ત-મેળાપ જેટલો જ જેની સાથે સંબંધ થયો છે, પોતાનો પતિ કંઇ પણ હેતુ જણાવ્યા સિવાય ચિતામાં પડી પ્રાણ કાઢવા તૈયાર થયો છે જાણી એ પણ તત્ક્ષણ મેઘની ધારા છૂટતી હોય એવો અશ્રુપાત કરતી, પ્રાણ કાઢી નાખતી હોય એમ જોરથી છાતી કૂટતી, ચિતા પાસે આવી ઊભી. વાત વાયે ઉડી: રાજા, સકળ રાજલોક, અને નગરવાસીઓએ પણ એ સાંભળી, એટલે સર્વે શોક કરતા સત્વર ત્યાં આવી પહોંચ્યા અને મરવા તૈયાર થયેલને વારવા લાગ્યા.

પુત્રી આપી એકદમ નિકટના સંબંધી થયેલા રાજાએ એને ચિતામાં પડતાં અટકાવી પૂછ્યું-વત્સ ગુણચંદ્ર, અકસ્માત્ શું એવું કારણ ઉપજ્યું કે જેને લઇને તું કોઈ દુઃખીયાની જેમ એકદમ પ્રાણ કાઢવા તૈયાર થયો છે? શું તને કોઈ વાતની ન્યૂનતા પડી? કોઇએ તારો કંઇ તિરસ્કાર કર્યો? અથવા તારા માતપિતાના કંઇ અનિષ્ટ સમાચાર આવ્યા? તારે માથે શું દુઃખ આવી પડયું? કહે તો ખરો. આ સુંદર શરીર, આ સમૃદ્ધ લક્ષ્મી, આ સ્વરૂપવતી સ્ત્રી અને આ આધીન સ્વજન-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વર્ગ—એ બધાંને વિના કારણે ત્યજી દેવાં ઉચિત કહેવાય કે? તું શાસ્ત્રનો પારગામી છે, સર્વ વિદ્યા કળાઓનો નિધાન છો, અને ડહાપણનો તો ભંડાર છો તો કહે તો ખરો કે આ તેં શું આદર્યું?—શા માટે એમ કરવું પડે છે?

વડીલ શ્વશુરે આમ બહુ બહુ પૂછ્યું, અન્ય નાગરિકો વગેરેએ પણ ખુલાસો માગ્યો પરંતુ નિન્દાના ભયને લઈને એ કારણ જાહેર કરી શકયો નહિં.

પણ એને મરતાં પહેલાં પોતાના માતપિતા વગેરેને તો બે શબ્દો કહેવરાવવા હતા અને તે એણે પોતાના વૃદ્ધ સ્વજનોને બીજા કોઇ ન સાંભળી જાય એ રીતે ધીમે રહીને કાનમાં કહ્યાઃ મારા પૂજ્ય માતપિતાને કહેજો કે મારા તમોને છેલ્લા પ્રણામ છે. બાલ્યાવસ્થાથી માંડીને અત્યારસુધીમાં મારાથી આપનો જે કાંઈ અપરાધ થયો હોય તે ક્ષમા કરજો. ચંદ્રમાની જ્યોત્સ્ના પેઠે માતપિતાને આહ્લાદકારી થઈ પડે એવી ભાગ્યવંતી કન્યા યે હોય છે, પરંતુ હું તો અભાગણી તમને સૂર્યના તાપ પેઠે સંતાપકારી થઈ પડી! વળી મારી બ્હેનોને પણ કહેજો કે હું જાઉં છું તો તમે પણ મારી જેમ અસાર દેહને અગ્નિમાં હોમી મને આગળ શીઘ્ર આવી મળજો. છેલ્લે મારી સખીઓને પણ કહેજો કે મારાથી તમને સખીપણાને લઈને કંઇ પણ ન કહેવા જેવું કહેવાઇ ગયું હોય તો તેની તમે મને ક્ષમા કરજો, અને જતાં જતાં છેલ્લા પ્રણામ કરું છું તે સ્વીકારજો.

એ પ્રમાણે સંદેશા કહેવરાવીને ગુણશ્રીએ હર્ષપૂર્વક ચિતાની

ત્રણ પ્રદક્ષિણા દીધી, અને એમાં પ્રવેશ કરતાં પહેલાં જગત્‌સાક્ષી સૂર્યદેવ અને લોકપાળોની મંદસ્વરે સ્તુતિ કરતાં બોલી કે–સૂર્ય ભગવાન્ અને લોકપાળ દેવો, હું કહું છું તે સાંભળો–હું એટલી પાપિણી કે આ ભવમાં મને મારા પતિ ન મળ્યા, તો પણ આવતા ભવમાં તો આપના પ્રસાદથી મને એ પતિ મળો.

એ પ્રમાણે દેવોને અંતિમ પાર્થના સંભળાવી, સર્વ લોકોએ રાજા આદિક સર્વ હાજર રહેલાઓએ હાહાકારપૂર્વક વારવા છતાં ગુણશ્રી ચિતા પર ચઢી. પણ એટલામાં તો લોકોને મ્હોંયેથી વાત સાંભળી એનો મિત્ર પુણ્યસાર વેગપૂર્વક હાંફતો ત્યાં આવી પહોંચ્યો, અને ગુણશ્રીના પરિવાર અને પોતાના ગાઢ સ્નેહથી પ્રેરાઇ એને ક્ષણવાર થોભાવી અશ્રુપૂર્ણ નયને કહેવા લાગ્યો—મિત્ર, તું આ શું માંડી બેઠો છો? તારા જેવા વિદ્વાનને આમ કરવું શોભે નહિં. તું મને હમેશાં જે કહેતો આવ્યો છો કે તારાથી મારે કાંઈ ગુપ્ત નથી—એ જો સાચું હોય તો સત્વર કહી દે તારે શા માટે અગ્નિપ્રવેશ કરવો પડે છે? જો તું કારણ જણાવ્યા સિવાય મરીશ તો મારે પણ અગ્નિનું જ શરણ છે એમ ચોક્કસ જાણજે, કારણ કે મિત્રનો પરસ્પર ધર્મ શું છે તે તેં ન સાંભળ્યું હોય તો હું કહી બતાવું, સાંભળ—

પાતકથી નિવારે, પંથ બતાવે ઉજ્જવળ નીતિના,
કદી મંત્ર નવ પ્રકટે, સદાય પ્રકટે ગુણગણ અન્તરના ૧
સંકટમાં ઉગારે, અભ્યુદયમાં હર્ષ ધરે હૃદયે,
પ્રાણ પ્રસંગે અર્થે, મિત્ર ધર્મ એ સાચો શાસ્ત્ર કહે. ૨

નિઃશંક ચિત્તે એ પ્રમાણે કહી પુણ્યસાર પણ ચિતા પર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચઢવા તૈયાર થયો. એને આમ પોતાની સાથે બળી મરવા તૈયાર થયો જોઇ એનો પોતા પર એવો અવર્ણ્ય પ્રેમ છે એમ નિશ્ચય થવાથી, ગુણશ્રીએ એને એકાન્તમાં પોતાનું સર્વ રહસ્ય કહી બતાવ્યું. એ સાંભળીને પુણ્યસાર વિસ્મય પામ્યો અને મનમાં ચિન્તવવા લાગ્યો–અરે, આ તો મારી આઠમી સ્ત્રી ગુણશ્રી જ છે! સંકેતના એક શ્લોક માત્રથી મારું સ્થળ શોધી કાઢયું; પુરુષ વેષે રાજકુમારીનું પાણિગ્રહણ કર્યું. નૃપાત વગેરેએ આગ્રહપૂર્વક પૂછયા છતાં પોતાની વાત માત્ર ગુપ્ત રાખી અને પોતાના પ્રાણ પ્રિયની ભાળ ન લાગવાથી, પ્રતિજ્ઞા કર્યા પ્રમાણે અગ્નિમાં પ્રવેશ કરી પ્રાણ કાઢવાની તૈયારી કરી. કેટલું સાહસ! અવશ્યમેવ એના ગુણગણ વર્ણવ્યા જાય એવા નથી! એનું ચાતુર્ય, એની દૃઢતા, રહસ્ય જાળવવાનું એનું સામર્થ્ય, અને એનું એકવચનીપણું–આ બધા એક એકથી ચઢીયાતાં છે. મેં પણ સરસ્વતી દેવીના કથનને માન્ય કરીને એની મૈત્રી બાંધી એ સારું થયું, નહિંતર આ અહિં મૃત્યુ પામત એની સાથે વલ્લભીપુરમાં એની સર્વ બ્હેનો, મારી સ્ત્રીઓ પણ એ જ પ્રમાણે પ્રાણ ત્યજત. પ્રિયાઓનું ચાતુર્ય જોવા આવું ડહાપણ વાપરીને મેં જ હાથે કરીને આ અનર્થપરંપરા ઊભી કરી છે!

આ પ્રમાણે ચિન્તવન કરતાં શોકાતુર અવસ્થા ભોગવતા, પરંતુ ભવિષ્યમાં સૌ સારાં વાનાં થઇ રહેવાનાં ધારી આનન્દ-મગ્ન થતા પુણ્યસારે વિનોદમાં ગુણશ્રીને કહ્યું—મિત્ર, ત્યારે આટલા આટલા દિવસ તેં મારા પ્રત્યે કૃત્રિમ પ્રેમ બતાવ્યો ને? કેમ કે તને હું આટલો વ્હાલો છતાં તેં મને આ વાત

જ ન કરી. આપણી મૈત્રીના પ્રારંભમાં જ જો તેં મને બધું કહ્યું હોત તો હું તે ક્ષણે જ તારા પ્રિયજનનો મેળાપ કરાવી દેત, તો પણ અત્યારે યે તેં મને સર્વ જણાવ્યું એટલે હવે પણ તારું સાધ્ય સત્વર સિદ્ધ થયું સમજજે. પણ મારે તને કંઇ કહેવું છે, તું મારા પર ગુસ્સે ન થા તો કહું.

ગુણશ્રીને પુણ્યસારના અમૃત તુલ્ય કથનથી જાણે નવા પ્રાણ આવ્યા હોય એમ લાગ્યું, અને ત્યાં વળી એનું વામ અંગ ફરક્યું તેથી એને પ્રિય પતિનો મેળાપ સદ્ય થવો જોઇએ એમ લાગ્યું, એટલે એણે એને કહ્યું—તમે અત્યારે મારા બળતામાં અંગ પર ચંદનનું કાર્ય કર્યું છે કેમ કે તમે મારા પ્રિયજનનો મેળાપ કરાવી મારું વાછિત પૂર્ણ કરી આપવાનું કહો છો–આવા મારા ઉપકારી પર કઈ રીતે ક્રોધ કરાય ? માટે જે કહેવું હોય તે સુખે કહો.

ગુણશ્રીએ યથેચ્છ કહેવાની છૂટ આપી એટલે પુણ્યસાર જાણે પરીક્ષા અધૂરી રહી હોય અને તે હવે પૂરી કરતો હોય એમ બોલવા લાગ્યો–ભાગ્યશાલી ગુણશ્રી, તું જેના પ્રત્યે આટલો સ્નેહ દર્શાવે છે તે ઊલટો જાણે તું નિઃસ્નેહ હો એમ ગણીને મૂકીને જતો રહ્યો એટલે એ પતિ નહિં પણ કુપતિ કહેવાય તો એવા કુપતિ પર પ્રેમ શો ? પ્રેમ દર્શાવીએ તે એવા પર દર્શાવીએ કે જે સામો પ્રેમ દર્શાવતો હોય. વિરક્ત પર પ્રેમ દર્શાવવો તે આંધળાના મ્હોંની શોભા કરવા જેવું છે. જે આપણે માટે મરવા તૈયાર હોય એવા સુપતિને માટે જ પ્રાણ આપવા હોય તો આપવા–એવી લોકોક્તિ જાણતાં છતાં, તું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવા કુપતિ માટે શા માટે પ્રાણ છાંડવા તૈયાર થઇ છે ? માટે એ પતિની આશા છોડીને કોઇ અન્ય સહચર શોધી કાઢ.

પુણ્યસારનાં આવાં અનિષ્ટ કથનથી ગુણશ્રીને બહુ ગ્લાનિ થઈ. પ્રદોષ સમયે પદ્મ કરમાય છે એમ એનું મુખપદ્મ કરમાઈ ગયું. એણે કહ્યું-મિત્ર પુણ્યસાર, તું સુચરિત સાધુ પુરુષ છતાં આવો નિન્દ્ય ઉપદેશ કેમ આપે છે ? તારા મુખમાં આવાં વચન શોભે ? કુલીન સ્ત્રીઓને, પતિ ગમે એવો નિઃસ્નેહ હોય તો યે એ જ શરણ છે. તરુવર ગમે એવું સુકાઈ ગયું હોય તો યે લતાઓને એ જ અવલંબન હોય છે, એ અમને ત્યજી જતો રહ્યો એ નિસ્નેહતાને લઇને નહિં, પરંતુ સાંકેતિક શ્લોકવડે અમારા બુદ્ધિચાતુર્યની પરીક્ષા કરવાને-એવી મારી માન્યતા છે. જે પતિદેવ જીવતા હોય ત્યાં સુધી જ સ્ત્રીઓનું જીવતર છે અને મૃત્યુ પામ્યે મૂઆ જેવી છે એવા પતિને અર્થે ન મરવું તો શું પાષાણને અર્થે મરવું ? વળી બીજું; તું મને અન્ય પતિ કરી લેવાનું કહે છે તે તો વારાંગનાને શોભે, કુલાંગનાને એ ન શોભે-કુલાંગનાનો એ ધર્મ નથી; માટે મિત્ર, હવે આવી હાંસી જવા દઈ, જો તું ખરેખર મારા પ્રિયજનને જાણતો હો તો એને સત્વર અહિં લાવ, નહિંતર મને મરવા દે.

પ્રિયાનો પોતા પર આવો દૃઢ પ્રેમ જોઇને ચિત્તને વિષે ચમત્કાર પામી પુણ્યસાર કહેવા લાગ્યો-સૌભાગ્યવતી, ત્યારે તારો એવો જ નિશ્ચય હોય તો તું હમણાં જ તારે આવાસે ચાલ, હું ત્યાં તારા પતિને લઈ આવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણશ્રી કહે–આ બધાં તારાં કૂડકપટ લાગે છે, એ પર મને વિશ્વાસ બેસતો નથી. તું સાચો હો, તારે મને એનો મેળાપ કરાવી આપવો જ હોય તો અહિં જ મેળાપ કરાવી આપ.

પણ પુણ્યસારે કહ્યું–એને અહિં લઈ આવીશ તો યે તારે એનો સમ્યક્ પરિચય નથી એટલે એને તું કેવી રીતે ઓળખી શકીશ ?

ગુણશ્રીએ એ સાંભળી કહ્યું–પુણ્યશ્લોક પુણ્યસાર, જે સાંકેતિક શ્લોક એ મારે ત્યાં દ્વાર પર લખી ગયા હતા તે શ્લોક એ અહિં બોલી બતાવી મને વિશ્વાસ પમાડશે તો હું જાણીશ કે એ જ મારા પતિદેવ છે.

એ સાંભળી પુણ્યસારે સ્મિતપૂર્વક એ શ્લોક બોલી બતાવ્યો. ગુણશ્રી તો એ સાંભળતાં જ એ જ પોતાનો પ્રાણાધાર પતિ છે જાણી હર્ષથી ગાંડીઘેલી થઈ ગઈ ! પતિનો મેળાપ થયે એના હૃદયમાં એટલો સ્નેહરસ જાગ્યો કે સમાયો સમાય નહિં. એને તેથી જ જાણે સાત્વિક પ્રસ્વેદને મિષે બહાર શરીર પર આવી રહ્યો હોયની ! જાણે બહુ દિવસના ઉપવાસિત નેત્રોને એના દર્શનરૂપી અમૃતરસના પાનવડે પારણા કરાવતી એને અનિમેષ દૃષ્ટિથી જોયા કરતી ગુણશ્રી એનો હાથ પકડી કહેવા લાગી—સ્વામિનાથ, આર્યપુત્રે સ્નેહાધીન પ્રિયાઓને પહેલે જ દિવસે કયા અપરાધને લઈને તૃણવત્ ત્યજી દીધી ? પણ પ્રેમ તો સ્ત્રીઓનો, એઓ જ બિચારી પતિને અર્થે પ્રાણ પાથરે છે ! પુરુષમાં પ્રેમ જેવી વસ્તુ જ કેવી ! હોય તો વિના દોષે સ્ત્રીને પરહરે ખરા ? પણ નાથ, તે વખતે તો છેતરીને જતા રહ્યા !

પણ અત્યારે તો મારા હાથમાં પકડાયા છો તે કેવી રીતે છૂટી ભાગી શકશો ? કહો કહો !

આમ બોલતાં બોલતાં ગુણશ્રીના નેત્રમાંથી અશ્રુની અસ્ખલિત ધારા વહેવા લાગી—એનાથી વધારે બોલાયું નહિં—શબ્દો હૃદયમાંથી આવતાં કંઠે જ અટકી ગયા, એટલું બધું એને લાગી આવ્યું. પણ થોડીવારમાં પુણ્યસારે એને પ્રેમનાં મધુર વચનો કહી ઉલ્લાસમાં આણી. કરમાયલી વેલડી મેઘ-વૃષ્ટિથી પુનઃ તાજી થાય એમ એ તાજી થઇ. પરણીને ત્યજી ગયેલાનો પુનઃ સમાગમ થવાથી એને જે હર્ષ થયો તે શેષનાગ પોતાની સહસ્ર જિહ્વાથી પણ ન વર્ણવી શકે, માત્ર કલ્પી જ શકાય. પ્રિયજનના દર્શનરૂપી સુધાપાનથી આત્માને સમગ્ર તાપ શમે છે માટે એ પ્રિયદર્શન જ સાચું અમૃત છે, બીજું અમૃત કહેવાય છે તે વૃથા સમજવું.

પછી તો, પ્રિયે, આ તારો પુરુષવેશ ઘેર જઇને ઉતારી નાખજે, એમ કહી પુણ્યસાર એનો હાથ ઝાલી નગર ભણી ચાલ્યો. રાજા અને અન્ય લોકો પણ ' આ ઇન્દ્રજાળ જેવું શું થઈ ગયું ' એમ સંશયપૂર્વક સંકલ્પ-વિકલ્પ કરતા ઘર ભણી ચાલી નીકળ્યા.

પતિની સંગાથે ઘેર જઇ ગુણશ્રીએ પણ એની આજ્ઞાથી પુરુષવેષ ઉતારી પોતાનો મૂળ સ્ત્રીવેષ ધારણ કરી લીધો. વળી જાણે કોઈ અચિન્ત્ય નિધાન પ્રાપ્ત થયો એમ એ દિવસ એણે એવો મહોત્સવ ઉજવ્યો કે નાગરિકો તો સર્વે એ જોઇ અત્યન્ત વિસ્મય પામ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે જ્યારે મદનવતીએ જાણ્યું કે પોતાનાં જેની સાથે લગ્ન થયાં છે એ પુરુષ નથી પણ એક સ્ત્રી છે ત્યારે એને અત્યન્ત ગ્લાનિ થઈ અને એ વાત એણે પોતાના માતપિતાને કહી. તેઓએ પણ એ સાંભળી આશ્ચર્ય પામી ગુણશ્રીને બોલાવી એના એવા વિચિત્ર વર્તનનો ખુલાસો માગ્યો. ગુણશ્રીએ પણ એ પરથી પોતાનું સર્વ વૃત્તાન્ત એમને નિવેદન કર્યું. રાજાને ક્રોધ ચઢયો અને સાથે એવા ગાઢ સ્ત્રીસાહસ વિષે ચિન્તવન કરતાં આશ્ચર્ય પણ થયું. એણે ગુણશ્રીને પૂછયું—ત્યારે તેં તારું સ્વરૂપ ગુપ્ત રાખી મને છેતરી મારી પુત્રી પરણી મારી શા માટે આમ વિડમ્બના કરી? ગુણશ્રીએ ઉત્તરમાં કહ્યું—આપનો અત્યન્ત આગ્રહ થયો એટલે સર્વ સ્વરૂપ પ્રકાશિત કર્યા વિના મારાથી ના કહેવાય એવું રહ્યું નહિં. પણ એ સ્વરૂપ ખુલ્લું પાડવામાં મને નિન્દાનો ભય લાગ્યો એટલે જ એ અકૃત્ય મેં કર્યું છે. પણ હવે મારા પ્રિયજનનો મને મેળાપ થયો છે એટલે મેં મારું સ્વરૂપ પ્રકટ કર્યું છે. કેમકે મારું મનવાંછિત સિદ્ધ થયા પછી એમ કરવું કોઈ રીતે અનુચિત કે અકીર્તિકર નથી.

ગુણશ્રીની એ પ્રમાણે સર્વ હકીકત સાંભળી એને જવા દઈ રાજાએ પોતાના અમાત્યને બોલાવી પૂછયું—મારે હવે આ મદનવતીનું શું કરવું? અમાત્ય પ્રૌઢ અને બુદ્ધિવાન્ હતો એણે પૂર્ણ વિચાર કરીને કહ્યું—મહારાજ, આપણી મદનવતીનો ગુણશ્રી સાથેનો વિવાહ તો હવે ફોક જ કહેવાય. હવે એને માટે અત્યારે અન્ય કોઈ લાયક ગુણવાન વર નજરમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી તો એને હવે આ પુણ્યસાર વેરે જ આપીએ તો ઠીક એમ મારું મન કહે છે.

મંત્રીની સલાહ રાજાને ડહાપણભરી લાગી એટલે એણે પણ તરત જ ધનસારને બોલાવી એના પુત્રને અર્થાત્ પુણ્યસારને વેરે પોતાની કન્યા આપી અને એને મ્હોટા ઉત્સવપૂર્વક લગ્ન કર્યાં.

પોતે જેને માટે ચિરકાળથી ઉત્કંઠિત હતો છતાં જેણે એનો ગર્વપૂર્વક તિરસ્કાર કર્યો હતો એ જ રાજપુત્રી આજે હાલી ચાલીને પોતાને ત્યાં આવી (કારણ કે રાજાએ પોતાની ગરજે આજે સામું કહેણ મોકલીને આપી હતી) એટલે પુણ્યસારના હર્ષનો, મદનો પાર ન રહ્યો. એ વિચારવા લાગ્યોઃ મારાં ખરેખર અત્યન્ત ધન્યભાગ્ય કે મારી જ સ્ત્રીએ પાણિગ્રહણ કરેલી રાજકન્યા એની ઇચ્છા વિરુદ્ધ પણ રાજાએ મને આપી. એકાન્ત ભક્તવત્સલ સરસ્વતી દેવીની પણ જેટલી સ્તુતિ કરું તેટલી ઓછી છે કેમ કે મેં એનું આરાધન એક સ્ત્રી માટે કર્યું ત્યાં તો એણે એકને બદલે બે આપી. અથવા તો એમાં બીજાની પ્રશંસા શી કરવી ? ખરાં પ્રશંસાને પાત્ર તો મારાં નિર્મળ ભાગ્ય, કે એ જેની આગળ સમથ સિદ્ધિઓ પણ કિંકર માત્ર છે.

એક બાજુ પુણ્યસાર આમ પોતાના ભાગ્યદેવતાના યશોગાન કરતો હતો ત્યાં બીજી બાજુ મદનવતી પોતાને જેના પ્રત્યે પ્રેમ નહોતો એટલું જ નહિં પણ જેનો પૂર્વે પોતે તિરસ્કાર કર્યો હતો એવો પુણ્યસાર વર પામીને દૈવને ફિટ-

કાર આપતી હતી કે—દુષ્ટ દૈવ, તેં આ સંબંધ કરાવીને એક શત્રુનું કામ કર્યું છે ! પહેલાં મને એક સ્ત્રીની સ્ત્રી બનાવી એ વિડમ્બના ઓછી હોય એમ પાછી વળી મને અણગમતા એવા પુરુષ સાથે પરણાવી ! પણ અન્તે દૈવ આગળ અભિમાન શા કામનું એમ વિચારી દૈવે આપ્યો એનો તિરસ્કાર ત્યજી, હૃદયના ખરો ભાવપૂર્વક પ્રિય પતિ તરીકે સ્વીકાર કર્યો.

હવે ગુણશ્રીએ પુણ્યસારને કહ્યું–હું વલ્લભીપુરથી નીકળી તે વખતે મારી બ્હેનોએ પ્રતિજ્ઞા કરી છે કે જો હું છ માસ પૂરા થતામાં તમને લઈને એમને ન જઈ મળું તો એઓ પણ અગ્નિનું શરણ લેશે. એ છ માસની મુદ્દત પૂરી થવાને હવે ફક્ત પાંચ દિવસ જ બાકી છે તો આપણે હવે સત્વર વલ્લભીપુર પહોંચી જવું જોઇએ. જો વિલંબ કરશું તો આપના વિયોગથી પીડાતી મારી બ્હેનો અને મારા માત–તાત પણ અગ્નિમાં હેમાઈને પ્રાણત્યાગ કરશે.

પછી એ સાંભળી પુણ્યસાર પણ પોતાના પિતાની અને પોતાના શ્વશુર–મદનવતીના પિતા–રાજાની આજ્ઞા માગી, ગુણશ્રી અને મદનવતીને સાથે લઈ, પવનવેગી અશ્વો પર આરૂઢ થઇ વલ્લભીનગરી ભણી ચાલી નીકળ્યા. રતિ અને પ્રીતિની સંગાથે મન્મથ કામદેવ હોયની એવો શોભતો પુણ્યસાર માર્ગમાં મળતા ગ્રામ્યજનોના મનરંજન કરતો, બેઉ પ્રિયાઓની સાથે હાસ્ય–વિનોદની મીઠી વાતો કરતો, આકાશમાં ઊડતો હોયની એમ અવિશ્રાન્ત પ્રયાણ કરતો, લેશમાત્ર પરિશ્રમ વર્તાણા વિના અનુક્રમે પાંચમે દિવસે પ્રભાતે વલ્લભીપુરની નજદીક આવી પહોંચ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે અહિં વલ્લભીપુરમાં પણ ગુણશ્રીની સાતે બ્હેનો છ માસનો વાયદો પૂરો થયો અને ગુણશ્રી ન આવી પહોંચી એટલે શોકપૂર્વક પોતાના માતપિતાને કહેવા લાગીઃ આજે છ માસની મુદ્દત પૂરી થઇ પણ અમારી બ્હેન આવી પહોંચી નહિં તેથી ભય રહે છે કે અમારા પતિની ભાળ લાગી નહિં હોય અને તેથી એણે પોતે પ્રાણત્યાગ કર્યો હશે. આજ પર્યન્ત અમે, નિર્ધન માણસ ધનની આશાએ જીવન ટકાવે છે એમ પતિની આશાએ જીવન ટકાવી રાખી બ્હેન અને પતિના વિરહનું અસહ્ય દુઃખ પણ બહુ શાન્તિપૂર્વક સહન કર્યું પણ તે વૃથા ગયું, માટે હવે પ્રસન્ન થઇ અમને રજા આપો કે અમે અગ્નિનું શરણ લઈ અમારા દેહનો અને સાથે અમારા અસહ્ય દુઃખનો અન્ત લાવીએ.

પોતાની પ્રાણાધિક પુત્રીઓનાં આવાં વચનથી કામ શ્રાવકને તો જાણે વિજળીનો આંચકો લાગ્યો હોય એમ થયું. શોક-સમુદ્રનાં ઉછળતાં મોજાં જેવા શબ્દોમાં એ કહેવા લાગ્યોઃ પુત્રીઓ, આમ બહુ ઉત્સુક કેમ થઇ જાઓ છો ? અમે પણ તમારો સાથ કરીશું. મારા મનમાં પણ તમારી એ ઉગ્ર પ્રતિજ્ઞાની વાત જાગતી જ છે. અમારા નિષેધ છતાં પણ જો તમે મૃત્યુને ભેટવાનો આગ્રહ નહિં છોડો અને હું પણ તમને તેમ કરતાં નહિં અટકાવી શકું તો હું પણ તમારી સાથે તમારા પહેલાં જ અગ્નિને ભેટીશ કે જેથી મને પાછળ તમારો વિયોગ ન સાલે.

પુત્રીઓએ હઠ લીધી એટલે પછી કામ શ્રેષ્ઠીએ પણ મર-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાની તૈયારી કરી. પોતાનાં ઘરબાર આદિ પોતાના સંબંધી જનોને સુપ્રત કરી પુત્રીઓની સંગાથે પોતાની સ્ત્રીને પણ સાથે લઈ ગામ બહાર જઇ ચિતા રચાવી એમાં હોમાઈ પ્રાણ કાઢવા તૈયાર થયો. એ સાંભળી પૌરજનો ત્યાં આવી અશ્રુ વર્ષાવતા કહેવા લાગ્યાઃ શેઠ, સારું જગત્ જેને નિન્દ્ય ગણે છે એવું આ તમે શું કરવા બેઠા છો? પુત્રીને અને જમાઇને અર્થે આમ પૂર્વે કોઇએ કર્યું સાંભળ્યું છે? જમાઈની ભાળ નથી લાગતી એમાં તમારે શા માટે મરવું પડે છે? વ્હાલામાં વ્હાલા પિતાની પાછળ કે પ્રાણપ્રિય પુત્રરત્નની પાછળ પણ આમ કોઇ જીવ કાઢતું નથી, છતાં પણ મરવું જ હોય તો ચે સાયંકાળ સુધી તો વાટ જુઓ. કદાચિત્ દૈવયોગે તમારી પુત્રી ને જમાઈ ત્યાં સુધીમાં આવી પણ પહોંચે.

શોક કરતા સ્વજનોએ પણ એમ કહી બહુ બહુ વાર્યાં છતાં કોઈનું ન માનતાં એણે તો પોતાની પુત્રીઓ તેમ જ પ્રિયા સહિત ચિતા પર ચઢવા માંડયું પણ એટલામાં આસપાસના વૃક્ષ પર ચઢેલા કોઈ માણસે દૂરથી ત્રણ માણસોને અશ્વારૂઢ થઇ આવતા જોયા અને શેઠને વાત કરી. એ સાંભળી એણે પણ ક્ષણ વાર થોભાવ્યું.

પુણ્યસાર અને એની બેઉ પ્રિયાઓ આ વખતે નજદીકમાં જ હતા. એમાંથી ગુણશ્રીની દૃષ્ટિએ દૂરથી નગરની નજીક ધૂમાડાના ગોટા આકાશમાં વાદળાંની પેઠે ફેલાતા દેખાયા, એટલે એને વ્હેનોના અમંગળિકની શંકા પડી તેથી પુણ્યસારને કહેવા લાગીઃ નાથ, સામે આકાશમાં ધૂમાડાના ગોટે ગોટા

દેખાય છે તેથી મને શંકા થાય છે કે રખેને મારી બ્હેનો અગ્નિમાં પ્રવેશ કરવા ઉદ્યુક્ત થઇ હોય. જો આપણા પહોંચ્યા પહેલાં એમણે ચિતામાં ઝંપલાવ્યું હશે તો આપણો આ પ્રયાસ વૃથા થશે, છતાં આપણે એકદમ સત્વર પહોંચી જઇએ. એ સાંભળી પુણ્યસારે અશ્વોને ધૂમાડો દેખાતો હતો એ દિશામાં અત્યન્ત વેગભર્યા દોડાવ્યા. પાસે આવતાં અગ્નિની જ્વાળાઓ એમની દૃષ્ટિએ પડી અને લોકોનો કોલાહલ પણ શ્રવણગોચર થયો.

પણ હવે તો એઓ ચિતાની પાસે જ આવી પહોંચ્યા, અને જુએ છે તો કામશ્રેષ્ઠી એની પ્રિયા અને પુત્રીઓ સમેત ચિતા પાસે ઊભા હતા. પુણ્યસાર સત્વર અશ્વ પરથી ઉતરી એમની પાસે જઇ વિનયપૂર્વક એમના ચરણમાં પડ્યો. ગુણશ્રી અને રાજપુત્રી મદનવતીએ પણ વડીલો આગળ મસ્તક નમાવી એમને હર્ષ પમાડી મ્હોટી બ્હેનોને પણ આનન્દમાં ગરકાવ કરી. જળસિંચનથી વૃક્ષ ઉલ્લાસ પામે એમ પુણ્યસારના મુખ-દર્શનથી કામશ્રેષ્ઠી અને સમગ્ર કુટુમ્બ ઉલ્લાસ પામ્યું; અને એમના નેત્રોમાં શોકના અશ્રુને સ્થાને હર્ષનાં અશ્રુ થયાં. સંસ્કૃતમાં અસ્ આદિ ધાતુઓને સ્થાને ભૂ આદિ ધાતુઓ થાય છે એમ સકળ વિશ્વનો પરાજય કરનારું એવું જમાઈનું સ્વરૂપ જોઈને મન્મથ-કામદેવનું રૂપ જોવાની આકાંક્ષા કોઈને રહી નહિં.

કામશ્રેષ્ઠીએ પછી વળી ગુણશ્રીને પાસે બેસાડીને કહ્યું-તારા ગુણગણનું શું વર્ણન કરું? આ તારું ઉગ્ર સાહસ ખરેખર લોકોત્તર-અસાધારણ છે, આ તારું દુષ્કર કાર્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંગોપાંગ પાર ઉતારવાનું સામર્થ્ય તારા વિના અન્યત્ર નથી. તારા વિસ્તૃત ચાતુર્યથી તું તારા પતિને લઈ આવી એટલું જ નહિં પણ સકળ કુટુમ્બને પણ તેં મરતાં ઉગાર્યું-જીવિતદાન દીધું. સારી દુનિયા જેને માટે મરી ફીટે છે એવી લક્ષ્મીવડે સમુદ્રની પ્રતિષ્ઠા વધી છે તેમ તારા જેવી પુત્રીવડે મારી પ્રતિષ્ઠા વધી છે. પણ આ બીજું કોણ છે? આ સ્ત્રી કોણ? ગુણશ્રીએ ઉત્તર આપ્યો: પિતાજી, એ સમરસિંહ રાજાની પુત્રી અને મારા પ્રાણનાથની સ્ત્રી–મારી બ્હેન છે.

આમ ઉકિત પ્રત્યુકિતથી એક બીજાએ પરસ્પરની વાત જાણી લીધી. જેનું પરિણામ સારું તે સારું કહેવાયું. સૌ ક્ષેમકુશળ રહ્યાં એટલે નાગરિકો સર્વને પણ હર્ષ થયો. ચિતા ચિતાને ઠેકાણે રહી અને સૌ પોતપોતાને સ્થાને ગયા.

કામશ્રેષ્ઠી પણ લક્ષ્મી અને ધર્મને જ હોયની એમ વધૂવરને આગળ કરી આનન્દસાગરમાં ન્હાતો ઉત્સવપૂર્વક ઘેર ગયો.

ઘેર જઈ સજ્જનશિરોમણિ શેઠે જમાઇનું અપૂર્વ આતિથ્ય કર્યું અને વિધવિધ વસ્ત્રાભૂષણોથી નવાજ્યો. પુત્રીઓને દાયજો આપ્યો અને મદનવતીને એમના કરતાં વિશેષ ગણી. કારણ કે આ મારું ને આ પારકું એમ ગણી મહાત્મા પુરુષો આંતરો પાડતા નથી. પુણ્યસારે નવે પત્નીઓને સમાન ગણી એમના પર સમાન પ્રેમ દર્શાવે છે. મુનિજન બ્રહ્મચર્યની નવે વાડો પ્રત્યે દર્શાવે છે એમ દક્ષપ્રજાપતિ જમાઇ–ચંદ્રમાના વિશ્વોપકારક ગુણો જોઇને પ્રસન્ન થયો હતો એમ કામશ્રેષ્ઠી પણ જમાઇ–પુણ્યસારના અનુપમ સદ્ગુણો જોઇને બહુ પ્રસન્ન થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે અહિં (વલ્લભીપુરમાં) પુણ્યસાર પોતાના શ્વશુરને ત્યાં નવે વધુઓ સહિત સંસારનાં સુખભોગનો લ્હાવો લેતો આનન્દમાં દિવસો નિર્ગમન કરે છે એવામાં એના પિતા ધર્મસારના અને રાજા સમરસિંહના મોકલેલા અનુચરો ત્યાં આવ્યા અને એને પ્રણામ કરી કહેવા લાગ્યાઃ બુદ્ધિમાન્ પુણ્યસાર, તારા માતપિતાને અને સમરસિંહ ભૂપતિને તમારો સર્વેનો વિયોગ બહુ સાલે છે માટે તમે હવે સત્વર ત્યાં ચાલો. અને પુષ્કરાવર્ત્ત મેઘ વર્ષીને સૂર્યના તાપને શમાવે છે તેમ તમે આવીને એમનાં ઉકળતાં અન્તઃકરણને શાન્ત કરો.

અનુચરો આવા ખબર લાવ્યા એ સાંભળી જાણે કંઈ અનિષ્ટ થયું હોય એમ કામશ્રેષ્ઠીને બહુ દુઃખ લાગ્યું. આવી પુત્રીઓ અને આવા જમાઈની જવાની વાત સાંભળી શોક કેમ ન થાય ? પણ 'હાથી દરબારે અને પુત્રી સાસરે (શોભે)' એ લોકોક્તિ સ્મરણમાં આવતાં શોક ઓછો કરી શાન્ત થઈ એણે દીકરી–જમાઈને વળાવવાની તૈયારી કરી.

વિવાહકાળે કન્યાદાનમાં અને જમાઇને પહેરામણીમાં એક રાજવી આપે એવા ઉત્તમ અશ્વો, સુવર્ણાદિના આભૂષણો અને નવનવીન અમૂલ્ય વસ્ત્રો આપ્યાં હતાં તે ઉપરાંત અત્યારે પણ અન્ય અન્ય શ્રેષ્ઠ વસ્ત્રાભરણો આપીને કામશ્રેષ્ઠીએ દીકરી–જમાઇને વળાવ્યાં. ચાલતી વખતે પુત્રીઓએ માતપિતાને હળીમળી એમના ચરણમાં પડી આશીર્વાદ માગ્યા અને એમણે ઉચિત આશીર્વાદ આપ્યા.

વળી સાસરામાં કેમ વર્ત્તન રાખવું વગેરે વિષે પણ બે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બોલ કહ્યા. પુત્રીઓ, તમારા પ્રાણાધાર પતિ પર અન્તઃકરણની પ્રીતિ દાખવજો, સાસુસસરાની અનન્ય ભક્તિ કરજો, સપત્ની પ્રત્યે ગર્વ ન રાખતાં નમ્રતા બતાવજો, નણંદ તરફ વિનયી રહેજો, સકળ કુટુંબ ઉપર સ્નેહ રાખજો, નિરન્તર દેવપૂજન કરતા રહેજો, કંઈ પણ અનિષ્ટ વર્ત્તન ન થઈ જાય એ પર ધ્યાન રાખજો. વળી ક્ષમા, પ્રિયવચન, લજ્જા અને યથાયોગ્ય દાન–જે સર્વે સ્ત્રીઓનાં ખરાં આભૂષણ છે એ પર રુચિ રાખજો. આ બધાંથી જ સ્ત્રીઓની શ્વશુરગૃહમાં પ્રતિષ્ઠા છે–એ જ કુળવધુના ધર્મ શાસ્ત્રમાં કહ્યા છે. તમારા સુખને અર્થે એ જ ધર્મોનું નિશદિન આચરણ કરજો અને તમારા વંશની ફરકતી ધ્વજા થઇ રહેજો. તમારા શ્વશુરની પુરાણી કીર્તિ પર કળશ ચઢાવજો.

આ પ્રમાણે પુત્રીઓને શિક્ષાવચન કહી દીકરીજમાઈને કેટલેક દૂર સુધી વળાવી. વિયોગનાં દુઃખમાં પણ—

> अर्थोऽहि कन्या परकीय एव,
> तामद्य संप्रेष्य परिग्रहीतुः ।
> जातो ममायं विशदः प्रकामं,
> प्रत्यर्पितन्यास इवान्तरात्मा ॥

એ પ્રમાણે શકુન્તલાને સાસરે વળાવતાં કણ્વઋષિએ ઉચ્ચારેલા વચનોનું સ્મરણ કરી આશ્વાસન લેતો કામશ્રેષ્ઠી ઘર તરફ પાછો વળ્યો.

પુત્રીઓના વિયોગથી પિતાને શોક થયો એટલો જ, પિતાના

વિયોગથી પુત્રીઓને પણ થયો. જે પીયરવાસમાં સમાન વયની સહીયરો સાથે માતતાતના છત્ર નીચે રમતાં ખેલતાં નિર્દોષ આનન્દ કરતાં કન્યાવસ્થા નિર્ગમન કરી એ સ્થળ છોડતાં એમને પણ પારાવાર દુઃખ થયું પણ પિતાનો શોક કણ્વઋષિના વચનોએ ઉપશમાવ્યો તેમ પુત્રીઓનો શોક એમના માથાના મુકુટ જેવા પતિએ શમાવ્યોઃ માર્ગમાં રમૂજી કથા–વાર્ત્તા આદિ સંભાષણોરૂપ વિનોદવડે એણે એમનો શોક વિસારે પાડ્યો.

મન્મથની વેગવતી શરપરંપરા હોયની એવી, દેવાંગનાને ભુલાવે એવા રૂપસૌન્દર્યે યુક્ત નવપરણીત નવ નવ વધૂઓની સંગાથે રથમાં કલ્લોલ કરતાં માર્ગ કાપતાં એકદા કેટલાંક હરિણોનું યૂથ પુણ્યસારની દૃષ્ટિએ પડ્યું. એમાં કોઇ પુણ્યસારની પ્રૌઢ પ્રિયાઓના નેત્રો આગળ પોતાના નેત્રો કંઇ હિસાબમાં નથી એમ જોઇને જાણે લજવાઇ જઇને જ હોયની એમ નાસભાગ કરતાં હતાં. કોઇ જાણે આકાશમાં ઊડી ત્યાં ક્રીડા કરવા ઉત્સુક હોયની એમ ઊંચે ફાળ મારતા હતા. તો કોઇ વળી પુણ્યસારના રથના ચક્રોનો ચિત્કાર શબ્દ સાંભળી નિશ્ચળ સ્તંભી જઈ ઊભા હતા.

વનના ઉત્સંગમાં નિર્વિઘ્નપણે ખેલતા કૂદતા અન્તરૂમાં આનન્દિત થતા નિર્દોષ મૃગોને જોઇ ચિન્તવન કરતાં પુણ્યસારને પોતે પૂર્વે કદાચિત્ એવું દૃશ્ય જોયેલું છે એવું સ્મરણ થતાં એને મૂર્છા પર મૂર્છા આવવા લાગી–એમાં એણે પોતાનો યથાસ્થિત પૂર્વ ભવ ભાળ્યો. પ્રાણાધાર પતિદેવને મૂર્છાગત જોઇ પ્રિયાઓ સર્વે એકદમ આકુળવ્યાકુળ થઈ ગઇ અને ચન્દન રસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આદિના સિંચનથી મૂર્છાના વાળણુના ઉપાય કરવા લાગી. અનેક શીત ઉપચારોવડે બહુ વખતે મૂર્છા વળી પણ ખરી અને એ સચેત થયો. એટલે પ્રિયાઓએ એને એમ અચાનક મૂર્છા આવવાનું કંઇ કારણ હોય તો કહેવાનું કહ્યું. પુણ્યવાન્ પુણ્યસારે એમના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું–આ મૃગના યૂથને જોઇને મને મૂર્છા આવી હતી. એ દરમ્યાન મને જાતિસ્મરણ થયું છે અને મેં મારો પૂર્વનો ભવ જાણ્યો છે. તે આ પ્રમાણે—

સમગ્ર વિશ્વના પ્રાણીઓના ચિત્તને આકર્ષનારી લક્ષ્મીથી પરિપૂર્ણ એવા કોઈ એક પર્વત પર હું પૂર્વ ભવમાં મારી પ્રિયા સહ વર્ત્તમાન રહેતો હતો. હું એક ભીલ હતો અને મારું નામ ધર્મચંદ હતું. એકદા હું સ્ત્રી સંગાથે પ્રચંડ ધનુષ્યબાણ લઇ મૃગયાર્થે વનમાં ગયો. વનના ઉદરને ભરી મૂકતા મારા ધનુષ્યના ભીષણ ટંકારવ સાંભળી વનના પશુ આદિ સર્વ અત્યન્ત ત્રાસ પામ્યા. એટલામાં પરસ્પર કામરસમગ્ન એક મૃગમિથુન મારી દૃષ્ટિએ પડયું, અને મેં એના તરફ શરસંધાન કર્યું. હું બહુ દૂર ન્હોતો એટલે મેં શર તાકયું એ મૃગે જોયું તેથી એણે ધાર્યું હોત તો એ નાસી જઇ શકત, પરન્તુ એ ત્યાં ને ત્યાં જ ઊભો થઇ રહ્યો. એની સહચરી મૃગી ગર્ભિણી હતી એના પરના પરમ પ્રેમને લઇને એ એના શરીરને પોતાના શરીરથી ઢાંકીને મારા તરફ દીનતાભરી દૃષ્ટિએ જોઇ રહ્યો. મેં એ સર્વ જોયું, હું તે સમજી ગયો છતાં મને દયા ન આવી અને તીર મૃગી પર જવા દીધું. એ મર્મભેદી તીરથી મૃગીનું શરીર ભેદાયું, એ ધરણી પર ઢળી પડી. ભેદાયલા ઉદરમાંથી ગર્ભ બહાર નીકળી પડ્યો અને મૃગી તરફડતી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મૃત્યુવશ થઇ. વહાલી સહચરીને આમ મરણ પામેલી જોઇ મૃગ પણ ભયભીત થયો, એનું હૃદય ફાટી ગયું અને મૃગીની દશા એ એની દશા થઇ. પાસે જઇ મૃગ અને મૃગીની એવી હૃદયભેદક અવસ્થા જોઇ, તથા કંઇ ચૈતન્યને યોગે ગર્ભ ભૂમિ પર હાલતો તરફડતો હતો એ નીહાળી મારું અને સાથે મારી સ્રીનું પણ હૃદય પશ્ચાત્તાપના અગ્નિથી બળવા લાગ્યું. અમારું એ દુષ્કૃત્ય અતીવ નિન્દ્યું, ગર્હ્યું. જન્મથી જ ધર્મનો એક અક્ષર પણ મારા કર્ણસંપુટમાં પ્રવેશવા પામેલો ન હોવા છતાં દૈવયોગે આ વખતે જ મારા હૃદયમાં કરુણાનો ઝરો ફૂટી નીકળ્યો અને હું ચિન્તવવા લાગ્યો-શુદ્ધ બુદ્ધિથી વિચાર કરનારા સૌ કોઇ મૃગયાને 'પાપની વૃદ્ધિ' કહે છે એ એકદમ સત્ય છે કારણ કે એનામાં રહેલી અતિક્રૂરતા પ્રાણીઓનો આમ કંપારી છૂટે એવી રીતે જીવ લે છે. અપરાધીને પણ ક્ષમા કરે એવા ઉચ્ચ કોટિના જીવ પણ કેટલાક હોય છે ત્યારે મારા જેવા અધમને હાથે નિરપરાધીના પણ પ્રાણ લેવાય છે! હા! મને બહુ ખેદ થાય છે, અરે! હું પણ કેટલો મૂઢ? મારી મૂર્ખાઇનું શું વર્ણન કરું? હિંસા કરી ફક્ત એક વારની તૃપ્તિ મેળવવા ખાતર આ પ્રાણીઓનું સમગ્ર જીવિત હું લોપી નાખું છું-એનો મને વિચાર સરખો યે ન થયો! આજ સુધી મેં અનેક નિરપરાધી પ્રાણીઓના વૃથા જ પ્રાણ લીધા. હવે આજથી હું પ્રતિજ્ઞા કરૂં છું કે હું જીવનપર્યન્ત પક્ષીની પેઠે ફકત કંદ, મૂળ અને ફળ આદિથી જ મારો નિર્વાહ કરીશ. યાવજ્જીવ કોઇ પણ જીવનો હું વધ નહિં કરું, એટલું જ નહિં પણ કોઇ જીવનું માંસ પણ હું નહિં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખાઉં કેમકે એ માંસની પણ પ્રાપ્તિ તો જીવના વધથી જ છે ને. એવો અભિગ્રહ મેં, મારા હૃદયમાં દયાનો વાસ થયે લીધો, અને એ યતિની સ્થિતિતુલ્ય ઋજુ, સરલ એવી મારી સ્ત્રીને કહી જણાવ્યો. એનામાં ધર્મ પ્રત્યે થોડો ઘણો પ્રેમ હતો એટલે એણે પણ યાવજ્જીવ માંસ ભક્ષણ ન કરવાની પ્રતિજ્ઞા કરી. કેમકે પ્રાયઃ સ્ત્રીઓ પતિને અનુવર્તી હોય છે. ત્યાર પછી અમે બેઉ સર્વ વનચર જીવોને અમારા પોતાના જીવ તુલ્ય ગણતા, લીધેલો નિયમ પાળતા કાળ નિર્ગમન કરવા લાગ્યા. અંતે એ ભવ પૂરો કરી શુભ ભાવપૂર્વક મૃત્યુ પામી અહિં ઉત્પન્ન થયો છું અને પૂર્વભવની દયાળુતાને પ્રભાવે, માનવી છતાં દેવતા તુલ્ય નિઃસીમ સુખોનો ભોક્તા થયો છું. મારે વિરહે દયામય જીવન ગાળી રહી હતી એ મારી સ્ત્રી પણ મૃત્યુ પામી છે, પણ મરીને પુનઃ ક્યાં ઉત્પન્ન થઈ છે એ હું જાણતો નથી એટલો મને ખેદ થાય છે.

આ પ્રમાણે પુણ્યસાર, પોતાને જાતિસ્મરણજ્ઞાન થવાથી પોતાનો પૂર્વભવ કહેતાં, પ્રિયાની ભાળ નથી એટલા પૂરતો ખેદ પ્રદર્શિત કરે છે એવામાં પાપના વારણ એવા કોઇ ચારણ-મુનિ આકાશથી ઉતરી એની સમીપમાં જ આવી ઊભા. જાણે દેહધારી શુદ્ધ ચારિત્ર જ હોયની એવા એ મુનિવરને જોઇ પુણ્યસાર પ્રમદ તેમજ પ્રમદાઓ સહિત રથમાંથી ઉતરી એમને ચરણે પડ્યો, મુનિવરે પણ એને વત્સ, તારું ઉત્તરોત્તર કલ્યાણ થાઓ–એવો આશીર્વાદ દીધો, અને એ પુણ્યસારે પણ સાદર સ્વીકારી લીધો. પછી એણે એમને પોતાની પૂર્વભવની સ્ત્રી અત્યારે ક્યાં હશે એમ પૂછ્યું. મુનિજનમાં એવું જ્ઞાન હતું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એથી એમણે જણાવ્યું-તારા પર અત્યન્ત પ્રેમાળ એવી આ ગુણશ્રી છે એ જ તારા પૂર્વભવની સ્ત્રી છે. બુદ્ધિમાન્ પુણ્યસાર, તને સ્મરણમાં છે ને કે એ ગુણશ્રીએ પુરુષવેષ ધારણ કરી તારે ગામ આવી તારે માટે મૃત્યુ સુદ્ધાં અંગીકાર કરવા સુધી તૈયાર થઇ એ રીતે તારી ભાળ મેળવી હતી. બધા તારાઓમાં રોહિણીનો જેમ ચન્દ્રમા પર પુષ્કળ પ્રેમ છે તેમ બધી સ્ત્રીઓમાં એ ગુણશ્રીનો તારા પર પુષ્કળ પ્રેમ છે-એ પૂર્વભવની પ્રીતિને લઇને જ છે. વળી તેં પૂર્વભવમાં અંગીકાર કરેલા વિશાળ જીવદયાવ્રતનું જ આવું અત્યુત્તમ રૂપ તને પ્રાપ્ત થયું છે એ પરથી ધડો લઈ આ ભવમાં પણ તારે એ વ્રત રાખવું-પાળવું. કુમુદવનોને વિકસાવનાર ફક્ત ચન્દ્રિકા જ છે તેમ સર્વ પ્રાણીઓને પરમ આનન્દ આપનારી ફક્ત જીવદયા છે. દેહ છે પણ ચેતના નથી એવો દેહ અસત્ છે તેમ પુણ્ય (કર્યું) છે પણ કરુણાભાવ નથી એવું પુણ્ય અસત્-અકૃત-પ્રાય જ છે, તે કર્યું ન કર્યાં જેવું છે.

ચારણમુનિનાં એવાં બોધવચનો શ્રવણ કરી પુણ્યસારે અને એની સ્ત્રીઓએ પણ, એક નિધાન જડ્યો હોય એને લઈ લેતા હોય એમ જીવદયામય શ્રાદ્ધધર્મ અંગીકાર કરી લીધો, અને એમના જેવા અનન્ય ઉપકારક મુનિવરનો આભાર માની, એમને પુનઃ પુનઃ સહર્ષ વિનયપૂર્વક નમી આગળ પ્રયાણ કર્યું.

મજલ દરમજલ માર્ગ કાપતાં અનુક્રમે સર્વ સાથ ક્ષેમ-કુશળ ગોપગિરિ પહોંચ્યો. ઉત્કંઠિત થઇ રહેલો ધનસાર તેમજ રાજા સમરસિંહ સન્મુખ આવ્યા. એમને સૌએ વિવેકપૂર્વક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નમન કર્યું. પરસ્પર કુશળ વર્ત્તમાન પૂછી-જાણી ધનસાર પુત્ર અને વધુઓને ઉત્સવપૂર્વક ઘેર લઈ ગયો.

ઘેર જઈ પુણ્યસાર પણ છ છ મહિનાના વિરહથી સંતપ્ત થયેલાં વધુજનનાં ચિત્તને અન્તરના પ્રેમરસથી સિંચી તરબોળ કર્યાં. ત્યારપછી પણ એમના પ્રત્યે હમેશાં એવો જ અકૃત્રિમ સ્નેહ દાખવતો સંસારની અનુપમ લ્હાણ લેતો લેવરાવતો એમની સંગાથે સુખે રહેવા લાગ્યો.

નિર્ભાગી માણુસ પર દુઃખ આવી પડે છે ત્યારે સામટું આવી પડે છે. દુઃખમાં વૃત્તિ જ થયા કરે છે. તેમ ભાગ્યશાળી પુરુષોને સુખ સાંપડે છે તેમાં કયાંય ને કયાંયથી વૃદ્ધિ જ થતી જાય છે. ભાગ્યવાન્ પુણ્યસારને પણ એમ જ થયું. રાજા સમરસિંહને પુત્ર ન્હોતો એટલે એણે પોતાનું સમગ્ર રાજ્ય જમાઈ પુણ્યસારને સોંપ્યું. અને પોતે નિર્મળ એવું ચારિત્ર અંગીકાર કર્યું. અનુક્રમે શુદ્ધ મુનિધર્મ પાળી એ સ્વર્ગે ગયો.

ગમે એટલો સમૃદ્ધ હતો છતાં એક પ્રજાજન માત્ર હતો એ પુણ્યસાર હવે પ્રજાપાળ-રાજા થયો. અનેક ગ્રામ-નગરનો અધિપતિ થયો. એણે પોતાના વિપુલ સૈન્યથી રાજ્યનો ઘણો વિસ્તાર કર્યો. બીજા રાજાઓ પાસે પોતાની આજ્ઞા શિરોમાન્ય કરાવી. વળી સ્રીજાતિ છતાં પુરુષને પણ ભૂલાવે એવું ઉગ્ર સાહસ જેણે ખેડયું હતું એ ગુણશ્રીને પટ્ટરાણીપદે સ્થાપી અને એમ કરી પોતાના એના પરનો પ્રાણાધિક પ્રેમ જગત્‌ની નજરે પાડ્યો. અનુક્રમે પ્રજાનું પિતાની જેમ કષ્ટ આદિથી રક્ષણ કરી, એમનાં દુઃખ ટાળી, નીતિનું શિક્ષણ આપી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોષણ પણ કરી પ્રજાનો ખરેખરો હિતચિન્તક પિતા બન્યો. પોતાને આવી સમૃદ્ધિ સાંપડે એ જીવદયાનું જ ફળ છે એમ જાણી જણાવી એણે પોતાના રાજ્યમાં નિર્ભયતાની ઉદ્‌ઘોષણા કરાવી–અમારિ વટહ વજડાવી જીવહિંસા એકદમ બંધ કરાવી. હું પૂર્વભવમાં એક પુલિન્દમાત્ર હતો—એક પ્રાકૃત મનુષ્ય હતો પણ ત્યાં કરુણાસુંદરીના પાણિગ્રહણનો યોગ થયો એ પુણ્યે અહિં મને આવી ઈન્દ્રની સંપત્તિ આવી મળી છે—એવી જાતનો ધર્માચાર્યની જેમ બોધ આપી આપી એણે અપર રાજવીઓને પણ જીવદયાનું સૂત્ર શીખવ્યું-એમના અન્તઃકરણમાં દયાનો ઉદય કરાવ્યો. મનના સર્વ વિષાદો દૂર કરી એણે પુણ્યલક્ષ્મીના વિનોદને અર્થે, કૃત્રિમ પર્વતો હોયની એવાં જિનમંદિરો કરાવ્યાં. પરલોકને અર્થે જાણે લક્ષ્મીનો ન્યાસ કરતો હોયની—'ડીપોઝીટ' મૂકતો હોયની એમ, દીનઅનાથને પ્રતિદિન દાન દેવા માંડ્યાં. મોક્ષદ્વારના પ્રતીહાર જેવા, મુક્તિ-વધુના હૃદયના મનોહર હાર જેવા પરમેષ્ઠીનમસ્કારનું તો તે નિરન્તર સ્મરણ કરતો, પોતાના નામની જેમ એને કદિ ભૂલતો નહિં.

એ પ્રમાણે પુણ્યકાર્યો કરી, ન્યાયમાર્ગે ચાલી કીર્ત્તિ વધારી, ખરા સુખનું આસ્વાદન અનુભવતાં પુણ્યસારે ચિરકાળ રાજ્યનું અનુપાલન કર્યું.

એકદા અશ્વક્રીડાર્થે નગર બહાર જઈ પહોંચતાં એને કોઈ સદ્‌ગુરુ મળ્યા. એણે એને ધર્મોપદેશ આપ્યો—જે પ્રાણી આવો શ્રેષ્ઠ મનુષ્યભવ, ઉત્તમકુળ, અથાગ સમૃદ્ધિ આદિ આવી મળ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છતાં મૂખ બની પ્રમાદી થઈ પોતાનું હિત સાધતો નથી તે માણસ સામું અમૃત પાવા આવે એને ઘડીવાર થોભવાનું કહ્યા જેવું કરે છે, 'લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હોં ધોવા જાય' એવું કરે છે. ગૃહસ્થાશ્રમથી વિરક્ત થઈ, ચારિત્ર લઇ, નિર્જન વનમાં જઇ ચિરકાળ તપશ્ચર્યા કરી, સમાધિરૂપી ગંગાના પવિત્ર જળથી સમગ્ર કલુષ ધોઇ નાખી, પ્રસિદ્ધ એવું 'કૈવલ્ય' પ્રાપ્ત કરવાનો પ્રયત્ન તો કોઇ વિરલા ભાગ્યશાળીઓ જ કરે છે.

ગુરુશ્રીના આવા ઉપદેશવચનામૃતનું પાન કરતાં, પુણ્યસાર ભૂપતિનો આત્મા જાગૃત થયો. એણે ઘેર જઈ રાજ્યનો ભાર પુત્રને સોંપ્યો અને પોતે સંસારથી વિરક્ત થઇ એ જ ગુરુવર્ય આગળ દીક્ષા અંગીકાર કરી. અનુક્રમે તપશ્ચર્યારૂપી તાપવડે પોતાનાં સમગ્ર દોષરૂપી જળને શોષાવી નાખી કાળ-ધર્મ પામી હર્ષપૂર્વક સ્વર્ગ પ્રાપ્ત કર્યું. ત્યાંથી ચ્યવીને મહા-વિદેહમાં ઉત્પન્ન થશે. ત્યાં અદ્ભુત સુખ-સમૃદ્ધિ ભોગવી પછી વિરક્ત થઇ દીક્ષા લઈ કૈવલ્ય પામી પ્રાન્તે અક્ષય એવું મોક્ષ સુખ પ્રાપ્ત કરશે.

હવે હે કુમારપાળ મહીપાળ, આ પુણ્યસારની કથા સાંભળી દયારૂપી કલ્પવૃક્ષનું સુંદર ફળ જાણી સર્વ સિદ્ધાંતમાં સારરૂપ દયાધર્મનો તું સ્વીકાર કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૨ મુ

## શ્રી કુમારપાળનો શ્રાદ્ધધર્મ સ્વીકાર

રાજગુરુ શ્રી હેમચંદ્રે ગુર્જરાધિપતિ કુમારપાળ નૃપાળને ધર્મ વિષયક વ્યાખ્યાન દરમ્યાન (૧) સાધુનો ધર્મ અને (૨) શ્રાવકનો ધર્મ–એમ બેઉ ધર્મ સમજાવ્યોઃ સાધુધર્મ પંચમહાવ્રતાત્મક છે અને એ ધીર પુરુષોને મુક્તિપુરી જવાનો અત્યંત ટૂંકો માર્ગ છે, શ્રાવકધર્મ સમ્યક્ત્વમૂલક દ્વાદશવ્રતાત્મક છે.

જીવને એ સમકિતની પ્રાપ્તિ કેવી રીતે થાય છે એ વિષે આગમોને વિષે આ પ્રમાણે કહ્યું છે. જીવ અનાદિ છે. કર્મ પણ અનાદિ છે, તેમ એમનો યોગ પણ સુવર્ણ અને કર્દમ–મેલના યોગની જેમ અનાદિ છે. સામાન્યતઃ એટલે મૂળ ભેદને આશ્રયીને કર્મના જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકાર છે; જો કે વિશેષતઃ-ઉત્તરોત્તર ભેદે એવી એક સો ને અઠ્ઠાવન પ્રકૃતિ છે. (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય અને (૪) અન્તરાય–આ ચાર પ્રકારના કર્મોની ત્રીશ કોટાકોટી સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ શાસ્ત્રમાં કહી છે. (૫) 'મોહનીય' ની સીત્તેર (૬) 'નામ' અને (૭) 'ગોત્ર'ની વીશ અને (૮) 'આયુષ્ય'ની તેત્રીશ કોટાકોટી સાગરોપમ સ્થિતિ કહી છે. જીવ (ઉત્કૃષ્ટ) આટલો સમય નરક ગતિ અને (કે) દેવ ગતિમાં ભ્રમણ કરે છે. ત્યાંથી પર્વતની નદીનો મ્હોટો પાષાણ જળના વહેનમાં ફરતો અથડાતો કૂટાતો ચિરકાળે ન્હાનો (ગોળ

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

પાંચીકા જેવો ) થઈ જાય છે તે પ્રમાણે અનેક ભવમાં ભ્રમણ કરતા જીવના પ્રચુરતર કર્મો 'યથાપ્રવૃત્તિકરણ'વડે ક્ષીણ થતાં જાય છે. એમ કરતાં જ્યારે છેવટે એ કર્મોની લગભગ એક કોટાકોટી સાગરોપમ જેટલી સ્થિતિ રહે છે ત્યારે જીવ રાગદ્વેષની પરિણતિમય દૃઢતર સ્થિતિવાળી દુર્ભેદ 'ગ્રન્થિ'-એ પહોંચે છે; પાંથજનો-વટેમાર્ગુઓ વિશ્રાન્તિને અર્થે કોઇ જળાશયે જઈ પહોંચે છે એમ. એમાંથી કેટલાએ વળી રાગ આદિક ભાવશત્રુથી પરાહત થઈ પાછા વળે છે; કાંઠે પહોંચી પાછા વળતા સમુદ્રના તરંગોની જેમ. કેટલાએ કર્મોએ રોકી રાખ્યાથી ત્યાં જ ભ્રમણ કર્યા કરે છે, રાધાવેધને અર્થે ઊંચે બાંધેલા ચક્રગણની જેમ, પણ જેમનું ભવિષ્ય શુભ હોય છે એવા કોઇક પ્રૌઢ શક્તિને લઇને 'અપૂર્વકરણ'વડે તે ગ્રંથિને ભેદે છે. ન્હાનું પણ સમર્થ વજ્ર મહાન્ ગિરિવરને ભેદે છે એમ. આ અન્તર( વચલું )કરણ થયા પછી જીવ ત્રીજા 'અનિવૃત્તિકરણ'-વડે અન્તર્મુહૂર્ત્તમાં બહુ બહુ કર્મોને ખપાવી નાખે છે; અને ઉદયે આવેલું મિથ્યાત્વ ક્ષીણ થયે, ઉખરભૂમિગત અગ્નિની પેઠે નિર્વૃતિની પ્રાપ્તિના હેતુરૂપ એવું સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

ગ્રંથિભેદ થયે જીવને જે પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તે અન્તર્મુહૂર્ત્તપ્રમાણ છે. એ 'ઔપશમિક' કહેવાય છે, એને પૂર્વાચાર્યો 'નૈસર્ગિક' કહે છે. જ્યારે ગુરુના ઉપદેશથી જે પ્રાપ્ત થાય છે એને 'અભિગમિક' કહે છે. સદ્દેવ એ જ દેવ, સદ્ગુરુ એ જ ગુરુ અને સદ્ધર્મ એ જ ધર્મ—આ પ્રકારની શ્રદ્ધા—એનું નામ સમ્યક્ત્વ. એથી ઉલટી માન્યતા—એનું નામ મિથ્યાત્વ. જેમના રાગ દ્વેષ આદિક સર્વ દોષ ક્ષીણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયા છે એવા, ત્રણે જગતને પૂજનીક, યથાર્થવાદી અને સર્વજ્ઞ એવા દેવ તો શ્રી અર્હત્ જ છે, બીજા એવા નથી. મનમાંય સ્મર (મન્મથ), અપસ્માર (વ્યાધિ) અને લોભ આદિને આધીન, ક્રોધને લઈને વિકરાળ અને ધૂર્ત જેવા દેવો મોક્ષ આપવાને અશક્ત છે. ચારિત્રલક્ષ્મીને ક્રીડા કરવાની વાપિકા એટલે વાવો સમાન, શુદ્ધ બ્રહ્મચર્યનું અનુપાલન કરવાવાળા, શુદ્ધ ધર્મના ઉપદેશક–એવા ગુરુઓ જ કલ્યાણપ્રદ છે, મુક્તિ અપાવનારા છે. લોલુપ, નિર્દય, બ્રહ્મચર્યથી ભ્રષ્ટ, કલેશપૂર્ણ, કામ ક્રોધ આદિક કષાયોથી ભરેલા અને ધર્મનો નાશ કરનારા ગુરુઓ કયાંથી કલ્યાણ કરી શકે? મુક્તિવધુના માથાના મુગટ જેવો, ચતુર્ગતિરૂપ શત્રુઓનો સંહારક, સકળ વિશ્વને અનુકૂળ અને અહિંસામૂલક એવો જ ધર્મ જિનભગવાનોને મતે ખરો ધર્મ છે, હિંસામય હોય એવો ધર્મ પણ મોક્ષપ્રદ છે એમ કહેવું એ જીવોને જીવનનિર્વાહને અર્થે વિષપાન આવશ્યક છે એમ કહેવા બરાબર છે. સમ્યકૃત્વરૂપી દીપક જો ચિત્તરૂપી ગૃહને વિષે ઝગઝગાટ પ્રકાશ્યા કરતો હોય તો મિથ્યાત્વરૂપી અન્ધકાર મનુષ્યને કદિ પણ વ્યાકુળ કરે નહિં. આ સમકિત એક એવી ચીજ છે કે જે વ્યકિત એને એક અન્તર્મુહૂર્ત પણ હૃદય પર ધારણ કરે એનો અર્ધપુદ્ગલપરાવર્ત્તન જેટલો સંસાર ઓછો થાય. શુદ્ધ સમ્યકૃત્વધારી પ્રાણી, એણે પૂર્વે દુષ્કર્મોને લઈને નરક આદિકનું આયુષ્ય ન બાંધ્યું હોય તો મૃત્યુપશ્ચાત્ દેવલોક પામે છે. વળી જિનભગવાનો સમકિતને ચારિત્ર કરતાં પણ અધિક કહે છે કેમકે ચારિત્ર ગ્રહણ કર્યા



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિના પણ જીવ મુક્તિ પામે છે, પરંતુ સમ્યકૃત્વ જેનામાં નથી એવો જીવ એ નથી પામતો; માટે મુક્તિવધુ આવીને તમને વરમાળ આરોપણ કરે એવું ઇચ્છતા હો તો સમ્યકૃત્વ-રૂપી આભરણથી તમારા દેહને વિભૂષિત કરો જ કરો.

આ પ્રમાણે સમ્યકૃત્વની મેં બહુ પ્રશંસા કરી તે પરથી તમને એનાં લક્ષણ જાણવાની સ્વાભાવિક ઉત્સુકતા થશે, તો એનાં લક્ષણ કહું છું: (૧) શમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) કરુણા અને (૫) આસ્તિકતા–આ પાંચ એનાં લક્ષણો છે. ઉપરાંત એનાં પાંચ ભૂષણો કહેલાં છેઃ (૧) ભક્તિ, (૨) પ્રભાવના, (૩) સ્થિરતા, (૪) દક્ષતા અને (૫) તીર્થસેવા. વળી ભૂષણોની સાથે એનાં પાંચ દૂષણો (દોષો) પણ કહ્યા છે: (૧) શંકા, (૨) કાંક્ષા, (૩) જુગુપ્સા, (૪) મિથ્યાદૃષ્ટિની પ્રશંસા અને એનો (૫) પરિચય.

શ્રાવકધર્મ દ્વાદશવ્રતાત્મક કહ્યો એ દ્વાદશ (બાર) વ્રત આ પ્રમાણેઃ–પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત.

તેમાં પ્રથમ પાંચ અણુવ્રત વિષે. (૧) સ્થૂલહિંસાવિરમણ વ્રત, (૨) સ્થૂલ મૃષાવાદવિરમણ વ્રત, (૩) સ્થૂલઅદત્તાદાન-વિરમણવ્રત, (૪) સ્વદારાસંતોષ–પરસ્ત્રીવિરમણવ્રત, (૫) સ્થૂલપરિગ્રહ પરિમાણવ્રત.

(૧) નિરપરાધી ત્રસ તેમજ સ્થાવર જીવોની હિંસા કાયાથી, વચનથી કે મનથી પણ કરવી નહિં, તેમ કરાવવી પણ નહિં–આ પ્રકારનું જે વ્રત તે સ્થૂલહિંસાવિરમણવ્રત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વેદ, સ્મૃતિ આદિકમાં કહ્યું છે એમ કહીને દેવ કે અતિથિ આદિકના સત્કારાર્થે વધ કરે–તે પણ નરકગતિ પમાડે છે.

यदि सगति पयोधिः धन्वतां शीतरश्मिः
वहति दहनभावं पुष्यति ध्वान्तमर्कः ।
दिनमपि रजनीत्वं याति रात્રिर्दिनत्वंः
तदपि हि सुकृतं न प्राणिघातः प्रसूते ॥

"જળભર્યા સમુદ્રોની જગ્યાએ રેતીનાં રણ થઈ જાય, ચંદ્રમા પોતાની નૈસર્ગિક શીતતા ત્યજીને દાહ ઉત્પન્ન કરનારો થઈ પડે, સહસ્રરશ્મિ કહેવાતો સૂર્ય પ્રકાશ આપતો બંધ થઈ ચોદિશ અન્ધકાર ફેલાવા માંડે, દિવસ રાત્રીના ધર્મ અંગીકાર કરે અને રાત્રી દિવસના ધર્મ બનાવવા શરૂ કરે તો યે પ્રાણિના ઘાતથી સુકૃતની પ્રાપ્તિ થાય નહિં."

જે શાસ્ત્રમાં પ્રાણિનો વધ ઉપદિશ્યો હોય તે શાસ્ત્ર શાસ્ત્ર નથી, જે દેવપૂજામાં જીવનો વધ કરાતો હોય એ પૂજા દેવપૂજા જ નથી, જે કુળમાં ક્રમાગત હિંસા થયા જ કરતી હોય તે કુળ કુળ( ઉત્તમ કુળ ) નથી. એવા કાર્યને કોઇ પુણ્યનું નામ આપતું હોય તો તે યે અસત્ છે, એ પુણ્ય જ નથી.

માટે હિંસાને તો દુર્જનની સંગતિની જેમ તરછોડી નાખો, અને કરુણાનો સજ્જનની મૈત્રીની જેમ અંગીકાર કરો.

એ પ્રમાણે સ્થૂલહિંસાવિરમણ નામના પહેલા અણુવ્રતની વાત કરી.

હવે બીજા અણુવ્રત–સ્થૂલમૃષાવાદવિરમણ વિષે કહે છે—

(૨) અસત્ય ભાષણનું રૂપ આ ભવમાં અપ્રતિષ્ઠા આદિક છે અને પરભવમાં મુંગાપણું પ્રાપ્ત થવા રૂપ છે; માટે અસત્ય ભાષણ કદિ કરવું નહિં. અન્ધકારની પ્રતિક્રિયા દીપક છે, સમુદ્રની પ્રવહણ છે, શીતની અગ્નિ છે, વ્યાધિની ઔષધ છે– એમ સર્વ કોઇની પ્રતિક્રિયા છે; પણ અસત્યભાષીની પ્રતિક્રિયા નથી જ. અમસ્તુ અન્યથા (અસત્ય) બોલનારો દુર્ગતિએ જાય છે ત્યારે ધર્મથી અન્યથા બોલનારો (ધર્મ વિરુદ્ધ પ્રરૂપણ કરવાવાળો) તો કોણ જાણે કઇ ગતિમાં જતો હશે ? માટે અસત્યભાષણને એક અકાર્ય ગણી સર્વથા પરિહરો અને સત્યને વિશ્વાસ આદિક સદ્ગુણોના સ્થાનરૂપ ગણી એનો આદર કરો.

(૩) હસ્તચ્છેદ, શિરચ્છેદ, શૂળી આદિક સ્થૂળ ચૌર્ય-કર્મના ફળ છે માટે એ પાપસ્થાન પરિવર્જવું. ચોરીને તો 'વધ' કરતાં પણ અધિક કહી છે કેમકે 'વધ'થી તો એક વ્યક્તિને જ સહન કરવું પડે છે, પણ ચોરીથી એટલે કે કોઇનું લૂંટી લેવાથી–દ્રવ્ય હરણ કરવાથી આખા કુટુંબને સહન કરવું પડે છે. લોકો પ્રાણ આપીને પણ દ્રવ્યને સાચવે છે. માટે દ્રવ્યને પ્રાણાધિક ગણીને, વિવેકી જનોએ કોઇનું એ દ્રવ્ય હરણ કરવું નહિં. પોતાનું પૂરું કલ્યાણ ઇચ્છનારા બુદ્ધિમાનોએ ચોરીના કૃત્યને કાળકૂટ સમાન પ્રાણહારક સમજીને હમ્મેશને માટે ત્યજી દેવું.

(૪) હવે ચોથા અણુવ્રત 'સ્વદારાસંતોષ' વિષે

અપમાનિતા, નપુંસકતા, દ્રવ્યની હાનિ આદિક અબ્રહ્મ-ચર્યના ફળ છે માટે બુદ્ધિમાનોએ સમજીને પોતાની પત્નીથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ સંતોષ રાખવો. જે ગૃહસ્થ પોતાની ઈન્દ્રિયો પર સંયમ રાખીને શીલનું અનુપાલન કરે છે એના એવા ગુણોથી જાણે અનુરક્ત હોય એમ પુણ્યલક્ષ્મી આવીને એને વરે છે. સમસ્ત સ્ત્રીજનોનો (૧) સ્વકીયા (૨) પરકીયા, (૩) વેશ્યા અને (૪) કુમારિકા–આ ચાર વર્ગમાં સમાવેશ થાય. એમાંથી, સત્પુરુષોએ તો સ્વકીયા એટલે પોતાની જ સ્ત્રીથી સંતોષ માનવો. શેષ ત્રણ વર્ગની સ્ત્રીઓને તો એણે પોતાની માતા કે બ્હેન સમાન ગણવી.

જે કામાન્ધો પરકીયા–પરસ્ત્રીની અભિલાષા કરે છે–એઓને સેવે છે એઓએ સમજવું કે એમને માટે નરકગતિ જ છે અને ત્યાં પણ એમણે તપાવેલી લોહની પૂતળીઓને આલિંગન દેવાં પડશે. જેને પોતે પોતાનો દક્ષિણ હસ્ત આપેલો છે અર્થાત્ જેની સાથે પોતે હસ્તમેળાપપૂર્વક-વિધિપુરસ્સર પરણી છે એવા પોતાના પતિને જે સ્ત્રી છંડી દે છે એવી વ્યભિચારિણીમાં પ્રેમનું નામ કેવું? ક્ષણવાર તાપ આપે એવી અગ્નિની જવાળાનું સેવન કરવું સારું પરંતુ પરસ્ત્રીનું સેવન(પરસ્ત્રીગમન) ભૂંડું; કેમકે એ એક નહિં પણ અનેક ભવોને વિષે તાપ(સંતાપ–દુઃખ)દે છે. પોતાના પતિને યે હણે, વળી સ્વજનોનો સુદ્ધાં ઘાત કરતાં અચકાય નહિં–એવી પરકીયા–અન્યની પરણેલી સ્ત્રી–નો સ્પર્શ પણ ખડ્ગના સ્પર્શની જેમ અનર્થકારી છે.

વળી નિર્મળ એવું પણ દર્પણ જેમ નિઃશ્વાસ એટલે એના પર થૂંકવાથી મલિન થાય છે એમ વેશ્યાના આલિંગનથી–સેવનથી, નિર્મળ કુળાચાર મલિન થાય છે માટે વેશ્યાગમન પણ વર્જવું.

प्रासादध्वजतः कुशाग्रजलतः सौदामिनीदामतः
कुम्भीन्द्रश्रुतितः खलप्रकृतितः शैलापगापूरतः ।
लक्ष्मीतः कपिकेलितः तरलतामुच्चित्य मन्ये विधिः
वारस्त्रीहृदयं व्यधत्त तदलं तेनैव तेभ्यश्चलम् ॥

વારાંગનાનું હૃદય કેવું (ચપળ) હોય છે એ ઉપર કહે છે કે-મંદિરના શિખર પર રહેલી ધ્વજા, કુશના અગ્રભાગ પર રહેલું જળબિન્દુ, વીજળીનો ચમકાર, હસ્તીના કર્ણ, ખલ-પુરુષોની પ્રકૃતિ, ગિરિનદીનું પૂર, લક્ષ્મી, અને વાનરની ક્રીડા-આ બધામાં રહેલી તરલતા સર્વ એકત્ર કરીને એમાંથી વારાંગનાનું હૃદય વિધિએ ઘડયું છે, માટે એ સઘળા કરતાં એ વિશેષ તરલ છે માટે એનું નામ મૂકો. ક્ષણમાં હસે છે, ક્ષણમાં અશ્રુ સારે છે અને અનેક કપટવચનો બોલી મન હરી સર્વસ્વ લૂંટી લે છે-એવી વેશ્યા સ્ત્રીમાં કોણ કહે છે પ્રેમ હોય ? એક તરફ મુખમાં મીઠાં વચનો પણ બીજી બાજુ હૃદયમાં તો વિષ ભરેલું,-એક તરફ નેત્રમાં અશ્રુ અને બીજી તરફ ઓષ્ટ પર સ્મિત-આમ એકલા છળથી ભરેલી એવી વારાંગનાને કોણ સંઘરે ?

એ પ્રમાણે કન્યા-કુમારિકા પણ વર્જ્ય છે. હરકોઇ કામાન્ધે પણ એના સેવનથી દૂર રહેવું; કારણ કે એમાં અકીર્ત્તિ છે, એ તો ગાઢ પાપ છે.

આમ બાબત છે માટે ગૃહસ્થોએ સ્વકીયામાં-સ્વદારામાં સંતુષ્ટ રહી, પરકીયા-પરસ્ત્રી, વેશ્યા, કન્યા સર્વથી વિરમવું. એવા શુદ્ધ વર્ત્તનથી દેવતા પણ દાસ થઇ રહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫) હવે પાંચમા અણુવ્રત પરિગ્રહપ્રમાણુ વિષે કહે છે—

અધિક પરિગ્રહ પ્રાયઃ પાપવ્યાપારનું કારણ છે અને પાપવ્યાપાર વળી દુઃખનું મૂળ છે માટે પરિગ્રહ જેમ બને તેમ અલ્પ રાખવો. અતિબહુ પરિગ્રહથી આરંભના કાર્યો પુષ્કળ વધી જાય છે. જેમ રજનો સમૂહ ઊડીને સૂર્યને આચ્છાદિત કરે છે એમ, સુકૃતને આચ્છાદિત કરે છે, માટે પરિગ્રહનું પરિમાણુ બાંધીને સંતોષનું સેવન કરો. એ સંતોષરૂપી નિધાન તમારી પાસે હશે તો પછી કંઇ પણ ન્યૂનતા જ નથી.

હવે ત્રણ ગુણવ્રત વિષે.

(૧) દશે દિશાઓમાં અર્થાત્ કોઇ પણ જગ્યાએ–ક્યાંય પણ જવા આવવાના સંબંધમાં કંઇ પણ મર્યાદા બાંધવી–એનું નામ દિક્પરિમાણુ. ત્રણ ગુણવ્રતમાંહેલું પહેલું ગુણવ્રત છે. ગૃહસ્થ જેટલું ભ્રમણુ કરે–મુસાફરી કરે તેના પ્રમાણુમાં જીવહિંસા થાય. તે હિંસા આ પ્રમાણે ગમન કરવાની મર્યાદા બાંધવાથી મર્યાદિત થાય. એટલે લોભરૂપી સમુદ્રના તટ જેવા વ્રતને શ્રાવકના એક વ્રતમાં ગણ્યું છે.

(૨) ભોગ અને ઉપભોગની (વસ્તુઓની) સંખ્યા યથાશક્તિ નિશ્ચિત કરવી–એનું પ્રમાણુ બાંધવું એ ભોગોપભોગ નામનું બીજું ગુણવ્રત. જેનું એક જ વાર સેવન થઇ શકે–જે એક જ વખત ઉપયોગ કરી શકાય એ 'ભોગ;' જેવાં કે અન્ન, પુષ્પ વિગેરે, જેનો વારંવાર ઉપભોગ થઇ શકે એ 'ઉપભોગ;' જેવાં કે સ્ત્રી, અલંકાર વિગેરે (૧) માંસ, (૨) મદ્ય, (૩) માખણુ, (૪) મધ, (૫–૯) ઉંબરો આદિક પાંચ વૃક્ષના ફળ,

( ૧૦ ) રાત્રિભોજન, ( ૧૧ ) અનંતકાય, ( ૧૨ ) અજાણ્યાં ફળ, ( ૧૩ ) તુચ્છફળ, ( ૧૪ ) બહુબીજ, ( ૧૫ ) વૃતાંક, ( ૧૬ ) કરા, ( ૧૭ ) હિમ, ( ૧૮ ) ચલિતરસ, ( ૧૯ ) મહુડાંનો દારુ ( ૨૦ ) માટી, ( ૨૧ ) દહીંવડાં અને ( ૨૨ ) વિષ–આ બાવીશ વસ્તુ પાપમૂળક છે તેથી અભક્ષ્ય છે. તેથી વિવેકી ગૃહસ્થે તે વર્જવી જોઈએ. પંચેન્દ્રિય જીવના વધ માત્રથી જ બધું માંસ ઉત્પન્ન થાય છે તો પછી તેનું પ્રશન કરનારા મનુષ્યો રાક્ષસ કેમ ન બને ? બીજા પ્રાણીઓના માંસથી જ જેઓ પોતાના શરીરને પોષે છે એવા નિર્દય મનુષ્યો અને વાઘ, સિંહાદિક હિંસક પ્રાણીઓમાં પછી ભેદ શો રહ્યો ? માટે ધર્મ તો દયામય છે એમ જાણનારો સમાનવર્ણના જ ઉત્પન્ન થયેલા જીવોથી વ્યાકુળ એવું માંસ કદાપિ પણ ખાય નહિં. વળી જીવતાં છતાં પણ મૂઆ જેવું વૈકલ્ય-ભાનરહિતપણું જેનાથી પ્રાપ્ત થાય છે અને લોકમાં તેમ શાસ્ત્રમાં પણ જેને સાવદ્ય-નિન્દા ગણ્યો છે એવા **મદ્યની** પણ કોણ અભિલાષા કરે ? ઉકાળેલા સીસાના રસનું પાન કરીને મરણશરણ થવું સારું, પણ મદ્યપાન કરીને લોકમાં ચોતરફ નિન્દાપાત્ર થવું ભૂંડું. અપ્રતિષ્ઠા અને ઉન્મત્તતા આદિક દોષોનું એક જ સ્થાન એવું જે મદ્યપાન–તે વિષયુક્ત જળપાનવત્ અવશ્યમેવ પ્રયત્ન કરીને પણ વર્જવું. વળી પુણ્યના અભિલાષી ગૃહસ્થે **માખણ** પણ વર્જવું કેમકે એમાં એક અન્તર્મુહૂર્ત્ત પછી એ જ વર્ણના અનેક જીવો ઉત્પન્ન થાય છે. અનેક મક્ષિકાઓએ મુખથી વમન કરેલું અને પુષ્કળ મૃત્યુ પામેલા કીડાઓએ યુકત એવું **મધ** પણ ( મુખ બહાર કાઢેલા ) થુંકની જેમ તિરસ્કૃત છે. એનો સ્વાદ

માત્ર પણ વર્જવો. વળી અંજીર, પીપળો, ઉંબરો, વડ અને ટીંબરુ–આ **પાંચ વૃક્ષના ફળ** કૃમિયુક્ત હોય છે તે પણ કદિ ન ખાવાં. વળી **રાત્રીભોજન** વર્જવું. એનું કારણ એ કે એમાં સેંકડો દોષ જેવાં કે વમન વગેરે રહેલા છે. તિર્યંચ જ રાત્રીભોજન કરે, મનુષ્ય તો ન કરે. રાત્રીએ જ ભોજન કરવાનાં વ્રતને મિષે કે કોઈ બીજે મિષે જેઓ રાત્રીભોજન કરે છે એઓની અવશ્ય અધોગતિ થાય છે એમ જિનભગવાનનું વચન છે. પ્રાયઃ પશુ પણ રાત્રે ચારો ચરતા નથી તો પછી રાત્રીભોજન કરનારા મનુષ્ય એમનાથી યે અધમ કહેવાય. વળી સમસ્ત કંદજાતિ, તથા કુમારી આદિનાં નવાં પલ્લવ વગેરેને સૂત્રમાં **અનન્તકાય** કહ્યાં છે માટે એ પણ વર્જવાં. અનન્તકાયના સૂચિના અગ્રભાગ જેટલા શરીરને વિષે પણ અનન્ત સૂક્ષ્મ જંતુઓ હોય છે એમ જ્ઞાનીનું વચન છે. જેઓના પર્વ, શિરા અને સંધિ પણ ગૂઢ હોય છે એઓ, જેમ વળી છેદ્યાં છતાં પુનઃ પણ ઊગે છે એવાં વૃક્ષો–આ બધાં અનન્તકાય છે. **અન્ય અભક્ષ્યો** પણ જિનાગમમાં દોષયુક્ત કહ્યાં છે માટે ધાર્મિક ગૃહસ્થે સૌ વિષવૃક્ષનાં ફળની જેમ વર્જવાં; ન ખાવાં.

( ૩ ) ત્રીજું ગુણવ્રત ' અનર્થદંડવિરમણ ' નામનું છે. આર્ત્ત અને રૌદ્ર–એ બે દુર્ધ્યાન ( अ ) અપધ્યાન અનર્થદંડ છે. કોઈને હિંસાઉપકરણ આપવાં એ (आ) હિંસ્રાપ્રદાન અનર્થદંડ છે. પાપકાર્યોનો ઉપદેશ કરવો એ ( इ ) પાપોપદેશ અનર્થદંડ છે. પ્રમાદ સેવવો એ ( उ ) પ્રમાદાચરિત અનર્થદંડ છે. આ ચારે પ્રકારના દંડ અનર્થદંડ એટલા માટે કહેવાય છે કે એમ

કરનારો ગૃહસ્થ **વૃથા** દંડાય છે (પાપ વહોરે છે.) આ પાપથી દૂર રહેવાનું વ્રત એ અનર્થદંડ વિરમણવ્રત છે.

(क) અનિષ્ટ વસ્તુનો સંયોગ, (ख) ઇષ્ટ વસ્તુનો વિયોગ, (ग) વ્યાધિનો પ્રકોપ, અને (घ) નિદાન–આ ચાર આર્ત્તધ્યાનમાં કારણો છે. (क) અગ્નિ, શસ્ત્ર, વિષ, વ્યાધાદિ ક્રૂર પ્રાણીઓ, શત્રુ, દૈત્ય, ખળપુરુષો આદિ અનિષ્ટનો યોગ એ પહેલું કારણ. (ख) સ્ત્રી, પુત્ર, ભ્રાતા, પિતા આદિક, તથા અર્થ, રાજ્ય, સુખ આદિક–આ ઇષ્ટ વસ્તુઓનો વિયોગ–એ બીજું કારણ (ग) વાત, પિત્ત વાતજન્ય કુષ્ટ, કાશ, શ્વાસ, જ્વર આદિ વ્યાધિઓનો પ્રકોપ–એ ત્રીજું કારણ. (घ) સમૃદ્ધિપૂર્ણ રાજ્ય, ઉત્તમ ભોગ, સ્નેહાળુ પત્ની, પુષ્કળધન–આ બધાં કેમ મળે એ પરત્વે વિચારપરંપરા એ ચોથું કારણ.

જેમ આર્ત્તધ્યાન ચાર કારણને લઇને થાય છે તેમ રૌદ્રધ્યાન પણ ચાર પ્રકારે થાય છેઃ (A) પ્રાણ ગયેલા, પીડાયલા કે ચગદાઈ ગયેલા જન્તુઓને જોઈને હર્ષ થવો એ હિંસારૌદ્ર નામનું રૌદ્ર ધ્યાન. (B) વિઘ્નકારી માર્ગ ઉપદેશને કે કૂડી કલ્પનાઓ કહીને લોકોને ઠગીને હર્ષિત થવું એ મૃષારૌદ્ર નામનું રૌદ્રધ્યાન. (C) ચોરીની ઇચ્છા, ચોરી કરીને પ્રમુદિત થવું અને ચોરી આણેલા ધનથી ચિત્તમાં સંતોષાવું–એ ચૌર્યરૌદ્ર (D) તીક્ષ્ણ શસ્ત્રાસ્ત્રો વડે શત્રુનો નાશ કરી, એનાં ગામનગર ભાંગી ઉપાડી આણેલા દ્રવ્યનું રક્ષણ કેમ કરવું ઇત્યાદિ ચિન્તા કરવી એ સંરક્ષણાનુબન્ધિ રૌદ્રધ્યાન.

આ બેઉ પ્રકારનાં અપધ્યાન–દુર્ધ્યાન સર્વે પાપોનું મંદિર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે; માટે નરકના કલેશોનો ભય હોય એણે એને શલ્યવત્ દૂર કરવા. ( अ )

સ્નેહીજન સિવાય બીજા કોઈને મૂશળ, હળ, યંત્ર, શસ્ત્ર આદિ આપવાં નહિં ( आ )

પોતાના પુત્રાદિક સિવાય અન્ય કોઈને વન છેદી નાંખવાની, ખેડ કરવાની, કે બળદ આદિક ભાડે ફેરવવાની પાપની શિખામણ દેવી નહિં. ( इ )

દ્યૂત રમવું, મદ્યપાન કરવું મેષ આદિક લડાવવા, આન્દોલન એટલે હિંડોળે હિંચકવું, ભોજન–સ્ત્રી–રાજ્ય–દેશ–વિષયક વિકથા કરવી, નાટકચેટક નીરખવાં, જિનમંદિરમાં આહાર કરવો–નિદ્રા લેવી–થૂંકવું, કલહ કરવો–વાણિજ્યાદિ કથા કરવીઃ આ બધું પ્રમાદાચરણ છે એ સર્વ ત્યજવું ( ऊ )

હવે આવ્યાં ચાર શિક્ષાવૃત.

( I ) પહેલું ' સામાયિક ' ગૃહસ્થ દુર્ધ્યાન અને સાવદ્ય કાર્ય ત્યજીને એક મુહૂર્ત્ત પર્યંત શુભધ્યાન અને સમભાવમાં રાખે–એ સામાયિક વ્રત બહુ બહુ સમયે કે ગાઢ તપશ્ચર્યા વડે પણ જે કર્મ જીવ ખપાવી શકતો નથી તે કર્મસમૂહ તે સામાયિક આચરે તો ખપાવી નાખે છે.

( II ) બીજું ' દેશાવકાશિક ' ' દિગ્પરિમાણ વ્રત ' માંના દિશાઓના ' માન 'ને દિવસના ભાગમાં તેમ જ રાત્રીના સમયમાં પુનઃ અલ્પ કરવું. મર્યાદા ઘટાડવી–એ દેશાવકાશિક વ્રત, એ વ્રત પણ સુકૃતનું કારણ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(III) ત્રીજું 'પૌષધ' ચાર પર્વતિથિએ સર્વ આહાર, અંગસત્કાર, બ્રહ્મચર્ય અને વ્યાપાર–આ બધું વર્જવું એનું નામ પૌષધ વ્રત. આ વ્રત સંસારરૂપી મહાવ્યાધિનું ઔષધ-રૂપ ગણેલું છે. ગૃહસ્થ જેટલો કાળ આ વ્રતનું વિધિપુરઃસર સેવન કરે તેટલો કાળ એ ચારિત્રવાન્–સાધુ–તુલ્ય ગણાય છે.

(IV) ચોથું 'અતિથિસંવિભાગ વ્રત.' અતિથિને ભોજન, વસ્ત્ર, આવાસ, પાત્ર આદિ વસ્તુઓ આપવી એ આ અતિથિસંવિભાગ વ્રત. નિર્મળ અન્તઃકરણ, શ્રેષ્ઠ લક્ષ્મી અને ઉત્તમ પાત્રનો યોગ–આદિ રત્નત્રયી પામીને જેઓ દાનને વિષે તત્પર રહે છે એઓનું દ્રવ્ય કદિ ખૂટતું નથી.

આવો સમ્યક્ત્વમૂલક અતિનિર્મળ શ્રાવકધર્મ યતિ-ધર્મની પેઠે નિશ્ચયે મોક્ષ પ્રાપ્ત કરાવે છે. જે કૃતકૃત્ય ગૃહસ્થ એનું નિરતિચારપણે પાલન કરે છે એ ભીમકુમારની જેમ સાંસારિક સુખનો તેમ જ મોક્ષસુખનો પણ ભોક્તા થાય છે.

એ ભીમકુમારનું વૃત્તાન્ત આ પ્રમાણે છેઃ—

આ જ જમ્બૂદ્વીપના એકલા કલ્યાણમય એવા ભરતખંડમાં કમલપૂર નામનું અતિ સમૃદ્ધ નગર હતું. ત્યાં શ્રીઅર્હત્ ભગવાનના મંદિરો પર નિશદિન ધ્વજાઓ ફરકી રહી હતી–તે જાણે શ્રાવકોને જિનપ્રભુને વંદન કરવા આવવાને બોલાવી રહી હોયની! ત્યાં સ્વર્ગના અધિપતિ સુરેન્દ્ર સમાન **હરિવાહન** નામનો ભૂપતિ રાજ્ય કરતો હતો. આશ્ચર્ય એટલું જ કે એનામાં ઇન્દ્રની જેમ **દાનવારિત્વ**[1] નહોતું. એની તીક્ષ્ણ ખડ્ગધારાથી

૧. દાનવારિત્વ=(૧) દાનવોની સાથે અરિત્વ–શત્રુવટ ઇન્દ્રને

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પરાભવ પામેલા શત્રુઓની સ્ત્રીઓના નેત્રજળ–અશ્રુથી ઉત્પન્ન થતો પૃથ્વી પર સર્વત્ર પ્રસરતો તથા એની સેવા ન સ્વીકારનારાને વિષે શૈત્ય ઉત્પન્ન કરતો–એ કોઇ નવી જાતનો[1] એનો પ્રતાપાગ્નિ હતો.

આ હરિવાહન રાજાને માલતીલતાના જેવી સુકોમળ **માવતી** નામની પટ્ટરાણી હતી. શીલરૂપી સુગન્ધથી મનહર એવી એ રાણીને વિષે રાજા નિત્ય ભ્રમરસમ વિલીન–આસક્ત રહેતો. એને વળી **વિમળબોધ** નામનો આસ્તિકશિરોમણિ મંત્રી હતો. બુદ્ધિવિષયે બૃહસ્પતિની પણ એની સાથે તુલના ન કરી શકાય કારણ કે એનું ( બૃહસ્પતિનું ) નાસ્તિકતા–અશ્રદ્ધા અવિશ્વાસ[2] એ જ સૂત્ર છે.

માલતી રાણી સંગાથે સંસારસુખ ભોગવતાં અનુક્રમે હરિવાહન રાજાને એક પુત્રરત્ન સાંપડયું. ભવિષ્યમાં એ ભીમની પેઠે ગમે એવા બલિષ્ટ પુરૂષથી પણ અજિત રહેશે એમ સમજીને જ હોયની એમ પિતાએ પુત્રનું **ભીમ** એવું નામાભિધાન પાડયું. આ અરસામાં મંત્રીને ત્યાં પણ પુત્રોત્પત્તિ થઇ: સ્વા-

---

હતી; ( ૨ ) દાનનું વારિત્વ-નિવારિત્વ–અટકાયત હરિવાહનમાં નહોતી. એ સૌ કોઇને દાન આપતો.

૧. સાધારણ અગ્નિ જળમાંથી ઉદ્‌ભવે નહિ, તેમ એનાથી ટાઢ વછૂટે નહિ. પણ આ રાજાનો પ્રતાપ–અગ્નિ એ બેઉ બાબતોમાં ઉલટો–માટે નવી જાતનો.

૨. બૃહસ્પતિના નીતિ–શાસ્ત્રનો સાર ' अविश्वासः–કોઇનો વિશ્વાસ ન કરવો ' એમ છે ( बृहस्पतिरविश्वासः ).

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મિને ત્યાં વૃદ્ધિ થાય તો સેવકને ત્યાં પણ થાય છે એવો પરંપરાનો ક્રમ છે. મંત્રીએ પણ પુત્રનું મહોત્સવપૂર્વક **મતિસાગર** એવું નામ પાડયું.

હવે રાજકુમાર ભીમ અને મંત્રીપુત્ર મતિસાગર બેઉ સત્વ મહત્વ આદિક ગુણોમાં સમાન હોઇને એમના વચ્ચે રામ-લક્ષ્મણના જેવી પ્રીતિ થઇ. વળી બે સહોદર ભાઇઓની જેમ એઓ ભોજન આદિક સાથે કરતા હોઇને એ પ્રીતિમાં બહુ વૃદ્ધિ થઇ.

कुमारयोरतिस्फारं शास्त्रं दृष्ट्वाभियोगतः ।
तत्स्पर्धयेव पुस्फोर शस्त्रं मात्राधिकं ध्रुवम् ॥

અનુક્રમે એઓએ યૌવનાવસ્થાને વિષે પ્રવેશ કર્યો અને એ અવસ્થાને સુલભ એવા શરીર સૌન્દર્યના સાન્નિધ્યને લઇને અનંગ-મન્મથનો રૂપમદ ઉતરાવ્યો. વળી બેઉની જોડી હોવાથી એકત્ર ગમનાગમન હોવાથી બેઉ જાણે અશ્વિનીકુમારોની જોડી હોયની એવા દેખાવા લાગ્યા. વળી ભીમકુમારનું પરાક્રમ જોઇને અને મતિસાગરનું બુદ્ધિબળ જોઇને લોકોના અન્તઃકરણ પણ પ્રત્યેક તરફ આકર્ષાયાં.

એકદા બેઉ યુવકો રાજા સભા ભરીને બેઠો હતો ત્યાં એના દર્શનાર્થે ગયા અને ઉપાસનાપૂર્વક એના ચરણમાં નમી એક બાજુએ બેઠા. પુત્રોની એવી ભકિત જોઇ રાજા અને પ્રધાનના મનમાં તો એમ જ થયું કે આપણાં પૂરાં ધન્યભાગ્ય કે આવા ભકિતમાન પુત્રો આપણને મળ્યા છે. વળી મંત્રીએ તો

બઉને ઉદ્દેશીને કંઇ શિક્ષારૂપ બે શબ્દો કહેવાનું પણ દુરસ્ત ધાર્યું. એણે કહ્યું—પ્રિય કુમારો, તમે સર્વ વાતે નિપુણ છો તો પણ હું સ્નેહને લઇને તમને કહેવા ધારું છું તે ધ્યાનમાં રાખજોઃ—

गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः । માણસનું ગૌરવ એના ગુણને લઈને છે, એમાં કંઇ જાતિ કે વય જોવાતી નથી. રત્ન લઘુ છતાં અમૂલ્ય છે, પાષાણ ઘણા યે મ્હોટા છે પણ એ એવા નથી. ઉત્તમ પાણીદાર મુક્તાફળનો હાર પણ ગુણ ત્યજે એટલે હૃદયથી ઉતરે છે, માટે ગુણ પ્રાપ્ત કરવા આગ્રહ રાખવો. બીજું, આ **યૌવન** છે તે માણસને વગર મદ્યે ઉન્મત બનાવે છે, વગર પડળે અન્ધ બનાવે છે અને વિનામૂર્છા અચેતન બનાવે છે; માટે જ યૌવનના મદમાં છકેલા મનુષ્યો વિવેકાવિવેક જાણતા નથી, એટલું જ નહિં પણ કુમાર્ગે સંચરે છે. યૌવન એકલું જ આમ નાનાવિધ અનર્થોનું મૂળ છે, એમાં જો ઐશ્વર્ય ભળ્યું તો પછી તો 'અનલ' અને 'અનિલ' (અગ્નિ અને પવન)ના સંયોગ જેવું થાય છે! વળી આપણી પાંચે ઇન્દ્રિયો વિકારને વશ છે એ વિકાર પામતા આપણને ઉપાડીને પરસ્ત્રીગ્રહણરૂપ હડ–બેડીમાં ન નાખે એ ધ્યાન રાખવું; એમ કરતાં એઓ એ એકદમ અટકાવી. **વિષય** સ્ત્રીસમાગમ વિષ જેવો છે. ફળની ઇચ્છા વિના એટલે કે સંતતિની અભિલાષા વિના એ સમાગમ કરવો જ નહિ[2] કારણ કે વિષયમાં અત્યાસકત મનુષ્યોનું જીવન નષ્ટ જ થાય છે

૧. સરખાવોઃ-यौवनं धनसंपत्तिः प्रभुत्वमविवेकिता । एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥ ૨. સરખાવોઃ प्रजायै गृहमेधिनाम् । રઘુવંશ. ૧.૭.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળી લક્ષ્મી છે તે વેશ્યા જેવી છે, એ ગમે એવા ચતુરને પણ પોતાને આધીન-વશ કરી લે છે. એમ ન થવા દેવું જોઇએ. એને જ વશ કરવી જોઇએ. અને પુણ્યને યોગે જે એમ કરે એને જ ખરો ડહાપણદાર સમજવો. કામ ક્રોધ આદિક **અભ્યંન્તર શત્રુઓ** પણ વિષમ છે. એઓને પણ નિયમનમાં રાખવા. એમ ન કહીએ તો એઓ કાળસર્પની જેમ વિક્રિયા કરે છે. બાહ્યશત્રુનો પરાજય કરે પણ આ અન્તરંગ શત્રુઓને ન જીતે તે પરાક્રમી ન કહેવાય; માટે આ કામ આદિક કે જે મોહરાયના સુભટો છે એમને બુદ્ધિવડે જીતવા જ જોઇએ. તમે રાજકુમાર છો, અધિકારીના ફરજંદ છો એટલે તમને અનેક પ્રકારની ક્રીડા ઈષ્ટ હોય, છતાં એ ક્રીડાઓને પીડા જેવી સમજી દૂર કરવી અને સમગ્ર કળાઓ તથા રાજનીતિનું રહસ્ય તમારા પોતાના નામની જેમ સ્મરણમાં રાખવાં. સજ્જન પુરુષોનું રક્ષણ, ખળપુરુષોનો ઉચ્છેદ, ન્યાયાચરણ, પ્રજારંજન અને કોષવૃદ્ધિ—આ પાંચ રાજ્યરૂપી વૃક્ષનાં મૂળ છે. યોગ્યસ્થળે વસવાટ, મહાઉત્સાહ, ચાતુરી, રાજની કૃપાદૃષ્ટિ, અને સરલતા આ પાંચ દ્રવ્યવૃદ્ધિનાં કારણભૂત છે. દયા, નિઃસ્વાર્થતા, વિવેક, (રાજ્યમાં) યોગ્ય પુરુષોનો સંગ્રહ, દાન, સત્યતા અને ઉપકાર—આ બધી પૃથ્વીપતિ રાજાઓની આવશ્યક કરણી છે. છ યે દર્શનોના દેવ, ધર્મ આદિ તત્ત્વોનું પ્રતિદિન શ્રવણ કરવું અને પોતાના આર્હત્ ધર્મનું પરિપાલન કરવું. કુમારો, વિશેષ શું કહેવું ? તમે તમારા અલૌકિક ગુણોથી તમારા પૂર્વજો કરતાં ચઢી જાઓ એવું વર્તન રાખજો.

મંત્રીનાં આ શિક્ષાવચનો બેઉ યુવાનોએ રહસ્યની જેમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હૃદયમાં ધારણ કર્યાં. આવાં હિતવચનો અને તે પણ ગુરુજનના મુખમાંથી નીકળેલા—એનો કયો ડાહ્યો પુરુષ સ્વીકાર ન કરે ?

એટલામાં રાજોદ્યાન–બગીચા–ના માળીએ આવીને વધામણી આપી કે–હે પ્રભુ, આપણા બગીચામાં ( કયાંકથી ) ગુરુજી પધાર્યા છે. એ હર્ષદાયક સમાચાર સાંભળી આશમિકને સંતોષી હરિવાહન ભૂપતિ સકળ સભાજનો સહિત પ્રફુલ્લવદને ગુરુના દર્શનાર્થે ઉદ્યાન ભણી ચાલી નીકળ્યો. પાંચ અભિગમ સાચવી બગીચામાં પ્રવેશ કર્યો ત્યાં **અભિનન્દસૂરિ** એની દૃષ્ટિએ પડયા. ધર્મના નિધાન હોયની એવા એ ગુરુરાજને ભક્તિપૂર્વક ત્રણ વાર પ્રદક્ષિણા દઈ પ્રણમી શ્રીજિનભગવાન સમીપ શકેન્દ્ર બેસે એમ ભૂપતિ પુત્રસહવર્ત્તમાન એમની સન્મુખ બેઠો. સકળ આગમના પારગામી એવા ગુરુરાજે પણ સમગ્ર પર્ષદાને ચન્દ્રમાની કળાની જેમ પુણ્યામૃત વર્ષાવતી દેશના આપી :

પૃથ્વી પર જેમ કલ્પદ્રુમ દુર્લભ છે, મરુભૂમિમાં જેમ ક્ષીરસમુદ્ર દુર્લભ છે તેમ આ સંસારમાં માનવભવ પ્રાય : દુર્લભ છે. એવો દુષ્પ્રાપ્ય મનુષ્ય જન્મ પામી ચારિત્ર–ત્યાગદીક્ષા આદરવા યોગ્ય છે. પણ એ ન બની શકે તો સમ્યક્ત્વમૂલક દ્વાદશ વ્રતસહિત શ્રાદ્ધધર્મ અંગીકાર કરવો ઇષ્ટ છે. જિન-ભગવાન એ જ દેવ, જિનપ્રભુના સાધુ એ જ ગુરુ, અને દયામય જ ધર્મ—આ પ્રમાણેની દૃઢ શ્રદ્ધા એ ' સમ્યક્ત્વ ' અને અહિંસા આદિક ( બાર ) વ્રત છે. લોકો તો સાધારણતઃ મિથ્યાત્વરૂપી વિષે ગ્રસેલા છે. એઓને સમ્યક્ત્વરૂપી પીયૂષનું યથેચ્છ પાન કરવાનું ન મળે તો એમનામાં ચૈતન્ય કયાંથી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવે ? સંસારી પ્રાણીઓ ભવરૂપી દાવાનળમાં બળી રહેલા છે એમને શ્રીજિનોપદિષ્ટ ધર્મરૂપી અમૃતના સમુદ્રમાં અવગાહવાનું ન મળે તો શાન્તિ કયાંથી થાય ? પ્રાણીને દુર્ગતિએ લઈ જનારાં રાજ્ય આદિક તો સુપ્રાપ્ય છે, દુષ્પ્રાપ્ય તો મોક્ષસુખ અપાવનારું ધર્મરત્ન જ છે.

ગુરુશ્રીનો એ ઉપદેશ સાંભળી રાજકુમારે અને મંત્રીપુત્રે સમ્યક્ત્વસહિત શ્રાવકધર્મ અંગીકાર કર્યો. બેઉ યુવકોને ગુરુના ઉપદેશની સચોટ અસર થઈ રાજા અને અમાત્ય પણ બહુ હર્ષ પામ્યા. ગુરુએ પણ કુમારોને સંબોધીને કહ્યું—તમે આ ગ્રહણ કરેલા ધર્મનું લેશ પણ શંકા આદિક દોષવિના અનુપાલન કરજો. કારણ કે મંત્રાદિકમાં પણ જો સંશય ઉત્પન્ન થાય છે તો એ કદિ પણ ફળીભૂત થતો નથી. કુમારોએ ગુરુનું આ કથન પણ ચિત્તને વિષે ધારણ કર્યું અને રાજા પ્રધાન આદિ સૌની સંગાથે ઘેર ગયા.

હવે ભીમકુમારના સચ્ચરિત જેમ જેમ પ્રસિદ્ધિમાં આવતાં ગયાં તેમ તેમ એની કીર્તિ પણ ચોદિશ વિસ્તરતી ગઇ; પલ્લવાદિના પ્રફુલ્લિત થવાની સાથે બાગબગીચાની શોભા વધુ વિસ્તાર પામે છે એમ.

એકદા આ રાજપુત્ર, પોતાના મહેલમાં બેઠો હતો એવામાં શરીરધારી કળાઓનો સમૂહ હોયની એવો કોઈ કાપાલિક યોગી એની પાસે આવી ચઢ્યો. એના મુખ પર શાન્તિ છવાઇ રહી હતી, મસ્તક પર જટા શોભી રહી હતી, હસ્તને વિષે ત્રિશૂળ સ્ફુરી રહ્યું હતું અને સર્વ અંગોને વિષે કાન્તિ ઝળહળી રહી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતી. આમ એ જાણે સાક્ષાત્ રૂદ્રનો અવતાર હોયની એવો દીસતો હતો. આવીને એણે કુમારને આદરપૂર્વક આશીર્વાદ આપ્યો. કુમારે પણ એને બેસવા આસન આપ્યું ત્યાં એ બેઠો, અને એની બાળસૂર્યના જેવી અત્યન્ત સૌમ્ય દેહપ્રભા જોઇને આશ્ચર્યમગ્ન થતો કહેવા લાગ્યો—રાજપુત્ર, ચંપાનું વૃક્ષ બહુ દૂર હોય તો યે એના ઉદાર સૌરભ એટલે સુવાસિતપણાને લઇને એનું અસ્તિત્વ વર્તાઇ આવે છે તેમ તું પણ દૂર રહ્યો છતાં તારા વિસ્તૃત ઉપકાર ગવાઇ રહ્યા હોવાને લીધે તું અમારાથી અજાણ્યો રહ્યો નથી. કીડા જેવું **નિરર્થક** અને ખેદમયું જીવન ગાળનારા તો ઘણા યે જન્મે છે પણ **સાર્થક** જન્મ તો એવાનો જ કહેવાય કે જે વિના પ્રતિબંધે ઉપકારના કાર્યો કરવામાં જ મચ્યો રહેતો હોય.

गत्वान्तर्दशनं तनोति शुचितां गव्यादिकुक्षिस्थितं
दुग्धीभूय जगद् धिनोति नयति ध्वंसं क्षुधां पाशवीम् ।
शीतार्चं विदलत्यवत्यरिगणात् प्राणान् परार्थेष्विति
प्रौढं चेत्तृणमप्यहो ननु तदा वाच्यो महीयान् किमु ॥

" દાંત પર ઘસતાં દાંત સ્વચ્છ કરે છે; ગાય આદિ-પશુઓના પેટમાં જાય છે તો એઓને તો તૃપ્તિ કરે છે પણ ઉપરાંત દૂધ બની બહાર આવી જનસમૂહને પણ પોષે છે; શીત આદિકનું નિવારણ કરે છે, (મુખમાં ધારણ કરતાં) શત્રુથકી પ્રાણ બચાવે છે—એવું તૃણસરખું પણ એમ પરોપકારી છે તો પછી એનાથી જે અધિક હોય એનું તો શું જ કહેવું."

ક્ષત્રિયકુમાર, તું અવરનાં કાર્યોમાં નિરન્તર કટિબદ્ધ ઊભો જ છો—એમ લોકોને મુખેથી સાંભળી હું મારા કાર્યની સિદ્ધિને અર્થે તારી પાસે આવ્યો છું, તો સાવધાનપણે સાંભળ—

**ભુવનક્ષોભિણી** નામની એક પ્રકારની અવદ્ય વિદ્યા છે જેનું મેં બાર બાર વર્ષ પર્યન્ત સેવન કર્યું છે. એ વિદ્યા હમણાં મારી પાસેથી જતી રહી છે. એટલે મારે એ પુનઃ સાધવી પડે એમ છે અને એમાં તારા સાન્નિધ્યની જરૂર છે; જેમ પુષ્કળ અંકુરા ફુટવાને માટે ધારાબદ્ધ વરસાદની આવશ્યકતા છે તેમ. જો આવતી કૃષ્ણ ચતુર્દશીના રોજ તું મારો ઉત્તરસાધક થા તો મારી એ વિદ્યા શરીરધારી સિદ્ધિની જેમ સિદ્ધ થાય એમ છે. મારી વિદ્યા સિદ્ધ થશે એટલે હું પણ તારો કંઇક તો પ્રત્યુપકાર કરીશ કારણ કે કૃતજ્ઞ પુરુષો પ્રત્યુપકાર કર્યા વિના રહેતા નથી.

પાખંડી કાપાલિકનું એ કહેવું સાંભળી દાક્ષિણ્યગુણથી ભરેલા રાજપુત્રે એને સહાય કરવાને કબૂલ કર્યું; કારણ કે કલ્પદ્રુમની જેમ મહા-પુરુષો પણ કોઇની પ્રાર્થનાનો ભંગ કરતા નથી.

હવે કૃષ્ણ ચતુર્દશીને દશ દિવસની વાર હતી. એ દશે દિવસ કાપાલિક વિચારપૂર્વક રાજકુમારની પાસે જ રહ્યો અને એનું વિવિધ પ્રકારે મનરંજન કરવા લાગ્યો. રોજ મંત્રજંત્રની અને કળાઓની મ્હોટી મ્હોટી વાતો કરીને એણે કોઈ માયાવી-ની જેમ એને અત્યન્ત મોહ પમાડ્યો.

પણ આ બધું જોઈ વિચાર કરતાં મંત્રીપુત્રને કાંઇ અશુભ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિણામની આગાહી થઇ આવી એટલે એણે રાજકુમારને મિત્રભાવે કહ્યું–મિત્ર, તારા જેવા ઉજ્જવળ આચારવિચારવાળાને આવા મલિનાત્મા પાખંડીની સંગતિ કોઇ રીતે યોગ્ય નથી. તેજસ્‌ને અને તમસ્‌ને સહવાસ કેવો ? શિષ્ટજનો પણ દુષ્ટોના પ્રસંગથી દુષ્ટ થઈ જાય છે. ગમે એવું નિર્મળ જળ કાદવના સંસર્ગથી કલુષિત થઇ જાય છે એ શું તું નથી જાણતો ? વળી પાખંડીના સંપર્કથી તારું સમ્યક્ત્વ વ્રત પણ ભંગ થશે. હરકોઇ ઉત્તેજક આસવોના સંમિશ્રણથી અમૃત જેવાનો પણ પ્રશમ ગુણ જતો રહે છે એ કોનાથી અજાણ્યું છે ?

મતિસાગર પોતાનો પરમ મિત્ર છે અને એ કહે છે એ સર્વ નિઃસ્વાર્થપણે અને પોતાના હિતાર્થે કહે છે એમ સમજતા છતાં ભીમકુમારે આક્ષેપપૂર્વક કહ્યું–પ્રિય મિત્ર, કુસંગતિથી સુબુદ્ધિની કુબુદ્ધિ થઇ જાય છે એ તારું કહેવું યુક્તિમત્‌ નથી. વિષધર અજગરને મસ્તકે રહેવાથી મણિ શું કદિ વિષમય થઇ જાય છે ? માણસ શિષ્ટ કે દુષ્ટ હોય એ કુદરતથી જ હોય છે, કોઇના સંયોગથી એવો બનતો નથી. વસ્ત્રને એક જ છેડે કંકર સાથે બાંધેલો મણિ શું બદલાઇ જાય છે અને કંકરરૂપ થઇ જાય છે ? વળી કુસંગતિથી નષ્ટ થઇ જાય એ સમ્યક્ત્વ કેવું ? તમસ્‌થી અવરાઇ જાય એ તેજસ્‌ તેજ જ ન કહેવાય.

મતિસાગરે સ્મિતપૂર્વક કહ્યું–પ્રિય વયસ્ય, આ તારી દલીલો અદ્‌ભુત છે, એ મારી દલીલોને કોઇ રીતે તોડી શકતી નથી. જીવ છે તે સ્ફટિક જેવો છે. જેમ જે વર્ણના દ્રવ્ય સાથે સ્ફટિકનો સંયોગ થાય છે તે જ સ્ફટિકનો વર્ણ થઇ જાય છે તેમ જીવનું પણ સમજવું; માટે આ દુષ્ટની સંગતિ અયોગ્ય છે.

ભીમકુમારે એ વાતનો અંગીકાર કર્યો.

પણ ચતુર્દશી આવી પહોંચી અને રાત્રી પડી એટલે વચને બંધાયલો હોઇને ભીમકુમાર એક તીક્ષ્ણ ખડ્ગ સાથે રાખી કાપાલિકની સાથે શ્મશાનમાં ગયો. ત્યાં એ કાપાલિકે એક અખંડ મંડળ આળેખી પૂજા કરી. પછી રક્ષાબન્ધનને મિષે કુમારના મસ્તક પર હાથ મૂકવા ગયો એટલે, ચતુર કુમાર તો ચેતેલો હતો તેથી એને એમ કરતાં અટકાવતો બોલી ઉઠ્યો– યોગીરાજ, તને ભય હોય તો તું જ રક્ષાબન્ધન કર અને તારૂં સાચવ. મારે તો બે રક્ષા છે, અન્તરમાં સત્વમયી અને બહાર શૌર્યમયી. સમર્થ પુરુષો તો મૃગેન્દ્ર–સિંહ જેવા હોય છે, એઓ અન્યથી રક્ષાવાનું ન્હાતા નથી, એમને અન્યની સહાયની દરકાર હોતી નથી. વળી મારું પોતાનું રક્ષણ હું નહિં કરી શકું તો તારું રક્ષણ કરવા આવ્યો છું એ હું કેવી રીતે કરી શકીશ ? માટે મારી ચિન્તા ન કર.

રાજપુત્રના એ વચનો સાંભળી કાપાલિક વિચારવા લાગ્યો– રક્ષાબંધન તો બ્હાનું માત્ર હતું, એનું મસ્તક તો હું એટલા માટે ગ્રહણ કરવા જતો હતો કે એ વધેરીને મારે કાલિકાની સન્મુખ પૂજાર્થે ધરવું હતું. પણ એ ચેતી ગયો એટલે એ હું લઇ શક્યો નહિં. તો હવે મારી શકિત ફોરવીને એને બ્હીવરાવી દઇ ઝટ લઇ લઉં. એમ વિચાર કરીને એણે એની કોઇ અજબ કળાવડે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. પર્વતના શિખરને સ્પર્શ કરે એટલું ઊંચું શીર્ષ, નગરના દરવાજા જેટલું પહોળું મુખ, ખાઈ જેટલા ઊંડા કર્ણ, રકત ગુંજાફળના ઢગલા જેવાં લાલચોળ નેત્ર, ફરકતી ધ્વજા જેવી વિસ્તૃત જિહ્વા,

દિશાઓના પ્રાન્તભાગ સુધી પહોંચતા ભુજદંડ, મ્હોટા સ્તંભ જેવા ઊરુ અને ખાંડણી જેવા સ્થૂળ ચરણ કરી, હાથમાં વિજળીની જેમ ચમકારા કરતી કર્ત્તની નચાવતો, પવનના સુસવાટા જેવા ઘોર નાદવડે ભીષણ વનચરોને પણ ભય પમાડતો, જાણે પૂર્ણ શત્રુવટ ધરાવતો કાળ જ હોયની એમ ક્રોધે ધમધમતો એકદમ ભીમકુમારની સમીપ આવી આક્ષેપપૂર્વક કહેવા લાગ્યો.

કુમાર, તું કંઇ સમજે છે? આ બધો દંભનો આડંબર મેં શા માટે કર્યો છે? ન સમજતો હો તો હવેથી સમજ કે મારે તારા જેવા બત્રીશલક્ષણા પુરુષનું મસ્તક જોઇએ છીએ. તે તેં મને સુખે ન લેવા દીધું તો હવે આ મારા તીક્ષ્ણ ખડ્ગવડે જબાર્દં કદલીસ્તંભની જેમ છેદીને લઇશ. મૃગલા જેવો રાંક મારા જેવા વાઘના પંજામાં સપડાયો છો એમાંથી તને બચાવે એવો જે તારો ઇષ્ટ દેવ હોય એનું સ્મરણ કર–એને બોલાવ.

કુમાર એની દુષ્ટ ચેષ્ટા સમજી ગયો એટલે એ પણ પોતાનું ખડ્ગ કંપાવતો ભ્રકુટી ચઢાવી ઉગ્રપણે બોલ્યો: તેં અત્યાર સુધી જેઓને કપટપૂર્વક છાગને મોતે માર્યા હશે એઓ નિશ્ચયે કાયર ષંઢ હશે. તું આજે હણવા તૈયાર થયો છે એ એક વીર છે, ગજેન્દ્ર સિંહ છે–એના પ્રાણ લેવા તને ભારે થઈ પડશે. તેં વિશ્વાસ ઉપજાવી અનેક હત્યા કરી છે એ તારા પાપનો ઘડો આજે પૂર્ણ ભરાઇ ગયો છે. આજે મારે હાથે તારો ઘાત થશે. તને હણીને હું જગત્‌ને નિર્ભય કરીશ.

આમ બોલતાં બોલતાં એ દુષ્ટનું ધ્યાન ચૂકાવી વાનરની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેમ કૂદકો મારી કુમાર એના સ્કંધ પર ચઢી બેઠો અને એનું જ મસ્તક છેદવા તત્પર થયો. પણ ત્યાં તો એને વિચાર થયો કે એ દશ દિવસ મારે ત્યાં રહ્યો છે એટલો મારો અતિથિ કહેવાય. વળી એ અનેક કળાઓનો નિધાનરૂપ છે. એવાં એવાં કારણોને લઇને એ અવધ્ય ગણાય. એવાને હણવો એ મહાપાપ છે, માટે મદોન્મત્ત મલ્લની જેમ એના પર મુષ્ટિપ્રહાર કરીને એને વશ કરું. એથી એ કદાચ પ્રતિબોધ પામશે તો શ્રી જિનપ્રભુનો ધર્મ આદરશે.

એમ વિચારીને રાજકુમારે એ દુષ્ટના મસ્તક પર પોતાની વજ્ર જેવી મુષ્ટિના પ્રહાર કર્યા; (હાથીનો) મહાવત અશિક્ષિત હાથી પર દૃઢ અંકુશના પ્રહાર કરે છે એમ. એ મર્મભેદી પ્રહારોને લઇને કાપાલિકને ક્ષણવાર મૂર્ચ્છા આવી ગઈ. પણ બીજે જ ક્ષણે એણે રાજકુમારના મસ્તક પર છૂટી છૂરી ફેંકી, પણ એ એને પહોંચે તે પહેલાં તો એકદમ સૂઝી આવવાથી ખડ્ગસહિત એ એના કૂવા જેવા ઊંડા કર્ણવિવરમાં પેસી ગયો. અને કાનખજુરાની જેમ પોતાના તીક્ષ્ણ નખવડે એના કાન ખોતરી ખોતરી મર્મભેદક પીડા ઉપજાવવા લાગ્યો. એટલે કાપાલિક બહુ મુંઝાયો અને મનમાં કહેવા લાગ્યો–મેં કાન પહોળા ઊંડા કર્યા તે મને પોતાને જ અનર્થકર્ત્તા થઇ પડ્યા કેમ કે એને લીધે આ ભીમે, દરમાં પેસીને ઊંદર દર જ ખોદવા માંડે છે એમ અંદર પેસીને એને જ ખોદવા માંડ્યા છે, એમ ચિન્તવન કરતાં એને પણ મતિ સૂઝી આવી અને એને કાનમાંથી બળ કરીને ખેંચી કાઢી કંદુકની જેમ ઉછાળી આકાશમાં ફેંકયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાળમાંથી છૂટેલા ગોળાની જેમ એ આકાશમાં બહુ ઊંચે પહોંચી ત્યાંથી મૂર્છાળુ અવસ્થામાં નીચે પૃથ્વી તરફ પડવા લાગ્યો. એટલામાં કોઈ યક્ષિણીની એ ભણી નજર ગઈ. આકાશમાંથી જાણે સૂર્યનું જ બિમ્બ પડતું હોયની એવા સ્વરૂપમાં એને પડતો જોઈ એણે એને અધવચ્ચે જ પોતાના કરસંપુટમાં ઝીલી લીધો, અને લક્ષ્મીના મંદિર જેવા પોતાના સ્થાન પ્રત્યે લઈ જઈ યોગ્ય શીતોપચારવડે એની મૂર્છા દૂર કરી. કુમાર સચેતન થયો એટલે આસપાસ નજર કરતાં દેવતાનાં પ્રાસાદ જેવો પ્રાસાદ અને દિવ્યશરીરી યક્ષિણીને જોઇ અત્યંત આશ્ચર્યમગ્ન થયો. પણ યક્ષિણીએ જ જાણે એના બેઉ કર્ણમાં અમૃતરસ ભરતી હોયની એમ મધુર સ્વરે, નીચે પ્રમાણે કહી એનું આશ્ચર્ય દૂર કર્યું:—

ભાગ્યશાળી યુવાન, આકાશ સાથે વાતો કરતા હોયની એવા ઊંચા શિખરોવાળો, દેવતાઓનાં પણ મનહર ક્રીડાસ્થળરૂપ, મેરુ સમાન સૌન્દર્યવાન્ આ વિન્ધ્યાચળ નામનો પર્વત છે. આ સમગ્ર શોભાએ યુક્ત વિકુર્વેલું મારું આવાસમંદિર છે. હું કમળા નામે યક્ષિણી છું અને અહિં ભોગ ભોગવવાની લાલસાએ રહું છું. અમારી—દેવીઓની અનિમેષ દૃષ્ટિ જાણે અમોને તારા જેવા સ્વરૂપવાનોનું લાવણ્ય સતત નીહાળ્યા કરવાને અર્થે જ બ્રહ્મા પાસે આગ્રહપૂર્વક વિરચાવી હોયની! તારું રૂપ નીહાળતાં જ અનંગ કામદેવની પાશમાં સપડાણી છું. વીરપુરુષ આ વખતે તું જ મારું શરણ છે. મને—શરણાગતને ઉગાર. કોઇ સ્ત્રી ઉઠીને કદિ પુરુષની પ્રાર્થના કરતી નથી તો ઉચ્ચતર એવી દેવીઓ તો શાની જ કરે? છતાં હું

( એક દેવી )તારી પ્રાર્થના કરું છું, માટે મારી અવગણના ન કરતો.

ઉત્તમ ચારિત્રવાન જીવ એવો ભીમકુમાર તો આ સાંભળી બહુ વિસ્મયપૂર્વક ચિન્તવવા લાગ્યો–ધિક્કાર છે ક્રૂર મન્મથની દુરાત્મતાને ! એ કેટલી હદે જાય છે ! દેવાંગના જેવી પાસે એક માનવી જેવાને ભોગવવાની ઇચ્છા કરાવ્યા જેવું નિન્દ્ય કામ કરાવે છે ! મન્મથ, તારાં કૃત્ય કેટલાં આશ્ચર્યકારી ! મ્હોટા મ્હોટાને તું અધમ બનાવે છે, એમનો અનુચિત સ્થાન પ્રત્યે રાગ કરાવે છે અને એમની પાસે મોહક ચાટૂક્તિઓ કરાવે છે !

નીચ કાપાલિકથી દુઃખ ભોગવવું પડયું તે સારું કેમકે એમાં શીલખંડન નહોતું. પણ આ સુખોપભોગ ભૂંડો. એમાં શીલવ્રતની મૂળમાંથી જ ઉન્મૂલનની વાત છે, માટે પ્રથમ આને વિશુદ્ધ ઉપદેશામૃતના રસનું પાન કરાવીને એને મન્મથનું વિષ ચઢયું છે તે ઉતરાવી નાંખું.

એમ વિચારી એણે યક્ષિણીને સંબોધીને કહ્યું–દેવી, તેં મારા પ્રાણનું પરિરક્ષણ કરીને પ્રાયઃ ધર્મ પ્રિયાપદ પ્રાપ્ત કર્યું છે, તેથી તને સત્ય હકીકત કહું છું તે સાંભળઃ—

મેં ગુરુ સન્મુખ પરદારા વિરમણવ્રત અંગીકાર કર્યું છે એ, તારી સાથે સમાગમ કરવાથી મદોન્મત્ત હસ્તીથી દુર્ગ ખંડિત થાય છે એમ, ખંડિત થાય અને વ્રત ખંડિત થયું એટલે આગામી ભવને વિષે નરકની ખાઈમાં જ સબડાવાનું. કાળકૂટનું પાન કર્યું એટલે નિઃસંશય યમરાજાનું જ તેડું,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મૃત્યુ આવીને ઊભું જ છે. જેટલું આયુષ્ય હોય એટલું સુશીલ આચરણ વડે નિર્ગમન કરીએ અને પછી ભલે ગમે ત્યારે મૃત્યુ આવે એ મૃત્યુ સારું, પણ કુશીલનું જીવન ભૂંડું. નિર્ધન સજ્જન શ્લાઘાને પાત્ર છે. દ્રવ્યવાન્ દુર્જન નહિં. વળી આ વિષયો વહ્નિની શિખા જેવા છે. કેમકે એઓનો પ્રસંગ મનુષ્યોના શીલાંગને બાળી ભસ્મસાત કરે છે. આ ચોરટા વિષયો જેનું શીલદ્રવ્ય હરી લઇ જઇ શકે છે એ પંડિત હોય તો એનું પાંડિત્ય રદ બાતલ છે, એ પરાક્રમી હોય તો એનું પરાક્રમ તૃણમાત્ર છે! કયાં તું દિવ્યરૂપ ધારિણી દેવી, અને કયાં હું મલિન માનવી જાત! કસ્તૂરી અને કાદવનો યોગ પ્રશસ્ય નથી તેમ આપણા બેનો યોગ પણ સ્તુતિને પાત્ર નથી, માટે દેવિ! ભોગની વાંછના ત્યજી દે. એ તો હિંસાની બ્હેન છે. શીલ સાચવી રાખ, એ દયાળુતા છે. વળી બીજું, તું જિન ધર્મ અંગીકાર કર, સમ્યક્ત્વવ્રત આદર. એજ જનતાને પ્રિય એવી મોક્ષલક્ષ્મીનું વશીકરણ છે, ત્યાં જ શ્રી અરિહંતના ધર્મરૂપી સામ્રાજ્યની લક્ષ્મી નિશદિન હર્ષપૂર્વક નિવાસ કરી રહી છે, ક્રીડા કરી રહી છે.

ભીમકુમારનાં એવાં એવાં વાકયામૃતથી યક્ષિણીનો સ્મરજ્વર સદ્ય શાન્ત થયો, એનું શીલ સચવાયું. એ કહેવા લાગી— મહાપુરૂષ, ઉન્મદક કહેવાય છે એવા યૌવનમાં પણ તેં ચારિત્રવાન યતિજનની પેઠે તારા શીલને અખંડિત રાખ્યું એથી તારો એકલાનો જ નહિં પણ મારો સુદ્ધાં આત્મા ઘાતકથી બચ્યો છે. વિશુદ્ધગુણી, તેં મને આવો રૂડો ઉપદેશ આપ્યો એથી તું મારા ગુરુને સ્થાને છો. એમ શ્લાઘાનાં અને ઉપ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારનાં વચનો કહી એણે એની પાસેથી દેહની શોભારૂપ એક અલંકાર હોયની એવું સમ્યક્ત્વ ગ્રહણ કર્યું.

હવે નિદ્રાનો સમય થયો. પરન્તુ એટલામાં કયાંયથી કોઇ બહુ મધુર સ્વર ભીમકુમારને શ્રવણગોચર થયો એટલે એ કયાંથી આવે છે એમ પૂછતાં કમળાએ કહ્યું—સાહસિક નર-વીર, આટલામાં સાધુઓ ચાતુર્માસી કરી રહેલા છે એઓ સ્વાધ્યાય કરતા હશે એનો આ ધ્વનિ છે.

એ સાંભળી ભીમને હર્ષ થયો અને બોલ્યો–કમળા, તારા પાડોશમાં ભવરૂપી વ્યાધિનું ઔષધ કરનાર ( વૈદ્ય ) મહર્ષિ-ઓ વસે છે એટલે તું નિશ્ચયે ધર્મજ્ઞ છો પણ પુણ્યના એક-ના એક આશ્રય જેવા એ સાધુઓને ઉપાશ્રય કયાં છે તે મને બતાવ, જેથી હું શેષ રાત્રી ધર્મધ્યાનમાં નિર્ગમન કરું. માનવ-સ્ત્રી કે સ્વર્ગની દેવી પણ રાત્રીને સમયે અંદર પ્રવેશ ન કરે એટલે એણે દ્વારથી દૂર ઊભા ઊભા કુમારને ઉપાશ્રય ચીંધ્યો.

મહર્ષિઓને રાત્રે પણ શુભ ધ્યાન, કાયોત્સર્ગ આદિ ક્રિયા-ઓમાં અપ્રમત્તપણે પ્રવૃત્ત રહેલા જોઇને રાજપુત્ર અત્યન્ત પ્રમુદિત ચિત્તે વિચારવા લાગ્યો. આ સાધુઓ ચિરકાળ ઉચિત મૈત્ર્યાદિ ઘટાવીને પોતાના અન્તઃકરણને સ્વચ્છ કરી, પછી વિશુદ્ધ અધ્યાત્મ શાસ્ત્રનું અધિષ્ઠાન કરી, યથેચ્છ ઉછળતા મહાન્ ચિદાનન્દના સાગર એવા પરબ્રહ્મમાં લીન થઇ જન્મ સફળ કરે છે, પણ આપણે તો વિષયરૂપ વિષના આવેશને આધીન છીએ એટલે આપણે પંકરૂપી સંકટમાં પડીએ છીએ એ જાણી શકતા નથી માટે ભવપરમ્પરાના ઉચ્છેદક અને મોક્ષ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લક્ષ્મીના સાધક એવા આ મહર્ષિઓના વચન કંઇક તો શ્રવણ-ગોચર કરૂં.

એમ વિચારી ભીમકુમાર હાથમાં રહેલા ખડ્ગને એક બાજુ ભૂમિ પર છોડી, મુનિવર્ગને નમી એમનો આશીર્વાદ ગ્રહણ કરી સંતુષ્ટ થઈ એમની સન્મુખ બેઠો. એવામાં મહિષવત્ એકદમ કૃષ્ણવર્ણા અને અતિદીર્ઘ, એવી એક ભુજા, જાણે ગગનશ્રીની વેણી હોયની એમ ઉપરથી ઉતરી. આ ભુજા કેવી, એ કયાંથી આવી, શા માટે આવી હશે–એવી રાજકુમારના પ્રશ્નપરંપરા મનમાં ઉઠી ત્યાં તો, એ, એનું ખડ્ગ પાસે પડ્યું હતું એ લઈ, ઉતરી એવી જ પાછી ઉપર ચઢવા લાગી. એ ખડ્ગ લઇને કયાં જાય છે એ જાણવાની ઇચ્છાથી કુમાર પણ વાનરની જેમ કૂદીને એના પર ચઢી બેઠો. (આકાશને વિષે) વંટોળીઆ જેવી ત્વરિત ગતિથી જતી એ દીર્ઘ ભુજા સ્ફુરાયમાન નીલિમારૂપ પૂરવાળા વિપુલ આકાશરૂપી સમુદ્રમાં એક નૌકા જેવી દેખાવા લાગી. વળી એ ભુજામાં રહેલી કુમારની શ્યામ અને દીર્ઘ ખડ્ગલતા પણ જાણે સ્વર્ગ-ગંગાની સાથે સ્પર્ધા કરવા જતી યમુના નદી જ હોયની એવી દેખાવા લાગી. ભુજા પર આરૂઢ થયેલો રાજપુત્ર પણ જાણે કોઈ વિમાનારૂઢ દેવ હોયની એવો દેખાવા લાગ્યો અને નીચે રહેલી પૃથ્વીની ચિત્રવિચિત્રતા જોઈ આશ્ચર્યમાં ગરકાવ થયો.

કેટલોક માર્ગ ઉલ્લંઘ્યા પછી કોઇ એક વનમાં કાલિકા-દેવીનો મઠ આવ્યો ત્યાં ભુજા ઉતરી અને ભુજા પરથી ભીમ પણ ઉતર્યો. મઠને મ્હોટાં મ્હોટાં અસ્થિઓની મ્હોટી દિવાલ, દિવાલ પર ખોપરીઓના કાંગરા, ઊંટના વાંકાચૂંકા અસ્થિઓનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દરવાજો, હસ્તીદંતોનું તોરણ, મૃતકોની વેણીઓની ધ્વજાઓએ યુક્ત અજાના ચામડાનો વિતાન અને પુષ્કળ રક્તથી મિશ્ર સર્વભૂમિ જોઇ કુમાર વિચારવા લાગ્યો—આ તે શું જુગુપ્સાનું ઘર છે ? કે ભયનો ક્રીડા પર્વત છે ? કે યમની રાજધાની છે ? કે આપત્તિઓનો આવાસ છે ? ત્યાં તો વળી ભીષણાકૃતિ, કપાળમાળાધારિણી, દેહધારી કાળરાત્રી જ હોયની એવી કાળિકા-દેવીની મૂર્તિ એની નજરે પડી. પૂર્વનો જ પેલો કાપાળિક એની પૂજા કરતો હતો અને એની સમીપમાં એક દીન માણસ દીન મુખમુદ્રાપૂર્વક ઊભો હતો. એ સર્વ નીરખી કુમાર તો આશ્ચર્યમાં પડ્યો. ત્યાં તો પેલી ભયંકર ભુજા આવી એણે કાપાળિકને ખડ્ગ સોંપ્યું અને એના શરીરમાં મળી ગઇ.

આ પાખંડી કોઇ સામાન્ય માણસ નથી, એ મારા ખડ્ગ-વડે શું કરે છે એ ગુપ્ત રહીને જોઉં—એમ વિચારી કુમાર પણ એક ખૂણામાં છુપાઇ રહ્યો.

પાખંડીએ તો કાલિકાની પૂજા કરી, ભુજાએ આણેલું કુમારનું ખડ્ગ લઈ પાસે ઉભેલા પુરુષના કેશ પકડી ક્રોધાય-માન થઈ કહ્યું—ચાલ, તારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે, તારા ભાગ્યયોગે તારો કાળ નજીક આવ્યો છે કારણ કે હું તારું મસ્તક વધેરીને આ દેવીની કમળપૂજા કરવાનો છું.

પેલા પુરુષે કહ્યું—સર્વ શરણાગતના શરણરૂપ એવા જિનપ્રભુ જ મારા એક શરણરૂપ છે. બીજું શરણ એ પ્રભુના અચળ ભક્ત અને પ્રચંડમાં પ્રચંડ પાખંડીઓનું પણ ખંડન કરવાને સમર્થ એવા ભીમકુમારનું છે. મેં બહુ બહુ વાર્યો

છતાં જેણે તારી સંગત મૂકી નહિં—એ નર જો અહિં હાજર હોય તો તારા ચૂરેચૂરા કરી નાખે.

ભીમકુમારનું નામ સાંભળીને તો ક્રોધે ધમધમતો પાખંડી કહેવા લાગ્યો—અરે ! એ ભીમનું મસ્તક જ મારે દેવીને ચઢાવવું હતું પણ એ તો કાયરની જેમ નાસી ગયો એટલે એને સ્થાને તને ઉપાડી આણ્યો છે. એ અત્યારે વિંધ્યાચળ પર મુનિજનની આગળ બેઠો છે એમ દેવી કહે છે. પરાક્રમના જીવન જેવું આ એનું જ ખડ્ગ છે. તારા શિરચ્છેદ માટે જ એ મેં અણાવરાવ્યું છે. બીજું તું તારા જિનદેવનું અને એ ભીમકુમારનું શરણ લે છે પરંતુ દૈવવત્ હું રૂઠ્યો છું ત્યાં એ બેઉ શું કરવાના ? એકયેમાં તારું રક્ષણ કરવાનું સામર્થ્ય નથી. એના કરતાં તો આ કાલિકાનું શરણું લીધું હોત તો એ કદાચ તને ઉગારત.

આવાં આક્ષેપનાં વચનો કહી પાખંડી જેવો શસ્ત્ર ઉગામવા જાય છે તેવો જ પરાક્રમી ભીમ બહાર પડ્યો અને તિરસ્કાર-પૂર્વક કહેવા લાગ્યો—અરે દુષ્ટ પાખંડી, તું શું બોલ્યો ? ભીમકુમાર નાસી ગયો એમ ? આ હું તારી સમીપમાં જ ઊભો છું, તારામાં સામર્થ્ય હોય તો પ્રહાર કર. કોઈ બળી-આને હણુ તો તારી શક્તિની ખબર પડે. પણ સર્વત્ર પશુ-ઓનું જ બળિદાન થાય છે, સિંહનો હોમ થતો નથી. મારો હાથ ઉપડશે ત્યારે તું કોણ માત્ર ? તારી દેવીનું પણ સામર્થ્ય ક્યાંઈ સંતાઇ જશે ! સિંહની ઝપટમાં આવેલા મૃગલાને છોડાવવાની કોનામાં તાકાત છે ?

એમ કહી એકદમ પ્રહાર કરી ભીમકુમારે એના હાથમાંથી પોતાનું ખડ્ગ પડાવી લીધું. પછી તો મલ્લે મલ્લનું યુદ્ધ અદરાયું. બેઉ વીરોના ચરણઘાતથી મહાવ્યથા થતી હોયની એમ ધરતી કમ્પવા લાગી. એમની ગર્જનાના પડછંદાને લઈને મઠ જાણે પોકાર કરવા લાગ્યો, સિંહ આદિ હિંસક પ્રાણીઓ જાગી ઊઠયાં અને મૃગલાં જેવાં તો ચોરની જેમ ચોદિશ પલાયન કરી ગયા. આ ઉદ્દામ સંગ્રામ બહુ ટકયો, એમાં બેઉનું પરાક્રમ વર્તાઈ આવ્યું. દરેકે જાણ્યું કે સામો હરીફ અસામાન્ય છે, કાચોપોચો નથી. અંતે પાખંડી પરાજિત થયો. ભીમે એને પાડી દીધો અને એની છાતી પર પગ મૂકી ભય દર્શાવવા ખડ્ગ ઉગામ્યું, અને કહ્યું કે—રે દુષ્ટ, કયાં ગયું તારું ઉગ્ર શૌર્ય ? કયાં જતી રહી તારી ચંડી કાલિકા ? બોલાવ એને કે આ કાળ જેવો ભીમ તારો જીવ લેવા આવ્યો છે એમાંથી તને બચાવે.

પોતાના દૃઢ ભક્તને પ્રાણસંકટમાં પડેલો જોઈ કાલિકા પ્રકટ થઈ અને રાજકુમારને કહેવા લાગી–વત્સ ભીમ, એને હણીશ નહિં, એ મારો પ્રિય ભક્તજન છે, એ હંમેશાં બત્રીશ લક્ષણા પુરુષોના મસ્તક વધેરી વધેરીને મારી કમળપૂજા કરે છે. આજે આ પુરુષના મસ્તકનું બલિદાન થઇ ગયું હોત તો, મેં માગેલી ૧૦૮ મસ્તકોની પૂજાની પૂર્ણાહુતિ થાત, અને એથી હું તુષ્ટમાન થઈ એને સિદ્ધ થાત અને એનાં સર્વ કાર્ય પાર પડત; પરંતુ એના દુર્ભાગ્યના યોગે તું આવી ચઢયો અને વિઘ્નરૂપ થયો. તેં મારી સમક્ષ મારા જ ભક્ત પર આક્રમણ કરી કોઇ દિવ્ય પુરુષની જેમ નિર્ભયપણે મંથન કર્યું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ તારું પરાક્રમ તને વીરશિરોમણિનું બિરુદ બક્ષે છે. તારા સત્ત્વથી હું તારા પર પ્રસન્ન થઈ છું, માટે યથેચ્છિત વર માગી લે. વળી આ કાપાલિકને જીવતો રાખ, એનો વધ ન કરતો. મોટાઓ કદિ ન્હાના પર શસ્ત્ર ન ઉગામે.

કાલિકાદેવીના આ શબ્દોએ ભીમકુમારના પ્રજ્વળતા ક્રોધાગ્નિ પર જળસિંચનનું કામ કર્યું. એ કંઈક શાન્ત થયો અને બોલ્યોઃ દેવી, જો તારે મારી પાસે તારું કહ્યું કરાવવું હોય તો તું પણ થોડું મારું કહ્યું કર. કારણ કે જ્યાં રાખપત ત્યાં રખાપત. તું આ તારી હિંસામય પ્રવૃત્તિ છોડી દે. જીવહિંસા લોકવિરુદ્ધ છે, શાસ્ત્રવિરુદ્ધ છે અને તને ન ઘટે. તારા જેવી પ્રધાનપદ ભોગવતી દેવી શું હત્યારી હોય? ચંદ્રકળા અમૃત વર્ષાવનારી છે. એમાંથી કદિ અંગારા ન ઝરે. અદ્યાપિ પર્યન્ત આ પાખંડી જ હત્યારો છે એમ મારી માન્યતા હતી, પરન્તુ અનેક જીવોનો વધ કરાવતી તું એના કરતાં ચઢી ગઈ. તારે લીધે જ આ કાપાલિક મનુષ્ય વધ કરે છે. એ જો તેં ન કરાવ્યા હોત તો એ કદિ ન કરત; કારણ કે સેવક હંમેશાં સ્વામીને આધીન હોય છે. તું દેવજાતિ–તારે કવલાહાર હોય નહિં એટલે તું માંસભોજન ન કરે. ત્યારે તારે માત્ર ક્રીડાર્થે જ શા માટે નિરપરાધી પ્રાણીઓની હત્યા વહોરવી જોઈએ? સામાન્ય જીવનો વધ પણ અનર્થકારી છે તો પછી ત્રૈલોક્યના રક્ષણહાર એવા મહંતોના વધનું તો શું જ કહેવું? વળી સાક્ષાત્ પુણ્યનું ફળ એવી દેવયોનિ તને પ્રાપ્ત થઈ છે છતાં તું પાપાચરણ કરી રહી છે એ તારો કઇ જાતનો વિવેક?



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે પાપરૂપી અન્ધકારની ઘોર અમાવાસ્યા જેવી આ હિંસા તું ત્યજી દે અને પુણ્યરૂપી પ્રકાશના સૂર્યોદય જેવી કૃપાળુતા સ્વીકારી લે.

ભીમકુમારના આ ઉપદેશે દેવીને સચોટ અસર કરી. એણે એના વચન અંગીકૃત કર્યાં, કાપાલિકને છૂટો કર્યો અને પોતાને સ્થાને જતી રહી.

હવે, દેવીનું બળિદાન થતાં ઉગર્યો એ બીજો કોઈ નહિં પણ કુમારનો પરમ મિત્ર મંત્રીપુત્ર મતિસાગર હતો. એને એણે પૂછયુંઃ વયસ્ય, તું મને તો શિખામણ આપતો હતો ત્યારે જાણતાં છતાં તું આ દુષ્ટના પાશમાં કેમ સપડાયો ?

મતિસાગરે કહ્યુંઃ કુમાર, સાયંકાળે તારી પ્રિયા તારા શયનગૃહમાં આવી પણ તને દીઠો નહિં એટલે એણે પોકાર કરી મૂકયો. એનું આર્ત્તરુદન સાંભળી તારા માતપિતા મૂર્છાગત થયા. કેટલીક વારે મૂર્છા ટળી અને સચેતન. થયા એટલે એઓએ પણ કંઈ બોલ્યા વિના આક્રંદ કરવા માંડયું. પછી વિચાર થતાં મને બોલાવી તારા પિતાએ કહ્યુંઃ ભીમ તારો તો અતિ પ્રિય મિત્ર એટલે તું જાણતો હોવો જોઇએ માટે કહી દે–એને કોઈ ઉપાડી ગયું કે એ સ્વયંમેવ કયાંય ગયો છે ? હું કંઈ કહેવા જતો હતો ત્યાં તો અન્તરિક્ષમાં તારી જ કુલદેવી સ્વયમેવ પ્રકટ થઈ અને વૃદ્ધ સ્ત્રીનું રૂપ લઇ ઉતરી આવી કહેવા લાગી–નરેન્દ્ર, તું પુત્રનો શોચ કરીશ નહિં. પેલો પાખંડી કાલિકાને બળિદાન દેવા માટે એને ઉપાડી ગયો હતો, પણ એ એનો પરાજય કરી ત્યાંથી છૂટ્યો છે અને અત્યારે એક

ચક્ષિણીના પ્રાસાદને વિષે સુખે બેઠો છે. ત્યાંથી થોડા દિવસમાં મ્હોટી ઋદ્ધિ-સિદ્ધિ સહિત તને આવી મળશે.

કુમાર, તારી કુલદેવીના એ શબ્દજળને લઇને તારા દુઃખિત પિતાને કંઈક શાન્તિ વળી. દાવાગ્નિવડે દાઝી ગયેલા વૃક્ષને પ્રથમ વૃષ્ટિએ શાંતિ વળે એમ, પણ એ અન્તર્ધાન થયા પછી, એ સાચું કહી ગઇ કે અન્યથા-એની તપાસ કરવા માટે એમણે મને મોકલ્યો. પણ હું હજુ જવાનું કરું છું ત્યાં જ એક મ્હોટું વાવાઝોડું નીકળ્યું અને પૃથ્વી અને આકાશ બેઉ જાણે ધીરજના સમૂહથી પૂરાઇ ગયા હોયની એવું થઈ ગયું. એક તો રાત્રીનો સમય અને એમાં વળી ધૂળના ગોટેગોટા ઉડવા લાગ્યા. એટલે એટલું ગાઢ અન્ધકાર વ્યાપી ગયું કે મારી નેત્રશક્તિ એકદમ તીવ્ર છતાં હું જાણે જન્માંધ હોઉની એમ મને લાગ્યું. એ અવસરે આ કાપાલિકે પિશાચની જેમ કયાંયથી આવી મને એક બાળકની જેમ ઉંચકી લીધો અને આકાશમાર્ગે મને અહિં લાવ્યો. અહિં એના દુષ્ટ આચરણ નજરે પડ્યાં એટલે મારું અન્તઃકરણ વલોવાવા લાગ્યું. તારા વિયોગથી તો પીડાતો જ હતો એમાં આ નવી પીડા ભળી એટલે મારી મૃત્યુપ્રાય દશા થઈ. પણ એ દુરાશય મારું મસ્તક છેદવા તૈયાર થયો ત્યાં જ મારા સુભાગ્યે મારી ગોત્રદેવીએ જ આણ્યો હોયની એમ તું આવીને ઊભો. આપણા એ શત્રુનું અહિત કાર્ય આપણને તો હિતકર્ત્તા થઇ પડયું કેમકે એ રીતે આપણા બેઉનો મેળાપ થયો. દૈવયોગે ઉગ્ર એવું વિષ પણ શીતળ અમૃત બની જાય છે એ લોકોક્તિ ખોટી નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મિત્ર મતિસાગરનું વૃત્તાન્ત સાંભળી પોતાના માતપિતાને દુઃખ થતું હશે એ વિચારી ભીમકુમાર શોકસમુદ્રમાં ડૂબવા લાગ્યો, ત્યાં તો પોતાના મહાપાપકારી દુષ્કૃત્યોને લઈને અત્યન્ત લજવાતો કાપાલિક પાસે આવી નમનપૂર્વક કહેવા લાગ્યો. રાજકુમાર, તારું દેદીપ્યમાન સત્ત્વમય ઓજસ્ લોકોત્તર છે. આ વસુંધરા રત્નગર્ભા કહેવાય છે તે ફક્ત એકલા તારા જેવા એક રત્નથી જ. તારા પહેલાં કોઈએ ખંડિત નહોતો કર્યો એવો હું આજે તારાથી ખંડિત થયો છું. પૂર્વે સમુદ્રને, એનાં જળ પી જઈ કોઇ ખાલી નહોતું કરી શક્યું એને ખાલી કરનારો અગસ્ત્ય ઉત્પન્ન થયો હતો. એ જ કોટિનો તું છે. પૂર્વે પંકમાં નિમગ્ન એવા ગોમંડળને કોઇ ઉદ્ધરી શક્યું નહોતું ત્યાં કરુણારસસાગર દામોદર-શ્રીકૃષ્ણે અવતાર લઈ એનો ઉદ્ધાર કર્યો. એ જ કોટિનો મારો ઉદ્ધારક તું છે. ઉપકારી પર ઉપકાર કરનારા તો સેંકડો હોય છે પણ અપકારી પર ઉપકાર કરનાર મહાશય તું જ એક છો. તેં મને પ્રાણદાન દીધું એટલે મારો નાથ તો થઇ ચૂક્યો છો તો હવે કંઇ સત્ય અને યોગ્ય ઉપદેશ આપીને મારો ગુરુ પણ થા.

એ સાંભળી ભીમકુમારે કહ્યું-પાખંડી કાપાલિક, જો તું સાચે જ તારું હિત વાંછતો હો તો જીવહિંસાનો કાયમને માટે ત્યાગ કર, કોઈનો પણ ઘાત નહિં કરવાનું વ્રત લે; કારણ કે પરનો ઘાત એ આત્મઘાતવત્ છે અને આત્મઘાત કોણ કરે ? વળી દેવતાને અર્થે પણ જીવનો વધ કરવો હિતાવહ નથી. મંત્રીને પવિત્ર કરેલું હોય તો યે વિષ તે વિષ જ. એનો પ્રાણહારકત્વ ગુણ એથી લેશ પણ ઓછો થતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળી જીવની હિંસા કરવાથી આગામી ભવમાં નરકગતિ પ્રાપ્ત થાય છે ત્યાં ચિરકાળ અનેક દુઃસહ કલેશાદિક સહન કરવા પડે છે. પૃથ્વીકાયાદિક એકેન્દ્રિયોમાં પ્રચુરતર પુદ્ગળપરાવર્ત્ત પર્યન્ત રહેવું પડે છે, ત્રસપણું પામીને પણ ક્રૂર અજગર આદિકની યોનિમાં ભ્રમણ કરવાં પડે છે, મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો હોય તો યે ત્યાં ઉત્તમ કુલ આદિક તો અપ્રાપ્ત જ રહે છે.

મહાશય ભીમકુમારે કાપાલિકને એ પ્રમાણે શિષ્યવત્ શિક્ષા આપી, અને સર્વ કોઇને હિતકર એવો દયામય જૈન ધર્મ એની પાસે અંગીકાર કરાવ્યો.

આ વખતે રાત્રી બહુ કૃશ થઇ ગઈ (વીતી ગઈ) અને તેથી તજ્જન્ય અન્ધકાર પણ કૃશ થયો; કેમકે મા એવા જણ્યાં આકાશમાં ચળકી રહ્યા હતા તે તારાઓ પણ દરિદ્ર દશા આવે છે ત્યારે માનવીઓના ગુણ વિરલભાવ પામે છે તેમ, વિરલ થઈ ગયા. અને પરના ઉદય-તેજનો તિરસ્કાર કરતો, કમળવનને વિકસાવતો સહસ્રભાનુમાન સૂર્ય નવાં રાજાની જેમ ઉદયાચળ પર આવ્યો.

પ્રભાત થયું જોઇને રાજકુમાર પણ મિત્રને લઇને મઠ બહાર એક સુંદર સરોવર હતું ત્યાં મુખ પ્રક્ષાલન આદિ પ્રાતઃકાર્યાર્થે ગયો. એવામાં જંગમ-હાલતો વિન્ધ્યાચળ હોયની એવો કોઇ ભયાનક હસ્તી મદોન્મત બની જઇ એમની સમીપ દોડતો આવ્યો. એનો વિરુદ્ધ આશય જાણી, રાજકુમાર કટિબદ્ધ થઇ, ધૈર્યવાન મહાવતની જેમ એને ધીમે ધીમે શાન્ત પાડવાના પ્રયત્નો કરવા લાગ્યો. ત્યાં તો એ હસ્તી જાણે કોઇ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દૈવી પ્રાણી હોયની એમ બેઉ મિત્રોને ઉપાડી પોતાની પીઠ પર નાખી એકદમ આકાશમાં ઊડ્યો.

ઐરાવત પર આરૂઢ થઇ વજ્રધારી ઈન્દ્ર જતો હોયની એમ એ હસ્તી પર આકાશમાર્ગે પ્રયાણ કરતા ભીમકુમારે સાથે બેઠેલા મતિસાગરને પૂછ્યું–આ કોણ હશે?

"આ કોઈ સાધારણ હસ્તી તો નથી કેમકે હસ્તી આકાશગમન કરી શકે નહિં. વળી આ ઇન્દ્રનો ઐરાવણ પણ નથી કેમકે એ ( ઐરાવણ ) શ્વેત છે અને આ શ્યામ વર્ણો છે; માટે આ કોઇ દ્વીપરૂપધારી સુર કે અસુર હોવો જોઇએ, પણ એ આપણને શામાટે અને કયાં ઉપાડી જાય છે તેની સમજણ પડતી નથી." મંત્રીપુત્રે વિચાર કરી રાજકુમારના પ્રશ્નનો ઉત્તર આપ્યો.

ઉભય મિત્રો આમ પરસ્પર વાત કરે છે ત્યાં તો તીવ્રવેગે ઊડતો એ ગજેન્દ્ર બહુ દૂર પહોંચી ગયો. ઇચ્છિત સ્થળે પહોંચ્યો હશે ત્યાં એક શૂન્ય નગર આવ્યું. એની સમીપે એણે બેઉ કુમારોને ઉતાર્યા અને પોતે ભૂતવત્ અદ્રશ્ય થઇ ગયો.

એ શૂન્ય નગરનો વૃત્તાન્ત જાણવા માટે ભીમકુમારે મતિસાગરને બહાર મૂકી અંદર પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને, સ્વર્ગની સમૃદ્ધિ જેમની નજરે નિશદિન તર્યા કરે છે એવા દેવવૃન્દોના પણ મન હરણ કરે એવી નગરની અપૂર્વ શોભા નીહાળતો નીહાળતો શ્રેષ્ઠ જાતિના કરિઆણાથી ઉભરાઇ જતી એવી એક બજાર આગળ પહોંચ્યો. ત્યાં એક વિચિત્ર દ્રશ્ય એની નજરે

પડયું: એક સિંહના વિસ્તૃત મુખને વિષે એક માનવી સપડાયલો એણે ભાળ્યો. એ દુષ્ટ દૈવતનું ચેષ્ટિત છે એમ બુદ્ધિથી સમજી જઇને રાજપુત્ર એ માનવીને છોડાવવા સિંહની નજદીક ગયો. એ માનવી તો ભયભ્રાન્ત હતો એટલે ભીમની સાથે વાત કરવાને અસમર્થ હોઇ વધસ્થાન પર વધાર્થે આણેલા અજાપુત્રની જેમ એની સામે ભયભરી દૃષ્ટિએ જોઇ રહ્યો.

નરસિંહ ભીમકુમારે તો સિંહને સંબોધીને કહ્યું–તું વસ્તુતઃ સિંહ ન હો. તું કોઇ દેવ હોવો જોઇએ અને કોઇ પણ હેતુને લઇને સિંહનું રૂપ ધારણ કર્યું હોવું જોઇએ, માટે હે દેવ, દયા લાવીને આ માનવીને સદ્ય છોડી દે. પ્રાણીને પ્રાણનું દાન દેવું એ ઉત્તમ દાન કહેવાય છે. માણસને રાજ્ય આદિક ઇષ્ટ નથી એટલું જીવિત ઇષ્ટ છે, માટે દયાપૂર્ણ હૃદયે જે એક જીવિતદાન કરે છે એણે સર્વ દાન કર્યું સમજવું.

એ સાંભળી સિંહે માનવીને મુખમાંથી કાઢી પોતાના આગલા પંજામાં પકડી રાખી, પોપટની જેમ માનવભાષામાં કહ્યું: સાધુ પુરુષ, ઉપકાર પરત્વે તેં આ સર્વ સત્ય કહ્યું છે, પણ હું ક્ષુધાતુર છું તે આ મળી આવેલું ભક્ષ કેમ જવા દઉં ? તું એના પર જેવી દયા બતાવે છે તેવી મારા પ્રત્યે કેમ બતાવતો નથી ? એને ઉગારવા આવ્યો છે તો મને પણ સાથે સાથે ઉગાર ને. કેમકે આ રાક્ષસી ક્ષુધા મારા પ્રાણ લેવા તત્પર થઇ છે. તારો પણ ધર્મ કઇ જાતનો કે એકને ઉગારે છે ને અન્યને મારે છે ! સન્તજનો તો સદા નાયકવત્ મધ્યસ્થ હોય, વળી તું ધારે છે એમ હું દેવ નથી. હું તો

સિંહ જ છું. આ માનુષી વાણી બોલું છું એ પૂર્વભવના સંસ્કારને લઇને જાણું છું તેથી બોલું છું, માટે આ મારું ભક્ષ હું છોડીશ નહિં.

ભીમકુમાર આશ્ચર્યચકિત થતો કહેવા લાગ્યો—જો એમ છે, તું ક્ષુધાતુર છે તો ચાલ તને મારું પોતાનું માંસ આપું પણ એને છોડી દે.

" પણ એણે પૂર્વભવમાં મને એટલું દુઃખ દીધું છે કે એને હું ભવે ભવે હેરાન કરું તો યે મને શાન્તિ ન વળે."

" સિંહ, એટલું શાસ્ત્રવાક્ય તો સમજ કે ગમે એવી શત્રુવટ હોય તો યે શત્રુ પર રોષ કરવો ઉચિત નથી; કેમકે જે બધું થાય છે તે કર્મને લઇને જ થાય છે, બીજાં તો બધાં નિમિત્ત માત્ર છે. વગર જન્મ્યે મૃત્યુ હોય નહિં, વગર આપ્યે કંઇ મળે નહિં, વગર કર્યે કંઇ ભોગવવાનું હોય નહિં--આ બધાં નિશ્ચયાત્મક સત્ય છે; માટે ક્રોધ તજી દે અને આ માનવીને છૂટો કર. તું ક્ષુધાતુર છો તો મારા શરીરના માંસથી તારી ક્ષુધા શાન્ત કર."

રાજકુમારે એ પ્રમાણે બહુ બહુ કહ્યું પણ સિંહે માન્યું નહિં ત્યારે એણે એ માનવીને એની પાસેથી વસ્ત્ર તાણી લે એમ બળપૂર્વક તાણી લીધો અને પોતાના રક્ષણમાં રાખ્યો. સિંહ એને ખાઇ જવા આવ્યો ત્યારે એને પશુવત્ પગે ઝાલી ભીમે પાષાણની શિલા પર પછાડ્યો પણ ત્યાં તો એ દેવતાની જેમ એકદમ તિરોધાન થઇ ગયો.

પછી એ મૃત્યુથી ઉગરેલા પુરુષને આશ્વાસન દઇ અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે રાખી કુમાર ફરતો ફરતો રાજમહેલે જઇ પહોંચ્યો. મહેલની પ્રત્યેક ભૂમિ દેવવિમાન તુલ્ય શોભી રહી હતી—એ સર્વ જોતો જોતો કુતુહલને લઇને છેવટ સર્વોપરી સાતમી ભૂમિએ ચઢ્યો તો સ્તંભો પર માણેકની ઘડેલી પૂતળીઓ હતી એમાં જીવ આવ્યો હોય એમ નીચે ઉતરી અને એનું સ્વાગત કર્યું. કુમારને અમૂલ્ય આસન પર બેસારી અન્તરિક્ષથી સ્નાનની સર્વ સામગ્રી આણી એને સ્નાન કરવાનું કહ્યું. એ જોઇ આશ્ચર્ય-સાગરમાં તરતા કુમારે પણ એમની જ મારફત નગર બહાર રહેલા મતિસાગરને બોલાવી મંગાવી એની સાથે સ્નાન કર્યું. વળી અંતરિક્ષથી સુંદર દિવ્ય વસ્ત્રાભૂષણો આવ્યાં એ પરિધાન કરી બેઉએ, એ જ રીતે આવેલું અમૃતભોજન આરોગ્યું. સિંહના પંજામાંથી ઉગરેલો પુરુષ સાથે હતો, એણે પણ કુમારની આજ્ઞાથી ભોજન કર્યું અને સેવકની જેમ વિનીતપણે એની આગળ બેઠો. છેવટે કપુરના ખંડ જેવાં શીતળ તામ્બૂલ કુસુમ આદિક પણ પૂતળીઓએ અંતરિક્ષથી આણી એમની આગળ ધર્યાં. ધરીને પોતપોતાને સ્તંભે જઇ હતી તેમ ગોઠવાઈ ગઇ.

આ ઘટના જોઇ વિસ્મય પામી ભીમકુમારે પાસે રહેલા પેલા પુરુષને પૂછ્યું—આ શું ? ત્યાં તો ઝળહળી રહી છે દેહની કાન્તિ જેની એવો કોઈ દેવ ત્યાં આગળ પ્રકટ થયો અને બોલ્યો—મહાશય કુમાર, તારું સત્ત્વ જોઇ હું તારા પર તુષ્ટમાન થયો છું. એ જોઇ કુમારે એને શ્રેણિબદ્ધ પ્રશ્નો પૂછવા માંડ્યાઃ "જો એમજ હોય તો સદ્ય કહી દે કે તું કોણ છે ? આ મારી પાસે બેઠેલ છે તે પુરુષ કોણ છે ? અને આ નગર શૂન્ય કેમ છે ?"

દેવતાએ કુમારના એ સર્વ પ્રશ્નોના ઉત્તરમાં કહ્યું—આ **હેમપુર** નામનું નગર છે. આ તમારી પાસે બેઠેલ છે એ અહિંનો વાસુદેવ સમાન સમર્થ **હેમરથ** નામે મહીપતિ છે. આ હેમરથને પૂર્વે એક ચંડ નામનો દ્વિજ પુરોહિત હતો. એના દુર્જનતા આદિક દોષોને લઇને સારા નગરના લોકો એના પર દ્વેષ રાખતા. દુર્જનતા એકલી જ અત્યન્ત દુષ્ટ છે, તો પછી એની સાથે ક્રોધ આદિક ભળ્યા હોય તો તો કહેવું જ શું? મદ્ય-પાન એકલું યે અશુભ છે તો પછી એની સાથે મૃગયાદિક દુર્વ્યસન ભળ્યાં હોય તો તો એનું કહેવું જ શું?

એકદા એના દ્વેષી એવા નાગરિકોએ જઈને રાજા સન્મુખ ખોટી ફરિયાદ કરી કે એ પુરોહિત એક માતંગી સાથે પ્રેમમાં પડ્યો છે. રાજા કાનનો કાચો હતો. એણે એ વિષે પૂરતો વિચાર કે પૂરતી તપાસ પણ કર્યા વિના ભરસભા વચ્ચે જ એના અંગ પર તેલમાં બોળેલાં વસ્ત્રના કટકા વીંટળાવી અગ્નિ મૂકી એને વૃક્ષવત્ સળગાવી દીધો. અહો, દ્વેષનું પરિણામ કેવું વિચિત્ર! એક જણનો વિરોધ પણ નિઃશંક માણસને આપત્તિમાં લાવી મૂકે છે તો અનેકનો વિરોધ એનો પ્રાણહારક પણ બને, એમાં કશું આશ્ચર્ય નથી.

પુરોહિતને પણ એમજ થયું: એનું મૃત્યુ નીપજ્યું. અને મરતી વખતે એનું અશુભ ધ્યાન હતું તેથી એનો રાક્ષસ-જાતિમાં પુનર્જન્મ થયો. (મૃત્યુ સમયે જેવી મતિ હોય છે એવી ગતિ થાય છે એમ કહેવત છે એ ઉચિત જ છે.) ત્યાં એણે વિભંગ જ્ઞાનથી પોતાના મૃત્યુનું કારણ જાણ્યું

એટલે કાળ જેવું, દેખી ન ખમાય એવું રૂપ લઈ ક્રોધે ધમધમ્યો અહીં આવી ઊભો. વાયુ મેઘવૃન્દની તર્જના કરે છે એવી ક્રૂરતાપૂર્વક એણે સમગ્ર પ્રજાજનની તર્જના કરી હરી જઈ નગરને આકાશવત્ શૂન્ય કરી મૂક્યું. વળી પોતે સિંહનું રૂપ ધારણ કરી આ હેમરથ નૃપતિનું તો ભક્ષણ કરવા તૈયાર થઈ ગયો, પણ એવામાં જાણે એના કોઈ પૂર્વજે આકર્ષી આણ્યો હોયની એમ તું અચાનક આવી પહોંચ્યો. તેં જ એને છોડાવ્યો, અને अस्ति वीरा वसुन्धरा। પૃથ્વી પર વીર-પુરુષોનો દુષ્કાળ નથી એમ સિદ્ધ કરી આપ્યું. પૂતળીઓ દ્વારા તારું સ્વાગત આદિક કરાવ્યું એ એ રાક્ષસે જ. એ રાક્ષસ તે હું–તારી સમક્ષ ઊભો છું એ જ. એ હેમરથ નરપતિ તે આ મહાપુરુષ, જેને તેં જીવિતદાન આપી મોતમાંથી ઉગાર્યો એ. અને એ શૂન્ય નગર તે આ જ હેમપુર. વળી તારા ભકિત-ભાવને લઇને જ હેમપુરનો અખિલ પ્રજાગણ પણ મેં કોઈ ઇન્દ્રજાલિકની જેમ પ્રકટ કરી દીધો છે તે, સામે નજર કરી જોઈ લે.

ભીમકુમારે પણ ચોદિશ નજર ફેરવી તો અલકાપુરીના દેવો જેવા સમૃદ્ધ નાગરિકોથી ઉભરાઈ જતું નગર એની દૃષ્ટિએ પડ્યું. એટલે એણે કહ્યું–હે દેવ, જેમાં દયાનો ઝરો વહેતો થયો છે એવા હૃદયવાળા તારા જેવા દેવની જેટલી સ્તુતિ કરું એટલી ઓછી છે, સમગ્ર પ્રજાજનનું અપહરણ કરી પુનઃ સદ્ય એમના પર અનુગ્રહ કર્યો–એમને પાછા અહિં લાવી મૂકયા એ તારું દયાળુત્વ પ્રશંસાને પાત્ર છે. નિગ્રહ તેમજ અનુગ્રહ કરવાની શકિત મહંત પુરુષોમાં જ હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો, ભાનુ છે તે પૃથ્વીને તપાવે ચે છે ને જળવડે ટાઢી પણ પાડે છે. માણુસ દેવભવ પ્રાપ્ત કરવાને તપશ્ચર્યાદિ દુષ્કર કાર્યો કરે છે એ યુકત જ છે. કેમકે સામાન્ય જેવા દેવમાં પણ આ પ્રકારનું સામર્થ્ય છે.

રાજપુત્ર ભીમ રાક્ષસને આ પ્રમાણે પ્રશંસાના વચનો કહે છે એવામાં વનપાળક–બાગવાને આવી વધામણી આપી કે મહારાજ, આપણા બગીચામાં ચારણમુનિએ પગલાં કર્યા છે.

વર્ષાઋતુ આવ્યે મયૂરને થાય છે એવો હર્ષ મુનિ આવ્યા સાંભળી ભીમકુમારને થયો અને એટલે એ રાક્ષસ, નરપતિ અને પોતાના પ્રિય વયસ્યને લઈને એ મહાપુરુષને વંદન કરવા ગયો.

જઈને મુનિને હર્ષ સહિત પંચાંગ પ્રણિપાતપૂર્વક વંદન કરી શિષ્યવત્ અંજલિ જોડી એમની સન્મુખ બેઠો. અન્ય પણ નિર્મળ–ભકિતપૂર્ણ નાગરિકો આવ્યા હતા એ સર્વ પણ ઉચિત સ્થાનકે બેઠા. ગુરુરાજે ક્રોધ નામના કષાયને ઉદ્દેશીને વ્યાખ્યાન કર્યું:

ચારે કષાયોમાં ક્રોધ છે તે સંસારવૃક્ષનું પહેલું જ મૂળ છે–એ જ સંસારવૃદ્ધિનું પહેલું કારણ છે માટે બુદ્ધિમાનોએ ક્રોધ સદાને માટે વર્જવો યોગ્ય છે. ક્રોધના આવેશમાં માણુસ અતિ દુષ્ટ કાર્યો કરી બેસે છે; અને એ ગમે એવો મ્હોટો માણુસ હોય તો યે લોકોમાં કર્મચંડાળ તરીકે ઓળખાય છે. એ ક્રોધ આ ભવમાં વેર, યુદ્ધ અને વિષાદ કરાવે છે અને પરભવે તિર્યંચ અને નારકીનાં અસહ્ય દુઃખ દે છે. સર્પ આદિકના વિષ જેવું સામાન્ય વિષ પોતાના ઉત્પત્તિસ્થાનને કદિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હણતું નથી, પણ આ ક્રોધરૂપી વિષ તો પોતાના ઉત્પત્તિસ્થાનને ય હણે છે; માટે ક્રોધ કોઈ અદ્ભુત વિષ જેવો છે. અથવા તો પોતાને અને પરને બેઉને બાળે છે માટે ક્રોધ અગ્નિ જેવો છે. પણ અગ્નિ ક્ષણદાહી છે જ્યારે ક્રોધ જીવિત-પર્યન્ત બાળ્યા કરે છે. એમ છતાં પણ જે માણસ ક્રોધ કરીને પણ પ્રાન્તે ખમાવે છે (ક્ષમા માગી લે છે) તેને દેવતાઓ પણ નમે છે. આ ઉપર **અચંકારિતભટ્ટિકાનું** દૃષ્ટાંત કહું છું:

આ જ ભરતક્ષેત્રમાં માલવા દેશના ભૂષણરૂપ અને સ્વર્ગ-પુરી કરતાં પણ અધિક શોભાયમાન એવી **ઉજ્જયિની** નામની નગરી છે. ત્યાંના પ્રજાજન મહાધર્મિષ્ઠ છે, સદ્ગુણી છે, સરલ સ્વભાવી છે અને દાનેશ્વરી છે. ત્યાં ચન્દ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો, તે ચંદ્રમા સમાન પ્રકૃતિએ સૌમ્ય હતો, પોતાની પ્રજાને પ્રસન્ન રાખવાની આકાંક્ષા ધરાવતો હતો અને એનામાં તમોગુણનું તો નામ પણ નહોતું. એના સર્વવ્યાપકપણે વિલસી રહેલા કીર્તિના પુર આગળ કુમુદનો મદ ક્યાંય જતો રહ્યો હતો, ઐરાવણનું ઔજસ્ હેઠું બેઠું હતું, સ્ફટિકગિરિ શ્યામ પડી ગયો હતો, શંકર જેવાને પણ ભય ઉત્પન્ન થયો હતો, ચન્દ્રમાનું તેજ ઝાંખું પડી ગયું હતું અને સ્વર્ગંગાનો વેગ અસ્ત થઈ ગયો હતો.

એ ચન્દ્ર રાજાને ચન્દ્રમાની ચાંદનીની પેઠે સકળ વિશ્વને પ્રમોદ ઉપજાવનારી **કુમુદિની** નામની રાણી હતી. ચાંદનીથી કમળ ઉલ્લાસ પામે છે તેમ એનાથી કમળા એટલે લક્ષ્મી અદ્ભુત ઉલ્લાસ પામી હતી.

એ રાજાને વળી **સુબુદ્ધિ** નામનો બુદ્ધિમાન પ્રધાન હતો,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે જાણે શુચિવંશના આભૂષણરૂપ બુદ્ધિસાગર શુક્રાચાર્ય જ પૃથ્વી પર ઉતરી આવ્યો હોયની !

આ ઉજ્જયિનીમાં **ધનપ્રવર** નામનો એક મ્હોટો વ્યાપારી વસતો હતો. એને **કમળશ્રી** નામની સ્ત્રી હતી. એને આઠ પુત્ર ઉપર એક પુત્રી થઇ. એનું માતપિતાએ મહાઉત્સવપૂર્વક **ભટ્ટિકા** એવું નામ પાડયું. સર્વ (સદ્)ગુણો આવીને એનામાં વસ્યા હતા એથી જ જાણે (એ ગુણોના શત્રુઓ એવા) દૂષણો સર્વે એનાથી દૂર રહ્યા હતા. શત્રુઓ હોય ત્યાં જાય પણ કોણ ? ભૂલોક, પાતાળલોક અને સ્વર્ગલોક–એમ ત્રણ્યે લોકની સ્ત્રીઓમાં એનું રૂપસૌન્દર્ય ચઢી જતું હતું એથી જાણે સર્વતઃ સૌન્દર્ય માત્ર એકત્ર કરીને બ્રહ્માએ એને ઘડી હોયની ! આઠ આઠ પુત્ર પર એ પુત્રી આવી એટલે માત-પિતાને એટલી પ્રિય થઇ પડી કે એમણે સમગ્ર સ્વજનોને કહી દીધું કે એને કોઇએ ‘ ચંકાર ’ એટલે ચુંકારો કરવો નહિં. એટલે લોકોમાં એ ભટ્ટિકા અચંકારિત ભટ્ટિકા નામે પ્રસિદ્ધ થઇ. માતપિતાના એવા લાડને લઇને એ પછી તો સુરલોકની બાળાની જેવી સ્વચ્છંદી થઇ ગઇ. એનો શાણો પરિજનવર્ગ પણ એની ચોમેર દાસની જેમ વીંટળાઇ રહેવા લાગ્યો.

અનુક્રમે એણે પોતાના હૃદયરૂપી દર્પણમાં અનેક વિદ્યાઓ અને કળાઓ ઝીલી અને એને લઇને, એના તનની છવિની પેઠે એના મનની છવિ પણ અતિ આકર્ષક થઇ પડી. સાથે એ યુવાનોને સંજીવની ઔષધી જેવી યુવાવસ્થાને પણ પ્રાપ્ત થઇ. હવે એ નાના પ્રકારના વસ્ત્રાભૂષણમાં સજ્જ થઇ હેવીની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પેઠે નિર્ભયપણે સખીઓની સંગાથે બાગબગીચામાં યથેચ્છ ક્રીડાર્થે જવા આવવા લાગી. ત્યાં એના આમ્રમંજરી સદૃશ અનેકાનેક વિભ્રમો જોઈ કોયલસદૃશ યુવાનો મોહિત થઇ એના પર મરી ફીટવા લાગ્યા. કોઇ કોઇએ તો એના પિતા પાસે જઇ એના હાથની માગણી પણ કરી. પિતાએ ઉત્તરમાં એટલું જ કહ્યું કે–મારી પુત્રી મારે એવા ધણીને આપવી છે કે જે કદિ પણ એનો પડ્યો બોલ ઉથાપે નહિં. પણ કુલીન પુરુષો સ્ત્રીપરવશ થઈ રહે એ પસંદ કરવા લાયક નહિં–એમ વિચારી તે તે યુવાનો મૌન ધારણ કરી ગયા તે પુનઃ એની માગણી કરવા આવ્યા જ નહિં.

અન્યદા રાજાનો પ્રિય સચિવ સુબુદ્ધિ બગીચામાં ફરતો હશે એની એ વખતે કલ્લોલ કરતી ફરતી ભટ્ટિકા પર નજર પડી. પછી પૂછવું જ શું ? મન્મથના શરના પ્રહારો એના પર સતત પડવા લાગ્યા—એ એના પર મોહિત થયો. એટલે એણે સ્વજનો દ્વારા એના પિતા પાસે એના હાથની માગણી કરી. પિતા—ધનપ્રવર શ્રેષ્ઠીએ શરત કહી સંભળાવી તે કામાર્ત્ત પ્રધાને સદ્ય અંગીકાર કરી. ભટ્ટિકાનો પાણિગ્રહણમહોત્સવ ઉજવાયો : તે પ્રધાનપત્ની બની. પ્રધાન પણ એના પ્રત્યેક આદેશને વશવર્તી થઇ રહેતો થકો. શિવે પાર્વતી સંગાથે ભોગવેલો એવો ભોગવૈભવ ભોગવવા લાગ્યો.

એકદા ભટ્ટિકાએ પતિદેવને આદેશ કર્યો કે તમારે સૂર્યાસ્ત પછી બહાર રહેવું નહિં, તુરત જ ઘેર આવવું. સ્ત્રીપરવશ પતિએ પ્રેમને ખાતર એ પણ કબૂલ કર્યું. પણ કામાન્ધ પુરુષો કામિનીનું સર્વ કંઇ કરે છે, એમાં કંઇ વિસ્મયજનક નથી.

હવે મંત્રીરાજે પણ હમેશાં સર્વ રાજ્યકાર્ય ત્વરાપૂર્વક આટોપી લઈ સન્ધ્યાસમય પૂર્વે ઘેર આવવા માંડયું. એમાં એક વાર રાજાએ પાસેના સેવકને પૂછયું-હમણાં હમણાં અમાત્ય કેમ વ્હેલો વ્હેલો ઘેર જાય છે? સેવક સર્વ જાણતો હતો. એણે બધી વાત કહી જણાવી. રાજાએ એ પરથી કૌતુકને લઇને એક વાર કંઇક મિષ કાઢી અમાત્યને મોડી રાત્રી પર્યન્ત રોકી રાખ્યો. એટલે અમાત્ય અર્ધ રાત્રે ઘેર જવા પામ્યો અને ઘરના દ્વાર ખખડાવ્યાં. પરન્તુ વહુરાણીએ તો રૂસણું લીધું-દ્વાર ન ખોલ્યાં. એટલે પતિદેવે નમ્રતાપૂર્વક કહ્યું—આજે કંઇ કામ માટે રાજાએ મને આટલો કાળ રોકી રાખ્યો હતો માટે માનિની, એમાં તારે કોપ કરવો ઘટિત નથી. જેનો આત્મા સ્વવશ નથી પણ ધનને લોભે પરાધીન છે એવા પુરુષ સ્વેચ્છાએ કયાંથી જઇ આવી શકે? થોડાશા ધનને સાટે જીવિત વેચવું પડે છે, સુખના હેતુએ સ્વતંત્રતા જતી કરવી પડે છે, માનાર્થે ગણી દ્વારમાં ઊભા રહેવું પડે છે, કીર્ત્તિ મળશે તેમ માનીપટુ વાકયો ઉચ્ચારવાં પડે છે, ઉચ્ચપદપ્રાપ્તિનું હેતુરૂપ ગણી નીચા નમી રહેવું પડે છે, મ્હોટાઇ સમજી જનલોકોને હેરાન કરવા પડે છે—શી અદ્ભુત સેવકજનની પરિસ્થિતિ! હું યે આવો એક સેવકજન એટલે મારે આજે રોકાઇ રહેવું પડયું. એમાં મારો કંઇ દોષ નથી માટે વિચાર કર અને રોષ ત્યજી દે.

આટલી આટલી વિનવણી છતાં કોપેલી માનિનીએ રૂસણું છોડયું નહિં ને દ્વાર ઉઘાડયું નહિં.

પતિદેવે મુંઝાઇને બોલવા લાગ્યો: મારી આ કામાન્ધવૃત્તિતાને ધિક્કાર હો! પક્ષિની જેમ હું પણ આ ચપળાના

નેત્રપાશમાં સપડાઇ ગયો ! સાપે છછુંદર ઝાલી, ન ગળાય ન મૂકાય—એવું મારે પણ થયું !

પતિનું આવું અશ્રુતપૂર્વ વાક્ય સાંભળી, માનિની ભટ્ટિકા એકદમ દ્વાર ઉઘાડી નાખી અશોકવાટિકામાં જતી રહી. ત્યાંથી પતિને ઠગી પિતાને ઘેર ચાલી નીકળી : સ્ત્રીજાત રીસાય ત્યારે એને ગમે તે જ માર્ગ લે છે.

પણ અન્તરમાં ક્રોધ વ્યાપી રહ્યો હતો અને બહાર પુષ્કળ અન્ધકારનું સામ્રાજ્ય વર્તી રહ્યું હતું એટલે એનાં નેત્રો કામ કરી શકયાં નહિં. એ પીયરનો માર્ગ ભૂલી અને યૂથમાંથી વિખૂટી પડેલી મૃગલીની જેમ આમતેમ ભટકવા લાગી. એનું સુંદર રૂપ અને એણે પહેરેલાં આભૂષણો જોઈ લક્ષ્મીની ભ્રાન્તિએ ચોરોએ એને પકડી. એણે આક્રંદ કરવા માંડયું પણ એના મ્હોંમાં વસ્ત્રનો ડૂચો ઘાલી ચોરલોકોએ એના સર્વ આભૂષણો ઉતારી લીધાં. ત્યાંથી એને પોતાની સિંહગુહા કરીને પલ્લી હતી ત્યાં લઇ જઇને પોતાના નાયકને ભેટ કરી. પણ એ નાયકનો ક્રૂર સ્વર અને કુત્સિત રૂપ જોઇને એ હંસીની જેમ એનાથી વિમુખ થઇ એકદમ ભાગી. એને પુનઃ પકડી નાયકે માતાને સોંપી. “ એને એવી રીતે સમજાવ કે એ મારી સ્રી થઇને રહે. ”

માતાએ પણ એને એકાન્તમાં લઈ જઇ સમજાવ્યુંઃ પુત્રી, તારાં મહદ્ ભાગ્ય કે રૂકિમણી પર કૃષ્ણ થયા હતા તે જ રીતે તારા પર મારો પુત્ર આસક્ત થયો છે. એકાદ ગુણ તો બહુ



P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

અહુ પુરુષોમાં હોય છે પણ મારા પુત્રમાં તો સમગ્ર ગુણો આવીને વસ્યા છે. કૃષ્ણ જેવા સ્વાનુરૂપ પતિને પૂર્વે લક્ષ્મીજી વર્યા હતાં એમ તું પણ આ મારા પ્રચંડ પુત્રનો સ્વીકાર કરી લે.

ચોરની દુષ્ટ માતા આવી કુબુદ્ધિ આપવા આવી એથી ભટ્ટિકાનું અન્તઃકરણ વલોવાઈ જવા લાગ્યું. એણે કહ્યું: માતા, તારો પુત્ર તો કામાન્ધ થઈ ગયો છે. એ તો ભલે ગમે એમ બોલે પણ સદાચરણ જાણનારી તારી જેવી વૃદ્ધા પણ આમ બોલશે ? સતી સ્ત્રીનો વિભવ, આભૂષણ આદિક તો હરકોઈ ઝૂંટવી લઇ શકે છે, પણ એના શીલરત્નનું હરણ કરવાની દેવમાં પણ શક્તિ નથી. એવા બળવાન્ નર છે કે જે શેષ-નાગના મસ્તકનું મણિ, કેસરીસિંહની યાળ અને પતિવ્રતા નારીનું શીલ હરણ કરવાનું સામર્થ્ય ધરાવતો હોય ? મારા પ્રિય પતિને ત્યજીને, અન્ય **અનંગ** આવે તો યે એની સામું પણ જોઉં નહિં. તો પછી બીજા **અંગી**–મનુષ્ય–ની તો વાત જ શી ?

ભટ્ટિકાનાં આ ઉગ્ર વેણ માતાએ વ્હાલા પુત્રને કહી સંભળાવ્યાં. દુરાશય પુત્રે નિરાધાર નારીને આક્ષેપપૂર્વક દાસીની જેમ ચાબુક આદિના પુષ્કળ પ્રહાર કર્યાં, પણ આમ અતિશય પીડા પામતી છતાં ભટ્ટિકા એક ટળી બીજી થઈ નહિં. સતી શીલથી ચળી નહિં. પક્ષી ગમે એવી રીતે કંપાવે પણ એથી શાખા કદિ વૃક્ષ થકી પડે ખરી ?

સમજાવી સમજી નહિં, તીવ્ર પ્રહાર પણ નિષ્ફળ નીવડ્યા, નાયક અતિ ક્રોધે ધમધમ્યો–એણે એને કોઇ જતા આવતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાર્થવાહને પુષ્કળ ધન સાટે વેચી. દુરાત્મા સાર્થવાહે પણ એને પોતાની સ્ત્રી થઇ રહેવા બહુ વિનતિ કરી. એણે માન્યું નહિં અને અપરાધીની જેવી બહુ બહુ વ્યથા સહન કરી લીધી. ખિન્ન થયેલા સાર્થવાહના પંજામાંથી કોઈ પારસ–કૂળમંડળમાં કંબળરત્નોના વ્યાપારીને હાથ પડી. એણે પણ એને કદર્થના પમાડવામાં મણા રાખી નહિં. એ પણ નિર્વિણ્ણ થઇ ચિન્તવવા લાગી. તારી જાતને રૂપસૌન્દર્ય અનેકવિધ વિડમ્બનાનું કારણ થઇ પડે છે. અસ્ખલિત શીલપાલન થઇ શકે એવું કુરૂપ સહસ્ર દરજ્જે સારું. શીલ ખંડિત થાય એવો પદે પદે પ્રસંગ ઉપજાવનારું રૂપસૌન્દર્ય ભૂંડામાં ભૂંડું. હા ! રઘુકુલભૂષણ સીતા આદિકને દુઃખ સહેવાં પડ્યાં તે પણ આ જ રૂપવત્તાને લીધે. ધિક્કાર છે એવા દારૂણ સૌન્દર્યને ! હવે તો એવી કોઇ સતી સ્ત્રીઓ મને સહાયકારક થાઓ કે જેથી મારે પ્રાણ પરહરતાં પણ શીલ પરહરવું ન પડે.

આમ વિચારી એ કંબળરત્નોના વ્યાપારીનો પણ જ્યારે એણે તિરસ્કાર કર્યો ત્યારે એ પણ એના પૂર્વભવનો વૈરી હોયની એમ એના પર અત્યન્ત રોષે ભરાયો. એણે એના સમગ્ર શરીરમાંથી નિર્દયતાપૂર્વક શોણિત આકર્ષવા માંડયું. અને એ શોણિતનો કમ્બળરત્નો રંગવામાં ઉપયોગ થવા લાગ્યો. એમ કરતાં કરતાં અતિશય રક્ત નીકળવાથી ભટ્ટિકાનું શરીર નિઃસાર કૃશ અને કપાસની પૂણી જેવું ફીક્કું પડી ગયું. પણ એમ છતાં યે એણે શીલ ન ત્યજ્યું તે ન જ ત્યજ્યું. તે પોતાના ક્રોધી સ્વભાવની જ નિન્દા કરતી રહી. ખરેખર કુલવાન સ્ત્રીઓની પરીક્ષા–કસોટી દુઃખને સમયે જ થાય છે.

એવામાં વાત એમ બની કે ઉજ્જયિનીથી ભટ્ટિકાનો એક સહોદર ધનપાળ રાજ્યના કંઇ કાર્ય અર્થે ત્યાં આવી ચઢ્યો. એણે એને જોઇ, ઓળખી. એટલે વેપારીને મ્હોં માંગ્યાં દામ આપી એને છોડવી. પછી પોતાનાં સર્વ કામ પૂરાં કરી એને ઘેર-ઉજ્જયિની લઈ આવ્યો. માતપિતા આદિક સમ્બન્ધિઓએ એની એવી નિન્દ્ય દશા જોઈ અશ્રુપૂર્ણ નેત્રે કારણ પૂછતાં એણે પણ કઠોર રુદન કરતાં કરતાં પોતાના અત્યન્ત ઉગ્ર કોપનું એ બધું પરિણામ છે એમ કહી બતાવ્યું.

સ્નેહાળુ બન્ધુજનોએ એને મહાપ્રયાસે શાન્ત પાડી બોધ દીધો-પુત્રી, તેં નિષ્કારણ આવો કોપ શા માટે કર્યો કે જેથી તારે અગાધ દુઃખસમુદ્રમાં પડવું પડ્યું ? તારું સૌન્દર્ય ગયું, ક્રીડા બંધ થઇ, સુખ નષ્ટ થયું ! બધાંને, વનને અગ્નિ બાળે છે એમ, તારા કોપાનળે દગ્ધપ્રાય કરી નાખ્યા, કારણ છતાં પણ નથી ક્રોધ કરતા એવા સહિષ્ણુ યે સન્ત પુરુષો હોય છે, પણ તું તો વિના કારણ ક્રોધ કરી જતી રહી ! આ તારો વિવેક કેવો ? વિદ્વત્તા તો એવા નરવીરોની ખરી કે જેઓ સદા શાન્તિપ્રિય રહીને કોપાગ્નિને તો હૃદયમાં વાસો જ આપે નહિં ! હવે તું તારા એ કોપસન્તાપને થંડો પાડવા શમામૃતનું પાન કર અને આપણે ઘેર રહી સુખે ધર્મકાર્યો આચર.

ભટ્ટિકાએ પણ, માતપિતાનાં એ બોધવચનો માન્ય કરી ત્યારથી જ સાધ્વીની પેઠે શમતાના સમુદ્રમાં નિમગ્ન થઇ અભિગ્રહ લીધો કે હું, મારો સર્વનાશ થયે પણ, મારો શિરચ્છેદ થયે પણ, હવે પછી આ શરીરના શોષ જેવો રોષ કદિ પણ નહિં કરું.

હવે પેલા વેપારીએ એ ભટ્ટિકાના શરીરમાંથી નિરન્તર લોહી આકર્ષવા માટે જે ક્ષત કર્યાં હતા તે ક્ષતો રૂઝાવવા માટે એના પિતાએ ત્રણ ઘટ લક્ષપાક તેલ તૈયાર કરાવ્યું. એકદા એવા કોઇ વ્યાધિને લઇને કોઇ બે મુનિઓને એવા તેલનો ખપ પડ્યો, અને અચંકારિભટ્ટિકા માટે એના પિતાએ એવું તેલ કરાવ્યું છે તે એને ત્યાંથી મળી શકશે સમજી ધર્મના દેહધારી અંશો હોયની એવા એ મુનિઓ એને ત્યાં એ માટે આવી ઊભા રહ્યા.

એ વખતે સ્વર્ગને વિષે રહેલો સુરેન્દ્ર સભામાં બેઠો બેઠો અવધિજ્ઞાનને બળે ભરતક્ષેત્ર નીહાળી રહ્યો હતો. જોતાં જોતાં અચંકારિભટ્ટિકાના સંબંધમાં બનેલ તાજો વૃત્તાન્ત એની નજરે પડ્યો, એટલે એણે પોતાના દેવોને સંબોધીને કહ્યું—હમણાં પૃથ્વી ઉપર ધનપ્રવરા શેઠની પુત્રી અચંકારિભટ્ટિકાએ ક્રોધ કષાય પર એવો તો સજ્જડ કાબૂ મેળવ્યો છે કે ગમે એવા દેવ પણ એને કોપાવી શકે નહિં. ઇન્દ્રના એ વચનમાં વિશ્વાસ ન પડવાથી સભામાંથી એક દેવ તુરત જ ઉઠીને એની પરીક્ષા કરવા એને ઘેર ગયો: કૌતુકીને આળસ કર્યું કામનું નહિં.

મુનિઓને લક્ષપાક તેલનો ખપ છે જાણી ભટ્ટિકાએ ઘરમાંથી દાસી પાસે એક ઘટ મંગાવ્યો. પેલા દેવને કસોટી કરવી હતી એટલે એણે દાસીના હાથમાં રહેલ તેલનો કુંભ માર્ગમાં જ પડાવી નખાવ્યો, એટલે એ ફુટી ગયો. પણ ભટ્ટિકાએ તો તુરત જ બીજો મંગાવ્યો. બીજાનો પણ પરીક્ષક દેવે એ જ રીતે નાશ કર્યો. બબ્બે કુંભ ફુટી ગયા છતાં ભટ્ટિકાના મુખ

પર લેશ પણ અશાન્તિ દેખાઇ નહિ. એણે તો સદ્ય ત્રીજો કુંભ મંગાવી લીધો અને મુનિજનને વહોરાવ્યો.

એ વખતે મુનિઓએ કહ્યું—શ્રાવિકા, તારે અમારે માટે તેલની બહુ હાનિ થઈ પણ તેથી તારે આ રંક દાસી પર લેશ પણ ક્રોધ ન કરવો.

એણે પણ સ્મિતપૂર્વક કહ્યું—સાધુરાજ, ક્રોધરૂપ વૃક્ષનું ફળ મને એવું મળી ગયું છે કે હવે પ્રાણ સંકટમાં પણ હું ક્રોધ કરવાની નહિં.

વળી મુનિજનોના પૂછવાથી એણે પોતાને ક્રોધથી કેવું કેવું સહન કરવું પડયું હતું તે સર્વ અથેતિ કહી સંભળાવ્યું.

પેલો દેવ જે બધું જોયા કરતો હતો તે ભટ્ટિકાની એવી અપૂર્વ ક્ષમાશીલતા જોઇ વિસ્મય પામી પ્રકટ થઇ પોતાના આવ્યાનું પ્રયોજન કહી સંભળાવી બોલ્યો—પતિવ્રતા ભટ્ટિકા, ઇન્દ્રદેવ તારા ક્ષમાગુણની ભરસભામાં હર્ષપૂર્વક પ્રશંસા કરે છે એ યુક્ત જ છે. તારું જ જીવતર ધન્ય છે એમ હું માનું છું.

અત્યારસુધી ક્ષમાવિષયમાં મુનિજનનું ઉપમાન અપાતું હતું. આજથી એ ભાગ્ય તને વરે છે, તું ખરે જ અસાધારણ ભાગ્યશાળી છો !

એ પ્રમાણે ભટ્ટિકાની ક્ષમાશીલતાની સ્તુતિ કરી, ત્યાં બાર કોટી જેટલું સુવર્ણ વરસાવી, એનાં યશોગાન કરતો દેવતા પોતાને સ્થાને ગયો.

ચારણમુનિ સભા સમક્ષ આમ અચંકારિતભટ્ટિકાનું ચરિત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહી સંભળાવી બોલ્યા: હે ભવ્ય જીવો, આ પ્રમાણે પ્રશમ અને ક્રોધના ગુણદોષ તમે દીઠા. એ પરથી તમારે અનર્થમય એવો ક્રોધ સદાને માટે ત્યજી દેવો અને સર્વત્ર શ્રેયસ્કર એવો પ્રશમગુણ અંગીકાર કરવો.

મુનિ કહી રહ્યા એટલે પેલો સર્વભક્ષી રાક્ષસ, જેનો આત્મા સાચે જ જાગ્રત થયો છે એ ઉભો થઇ બોલ્યો: હે મુનિવર, તમારાં વચનોથી મારું હૃદય અત્યન્ત દ્રવ્યું છે અને આ હેમરથ પર બહુ ક્રોધ હતો તે સર્વ મૂકી દઉં છુ.

એ વખતે મેઘની જેવી ઉગ્ર ગર્જના કરતો, પોતાનાં સતત વહેતાં મદજળથી આસપાસની પૃથ્વીને અનુસિંચન કરતો કોઇ ગજેન્દ્ર સભામાં આવી ઊભો રહ્યો. એવા ભયાનક પ્રાણીના આગમનથી સભામાં સર્વત્ર ક્ષોભ વ્યાપી રહ્યો. પણ ભીમકુમાર અતિ નિર્ભય હતો. એણે ઉઠીને પોતાનાં ગજશિક્ષાના પ્રવર-જ્ઞાનને લઇને ગજેન્દ્રને થંડો પાડ્યો.

જાણે સહસ્રરશ્મિ સૂર્ય હોયની એવી દેહકાન્તિથી, સભામાં બેઠેલા સર્વને વિસ્મય પમાડતો એ હસ્તી તુરત જ રૂપપરિ-વર્ત્તન કરી એક યક્ષ બની ગયો અને અતિ હર્ષપૂર્વક મુનિના ચરણમાં નમ્યો.

મુનિએ પોતાના વિશિષ્ટ જ્ઞાનને લઇને એને કહ્યું: પૌત્ર હેમરથને દુ:ખ આવી પડેલું જોઇ એના રક્ષણ નિમિત્તે તું ભીમકુમારને લઇ આવ્યો હતો તે અત્યારે એને પુનઃ તાતની સમીપ લઇ જવા આવ્યો છે ને?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" હા, એમ જ છે " કહી યક્ષે વિશેષમાં જણાવ્યું કે— મુનિરાજ, ગતભવમાં એ મારા પૌત્ર હતો એટલે મેં ભીમકુમારને લઇ આવીને એને આ રાક્ષસના પાશમાંથી છોડાવ્યો છે. વળી પૂર્વે મારા સમ્યક્ત્વ વ્રતમાં કંઇ અતિચારદોષ થઇ ગયો હોવાથી, ઇન્દ્રની સમૃદ્ધિને યોગ્ય છતાં હું વ્યન્તરજાતિમાં ઉત્પન્ન થયો છું; માટે હે ગુરુરાજ, કૃપા કરી પુનઃ મને એ સમ્યક્ત્વ વ્રત ઉચ્ચરાવો.

ગુરુ–ચારણમુનિ–એ પણ એને અને હેમરથરાજાને પણ મોક્ષપ્રાપ્તિનું એક જ કારણ હોયની એવું એ સમ્યક્ત્વ વ્રત લેવરાવ્યું. વળી એ અત્યુત્તમ વ્રતનું માહાત્મ્ય પણ સમજાવ્યુંઃ

" સમ્યક્ત્વ વ્રત છે તે જીવને તિર્યંચ અને નારકના ભવમાંથી છોડાવે છે, મનુષ્યભવ અને દેવભવના દ્વાર ઉઘાડી આપે છે, આ વિશાળ સંસારસાગરને પાર પહોંચાડે છે, પુણ્યરૂપી કમળને સૂર્યની જેમ ઉલ્લાસિત કરે છે, દિવ્ય ઔષધની પેઠે ત્રિભુવનમાં સુખ હસ્તગત કરાવે છે, અને મોક્ષપ્રાપ્ત કરવાનું સામર્થ્ય અર્પે છે ".

ભીમકુમારે પણ કાપાલિક આદિની સંગતિથી પોતાનું સમ્યક્ત્વ દૂષિત થયેલું માની મુનિજન સમક્ષ આલોચના લીધી.

પછી સર્વેએ પોતપોતાને ધન્યભાગ્ય માનતા, મુનિને પુનઃ નમી હેમરથ રાજાના નગર પ્રત્યે ગયા.

ત્યાં હેમરથે ભીમકુમારને ચરણે નમીને કહ્યુંઃ સાહસિક કુમાર, એક પિતાતુલ્ય કૃપા દર્શાવીને તેં મને જાણે પુનર્જન્મ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ આપ્યો છે. એ જન્મને સુભગ બનાવનારું સમ્યક્ત્વ વ્રત છે—એ બહુ દુર્લભ છે, છતાં તારા પ્રસંગથી એ પણ મને પ્રાપ્ત થયું છે. અત્યન્ત ગાઢ અન્ધકારથકી સૂર્ય મનુષ્યને બચાવી લે છે તેમ તેં નિષ્કારણ બન્ધુ બનીને મને રાક્ષસથકી બચાવી લીધો છે, પર—ઉપકાર કરવો એવો સત્પુરુષોનો સ્વભાવ જ પડેલો છે. વાદળાં જગતને જીવાડવાનું કાર્ય લઈ બેઠા છે એ કાંઇ કોઇના આગ્રહથી, કોઇના પ્રેર્યાં કરતા નથી. એમનો એવો જાતિ સ્વભાવ જ છે–તે એ કર્યા કરે છે. પ્રાણ દાનરૂપ ઉપકાર કરનારને સામો પ્રત્યુપકાર શો કરું ? એ અનન્ય ઉપકારનો સામો કોઇ પ્રત્યુપકાર મને હાથ લાગતો નથી; તેથી હું તો તારા ગુણોનો વેચાણ દાસ જેવો થઇને રહીશ.

ભીમકુમારે વળતા કહ્યું: તારી આ વિવેક વાણીથી હું તો સંતુષ્ટ થયો છું, માટે તારે અન્ય કોઇ જાતનો પ્રત્યુપકાર કરવાનો મોહ કરવો નહિં. પરન્તુ મેં કર્યું છે એ તારા ચિત્તમાં કંઇ સ્થાન પામ્યું હોય તો તારે અહોનિશ શ્રીજિન પ્રભુના ધર્મનું રટણ કરવું. એ જૈન ધર્મ સિવાય અન્ય ધર્મ આત્માનું કલ્યાણ કરનારો નથી.

હેમરથે કહ્યું—દેવ, જો એમ હોય તો મારા જેવા નવા શ્રાવક થનારને ધર્મને વિષે સ્થિર કરવાને તું થોડો સમય અહિં રોકાઇ જા.

બેઉ પરસ્પર આ પ્રમાણે આલાપસંલાપ કરે છે ત્યાં, લોકોના કાન ચમકાવતા ડમરૂના ઘન નાદવડે આકાશને અને પૃથ્વીને સંપૂર્ણ પૂરી નાખતી, વિવિધ આયુધો જેમાં શોભી

રહ્યાં છે એવી પોતાની વીશ વીશ ભુજારૂપી લતાઓને લઈને આકાશને જાણે એ એક વૃક્ષ હોય એવું દેખાડતી કાલિકા-દેવી, વિદ્યાસિદ્ધ થયેલી હોવાને કારણે લોકોને સૂર્યની જેવા પ્રખર તેજવડે આંજી નાખતા કાપાળિક સહિત, ત્યાં આવીને ઉભી રહી.

સ્થિર થઇ એ ભીમકુમારને નમનપૂર્વક કહેવા લાગી– મહાશય, આ અતિ વિસ્તીર્ણ એવા આકાશને વિષે સ્વેચ્છા-પૂર્વક ભમતી ફરતી હું તારા નગર પર થોડો વખત થંભી ગઈ હતી. ત્યાં તારા માતપિતા, પૌરજનોઆદિકના તારા નામા-ભિધાન ગ્રહણપૂર્વકનાં પ્રલાપો શ્રવણ કરી આકાશથકી ઉતરી એમની પાસે જઇ એમને આશ્વાસ આપી અહિં આવી છું– એમ કે, 'તારા કુમારને બે દિવસની અંદર તારી સમીપ લાવી ખડો કરીશ.' માટે રાજપુત્ર, સત્વર મારી સાથે ચાલ અને તારા વિયોગરૂપી અગ્નિથી શેકાઇ જતા તારા માત તાત આદિકને તારાં દર્શનરૂપી જળસિંચનવડે શીતળતા પમાડ.

એ સાંભળી ભીમકુમાર ત્યાંથી પ્રયાણ કરે છે. ત્યાં વળી અત્યન્ત દેદીપ્યમાન એવી અનેક વિમાનોની શ્રેણિ કયાંયથી આકાશમાં પ્રકટ દેખાણી. અંદર ચાલી રહેલા વાદ્યોના નિનાદો વડે વનમયૂરોને નચાવતી એ વિમાનોની શ્રેણીથી સકળ સભા-જનોનાં નેત્રો ઉંચે આકાશભણી આકર્ષાયાં એટલે એક વિમા-નમાં દેહની અઢળક કાન્તિથી અન્તરિક્ષને લીંપી રહી હોયની નિઃસીમ રૂપસૌન્દર્યને લઇને લક્ષ્મીદેવી જેવીને પણ જાણે લજાવી રહી હોયની, શીતળ તેજે ભર્યાં મુખારવિંદને લઈને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દિવસે પણ જાણે ચન્દ્રોદય દેખાડતી હોયની–એવી કોઇ દેવી એમને દૃષ્ટિગોચર થઇ.

એ કોણ હશે એમ સભ્યજનો તર્કવિતર્ક કરે છે ત્યાં તો એ દેવીની કેટલીક પારિપાર્શ્વિક–અનુચર જેવી દેવીઓ વિમાનમાંથી ઉતરી ભીમકુમાર પાસે આવી નમન કરી કહેવા લાગી. કુમાર આ નાના પ્રકારના વિમાનોના પરિવારની સ્વામિની અમારી કમળા યક્ષિણી તમારા દર્શનાર્થે આવે છે, એની તરફ નજર કરો.

ત્યાં તો વિમાનમાંથી સત્વર ઉતરી આવી, પોતાનાં રૂપ-સૌન્દર્યવડે સકળ સભાસદોને આશ્ચર્યમાં ગરકાવ કરતી કમળા યક્ષિણી ભીમકુમારને પ્રણામ કરી ઊભી રહી.

એને બેસવા માટે તરત જ આસન આગળ ધરવામાં આવ્યું, તે પર બેસી કહેવા લાગીઃ આજે પ્રભાતે જ મેં એ મુનિજનોને ' કુમાર અત્યારે કયાં હશે ? ' એવી પૃચ્છા કરી હતી. પણ એમના તરફથી સન્તોષકારક ઉત્તર ન મળવાથી, તમે અહિં છો એમ મારા જ્ઞાનના ઉપયોગવડે જાણી લઇ શીઘ્ર અહિં આવવા નીકળી હતી પરન્તુ માર્ગમાં વિલંબ થવાને કારણે અત્યારે આવી પહોંચી શકી છું. હવે ચાલો અહિંથી તમોને તમારે સ્થાને પહોંચાડું.

એ પરથી રાજકુમારે હેમરથ નૃપતિની મહાપ્રયાસે રજા મેળવી. મિત્ર સહવર્ત્તમાન યક્ષે રચેલા વિમાનમાં તે આરૂઢ થયો. અન્ય વિમાનોમાં બેઠેલા અન્ય અન્ય યક્ષ આદિ દેવ દેવીઓના સમૂહ સહિત ભીમકુમારે આકાશમાર્ગે પ્રયાણ કર્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે વખતે જાણે અમરાપુરીથી દેવોના અધિપતિ ઇન્દ્રે પ્રયાણ કર્યું હોયની એવું દૃશ્ય થઇ રહ્યું. જ્યોતિમંડળે મંડિત એવા તે વિમાનો આકાશમાં સંચાર કરવા લાગ્યા અને લોકોને આકાશ જાણે સેંકડો સૂર્યબિમ્બોથી વિભૂષિત હોયની એવું જણાયું.

ગગનમાર્ગે પણ ભીમકુમારના મનરંજન અર્થે યક્ષિણીએ પોતાની દેવીઓ પાસે નાટકોત્સવ શરૂ કરાવ્યો. એ નાટયવિનોદ એવો તો હૃદયહાર બન્યો કે આકાશચારી સિદ્ધ આદિક સાધારણતઃ ત્વરિત વેગે જનારા છતાં ક્ષણવાર તો સ્થિર થઇ ગયા.

એવા દેવીઓના નાટારંભને લઈને માર્ગનો પરિશ્રમ જેને લેશ માત્ર વર્તાયો નહિં એવો હરિવાહનસુત ભીમકુમાર અલ્પ સમયમાં પોતાના નગરના બગીચાના પ્રાસાદ નજીક આવી ઉતર્યો. ત્યાં જિનભગવાનની પૂજા-અર્ચા કરી એણે હર્ષાવેશમાં આવેલી યક્ષિણી પાસે સુરેન્દ્રવત્ ઉત્તમ સંગીતનો આદર કરાવ્યો.

એ સંગીતનો ધ્વનિ ચોમેર વિસ્તરતો ભૂપતિ હરિવાહનને પણ કર્ણગોચર થયો. એટલે એણે પાસે રહેલા પોતાના પ્રિય મંત્રીને પ્રશ્ન કર્યો–આ કોઈ ગીતવાદ્યાદિનો સ્વર સંભળાય છે તે કયાંથી આવતો હશે ?

મંત્રી પ્રશ્નનો કંઇ પણ ઉત્તર આપે એ પહેલાં તો બગીચાના બાગવાને આવી નમન કરી રાજાને કહ્યું: મહારાજ, અનેક વિમાનોની પરંપરાથી પૃથ્વીને વિભૂષિત કરતા રાજકુમાર આવી પહોંચ્યા છે ને બગીચામાં ઉતર્યા છે. આ જે આપના પુત્રનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આગમન સૂચવતો હોયની એવો ધ્વનિ સર્વત્ર વિસ્તરી રહ્યો છે તે એમણે જ ચૈત્યમાં નાટ્ય શરૂ કરાવ્યું છે એનો છે.

પુત્રના આગમનની ખુશ ખબર લાવનાર બાગવાનને બક્ષીસ આપી સન્તોષી, જેના અન્તરમાં હર્ષ સમાતો નહોતો એવો રાજા પોતાના સકળ અન્તઃપુર અને સમગ્ર પ્રજા જન સમેત એને સામો લેવા ગયો. પૂજ્ય પિતાને આવતા સાંભળી ભક્તિમાન્ પુત્રે પણ યક્ષ પાસે સત્વર હસ્તી, તુરંગ, રથ અને પાયદળ એમ ચતુરંગ સૈન્ય વિકુર્વાવ્યું. વળી પિતાને જોયા કે તરતજ સામા દોડી જઇ એણે એના ચરણકમળમાં પોતાનું શીર્ષામ્બુજ ધરવાપૂર્વક અને એમ પદ્મ પર રહેલા (બીજા) પદ્મમાં રહેલું સૌન્દર્ય દર્શાવવાપૂર્વક પિતાને નમન કર્યું. પિતા પણ પ્રણમી રહેલા પુત્રને ઊભો કરી, પોતાના હૃદયમાં પાસ આવતો હોયની એમ ગાઢ આલિંગન દઇ એનું મસ્તક સુંઘવા લાગ્યો અને એના પર ચુંબનના વરસાદ વરસાવવા લાગ્યો. પછી પુત્ર દર્શનથી છાતીમાં ઉભરાઇ આવતા ધાવણને મિષે જાણે હૃદયનો પ્રીતિરસ દર્શાવતી હોયની એવી માતાને પણ ભીમકુમાર ચરણે પડયો. ભીમકુમારના સામું સ્વાગત કરવા આવેલ વ્યક્તિ પોતાના જ સ્વામી( ભીમકુમાર )ના પિતા છે એમ ખબર પડતાં યક્ષ આદિક સ્વર્ગનિવાસીઓ પણ એની આગળ નમીને ઊભા રહ્યા; કારણ કે સજ્જન પુરુષો વિવેકના જાણકાર હોય છે. છેવટે, ઉપહાર આદિક લઇને આવેલા, વિયોગને તાપે બળી જળી રહેલા નાગરિકોને પણ એણે પ્રિય આલાપસંલાપ આદિ અમૃતસિંચનવડે શાન્ત કર્યાં.

પુનઃ મિલનસમયને ઉચિત એવી આ સ્વાગત આદિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાહ્ય વ્યવહારક્રિયા પૂર્ણ થયા પછી, અન્તરિક્ષ વિવિધ વિમાનો વડે અને પૃથ્વીતળ અનેક સૈનિકોવડે શોભી રહે છતે, સમૃદ્ધિ પરત્વે અપર સુરેન્દ્ર જેવા ભીમકુમારે ઐરાવણના સહોદર જેવા એક સુંદર હસ્તી પર આરૂઢ થઇ નગરને વિષે પ્રવેશ કર્યો. (નગરમાં) વાદિત્રોના નાદ સુણી દર્શનાર્થે નાકે નાકે આવી ઊભા રહેલા સેંકડોગમે નાગરિકો અને નાગરાણીઓથી પ્રશંસાતો, અર્થીજનોને પુષ્કળ સુવર્ણદાન આપી કુબેર સમાન સમૃદ્ધ બનાવતો અને સૂર્યના સહસ્ર કિરણોનું ધ્વજાપતાકાવડે પાન કરી રહેલા નગરને નીહાળતો નીહાળતો પિતાની સંગાથે પોતાના આવાસે પહોંચ્યો.

એ વખતે યક્ષ, યક્ષિણી વગેરેએ કુમારનું અનેક સાહસપૂર્ણ ચરિત્ર રાજાને કહી સંભળાવ્યું, રાજાને પણ પુત્રનું વિચિત્ર ચરિત્ર સાંભળી અત્યન્ત પ્રમોદ થયો અને એને એ જ વખતે પોતાના દેશના રાજ્યની લગામ સોંપી પોતે સંયમરૂપી ઉદ્દામ સૈન્યને વશ અને શાશ્વતી કલ્યાણલક્ષ્મીથી વિભૂષિત એવું મુક્તિપુરીનું રાજ્ય સ્વીકાર્યું.

યુવરાજ મટી રાજપદને પામેલા ભીમકુમારે, પછી, બુદ્ધિવિષયે બૃહસ્પતિની જોડે ઊભો રહી શકે એવા મતિસાગરને મંત્રીનો અધિકાર સુપ્રત કર્યો. યક્ષાદિક સ્વર્ગનાં દેવદેવીઓ પોતે સ્વામી માનેલ એવા ભીમરાયની રજા લઇ પોતપોતાને સ્થાને ગયા. ભીમરાય પણ પોતાના મિત્ર મંત્રીની સલાહ અનુસાર પ્રજાનું અને રાજ્યનું પાલન કરવા લાગ્યો.

અનુક્રમે, સંગ્રામને વિષે આવશ્યક એવી ધનુર્વિદ્યામાં પૂર્ણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રવીણ એવા રાજવીએ ધીમે ધીમે રાજ્યના સકળ શત્રુવર્ગને યુદ્ધમાં હરાવી પોતાને આધીન કર્યા. એણે ચતુરંગી સેના તો રાખી હતી, પણ એ કેવળ આડંબરને અર્થે રાખી હતી, પૃથ્વી પર જ્યાં ત્યાં એ વિજય પ્રાપ્ત કરી આવતો એ તો એના પોતાના જ અઠંગ બળવડે.

એના અમલ દરમ્યાન દુર્ભિક્ષ, ઇતિ, અનીતિ, ચોરી, પરદ્રોહ, ઈર્ષ્યા આદિ જાણે દેશવટો પામ્યાં હોય એમ અદૃશ્ય થઈ ગયાં. રાજ્યપ્રાપ્તિ એ પૂર્વભવનાં પુણ્યનું ફળ છે એમ સમજી એ રાજવીરે વળી સત્કાર્યો કરી કરીને પુણ્ય હાંસલ કરવા માંડયું. એણે ચિરકાળ રાજ્ય કર્યું એમાં એણે સમ્યક્ત્વને હૃદયના મિત્રની જેમ હૃદયમાં ધારણ કરી રાખ્યું, પ્રજાને નિરન્તર સુકૃત્યને માર્ગે દોરી અને જૈન મતની ઉત્કૃષ્ટ પ્રભાવના કરી.

વૃદ્ધાવસ્થા થઈ ત્યારે એણે નિર્વેદને પુષ્ટ કરનાર એવી કોઇ સદ્‌ગુરુની વાણી સાંભળી પુત્રને રાજ્ય ભળાવી પ્રવ્રજ્યા એટલે ધર્મની દીક્ષા ગ્રહણ કરી. એમાં દુશ્ચર તપશ્ચર્યા આદરી, અજ્ઞાનરૂપી મલિનતાને ફેંકી દઇ, એકદમ ઉજ્જવળ એવું કેવળજ્ઞાન પ્રાપ્ત કરી એ મહાપુરુષ મોક્ષે સિધાવ્યા.

આ પ્રમાણે મેઘરૂપ ગુરુ શ્રી હેમચંદ્રે ધર્મરૂપી અમૃત-જળની વૃષ્ટિ કરી એથી મયૂરવત્ અત્યન્ત હર્ષ પામી ચૌલુક્યભૂપતિ શ્રીકુમારપાળે મધુર શબ્દોમાં કહ્યું-પ્રભુ, ધતુરાના આસ્વાદનથી ભ્રમિત થવાથી માણસ માટીના રોડાંને સુવર્ણ માની બેસે છે તેમ મેં પણ આજ પર્યન્ત મિથ્યાત્વથી ભ્રાન્ત


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થઇ અતત્ત્વને પણ તત્ત્વ માની લીધું છે, પણ હવે આપ-ગુરુશ્રી–ના વચનોરૂપી અમૃતનું પાન કરવાથી મારો ભ્રમ ટળી ગયો છે તેથી સમગ્ર ધર્માદિ તત્ત્વ યથાસ્થિત જાણતો થયો છું. આપ જેવા મહાપુરુષે જ બોધરૂપી શલાકાંજન વડે અજ્ઞાનનાં પડળ દૂર કરી મારાં જ્ઞાનમય ચક્ષુ પ્રકટ કર્યાં છે. એટલે હવે, કલ્પદ્રુમ અને ચિન્તામણિ જેવાં મનવાંછિત પૂર·નારાં શ્રેષ્ઠ રત્નો પણ જેની આગળ લેશ પણ ગણત્રીમાં નથી એવા શ્રાદ્ધધર્મમાં મને દીક્ષિત કરો.

કુમારપાળનૃપતિની એવી ઇચ્છા જાણી, એના અંતરંગ મનોરથ પણ સમજી જઈ, શ્રીહેમચંદ્રે ઉત્તમ મુહૂર્ત્ત જોઈ અષ્ટાન્હિકા મહોત્સવ શરૂ કરાવી એને વિધિપૂર્વક ચતુર્વિધસંઘની સાક્ષીએ, સત્કૃત્યના રાશિ જેવો સમ્યક્ત્વભૂષિત શ્રાદ્ધધર્મ સકળ વિશ્વનું ઐશ્વર્ય અર્પતા હોયની એમ અંગીકાર કરાવ્યો.

તે વખતે ધર્મલક્ષ્મીને આગળ કરી પવિત્ર સમવસરણના ફેરા ફરી રહેલો કુમારરાજા, જાણે વધુને આગળ કરી અગ્નિના ફેરા ફરી રહેલો વરરાજા હોયની એવું દૃશ્ય થઈ રહ્યું–સાધુજને રાજાને મસ્તકે સુવાસિત ચન્દનના ચૂર્ણનો વાસક્ષેપ કર્યો એને લઈને લોકોને વગર વસંતે વસંતક્રીડાનો અનુભવ થયો–શ્રીસંઘે નૃપતિ ભણી શુદ્ધ અક્ષત ફેંકયા તે જાણે એના પર આસક્ત થયેલી એવી પુણ્યલક્ષ્મીએ લક્ષ ગમે કટાક્ષો ફેંકયા હોયની એવો દેખાવ થઈ રહ્યો–રાજાના અન્તઃકરણમાં પણ આર્હત ધર્મના સ્વીકારથી, ભવિષ્યમાં પ્રાપ્ત થનારા મોક્ષસુખની વાનકી હોયની એવી આનંદની ઊર્મિઓ ઉછળી રહી. વળી તે વખતે કૃપાસુંદરી તો જાણે મદઘેલી થઈ ગઈ, વિવેક તો જાણે આનંદમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



રાજાને મસ્તકે સુવાસિત ચન્દનના ચૂર્ણનો વાસક્ષેપ કર્યો

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

નિમગ્ન થઇ ગયો, તથા દાન-શીલ-તપ-અને ભાવ-નું વૃન્દ તો જાણે વિલાસમાં પડી ગયું. આ ગુર્જર નૃપતિનાં યશોગાન કરનારા અનેકાનેક થઇ ગયા છે પરંતુ એનાં ભાગ્ય, દાક્ષિણ્યતા આદિ ગુણોનું યથાસ્થિત વર્ણન કરનારો કોઇ જન્મ્યો નથી- કોઇ મહાકવિ પણ.એનાં એ ગુણોનું વર્ણન કરી શકયો નથી.

હવે શ્રીહેમચન્દ્રે, રાજાને જે ધર્મ ઉચ્ચરાવ્યો એ ધર્મનું રક્ષણ કરવા સમર્થ પહેરેગીર જેવો અનુબોધ પણ દીધો કે—

ચૌલુકયરાજ, ગુરુએ તને વિશ્વપતિ શ્રીઅર્હત્પ્રભુના કોષ-માંથી આકર્ષીને, સમ્યકૃત્વ વ્રતરૂપ ચગદાવાળી અને ગુણવ્રત-શિક્ષાવ્રત રૂપી ગુણવાળી, અહિંસા આદિ વ્રતરૂપી મુકતાફળોની આ માળા અર્પણ કરી છે. એ માળાને તું અહોનિશ જીવની જેમ હૃદયમાં ધારણ કરી રાખીશ તો સૌભાગ્યવતી મુકિતયુવતી તને પોતાના પ્રિયતમ તરીકે અવશ્ય સ્વીકારશે-તને વરશે.

શ્રીહેમચન્દ્રે આ અનુબોધ દીધો ત્યાર પછી શ્રીસંઘે પણ એને 'ધર્માત્મા' અને 'રાજર્ષિ' એવાં, પૂર્વે કોઇને ન દીધેલાં બે બિરુદ આપ્યાં.

હવે રાજાએ અન્ય સર્વ દેવતાને ત્યજી મન્દિરમાં તેમ હૃદયમાં પણ, શ્રીજિનપ્રભુની પ્રતિમા સ્થાપિત કરી. સાથે ગુરુની ચરણપાદુકા પણ રાખી. એમનું કપુર, કુસુમો આદિ વડે ત્રિકાળ પૂજન કરી સુકૃતરૂપી સુગંધ વિસ્તારી પોતાની જાતને પણ સુગંધી કરવા લાગ્યો. અષ્ટમી, ચતુર્દશી આદિ દિવસોએ અષ્ટપ્રકારી પૂજા કરી અષ્ટકર્મોના જૂથને નિર્બળ કરવા લાગ્યો.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્વાદશ વ્રત, સમ્યક્ત્વજ્ઞાન આદિના ૧૨૪ અતિચાર જાણી લઇ એને ત્યજવા પ્રયત્ન કરવા માંડ્યા. કંઇક ગુરુમુખેથી અને કંઇક વાગ્ભટ મંત્રી કનેથી સાંભળી એણે સમગ્ર શ્રદ્ધાચાર જાણી લીધો.

એમ સમ્યક્ પ્રકારે ધર્મ જાણી લીધા પછી, એ ધર્મની સાધનભૂત એવી જે દયા–એ સર્વત્ર પ્રવર્તાવવાના એના મનમાં અભિલાષ થયા. એટલે "ચારે વર્ણોમાં જે કોઈ પાપબુદ્ધિ પોતાને અર્થે કે પરને અર્થે પણ છાગ, મૃગ આદિકની હિંસા કરશે તે રાજ્યનો અપરાધી ગણાશે" એવી પ્રાણીઓને જીવાતુ જેવી આખા પાટણમાં ઉદ્ઘોષણા કરાવી—અમારિપટહ વજડાવ્યો. પારધી, કસાઈ, મચ્છીમાર, કલાલ આદિનાં હાટડાં એકદમ ઉપડાવી લેવરાવ્યાં અને એ લોકોની પાસે પણ અહિંસાનું પ્રતિપાલન કરાવ્યું. જુગારીઓમાં સત્ય વાણી અને દુષ્ટજનોમાં શિષ્ટતા વિસ્મયકારક છે તેમ તે વખતે એ કસાઇ આદિ ચારે જાતમાં અહિંસા વિસ્મયકારક થઇ પડી. વાછરડાં, બકરાં, ગાય આદિ જાનવરોને પણ લોકો રાજાજ્ઞાને લઇને અણગળેલ જળ પીવરાવતા બંધ થયા.

ખુદ પાટણમાં આટલું કર્યા પછી કુમારપાળે પોતાના આખા રાજ્યમાં તેમજ પોતાના આજ્ઞાંકિત રાજાઓના દેશમાં પણ જીવહિંસા અટકાવવા પોતાના આપ્ત પુરુષોને મોકલ્યા. એમણે જઇને સૌરાષ્ટ્ર, શ્રૃંત્રુંજયતીર્થ, સમુદ્રકાંઠો, લાટદેશ, માળવા, આભીર, મેવાડ, મારવાડ તથા સપાદલક્ષના દેશમાં સુદ્ધાં શક્તિ, ભક્તિ કે ધનવડે પણ અહિંસા બંધ કરાવી.

દ્યૂત આદિ સાતે વ્યસનો પણ હિંસાના કારણો છે એમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહી રાજાએ એનો પણ ઉદ્‌ઘોષણાપૂર્વક અખિલ પ્રજાજનમાં નિષેધ કરાવ્યો. એ સાતના માટીના મનુષ્યાકાર રૂપ કરાવી મ્હોં પર મળી ચોપડાવી, કુંભારના અશ્વો પર બેસાડી, સારા શહેરમાં ચૌટે ચૌટે અને ગલ્લીએ ગલ્લીએ જ્યેષ્ટિકાના પ્રહારપૂર્વક ફેરવાવી એમને પાટણમાંથી તેમજ પોતાના આખા રાજ્યમાંથી એકદમ દેશવટો આપ્યો—સદંતર કાઢી મૂક્યા.

ચૌલુક્યરાયનું કાર્ય એટલું કર્યાથી જ અટક્યું નહિં, એને તો પોતાના શાસનનો યોગ્ય અમલ થાય છે કે નહિં તે પણ જોવું હતું. એટલે એ માટે એણે વળી ચોદિશ ગુપ્ત ચરપુરુષો મોકલ્યા. જેઓ જઇને તપાસ કરે કે કોઇ હજુ જીવહિંસા કરે છે કે કેમ. એ પુરુષો કોઇ હજુ હિંસકવૃત્તિવાળા રહ્યા હોય એની શોધ કરતા ફરતા ફરતા સપાદલક્ષ દેશના કોઇ ગામડામાં જઇ પહોંચ્યા.

એ ગામમાં તે વખતે એક માહેશ્વર નામનો વણિક્ પોતાની સ્ત્રી પાસે વેણી ઓળાવતો હતો. સ્ત્રીએ ઓળતાં ઓળતાં એમાં એક યૂકા( જૂ ) દીઠી. તે લઈને પતિને આપી. પતિએ એ મારી નાખી. એ દૂર રહેલા છતાં ઝીણી નજરે જોતા પેલા ચરપુરુષોએ દીઠું, એટલે એઓએ એને ચોરવત્ પકડયો અને એને અને મરેલી જૂને-બેઉને એમ ને એમ પાટણ લઇ ગયા.

પાટણમાં સર્વ વૃત્તાન્ત જાણી લઇ રાજાએ એ દુષ્ટ કાર્યના અપરાધી વણિક્‌ને કઠોર શબ્દોમાં કહ્યું—નિર્દય વણિક્, મેં સર્વત્ર જીવહિંસાનો નિષેધ કર્યો છે એવું જાણતાં છતાં તેં જૂ કેમ મારી?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વણિકે કહ્યું—મહારાજ, મારા મસ્તકમાં માર્ગ કરીને એ મારું લોહી પીતી હતી માટે મારી.

"એ તો એનું કાર્ય જ છે—એણે એ કર્યું માટે જો વધને યોગ્ય કહેવાય તો પોતપોતાનો ધંધો કરનારા સર્વ કોઈ વધને યોગ્ય કહેવાય. પશુ જેવો તું કોણ છો? એ જૂ તો રાજા અને ચક્રવર્તી જેવાને પણ એવી રીતે હેરાન કરે છે કારણ કે સર્વ કોઈને પોતાની વૃત્તિ દુસ્ત્યાજ્ય છે. સહેજમાત્ર પીડા એણે તને કરી માટે તેં એને હણી, તો પછી, તેં તો એનો વધ કર્યો—જીવ લીધો ત્યારે તને કેમ ન હણવો? આપણને જે થાય છે એવું જ સુખદુઃખ, હિતાહિત સામાને પણ થાય છે એવું જાણતાં છતાં તું અન્યને પ્રાણહરણરૂપ દુઃખ કેમ દે છે? નિર્દય માણસ! પાપથી તો તું ન ડર્યો ને જૂ મારી, પણ હિંસકોના વિનાશક એવા—મારાથી પણ તું ન ડર્યો? રાજાની આજ્ઞા લોપવી એ વગર શસ્ત્રે વધ કર્યા બરાબર છે. અને તેં એ લોપી એટલે તું, મારે સખેદ કહેવું પડે છે કે, અવશ્ય વધને લાયક છો! પરંતુ જૂને સાટે મારાથી તારા પ્રાણ શી રીતે લેવાય? એટલે તારા અપરાધ બદલ તારું સર્વસ્વ, તારી સર્વ માલમીલ્કત દંડ કરવામાં આવે છે; માટે જા, તારું સર્વસ્વ વેચીસાટીને ઉપજાવેલા દ્રવ્યમાંથી એ 'જૂ'ના કલ્યાણને અર્થે અહિં પાટણમાં જ 'યૂકાવિહાર' નામનું એક જિનમંદિર બંધાવ, કે જેથી, આ વૃત્તાન્ત સાંભળીને અને 'યૂકાવિહાર' જોઈને, અન્ય કોઇ વ્યકિત દયા ત્યજી તારી જેમ જીવનો વધ કરે નહિં.

કુમારપાળ ભૂપતિનો એવો આવો આદેશ થયો એટલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ માહેશ્વરે પણ પુષ્કળ ધન ખરચીને પાટણમાં પૃથ્વીના કંઠાભરણ જેવું યૂકાવિહાર નામનું જિનમંદિર બંધાવ્યું.

એ પ્રમાણે હંમેશાં રાજદૂતો સકળ રાજ્યમાં ફર્યા કરતા હોઇને કોઇ પણ સ્થળે કોઇ પણ વખતે કોઇ પણ માણસ જીવનો વધ કરતું નહિં. એથી, પૂર્વે જિન ભગવાનના તીર્થમાં જેમ મનુષ્યો લાંબું આયુષ્ય ભોગવતા હતા તેમ વર્ત્તમાનમાં કુમારપાળરાજાના રાજ્યમાં જળચર, સ્થળચર અને ખેચર જીવો લાંબું આયુષ્ય ભોગવવા લાગ્યા. પારધીઓને જોઈને, વનમાં સ્વચ્છંદે વિહરતાં મૃગના બચ્ચાં પોતાની ભાષામાં પોતાના માતપિતાને કહેતાં કે ' ચાલો આપણે ગીચ વનલતાઓમાં જઇને ભરાઈ જઇએ, નહિં તો આ પારધીઓ આપણા પ્રાણ લેશે ' એ વખતે એઓ એમને નિર્ભય કરતા કે–એ પારધીઓથી શા માટે ડરો છો ? વત્સો, સુખે હરોફરો કેમકે ચૌલુક્યરાયના ભયને લઇને એ લોકો આપણી સામા નજર પણ કરી શકે એમ નથી. કુમારપાળની અમારિ–અહિંસા–પ્રવૃત્તિ પરત્વે કેટલુંક કહીએ ? દ્યૂતક્રીડામાં પણ કોઇ ' મારિ ' શબ્દ ઉચ્ચારી શકતું નહિં.

આમ જૈન ધર્મ અંગીકાર કરી એની સાથે, પૂર્વે કોઇ મહાન્ નરપતિએ પણ ન કરેલું ' અમારિકરણ ' જેવું મહત્ત્વનું કાર્ય પાર ઉતારી, એકદા ગુર્જરાધિપતિ કુમારરાય ગુરુ શ્રીમદ્ હેમચંદ્ર સમીપ બેઠો હતો ત્યાં, નવરાત્રના પ્રસંગને લઇને દેવતાના નિર્દય પૂજારીઓએ આવી એને વિજ્ઞપ્તિ કરી કે–મહારાજ, તમારી કંટકેશ્વરી આદિક ગોત્રદેવીઓ છે એમની સપ્તમી, અષ્ટમી અને નવમી–એમ ત્રણ દિવસની પૂજાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થે સાતસો; આઠસો અને નવસો મળીને એકંદર ચોવીશસો બકરાં અને સાત આઠ નવ મળીને ચોવીશ પાડા પ્રતિવર્ષ રાજ્ય તરફથી આપવામાં આવે છે. એ પ્રમાણે આજે પણ અપાવી દ્યો કે જેથી એ દેવતાઓનું પૂજન રૂડી રીતે ઉકલી જાય. નહિંતર એઓ કોપાયમાન થશે અને કંઈ કંઈ વિઘ્નો ઉપસ્થિત કરશે.

એ સાંભળી મહીપતિએ અન્ય કોઈ ન સાંભળે એમ ગુરુજીને કાનમાં પૂછ્યું: આનો શો ઉત્તર આપવો ?

કંઈક વિચાર કરીને એમણે કહ્યું–કુમારપાળ, જિન ભગવાનનાં તો વચન છે કે દેવતા જીવહિંસા કરે નહિં તેમ માંસપ્રાશન પણ કરે નહિં. પરંતુ કોઇ કોઇ દેવતા ક્રીડાશીલ હોઇને એમને પરિહાસ, કૌતુક આદિ પર બહુ પ્રેમ હોય છે. અને સન્મુખમાં પશુઓ હણાતા હોય એ એમને મન એક જાતનું કૌતુક છે. આ પૂજારીઓની માગણી છે તે તો એમના પોતાના સ્વાર્થને લઇને છે, કેમકે દેવી પૂજાને બ્હાને જીવોનો વધ કરી પોતે જ એમનું માંસ ખાઈ જાય છે, માટે એમની માગણી પ્રમાણે જાનવરો દેવીના મઠમાં પૂરી મઠને તાળું વાસી આખી રાત તારા માણસોની ચોકી બેસાડ. એ જાનવરો અવશ્યમેવ કુશળ જ રહેવાનાં. સવાર પડયે એમની કિંમત જેટલા દ્રવ્યવડે દેવતા સમીપ ઉત્તમ ખાનપાનનું નૈવેદ્યધ રજે એટલું જ.

જીવોની જનની હોયની એવી ગૌરવભરી ગુરુની વાણી સાંભળીને રાજાએ એમણે કહ્યું એ પ્રમાણે બધું કરાવ્યું. રાત્રી વીતી અને પ્રભાત થયું એટલે તપાસ કરાવતાં જાનવર માત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવતાંજાગતાં નાચી-કૂદી રહ્યાં છે એમ માલમ પડવાથી દેવી ભક્તોને બોલાવરાવી રાજર્ષિએ કહ્યું-દુષ્ટો, હું બધું સમજી ગયો છું. તમે જ માંસપ્રાશનની લોલુપતાને લઇને કસાઇ જેવા નિર્દય બની પશુઓનો ઘાત કરો છો. જો તમારી દેવીઓને માંસનું પ્રયોજન હોય તો એમને ધરેલાં જાનવરોને એઓ પોતે શામાટે ન હણે ? પોતે નષ્ટ થઇ જાય છે એટલે અન્યનો પણ નાશ કરે છે એવા યે માણસો હોય છે એ વાત આજે તમારા જેવા પાપિષ્ઠોએ દૃષ્ટાન્તપૂર્વક ખરી પાડી છે. તને મને આજ પર્યન્ત બહુ ઠગ્યો છે પણ હવે હું જાગ્રત થયો છું, તત્ત્વ સમજતો થયો છું એટલે નહિં ઠગી શકો. ચોર લોકો પણ જાગતાનું શું ચોરી શકે છે ?

દુષ્ટ પૂજારીઓને એ પ્રમાણે કઠોર વચનો કહી સંભળાવી પુનઃ નજરે નહિં પડવા કહી ધર્માત્મા કુમારરાયે સર્વ જાનવરો વેચાવરાવી ઉપજાવેલાં દ્રવ્યનું કુળદેવીઓને નૈવેદ્ય ધરાવ્યું.

એ પ્રમાણે દેવીપૂજાનું કાર્ય કોઇ પ્રકારના પાપાચરણ વિના પતાવી દઈ દશમીને દિવસે ઉપવાસ પાળી રાજા રાત્રીને સમયે પોતાના આવાસમાં શ્રીજિનપ્રભુના સ્મરણપૂર્વક એકાગ્ર ધ્યાનમાં લીન થયો.

એટલામાં, હાથમાં ત્રિશૂલ રહી ગયું છે એવી કોઇ દેવી અન્તરિક્ષથકી ઉતરી આવી. પોતાના દેહની જળહળતી કાન્તિથી આખા મંદિરને પ્રકાશમય કરી નાખતી રાજાને સંબોધી કહેવા લાગી-રાજન્, નેત્ર ખોલીને આમ નજર કર. હું કંટકેશ્વરી નામની તારી કુળદેવી તારી પાસે આવી ઉભી છું. તારા પૂર્વજો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને તું પોતે પણ આજ સુધી આપતા આવ્યા છો એ-પશુઓ આદિનું બલિદાન આજ કેમ નથી આપતો ? કુળક્રમ લોપીને જે માનવી ગોત્રદેવતાની અપમાનતા કરે છે તે, બ્રહ્માના શાપની પેઠે એ દેવીના કોપથી ક્ષણમાં પ્રલય પામે છે. જો તું તારું કલ્યાણ ઇચ્છતો હો તો સદ્ય મને પ્રસન્ન કર. નહિંતર હું તને મારા કોપાગ્નિવડે તરણાની જેમ બાળી ભસ્મ કરી નાખીશ.

કુમારપાળે એ દેવીનાં ધમકીના શબ્દો સાંભળીને પણ લેશ માત્ર ક્ષોભ પામ્યા વિના કહ્યું-મારા જેવો સદ્ધર્મનું રહસ્ય સમજી ગયેલો હવે તને એ પ્રકારનું બલિદાન નહિં આપે. તારે માટે હવે નિર્દોષ પ્રાણીઓનો વધ નહિં બને. સર્વજ્ઞ-પ્રણીત ધર્મનું મને જ્ઞાન નહોતું ત્યાં સુધીમાં પણ મારે હાથે જે જીવહત્યા થયેલી છે તે પણ અગ્નિની જ્વાળાની પેઠે મારા હૃદયને શેકી નાખે છે. એક જીવના વધથી પણ પ્રાણી અનન્ત પાપ બાંધે છે એવું જાણતો છતાં હું કૃતાન્ત-કાળ-ની જેમ અનેક જીવોનો ઘાતક કેમ થાઉં ? તારે પણ, દેવી, આ પશુ-ઓનો ઘાત કરવો ઉચિત નથી કેમકે લોકમાં તેમ જ શાસ્ત્રમાં દેવતાને દયાને પક્ષે ઊભેલા કહ્યા છે, જેઓ જીવોનો વધ કરતા અટકતા ન હોય એઓને પણ તારે અટકાવવા જોઇએ, તો પછી મારા જેવા એ પાપાચરણથી વિરમેલાને એવી હત્યાઓ પુનઃ વ્હોરવાનું તો કેમ જ કહી શકાય ? દયાના જીવાતુ સંતપુરુષો જો જીવહત્યા કરશે તો સૂર્યમાંથી પ્રકાશને બદલે અન્ધકાર વરસ્યો સમજજો. દેવી, તને કપુર આદિકનો ઉચિત ભોગ ધરી દીધો છે. પ્રાણીઓનો ભોગ તો હું, પ્રાણ જશે તો યે નહિં ધરવાનો-એ નિર્ધાર સમજજે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાની સર્વ દલીલો ન્યાયપુરઃસર હોવા છતાં દેવીને મન અણગમતી હતી. એટલે એ એના પર ક્રોધાયમાન થઈ મસ્તકે ત્રિશૂળનો પ્રહાર કરી વિજળીના ચમકારાની જેમ એકદમ તિરોધાન થઈ ગઈ.

ત્રિશૂળના ઘાતને લઇને તો રાજાના પ્રત્યેક અંગે કોઢ નીકળી આવ્યોઃ દેવતા રૂઠે ત્યાં સારાની આશા હોય પણ ક્યાંથી? રાજાની નાસિકા જાણે બેસી ગઇ હોય, કાન જાણે ત્રુટી પડ્યા હોય, આંગળીઓ અને નખ પણ જાણે નીકળી પડ્યા હોય–એવું થઈ ગયું! ગુમડું ફૂટે છે એમાંથી પસ નીકળવા માંડે છે એમ એના આખા શરીરમાંથી રસી સ્રવવા લાગી, અને એનો વર્ણ કીલ જેવો શ્યામ થઈ ગયો.

અંગે અંગે કોઢ નીકળેલો જોઈ ધર્મિષ્ટ રાજાને સંસાર પર અને નિજ દેહ પર વિરક્તભાવ ઉત્પન્ન થયો. એટલું કે શ્રીઅર્હત્ના ધર્મ પર લેશમાત્ર અરુચિ ન થઈ. એ મહાબુદ્ધિમાન હતો એટલે જે થયું છે તે સર્વ કર્મની રચના છે એમ સમજી એણે કુળદેવી પર પણ ક્રોધ ન કર્યો.

એણે તો સમતા ધારણ કરી મંત્રી ઉદયનને બોલાવ્યો અને દેવીનો સર્વ વૃત્તાન્ત કહી સંભળાવી પોતાનું શરીર એને બતાવ્યું. મંત્રી તો એ જોઇને જ બહુ ખિન્ન થયો કેમ કે મહાપુરુષોને માથે વિપત્તિ આવી પડે છે એથી સર્વ કોઇને કલેશ થાય છે.

ભૂપતિએ કહ્યું–ઉદયન, આ કોઢ નીકળ્યો તેથી મને જેટલો સંતાપ નથી થતો એટલો સંતાપ મારે લીધે શ્રીજિનપ્રભુના

ધર્મ પર વૃથા લાંછન આવશે એને લીધે થાય છે. કેમ કે આ વ્યતિકર સાંભળીને પરધર્મીઓ એમ બોલશે કે–જુઓ, રાજાએ જૈનધર્મ સ્વીકાર્યો એનું ફળ તો જુઓ! કોઢ નીકળ્યો કોઢ! કુમારરાયની જેમ શૈવદર્શન ત્યજી જૈનદર્શન સ્વીકારશે એને માથે આ જ ભવમાં અકથ્ય કષ્ટ આવી પડશે. અમારા સૂર્ય-દેવતાની સ્તુતિથી જ્યારે કુષ્ટાદિ વ્યાધિ તમામ પ્રલય પામે છે ત્યારે અર્હંતની સેવાથી ન હોય ત્યાંથી આવી ઉત્પન્ન થાય છે." માટે મને એમ થાય છે કે આ વ્યતિકર આપણા દ્વેષીઓને કાને પહોંચે તે પહેલાં આ દેહને તૃણવત્ અગ્નિમાં હોમી દઉં.

ઉદયને રાજાને સાન્તવન આપતાં કહ્યું–મહારાજ, વૃથા મૃત્યુની વાત શા માટે ઉચ્ચારો છો? દેવીએ માગ્યું છે તે સર્વ આપીને એને જ સદ્ય પ્રસન્ન કરીએ. નક્ષત્રોનું સ્થાન જેવું આકાશ તેવું પ્રાણનું સ્થાન શરીર છે–એ શરીરનો, કયો દક્ષ નર નિયમની અભિકાંક્ષાએ નાશ કરવા તત્પર થાય છે? "સંયમનું રક્ષણ કરવું, પણ આત્મરક્ષણ કરવા સંયમને જતો કરવો પડે તો તેમ કરીને પણ આત્મરક્ષણ કરવું. શરીર સ્વસ્થ હશે તો પુનઃ પ્રાયશ્ચિત્ ક્યાં નથી કરી શકાતું?" એવાં સર્વજ્ઞનાં વચન છે. એટલે પ્રાણસંકટ આવ્યે દીક્ષિત સાધુઓ પણ ચારિત્ર ત્યજીને શરીર સાચવે છે. વળી તમારો અહિંસાનો નિયમ છે તે દેવતા–અભિયોગ આદિ છ અભિ-યોગ ઉપસ્થિત થયે મોકળો છે; ને તમારે દેવતાભિયોગે જ હિંસા કરવી પડે છે એટલે તમારું તે અહિંસાવ્રત ખંડિત થતું નથી. તમે હયાત છો ત્યાં સુધી આ વસુંધરાને માથે તમે–રાજા ધણી છો–ત્યાં સુધી સૌભાગ્યવતી છે અને પ્રજા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ ત્યાં સુધી ભાગ્યશાળી છે, માટે ગમે તેમ કરીને પણ દેહને સાચવો."

રાજાએ પુનઃ કહ્યું-પ્રધાનજી, તમે આ શું બોલો છો? હું કોઇ કલ્પાન્તે પણ ગમે તેમ થશે તો યે જીવોનો ઘાત નહિં કરું-નહિં કરવા દઉં. પ્રાણીઓને સંસારમાં રઝળાવનારો આ દેહ તો ભવે ભવે મળે છે. નથી મળતું ફક્ત સર્વજ્ઞકથિત મોક્ષદાયક દયામય-અહિંસા-વ્રત. એ પ્રકારના દેહથી જો પુણ્ય ઉપાર્જન થતું હોય તો એક પાષાણના કટકાથી શશિબદ્ધ સુવર્ણ પ્રાપ્ત થવું જોઇએ. વળી સર્વથી ચપળ વાયુ કહેવાય છે એ વાયુને સ્વરૂપે આ જીવિતવ્ય છે, તો એવી અસ્થિર વસ્તુને કાજે સ્થિર શ્રેયસ્કરી દયાને કેમ જતી કરું? બીજું, મૃત્યુનો ત્રાસ તો પાપી માનવીઓને હોય છે, પુણ્યવંતા નરને ન હોય. મેં ઉગ્ર પુણ્ય સંચિત કર્યું છે તો પછી મને ભય કેવો? મેં જિનપ્રભુ જેવાની આરાધના કરી છે, હેમસૂરિ જેવાને ચરણે મસ્તક ધર્યું છે, દયામય-એવા ધર્મનું પરિપાલન કર્યું છે; હવે મારે કશી ન્યૂનતા રહી નથી માટે સત્વર જાઓ અને ચિતા તૈયાર કરાવો. નહિંતર ગુપ્ત કાર્યોને પાર ઉતારનારી એવી રાત્રી વીતી જશે (ને પ્રભાત થઇ જશે).

ચૌલુક્યરાયનો એવો નિશ્ચય જાણી, શાણો ઉદયન ત્યાંથી શ્રીહેમચંદ્રને ઉપાશ્રયે ગયો અને સર્વ વૃત્તાન્ત એમને નિવેદન કર્યું. આચાર્ય તો અનેક વિદ્યાઓના જાણકાર હતા એટલે એમણે મૃત્યુની વાત કોરે મૂકાવીને એની પાસે સહેજ ઉષ્ણ એવું જળ મંગાવ્યું અને એ મંત્રી આપ્યું. સાથે સૂચના આપી કે આ જળના સ્પર્શ માત્રથી રાજાનો વ્યાધિ જતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેશે–રવિના લેશ પણ પ્રકાશથી સારા જગતનો અન્ધકાર જતો રહે છે એમ.

અમૃતના દાયાદ–ભાઇ જેવું એ જળ સંભાળપૂર્વક લઇ ઉદયયનમંત્રી રાજા પાસે ગયો અને 'આ ગુરુશ્રીએ મોકલાવ્યું છે' એમ કહી એ વડે એના આખા શરીર પર અભ્યંગ કર્યો. એટલે તો, સિદ્ધરસથી લોહ સુવર્ણ બની જાય છે એમ, એ પણ સુવર્ણ (સુંદર વર્ણ યુક્ત) બની ગયું. જળના યોગથી દેહ પૂર્વના કરતાં પણ અધિક તેજસ્વી થયો જોઇ રાજાના હર્ષ અને આશ્ચર્યનો પાર રહ્યો નહિં.

એણે વળી કહ્યું:—અમાત્ય, ગુરુશ્રીનું સામર્થ્ય સાચે જ આશ્ચર્યકારી છે ! મારો ઉગ્ર વ્યાધિ એણે ધન્વન્તરિવત્ એકદમ દૂર કર્યો ! ત્યારે પેલી દેવીનો પણ કોપાગ્નિ, એના પર એમની મેઘ જેવી દૃષ્ટિ ન પડે ત્યાં સુધી જ છે એમ સમજજે. અહો ! એ સમર્થ ગુરુની મારા પર કોઇ લોકોત્તર કૃપાળુતા વર્તે છે ! એટલે જ વાઘના મ્હોંમાંથી શિયાળ બચે એમ મૃત્યુના મુખમાંથી હું બચી ગયો.

આમ રાજા ગુરુના ગૌરવભર્યાં ગુણગાન કરી રહ્યો છે ત્યાં તો રાત્રી, સાધારણતઃ માંડ–માંડ વીતે છે એવી છતાં, તે વખતે તો, પાપની શ્રેણિ ક્ષીણ થતી હોયની એમ, સદ્ય ક્ષીણ થઈ.

પ્રભાત થયું એટલે સર્વ પ્રાતઃકાર્યથી પરવારી ચૌલુક્ય-કુલભૂષણ ધર્માત્મા કુમારરાય સકળ અધિકારી મંડળ સમેત રાગદ્વેષ, સુખ–દુઃખ આ દ્વંદ્વોથી રહિત એવા ગુરુરાજના ચરણદ્વંદ્વમાં જઇને નમી પડ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નમીને એ કહેવા લાગ્યો—ભગવન્, તમારો પ્રભાવ હું એક જીભે કેટલોક ગાઉં ? તમે તો જાણે અગસ્ત્ય મુનિની જેમ મારો કષ્ટાબ્ધિ નિઃશેષ પી ગયા ! તમારા આ અગાઉના ઉપકાર તો હજુ ઊભા છે, એક પણ પ્રત્યુપકાર હું કરી શકયો નથી. ત્યાં વળી આજના ઉપકારે તો હદ કરી ! એનો બદલો હું કેવી રીતે વાળી શકીશ ? પ્રાણદાનરૂપી તમારો આ ઉપકાર સર્વ ઉપકારોની સીમા છે, પણ તમે જે સદ્બોધરૂપી ઉપકાર મારા પર કર્યો છે તે એની ઉપર પણ શિખા જેવો છે. આવા આવા તમારા કરેલા ઉપકારરૂપી ઋણમાંથી તો હું તમારા ચરણકમળને પૂર્ણિમાના ચંદ્રમાના સુધાથી પક્ષાલી–ગોશીર્ષ ચન્દનના ગાઢા રસથી અનુલેપન કરી–ઉત્કૃષ્ટ સૌરભે ભરેલા દેવલોકના સ્વર્ણપુષ્પોથી અર્ચન કરી મારા મસ્તક પર વહ્યા જ કરૂં તો યે, કદિ મુક્ત થાઉં નહિં.

રાય કુમારપાળની આવી કૃતજ્ઞતાને લઈને અત્યન્ત પ્રમુદિત થઇ આચાર્યશ્રીએ કહ્યું–કુમારપાળ, મેં તે તારા પર એવા શા ઉપકાર કરી નાખ્યા છે કે તું આમ પ્રશંસા કરી રહ્યો છે ? તારા સંકટો વિલાઇ જાય છે એ તો તારાં એવા કોઈ વિશિષ્ટ પુણ્યનો જ વૈભવ છે. અન્ધકારને દીપક હણે છે એ એવામાં રહેલા પ્રકાશને લઇને છે. પુણ્યરૂપી સૂર્ય જેની આગળ અહોરાત્રિ પ્રકાશી રહ્યો હોય છે એની નજીક આપત્તિરૂપી રાત્રી કદિ આવી ઊભી રહે ખરી ? અમારા કહેવાથી તેં સર્વત્ર અમારિ પ્રવર્ત્તાવી એ શું અમારા ઉપકારોનો ન્હાનોસૂનો બદલો છે ? દક્ષ, નયજ્ઞ, ધનવાન અને શૂરા નરો તો જ્યાં જોઇએ ત્યાં છે, નથી ફક્ત પારકે દુઃખે દુઃખી થનારા. આવા નિકૃષ્ટ કાળે

અને વળી આપત્તિને સમયે તેં તારું અહિંસાવ્રત સાચવ્યું છે એવું કયો અન્ય મુનિજન પણ સાચવશે? દાનની કસોટી દારિદ્રયમાં થાય છે, પરાક્રમની કસોટી યુદ્ધમાં થાય છે અને વ્રતની કસોટી પ્રાણુસંકટ સમયે થાય છે. તારે માથે આવાં કષ્ટ પડ્યાં તો યે તેં અર્હત્પ્રભુનો ઉપદેશેલો ધર્મ છોડયો નહિં તેથી તારું 'પરમ આર્હત' એવું બિરુદ થાઓ.

આચાર્યવર શ્રી હેમચંદ્રે આપેલું, દેવગણને પણ દુર્લભ એવું એ બિરુદ સ્વીકારી પોતાની જાતને ધન્ય માનતો ધર્માત્મા રાજર્ષિ કુમારપાળ પોતાને આવાસે ગયો.

હવે, તે વખતે કાશીદેશમાં વારાણસી નગરીમાં શ્રીમદ્ ગોવિન્દચન્દ્રનો પુત્ર જયન્તચંદ્ર નામનો રાજા હતો. એનો પ્રતાપરૂપી સૂર્ય એટલો તો તપતો હતો કે શંકરને આખી ગંગા નદી શિર પર રાખવી પડી, કેશવ જેવાને સમુદ્રમાં રહેવું પડયું અને બ્રહ્માને પંકજાસન સ્વીકારવું પડયું. એ જયન્તચંદ્ર સાતસો યોજન પર્યન્ત પૃથ્વીનું સ્વામિત્વ ધરાવતો હોઇને અન્ય રાજાઓને પોતાના કિંકરો જેવો ગણતો. એનું અસંખ્ય મહોન્મત્ત હસ્તી–અશ્વ–રથ અને પાયદળનું બનેલું ચતુરંગ સૈન્ય જોઇને લોકોને એ જાણે કોઈ ચક્રવર્તીનું સૈન્ય હોય એવો ભ્રમ થતો. એવું અસંખ્ય સૈન્ય હોવાથી એ ગંગાયમુના-રૂપ બે દૃષ્ટિની સહાય સિવાય કયાંય જઇ આવી શકતો નહિં એથી એ 'પંગુરાજા'ના ઉપનામથી પ્રસિદ્ધ થયો હતો. એના રાજ્યમાં મત્સ્યોનો જ ખોરાક લોકો લેતા હોવાથી હિંસા બહુ થતી હતી તે સાંભળીને તે નિવારવાનો કુમારપાળે વિચાર કર્યો.

ચતુર કારીગરો પાસે એક પટ પર એક છબિ હેમસૂરિની અને એની સન્મુખ બીજી પોતાની ચિત્રાવી એ પટ, બે કોટિ સુવર્ણ અને બે હજાર અશ્વો સાથે અમુક સૂચનાઓ આપી કુમારપાળે પોતાના મંત્રીઓને વારાણસી મોકલ્યા.

એ મંત્રીઓએ ત્યાં જઈ વિચાર કર્યો–આ નગરી કહેવાય છે મુક્તિપુરી, અને એના લોકો સર્વે માંસાહારી–એ કેવું વિરુદ્ધ! સમુદ્ર કે નદીકાંઠે આવેલા નગરમાં પ્રાયઃ મત્સ્યોનો ખોરાક હોવાથી લોકો દયાહીન થઈ જાય છે. આ નગરમાં બાળગોપાળથી માંડીને સૌને જીવહિંસાથી વિરમવું બહુ દુષ્કર થઈ પડશે, માટે આપણે પ્રથમ આ રાજાની સર્વ પ્રજાને યથેચ્છિત સુવર્ણાદિ આપીને કોઈ રીતે પ્રસન્ન કરીએ કે જેથી, આપણે રાજા આગળ વિજ્ઞપ્તિ કરીએ ત્યારે એ વચ્ચે વિઘ્ન નાખે નહિં.

એમ વિચાર કરી ચતુર મંત્રીઓએ એ વિચાર અમલમાં પણ મૂક્યો.

પછી એઓ રાજાને મળવા ગયા ત્યારે એમણે એની આગળ, પોતે લાવ્યા હતા તે સુવર્ણ, અશ્વો આદિની ભેટ ધરી. વળી પાછળ પેલું ચિત્રપટ પણ મૂક્યું.

કાશીનરેશે પણ ચૌલુક્યભૂપતિની કુશલવાર્ત્તા આદિક પૂછી. પછી પેલા ચિત્રપટ પર દૃષ્ટિ પડતાં એ હાથમાં લીધું અને એ શું છે એમ પ્રશ્ન કર્યો.

ઉત્તરમાં મંત્રીઓએ જણાવ્યું—પટમાં આ એક અમારા

રાજ્યગુરુ શ્રીમદ્ હેમચન્દ્રની અને આ બીજી અમારા રાજવી કુમારપાળનરેશની છબિ છે. અતિભક્તિપૂર્વક, એક પોતાની અને બીજી પોતા કરતાં પણ અધિક ગુરુરાજની છબિવાળો આ પટ તમને ભેટ તરીકે મોકલાવીને અમારા મહારાજાએ તમને કહેવરાવ્યું છે કે—

મારે હેમાચાર્ય નામના સર્વવિદ્યાપારંગી ગુરુ છે. તે સર્વજ્ઞની જેમ લોકોને ઉચ્ચ તત્ત્વોનો બોધ આપે છે. એવા અનુત્તર ગુરુ પાસે મેં દયામય ધર્મ અંગીકાર કર્યો છે અને એ દયાની શત્રુ હિંસાનું સ્વદેશમાં તેમ પરદેશમાં પણ નિવારણ કરાવ્યું છે. દુર્ગતિમાર્ગદર્શિકા એ હિંસા તમારા દેશમાં છે, એમ સાંભળીને તમારી આગળ મેં મારા બુદ્ધિમાન સચિવોને એ બંધ કરાવવા વિનતિ કરવા મોકલ્યા છે; માટે તેમની વિનતિ પર અન્તર્ દૃષ્ટિથી વિચાર કરી, દયા મહાપુણ્યનું કારણ છે એમ સમજી તમે તમારા દેશમાંથી દુર્નીતિની જેમ એ હિંસાને સર્વથા દૂર કરશો.

જયન્તચંદ્ર મંત્રીઓના એ સંભાષણથી તેમ જ એ મનહર ચિત્રપટના દર્શનથી સંતુષ્ટ થઈ તે સભા સન્મુખ કહેવા લાગ્યો.—

આવો દયાળુ ભૂપતિ જ્યાં વસે છે એ ગુર્જરદેશ ખરેખર વિવેકમાં બૃહસ્પતિ જેવો છે. જીવરક્ષા પ્રવર્ત્તાવવા, જુઓ તો, એણે કેવો તો ઉપાય શોધી કાઢ્યો છે! પુણ્યને વિષે જ રક્ત એનું ચિત્ત છે, હું તો એને જ ધન્યવાદ આપીશ. એણે તો પોતાની મેળે જ દયાધર્મ વર્ત્તાવ્યો છે, ત્યારે હું એની પ્રેરણાથી પણ હું એ ન પ્રવર્ત્તાવું તો પછી મારી બુદ્ધિ કેવી કહેવાય?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમ વિચાર કરી એણે પોતાના નગરમાં તેમજ પોતાના આખા દેશમાં મળીને એક લાખ ને એંશી હજાર માછીઓની જાળ હતી તે સર્વે તેમ જ અન્ય પણ સહસ્રબદ્ધ હિંસાના ઉપકરણો હતા તે બધાં ય ચૌલુક્યરાયના મંત્રીઓની સમક્ષ અગ્નિ મૂકાવી બાળી નખાવ્યા. વળી પછી આખા ય નગરમાં 'હિંસાને બાળી મૂકી છે' એવી પટહવાદનપૂર્વક ઉદ્ઘોષણા કરાવી, અને માછીઓ વગેરેને જાળ વગેરે હિંસાના સાધનો ફરી ન બનાવવાની આજ્ઞા કરી.

પછી ચૌલુક્યરાયે મોકલાવી હતી એથી બમણી અદ્ભુત ભેટ–સોગાદ આપી કાશીનરેશે એના મંત્રીઓને વિદાય કર્યા.

પોતાના સ્વામીનું ઇચ્છિત કાર્ય પાર પાડી મંત્રીઓ પણ ક્ષેમકુશળ પાટણ આવી પહોંચ્યા. ગુરુરાજ પાસે કુમારરાય બેઠો હતો ત્યાં જઈ ઊભા રહ્યા, પોતે ભેટણાં આદિક લાવ્યા હતા તે એની સમીપ ધર્યાં અને સર્વ વૃત્તાન્ત અથેતિ નિવેદન કર્યો.

ગુરુ હેમચંદ્ર પણ નૃપતિના એ અદ્ભુત કાર્યથી બહુ હર્ષિત થયા અને એનો ધર્મોત્સાહ એવી રીતે બન્યો બન્યો રહે માટે પ્રશંસાના બે શબ્દો પણ કહ્યા : ધર્મિષ્ટ રાજાઓ તો પૂર્વે ભરત વગેરે બહુ બહુ થઈ ગયા છે પણ કુમારપાળ, તારી સાથે તુલના કરી શકાય એવો કોઈ થયો નથી, વર્તમાનમાં છે નહિં અને ભવિષ્યમાં પણ થવો સંભવ નથી. કેમકે તેં ક્યાંક ભક્તિવડે, ક્યાંક શક્તિવડે અને ક્યાંક અથાગ ધનવડે પણ તારા દેશમાં તેમ પારકા દેશમાં પણ અહિંસા પ્રવર્ત્તાવી છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આમ કુમારપાળ કરુણાના રસનો જ લાલચુ બન્યો એ જોઈ એ કરુણા પર હિંસાને શોકયની જેમ બહુ ઇર્ષ્યા થવા લાગી. નૃપતિના હૃદયમાં તો એને રહેવાનું ન મળ્યું, પણ એના ઘરમાં, એના નગરમાં, એના દેશમાં કોઇ સ્થળે સ્થાન ન મળ્યું એટલે પોતાના પિતા મોહરાય પાસે ગઈ. મોહરાય એ વખતે પોતાની સભામાં બિરાજતો હતો એણે પણ, એ વિલક્ષ થઇ ગયેલી હોઇને, એને પોતાની પુત્રી તરીકે ઓળખી નહિં.

'સુંદરી, તું કોણ છો' મોહરાયે એને ઓળખી નહિં એટલે પૂછ્યું.

'પિતાજી, મને ન ઓળખી ? હું આપની તનયા હિંસા.' વિલક્ષ બની ગયેલી હિંસાએ ઉત્તર આપ્યો.

'પ્રિય પુત્રી, આમ દીન જેવી કેમ ?'

'આપ નથી જાણતા ? હું પરાજિત થઈ.'

'તારો પરાભવ વળી કોનાથી ? કહી દે. કોણે ? શા માટે તારો પરાભવ કર્યો ?'

'પિતાજી, હેમાચાર્યના ઉપદેશથી, ઉત્કૃષ્ટ ગુણશાળી કુમારપાળરાજાએ પોતાના હૃદય, વક્ર, હસ્ત અને ઉદર પરથી ઉતારી દીધી એટલું જ નહિં પણ સારી પૃથ્વી પર પણ મારું સ્થાન ન રહેવા દીધું. હવે મારે જઇને ઊભા રહેવાનું ક્યાંય ન રહ્યું.' પુત્રીએ ગદ્દગદ્દ કંઠે ઉત્તર આપ્યો.

'વત્સે, રડ નહિં.' પોતાની લાડકવાયી પુત્રીને અશ્રુપૂર્ણ નયને રુદન કરતી જોઇ ક્રોધાગ્નિથી જવળતા મોહરાયે એને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાન્ત્વન આપતાં કહ્યું. 'પુત્રી, તું શા માટે રૂએ છે? રોશે તારા શત્રુઓ. હું જ એમને રોવરાવીશ. હમણાં આ ઠગારા પાખંડીઓના વચનોથી રાજાને વૈરાગ્ય આવ્યો છે તેથી તને દેશવટો આપ્યો છે. હમણાં હમણાં એના પર હેમાચાર્યનો પ્રભાવ બહુ પડતો દેખાય છે, પણ હું રફતે રફતે મારી શક્તિ ફેરવીશ અને એનું હૃદય શંકાશીલ કરીશ. વળી હવે હું તારે માટે એવો કોઇ વર શોધી કાઢીશ કે જે તને પૂર્વવત્ એકછત્ર સામ્રાજ્ય અર્પશે'.

અણગમો થવાથી ધણીએ કાઢી મૂકેલી તે પીયેર આવી ઊભી રહેલી કોઇ એવા વર્ણની સ્રીને એનો પિતા સાન્ત્વનાર્થે કહે એવા શબ્દો મોહરાયે હિંસાપુત્રીને કહી કથંચિત્ આશ્વાસન આપી પોતાની પાસે રાખી.

એ પ્રમાણે ઉદ્દામ દયારૂપી સુધારસથી પ્રાણીમાત્રના જીવન ચિરકાળ ટકાવતો, અને એથી એમણે આપેલા આશીર્વાદથી જ હોયની એમ પ્રતિદિન સર્વ પ્રકારની રિદ્ધિ–સિદ્ધિમાં મ્હાલતો, હેમાચાર્ય ગુરુના શુભ ઉપદેશને લઇને સત્ય જ્ઞાનના પ્રકાશમાં ઝીલતો, ચૌલુકયચંદ્ર કુમારપાળ જીવનને અહિંસાપરાયણ બનાવી જગપ્રસિદ્ધ થયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૩ મું

## કુમારપાળનો દિગ્વિજય

એકદા ચૌલુકયકુલભૂષણ કુમારપાળ શ્રી હેમચંદ્રસૂરિને વંદન કરવા ગયો હશે ત્યાં ઉપાશ્રય પાસે આનન્દને લઇને કિલકિલાટ કરી મૂકતી એક ઉત્કૃષ્ટ કન્યા એની દૃષ્ટિએ પડી. એ કન્યાને જોઇ એ વિચારમાં પડ્યો કે દેવકન્યા જેવી આ કન્યા કોણ હશે ? એના પ્રત્યેક અંગે કોમળતા છાઇ રહી છે, અખિલ જગતને હર્ષદાયક એવો તો એનો સ્નેહાળુ સ્વભાવ જણાય છે. વળી ગુણ માત્રના નિવાસસ્થાન જેવી છે અને દૂષણોની અભૂમિ છે, આને જોઇ મને બહુ સન્તોષ થાય છે. સ્વાધીન સુખના અંકુરા જેવી આ કન્યાને નજરોનજર નીહાળવાનો પ્રસંગ પૂરાં પુણ્ય કર્યાં હોય એને જ પ્રાપ્ત થાય છે.

એણે તો તરત સૂરીશ્વરને પૂછયું-ગુરુરાજ, દ્વાર આગળ આ કન્યા કોણ છે અને એને જોઇને મારા હૃદયમાં કેમ સ્નેહ-ભાવ ઉત્પન્ન થાય છે ?

હેમાચાર્યે જોયું કે રાજાને એના તરફ અતિશય રાગ થયો છે એટલે એમણે એ કન્યાનું વૃત્તાન્ત મૂળ ઉત્પત્તિથી આરંભી-ને કહેવા માંડયું:

સકળ સદ્ગુણોનું ધામ હોયની એવું એક **વિમળચિત્ત**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નામે નગર છે. એને **વિનય** નામે ઊંચો પ્રાકાર અને **મર્યાદા** નામે ઊંડી ખાઈ છે. ત્યાં **અર્હત્‌ધર્મ** નામે રાજા છે. સુરેન્દ્ર, અસુરેન્દ્ર અને નરેન્દ્રો પણ એની આજ્ઞાને પુષ્પની જેમ શિરે ચઢાવે છે. પોતાના સેવકવર્ગને પણ એ ઉત્તમ વૈભવ મણાવે છે એટલે એ લોકોમાં સુસ્વામી તરીકે ઓળખાય છે.

એ અર્હત્‌ધર્મ રાજાને **વિરતિ** નામે એક નિર્દોષ પત્ની છે, સૌમ્ય સ્વભાવને લીધે વિશ્વમાં બહુ પ્રખ્યાત એવા **શમ** આદિક પુત્રો છે, અન્યાયી શત્રુઓ કદાપિ ન ફોડી શકે એવો શુદ્ધબુદ્ધિવાળો **સિદ્ધાંત** નામે મંત્રી છે, શત્રુગણના ચૂરા કરી નાખવાની પ્રતિજ્ઞા લઈ બેઠેલો **શુભધ્યાન** નામનો સેનાપતિ છે. અને સત્વર વિજય પ્રાપ્તિ કરાવનારા **સમ્યક્ત્વ** આદિ સુભટો છે.

સકળ વિશ્વને આજ્ઞાધીન કરી સુખે કાળ નિર્ગમન કરતા **ધર્મરાય**ને **વિરતિ** રાણીની કુક્ષિએ માતપિતાના મહત્ત્વના કારણરૂપ એવી એક **કરુણા** નામે કન્યા થઈ–પુત્રી અવતરી એટલે એના માતપિતાને અત્યન્ત ખેદ થયો જોઈ એના વિશ્વ-વેદી પિતામહે કહ્યું—

મારા વ્હાલા પુત્ર અને પુત્રવધુ, પુત્રી અવતરી એમાં ખેદ શા માટે ધરાવો છો ? એ તો વિશ્વના જીવનદાત્રી થવાની, માટે પુત્ર કરતાં પણ અધિક પ્રશંસાને પાત્ર છે. લોકો પુત્રને અર્થે ખેદ કરે છે પણ એ ખેદ કરવો વૃથા છે, કેમકે, જૂઓ આ સૂર્યને અને અગ્નિને શનિ અને ધૂમના પુત્રો છે પણ એ પુત્રોથી એમને જે તાપ (સંતાપ) થયો છે એ તાપ હજી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમનામાંથી ગયો નથી. વળી ઋષભદેવને બ્રાહ્મી નામની પુત્રી થઈ હતી એણે પોતાના લોકરંજન આદિ ગુણોવડે પિતાને જેવી ખ્યાતિ પ્રાપ્ત કરાવી હતી એવી ખ્યાતિ આ પુત્રી તમને પણ સંપાદન કરાવવાની છે. વળી જે ભાગ્યશાળી નર એનું પાણિગ્રહણ કરશે એની પણ એ પુષ્કળ પ્રતિષ્ઠા વધારશે, રૂક્મિણીએ વાસુદેવની પ્રતિષ્ઠા વધારી હતી એમ.

એમ પુત્રી ભવિષ્યમાં પ્રભાવશાળી થશે જાણી માતપિતા એને લાડકોડથી ઉછેરવા લાગ્યા. અને એ પણ ચન્દ્રમાની કળાની જેમ એમના હર્ષસાગરને ઉછળાવવા લાગી.

હવે બીજું એક **સમલચિત્ત** નામનું નગર છે. એને **દુર્નય** નામનો કોટ અને **દુષ્ટસેવા** નામની પરિખા ( ખાઇ ) છે. ત્યાં દુષ્ટશિરોમણિ **મોહરાય** નામનો રાજા છે. જેમ યમના ભયથી એમ એના ભયથી પણ સકળ જગત ડરે છે એવો એ વિકરાળ રાજા છે. એની **અવિરતિ** નામની રાણીની કુક્ષીએ **ક્રોધ** આદિક વિશ્વદુર્જય પુત્રો અનેક થયા છે અને તે ઉપર **હિંસા** નામની એક પુત્રી અવતરી છે. આ મોહરાયના સેવકદળમાં વળી **મિથ્યાશ્રુત** નામનો મંત્રી છે, **દુર્ધ્યાન** નામનો દંડનાયક છે અને દુર્વાર **મિથ્યાત્વ** આદિક ગર્જના કરી રહેલા સૈનિકો છે.

મહોન્મત્ત મોહરાયે ધર્મરાયની વૃદ્ધાવસ્થાનો લાભ લઇ પરાજિત કરી એના નગરમાંથી સકુટુમ્બ નસાડી મૂક્યો છે એટલે એ જ્યાં ત્યાં ભમતો–રખડતો હમણાં અહીં આવતાં તારો ઉદય દેખીને અમારા આશ્રમને આશ્રયે રહી ગયો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમારપાળ, તેં દ્વાર આગળ દીઠી એ ધર્મરાજની પુત્રી **કૃપાસુંદરી** છે, જે યોગ્ય વરને અભાવે હજુ અવિવાહિત છે. એના રૂપસૌન્દર્યનું શું વર્ણન કરવું ? એ પરત્વે એટલું જ કહેવું બસ છે કે મોહનવેલડીથી હોયની એમ એનાથી મ્હોટા મહાત્માઓ પણ મોહિત થઇ ગયા છે. કોઈ પૂરો ભાગ્યશાળી પુરૂષ હશે એની જ એ અર્ધાંગના થશે. સામાન્ય માણસોના હાથમાં કદાપિ કલ્પવલ્લી આવી કોણે સાંભળી છે ?

ગુરુમુખે એ કન્યાનું એટલું બધું મહત્ત્વ સાંભળી કુમારપાળ એના પર અત્યન્ત અનુરક્ત થયો. સદ્વસ્તુને જોઈને સૌ કોઇને એની સ્પૃહા થાય એ સ્વાભાવિક છે એટલે રાજાએ પણ એ કૃપાસુંદરીના હાથની માગણી કરવા પોતાની **સુમતિ** નામની દૂતીને મોકલી. એણે પણ એ કૃપસુંદરીની સમીપ જઈ અંજલિ જોડી ઉત્સાહપૂર્વક મિષ્ટ વાણીમાં કહ્યું કે—

આ પાટણ નગરમાં ચૌલુક્યકુળભૂષણ શ્રીમાન્ કુમારપાળ નામનો ગૂર્જર રાજવી રાજ્ય કરે છે. એ એકાકી જ સમસ્ત પૃથ્વી પર ભ્રમણ કરી કલાવાનોની પરિચર્યાવડે સકળકળા પ્રાપ્ત કરી જાણે પૂર્ણિમાનો ચંદ્રમા હોયની એવો તો દીપી રહ્યો છે! આ ગૂર્જર રાજ્યલક્ષ્મી પણ એના સદ્ગુણોથી આકર્ષાઈ એને આધીન થઈ ગઇ હોયની એમ સ્વયમેવ આવીને એને વરી છે. એણે દિગ્વિજય ખેલી પરાક્રમશાલી રાજર્ષિઓના અભિમાનને ભેદી કેટલાયને ગાદીએથી ઉઠાડી મૂકયા છે અને કેટલાયને ગાદીએ બેસાડ્યા છે, ચોપટ ખેલતાં કેટલી યે સોગઠીઓને ઉઠાડી મૂકીએ છીએ અને કેટલીયેને બેસાડીએ છીએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમ. વળી હૃદયને વિષે સમ્યક્ત્વ ધારણ કરી અહિંસાધર્મ પ્રવર્તાવી એણે પરમાર્હંત્ એવું બિરુદ પ્રાપ્ત કર્યું છે. આવા આવા એના ગુણો અને બીજી પણ અનેક અનવદ્ય–નિર્દોષ વિદ્યાઓને લઇને વિદ્વાનો જેનાં યશોગાન કરી રહ્યા છે એવો વરશિરોમણિ કુમારપાળ રાજા આજે તને અતિ આગ્રહપૂર્વક પાણિગ્રહણાર્થે તારી પ્રાર્થના કરે છે, માટે શાણી કૃપાસુંદરી, એવા વિશ્વમનરંજક–ચંદ્રમા જેવા વરરાજાને કૌમુદીની જેમ હર્ષપૂર્વક વરી યથેચ્છ આનંદ ભોગવ.

પણ કૃપાસુંદરીએ તો નાક મરડી એ વર સંબંધે પોતાની નાપસંદગી પ્રકટ કરી, આવેલી દૂતીને કહ્યું:—

તારા રાજાની આવી આકર્ષક વાણીએ સ્તુતિ કરી શું તું મને ઠગવા આવી છે? રાજાને પરણનારી સ્ત્રીનો સંસાર સુખાવહ થતો નથી, કેમકે રાજાઓ પ્રાયઃ અનેક સ્ત્રીઓમાં આસક્ત હોય છે એટલે જાણે પૂર્વભવના વેરી હોય એમ, પરણીને પાછા સ્ત્રીની સામું પણ જોતા નથી. સ્ત્રીને કુમારી જિંદગી સારી, દીક્ષા લઇ ચારિત્રશાલી જીવન ગાળવું સારું, પણ અનેક શૉકયોના કલેશથી ભરપૂર એવો રાજાનો સંસાર માંડવો કોઇ રીતે સારો નથી. મારે કોઈ રાજાને જ પરણવાની ઇચ્છા હોત તો ત્રણ ત્રણ લોકમાં જેની સમૃદ્ધિ પ્રસિદ્ધ છે એવા દશમુખ રાવણ આદિ કયાં નહોતા? એવાને તો મેં જતા કર્યા છે! મારે તો એવો પ્રાણવલ્લભ જોઇએ છીએ કે જે સત્યવાદિત્વ આદિ સદ્ગુણોનો નિધાન હોય, તથા બીનવારસી દ્રવ્યનો, હિંસાનો અને સમગ્ર વ્યસનોનો ત્યાગી હોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કૃપાસુંદરીના કહેવાનો સાર સમજી જઈ—રાજાની ઉમેદ બર આવશે ખરી—જાણી મનમાં સંતુષ્ટ થઈ દૂતી પુનઃ બોલી.

સુંદરી, તારું કાર્ય સિદ્ધ થયું: તું ચાહે છે એ બધા ગુણો આ રાજામાં છે માટે એ તારે જ ઉચિત ભર્ત્તાર છે. એણે જાણે તારા પ્રેમને અર્થે જ હોયની એમ સર્વ અભક્ષ્ય ત્યજી દઇ, હિંસા આદિનો તો સ્વદેશમાં તેમ પરદેશમાં પણ નિષેધ કર્યો છે.

દૂતીનું આ કહેવું સાંભળી કરુણાસુંદરીએ પોતાને યોગ્ય પતિ છે માની હર્ષ પામી. પણ લજ્જાળુતાને લઇને બોલી—એ હું કાંઈ ન જાણું. એ બધું મારા પિતા જાણે.

દૂતીએ તો જઇને સમગ્ર વૃત્તાન્ત પોતાના રાજાને કહી સંભળાવ્યો એટલે એને જાણે સ્વર્ગ મળ્યું હોય એટલો બધો હર્ષ થયો. એણે પણ જઇને એ વાત શ્રી હેમચંદ્રને કહી, એટલે એમણે પણ એ કન્યાના પિતા :ધર્મરાજને સમજાવી કૃપાસુંદરી એને અપાવી.

પછી શુભ લગ્ને ભાવરૂપી જળે સ્નાન કરી, અભિગ્રહરૂપી ઉત્તમ વેષ પરિધાન કરી, સત્કીર્ત્તિરૂપી ચંદન ચર્ચી, હૃદયે સમ્યક્ત્વરૂપ રત્નાભરણ ધારણ કરી, હસ્તને વિષે દાનરૂપ કંકણ પહેરી, સંવેગરૂપી ગજ પર આરૂઢ થઈ મહેલથકી નીકળી પૌષધશાલા ભણી ચાલ્યો. એના મસ્તક પર સદાચારરૂપી ઉજ્જવળ છત્ર શોભી રહ્યું હતું. ક્ષમા ભગિની એના લૂણ ઉતારી રહી હતી. પાછળ વ્રતભંગકરૂપ અનેક જાનૈયા ડોલતી ચાલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાલતા હતા અને ભાવનારૂપી અદ્ભુત સ્ત્રીઓ મંગળગીત ગાઇ રહી હતી.

વરઘોડો આવીને પૌષધાગારે ઊભો રહ્યો એટલે વિરતિ સાસુએ વરરાજાના પોંખણા કર્યા. પછી શમ આદિ સાળાઓએ પરમ્પરાગત વિધિ કહી બતાવ્યો અને વર અંદર જઇ બેઠો.

(વરરાજા આવ્યા એટલે) ધર્મરાજે પણ, માર્દવરૂપી નીરે સ્નાન કરી–શીલરૂપી સાડી અને સત્યરૂપી કાંચળી પરિધાન કરી–બે ધ્યાનરૂપી કુંડળો, નવપદી રૂપી તેજસ્વી હાર અને તપરૂપી સુંદર મુદ્રિકામાં સજ્જ થઈ રહેલી પુત્રીને તુરત જ ત્યાં લાવી બેસાડી, અને વરરાજા–કુમારપાળે ઉભરાઇ જતે હર્ષથી અર્હત્ દેવતાની સાક્ષીએ એનું પાણિગ્રહણ કર્યું.

કૃપાસુંદરીના હસ્તકમળનો પોતાના હસ્તને સ્પર્શ થયો એટલે એ (રાજા) એને (પોતાના હસ્તને) ધન્યવાદ આપતો કહેવા લાગ્યો—અન્ય કાર્યો પડતાં મૂકીને પણ તેં શ્રી જિનપ્રભુની પૂજા કરી છે એના પ્રભાવથી જ તને આ કૃપાના હસ્તનો મેળાપ થયો છે. ધર્મરાજની પુત્રીનો દુષ્પ્રાપ્ય એવો પણ હસ્તમેળાપ પ્રાપ્ત કરીને તેં બેઉ પ્રકારે[1] તારું દક્ષિણત્વ સિદ્ધ કરી આપ્યું છે!

હસ્તમેળાપ થઇ ગયા પછી, ગુરુશ્રીએ શાસ્ત્રોક્ત શ્રાદ્ધ-ગુણરૂપી કળશોની ચોરી ઊભી કરાવી, વિચારરૂપી તોરણે યુક્ત શ્રદ્ધારૂપી વેદી રચાવી, પ્રબોધરૂપી અગ્નિ ઉદ્દીપન કરી એમાં

૧ દક્ષિણ–(૧) જમણો; (૨) વિવેકી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તત્વરૂપી ઘૃત હોમાવી, વરવધૂને એની પ્રદક્ષિણા દેવરાવી. છેવટે-હસ્તમોચન સમયે ધર્મરાયે જમાતાને સૌભાગ્ય, આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, બળ અને સર્વ પ્રકારના સુખ પહેરામણીમાં દીધાં.

આમ લગ્નમહોત્સવ ઉલ્લાસપૂર્વક પૂર્ણ થયો અને રાજર્ષિ ગુરુના ચરણમાં નમ્યો. એટલે એમણે એને બોધવચન કહ્યાં કે—ચૌલુક્યરાજમણિ, પૂર્વે શ્રેણિક આદિ અનેક ભાગ્યવાન મહીપતિઓ જેના દર્શન પણ પામ્યા નહોતા એવી આ ધર્મ-રાજની કન્યા મેં તને આજે પરણાવી છે તો તું એના પર અહોનિશ પૂરો પ્રેમ રાખજે અને એનું કદિપણ વચન ભંગ કરીશ નહિં; કારણ કે એવી રીતે ગાઢ પ્રસંગને વશે જ તું પૂર્ણ સુખી થઇશ.

ગુરુનાં એ શિક્ષાવચન શિરસાવંદ્ય કરી કુમારપાળ નવવધૂને લઇ પોતાને આવાસે સિધાવ્યો. અને એને વિધિપુરસ્સર પટ્ટરાણીપદે સ્થાપી. એણે પણ એના ચિત્તને વિષે એવો તો પ્રેમભાવ ઉત્પન્ન કર્યો કે એણે એને કદિ છોડી નહિં; માણસ પોતાની પ્રકૃતિ છોડતો નથી એમ.

કરુણાસુંદરીએ પણ પોતાનો સ્વામિનાથ પોતા તરફ અત્યન્ત આસકત છે એમ જોઇને કહેવા લાગી--પ્રાણવલ્લભ, ત્યારે હવે તમે અમારા દુશ્મન મોહરાયને જીતી મારા પિતાને પુનઃ એનું રાજ્ય અપાવો.

પ્રિયાનું કહેવું યોગ્ય છે એમ જોઇ પ્રિયપતિએ ધર્મરાજની સાથે મંત્રણા કરી તત્ક્ષણ સદ્દ્ધ્યાન સેનાપતિને બોલાવી સૈન્ય સજ્જ કરાવ્યું. ધર્મરાજના શમ વગેરે પુત્રો તો એવા બલિષ્ટ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બનેવીની સહાયને યોગે, ગ્રીષ્મઋતુને યોગે સૂર્યનાં કિરણ પ્રગલ્ભ બને છે એમ પ્રગલ્ભ થઈ જાણે નાચવા-કૂદવા મંડ્યા.

સકળ સેના સજ્જ થઈ ઊભી એટલે ધર્મ મહીપાળ સત્યવચનરૂપ કવચ ધારણ કરી, જ્ઞાન તપ આદિ આયુધો લઈ સમ્યક્ત્વરૂપી ગજરાજ પર આરૂઢ થયો. એને મસ્તકે ઔચિત્યરૂપી છત્ર ધરવા અને બે બાજુએ ન્યાય તથા સદાચારરૂપી સુંદર ચામરો વીંજવા લાગ્યા. વળી શત્રુનું ઉન્મૂલન કરવાની ઉત્કટ અભિલાષા વાળો એનો અખિલ પરિવાર એની પાછળ ચાલવા લાગ્યો.

તે વખતે, શુદ્ધ બ્રહ્મચર્યરૂપી અસ્ત્રવડે ઝળહળી રહેલો કુમારપાળ ભૂપતિ પણ શ્રી હેમાચાર્યે વિરચેલી રક્ષાવિધિ પૂર્વક તથા સર્વ સાધુવર્ગના આશીર્વાદપૂર્વક વૈરાગ્યગજ પર આરૂઢ થયો. શરીરપર યોગરૂપી કવચ, મસ્તક પર જિનાજ્ઞારૂપી ટોપ, બેઉ હસ્તોને વિષે સત્ત્વરૂપી ખડ્ગ તથા વિવેકરૂપી મહાન દંડ, મૂળગુણો તથા ઉત્તરગુણોરૂપી બાણો, ભાવનારૂપી શસ્ત્ર અને માધ્યસ્થારૂપી તીક્ષ્ણ ભાલું—આ બધાંને લઈને જાણે શરીરધારી પરાક્રમ હોયની એવો શોભતો એ રાજવી શુભ દિવસે સૈન્ય સહવર્ત્તમાન ધર્મરાયની સાથે મનદ્વારા મોહરાજાને જીતવા ચાલી નીકળ્યો. એની પાછળ એના માર્દવ, આર્જવ, સૌમ્ય, વિનય અને અભિગ્રહ આદિ અગ્રેસર સુભટો પણ ચાલ્યા.

અનુક્રમે મોહરાજાના નગરની સમીપે પહોંચી પોતાના ચતુર જ્ઞાનાદર્શ નામના દૂતને એની સભામાં મોકલ્યો. એ દૂતે

મોહરાજાના સભાસ્થાન આગળ જઈ અંદર ખબર કહેવરાવ્યા એટલે સભામાં, વૃદ્ધિ પામતા તેજોરાશિને લઈને અજેય, પ્રકૃષ્ટ પ્રભાવશાલી, દૃષ્ટિવિષ સર્પની જેવો દુરાલોક, મનવડે પણ ન જીતાય એવો, તેથી જાણે સાક્ષાત્—દેહધારી ત્રાસ જ હોયની એવો મોહરાજા જ્ઞાનાદર્શ દૂતની નજરે પડ્યો. એની બાજુમાં જગતના પ્રાણીઓનો પરાજય કરીને ઉદ્ધત થઇ ગયેલા એના ક્રોધ આદિ પુત્રો બેઠા હતા, અને સમીપમાં ઉલ્લંઠ વંઠ જેવા મિથ્યાત્વ આદિ સુભટો હતા.

આવા મહાભયાનક શત્રુને જોતાં છતાં પણ લેશ પણ ભય ન પામતાં જ્ઞાનાદર્શે એની આગળ, હરકોઇ દૂત ઉચિત-પણે બોલી શકે એવા શબ્દોમાં કહ્યું:—

મોહરાય, સૈન્યસહ વર્ત્તમાન છતાં તું પૂર્વે જેનાથી પરાભવ પામ્યો હતો એવા શ્રીહેમચંદ્રના એક જ ભક્તિમાન્ સેવક કુમારપાળ નૃપતિ તારો પરાભવ કરવા તારા નગરને આંગણે આવી ઊભા છે. એના કહેવરાવાથી હું—એનો દૂત કહું છું કે—વિશ્વ પર આક્રમણ કરી અત્યન્ત મદોન્મત્ત બની તેં જેને પદભ્રષ્ટ કર્યો છે તે ધર્મરાજાએ શ્રીહેમચંદ્રને આશ્રયે રહી એના વચનથી પોતાની કૃપાસુંદરી નામની પુત્રી ચૌલુક્ય-કુલભૂષણ કુમારપાળ વેરે પરણાવી છે. એટલે એ હવે કૃતજ્ઞ-તાપૂર્વક એના શ્વસુરને પુનઃ એનું સ્થાન અપાવવા વ્યવસિત થયો છે. કેમકે પ્રીતિમાં વધારો કરવા સજ્જનો એ જાતની રીતિ અખ્ત્યાર કરે છે. જયશાલી ધર્મરાજા પણ સૈન્યસહ-વર્ત્તમાન એની સાથે આવી ઊભો છે, માટે તું ત્યાં આવીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એની આજ્ઞાને શેષાની જેમ મસ્તકે ધારણ કરી લે. નહિતર એક હસ્તી કોઇ પણ વૃક્ષને સમૂલ ઉખેડી નાખે છે એમ એ તને તારા સૈન્યસહિત ક્ષણમાત્રમાં ઉખેડી નાખશે.

કુમારપાળના દૂતના આ શબ્દોથી મોહરાયની સકળ સભા એકદમ ક્ષોભ પામી ગઈ. ગર્વને લઇને અંધ બની ગયા હોયની એવા એના ક્રોધ આદિક પુત્રો બોલી ઉઠ્યા—અરે, કોઈ ખરની પેઠે આ કોણ લવારો કરી રહ્યો છે? એના પર દાસવત્ ગાઢ પ્રહાર કરો અને ગળે પકડી હાંકી કાઢો.

ત્યાં તો એના મિથ્યાત્વ આદિ સુભટો ઊભા થઇ ગયા પણ મોહરાયે એમને વાર્યા. વળી એણે દૂતને કહ્યું—સારા જગતનો વિજેતા હું-મોહ તો ઇન્દ્રરાજાની જેવો તેજે ઝળહળતો અહિં બેઠો છું! ત્યારે કયા મોહનો તારા હેમચંદ્રે નિરાસ કર્યો? કહી દે! બીજું, મૂઢ ચૌલુકય કુમારપાળ તો મારા ભુજદંડનું અનર્ગળ બળ જાણતો નથી એટલે એ તો સંગ્રામ કરવા આવે, પણ આ ધર્મ શું મ્હો લઇને આવ્યો છે? એને તો સ્થાનભ્રષ્ટ કરી મેં મારું ઓજસ બતાવી આપ્યું છે! એણે મારા હાથનો સ્વાદ ચાખ્યો છે! એની વૃદ્ધ વયને લઇને જ મેં જવા દીધો હતો એ પુનઃ યુદ્ધ માગતો આવ્યો છે તો ભલે. રણયજ્ઞમાં પ્રથમ આહુતિ એની જ અપાશે. પણ એ કાંઠે બેઠો છે; એટલે મરવા આવ્યો છે એમાં કંઇ અયુક્ત નથી, પણ તારો કુમારપાળ મૂર્ખવત્ પરાર્થે શા માટે પ્રાણ ખોવા તૈયાર થયો છે? પણ સમજ્યો—આ ધર્મરાજની કૃપાને પરણી આવ્યો છે એના પરના સ્નેહને લઇને એના તાતની સંપત્તિ પુનઃ પ્રાપ્ત

કરાવી દેવાને માટે મોતના પંજામાં આવે છે. હા ! સ્ત્રીને આધીન મનુષ્યોની બુદ્ધિ કયાં સુધી પહોંચે ? મારે હાથે એમનું મૃત્યુ છે એવા વિધિના લેખ હશે અને એ લેખને સાચા પાડવા જ એઓ અહિં આવ્યા હશે, તો ભલે આવ્યા. હું યે તારી પાછળ જ આ આવ્યો, મ્હારે યે મારો હાથ બતાવવો છે, તો તું રણક્ષેત્રમાં તારો સ્વામી મને ઓળખાવજે.

કુમારપાળનો દૂત તો આ સાંભળીને ગયો. પાછળ મોહરાયે ભયંકર ભ્રકુટી ચઢાવીને દુર્ધ્યાન સેનાપતિને આજ્ઞા કરી સકળ સૈન્ય સજ્જ કરાવ્યું. એ પોતે પણ સ્ફુરાયમાન માત્સર્ય-રૂપી કવચ ધારણ કરી, પરસ્ત્રીરૂપ દુષ્કૃત્ય, પ્રમાદ આદિક તેજસ્વી અસ્ત્રો લઈ, અન્યાય વાચાલ કુશાસ્ત્ર સચિવો સહવર્ત-માન નાસ્તિક હસ્તી પર આરૂઢ થયો અને શત્રુસન્મુખ ચાલ્યો. એની સાથે એના સ્તબ્ધત્વ, અનાર્જવ, ક્રૂરતા, નિન્દા, વ્યસન આદિ પુરસ્સરો અત્યન્ત ચેષ્ટા કરતા ચાલી નીકળ્યા, એની પાછળ વળી એના ક્રોધ આદિક તનુજો અને મિથ્યાત્વ આદિક યોદ્ધાઓ ચાલ્યા.

પછી મોહરાયે પોતાની સેના શત્રુસેનાની સામે ગોઠવી પોતાના અમાત્ય, પુત્રો આદિકને બોલાવી કહ્યું-શું વૈચિત્ર્ય ! જીવતાં તો આ આશ્ચર્ય જુઓ ! મુઆ પછી કાંઈ જોવાનું નહીં મળે: આ ચૌલુકયરાજ એક માનવ છતાં પશુ જેવો છે ! નહીંતર એ મારા જેવાનો પરાભવ કરવાનું સ્વપ્ને ય સંભારત નહિં ! જેણે સ્વર્ગના દેવો, ને દેવોના ઇન્દ્ર સુદ્ધાંને મ્હાત કરી દાસ બનાવી દીધા છે એની સાથે આ એક મર્ત્યલોકનો માનવી યુદ્ધ કરવા આવ્યો છે ! વિધિની પણ બલિહારી છે ! મને તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ જ ચિન્તા છે કે અખિલ વિશ્વના સમગ્ર પ્રાણીઓના ગમે એવા સામર્થ્યને ચગદી નાખવાની શક્તિવાળા આ મારા ભુજ-દંડ એ નરકીટ પર કેમ ઉપડશે ?

મોહરાજ આ પ્રમાણે કહી કુમારપાળની અવજ્ઞા કરતો હતો એ જોઈ એના મિથ્યાશ્રુત મંત્રીએ એને બે સમયોચિત શબ્દો કહેવાનું ઉચિત ધાર્યું. એણે કહ્યું–મહારાજ, એ રાજર્ષિને નૃકીટ કહીને અવગણો નહિં. એને તો લોકો પરમાત્માનો અંશ માને છે એમ મેં સાંભળ્યું છે. તમારું સામર્થ્ય જાણતો છતાં જે પુરુષ તમારા શત્રુની સાથે મળી તમારા પર ચઢાઈ લઈ આવ્યો છે એ કોઈ સામાન્ય પુરુષ ન હોય, સ્વામિન્, તમારી તનયા હિંસાને એણે દેશવટો આપ્યો છે એ તમે નજરે જુઓ છો. વળી તમારા દ્યૂત આદિક મિત્રોને માથે પણ એણે જે વીતક વીતાડી છે એનું તો કહેવું જ શું ? બીજું, એને સ્વયમ્ દેવ હોયની એવા હેમચંદ્રગુરુની પૂરી સહાય છે–એની સામે ઊભો રહેવાને સ્વર્ગનો દેવ પણ સમર્થ નથી, તો પછી બીજાની તો વાત જ શી ! ધર્મરાજ તમારા વેરનો બદલો લેવા આવ્યો છે તે પણ એને જ બળે. કારણ કે હરકોઈ બુદ્ધિમાન્ પુરુષ સમય આવ્યે પોતાનું કાર્ય સાધી લેવા ચૂકતો નથી. માટે મોહરાજ, તમારે યુદ્ધનો આરંભ કરવો તે વસ્તુતઃ વિચાર કરીને કરવો.

પોતાના પિતાના એક અગ્રેસર અમાત્યને આમ બોલતો સાંભળી, રાજપુત્રો બહુ કોપાયમાન થયાઃ ક્રોધે કહ્યું–આમાં ભય જેવું છે શું ? કહી દો, શત્રુના બળસાગરને વડવાગ્નિની પેઠે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શોષી લેવાના સામર્થ્યવાળો હું હજુ બેઠો છું. ઉગ્ર અભિમાને ભરેલા માને કહ્યું–પ્રાણીઓના વિવેક લોચનોને લુપ્તપ્રાય કરી સારા વિશ્વને અન્ધ બનાવી દેવાનું સામર્થ્ય મારામાં છે, તો પછી આ એક કંગાળ માનવ તો શી વીસાતમાં ! ઉત્સાહિત દંભે કહ્યું–સ્વર્ગમાં વસનારા દેવો જેવાને પણ ઠગવાના સામર્થ્યવાળા મારા જેવાની આપણા સૈન્યમાં હાજરી છતાં તમો બધા વિજયસંબંધે કેમ શંકાશીલ છો ? મોહરાજના ચોથા પુત્ર લોભે પણ નિર્ભયપણે કહ્યું–સકળ જગતને તૃષ્ણાના મહાસાગરના પૂરમાં ડુબાડતાં મને વિધિ પણ અટકાવી શકયો નથી, આવું મારું સામર્થ્ય તમારા બધાથી અજ્ઞાત છે શું ?

મોહરાયના સમર્થ પુત્રો એ પ્રમાણે પોતપોતાની શક્તિનું દિગ્દર્શન કરાવતા હતા ત્યાં એનો કામ સુભટ પણ કહેવા લાગ્યો–મહારાજ, આ બધો સેનાનો આડમ્બર વૃથા છે. આ ઉદ્‌ભટ સુભટોને તમારે શા માટે કંઈ પણ કહેવું પડે છે ? તમારે જે કંઇ કરવું હોય તેની સઘ મને જ આજ્ઞા કરો. હું એકલો જ વગર લડયે મારા ચંચળ કટાક્ષપાશવડે સમગ્ર શત્રુગણને બાંધીને આપની હજૂરમાં લાવી મૂકવા સમર્થ છું.

સુભટોની આવી ચાતુર્યપૂર્ણ સામર્થ્યદર્શક શબ્દરચના સાંભળીને મોહરાજા તો વિજયની સંપૂર્ણ આશાએ રણક્ષેત્ર વચ્ચે જઇ ઊભો.

એ વખતે ( કુમારપાળના ) જ્ઞાનાદર્શ દૂતે પણ પોતાના સ્વામીની આગળ આવી શત્રુસંબંધી સર્વ વૃત્તાન્ત અથેતિ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહી સંભળાવ્યો. એ સાંભળીને, અહોનિશ શાન્તિમાં જ નિવસતા એવા પ્રશમ આદિકમાં પણ વૈરની જાગ્રતિને લઇને પરાક્રમનો અજેય ઉત્કર્ષ પ્રકટી નીકળ્યો. એમણે સોત્સાહપણે કહ્યું–અમને શાન્ત બેઠેલા જોઇને આ શત્રુઓ બહુ પ્રગલ્ભ થઈ ગયા છે, જોરમાં આવી ગયા છે. ખરું છે કે દીપકનો પ્રકાશ મન્દ થાય છે ત્યારે અન્ધકારનું જોર વધે છે, પણ આ રાંક મોહ કોણ થાય છે? એના પુત્રો અને સુભટોની પણ શી વીસાત છે? અમે એ સર્વને ક્ષણવારમાં કણની પેઠે પીસી નાખશું. આપ આજ્ઞા કરો એટલી જ વાર છે. સમુદ્રના મોજાંને પૃથ્વીનાં આક્રમણ કરતાં કાંઠો અટકાવરૂપ છે એમ અમને શત્રુના સૈન્ય પર આક્રમણ કરતાં આપની આજ્ઞા અટકાવરૂપ છે. કેમકે એ (આપની) આજ્ઞાનું દૈવ પણ અતિક્રમણ કરી શકે એમ નથી.

એ સર્વ સાંભળી, "ચાલો, રણક્ષેત્રમાં બધું જણાઇ આવશે" એમ કહી ધર્મરાજ અને કુમારપાળ બેઉ યુદ્ધાર્થે તૈયાર થયા.

ધર્મરાજને અને એના સૈન્યને પૃષ્ઠભાગે રાખી કુમારપાળ મોખરે આવી ઊભો. સામા સૈન્યમાં મોખરે ઊભેલા મદોન્મત્ત મોહને જોઇને એણે કહ્યું–મોહરાય, ચાલો આપણે બે જ યુદ્ધમાં ઉતરીએ. સુભટોને બાજુએ રહેવા દો.

કુમારપાળને જોઈ મોહરાયને તો એમ જ લાગ્યું કે એની સામે સાક્ષાત્–દેહધારી પરાક્રમ–સત્ત્વ જ આવી ઊભું છે. એનો ક્રોધાગ્નિ પ્રજ્વલિત થયો અને એ કહેવા લાગ્યો–રાય કુમાર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાળ, આખા યે ત્રિભુવન પર આક્રમણ કરી, એ જ વિક્રમવડે સ્વર્ગના શક્રેન્દ્ર આદિક દેવો આગળ પણ દાસત્વ સ્વીકારાવનાર મારા જેવા આગળ, તું નિર્લજ્જ થઇ અત્યારે ઉગ્ર વિગ્રહ માટે આવી ઊભો છે એટલે ખરેખર તું કોઇ વીરપુત્ર હોવો જોઇએ !

કુમારપાળે પણ એને આક્ષેપપૂર્વક સામું કહ્યું-" તેં આખું ત્રિલોક જીત્યું, સર્વ કોઇનો પરાજય કર્યો." ઇત્યાદિક કહીને તારું પરાક્રમ ગણાવે છે, પણ એ બનાવ તો હવે જૂનો થઈ ગયો-એ તો ભૂતકાળની વાત થઇ, પરંતુ હવે અત્યારે જો તું રણક્ષેત્રમાં ઊભો રહીને એક ક્ષણવાર પણ મારી બાહુબલી ક્રીડા સામે ટકી શકે તો હું આ તારી ગર્જના ખરી જાણું. નહિંતર તો એ શરદ્‌ની મેઘગર્જના સમ વૃથા છે. વળી આ મારી એક પ્રતિજ્ઞા છે તે પણ સાંભળી લે-આજના યુદ્ધમાં તારો પરાજય કરીને જો હું ધર્મરાયને રાજ્યે સ્થાપું તો જ હું વીર ખરો.

પોતે જેને એક નરકીટ લેખે છે એવા કુમારપાળનાં એ એ શબ્દોથી અત્યન્ત ક્રોધાયમાન થઈ વીર ધુરન્ધર મોહરાયે મેઘની ઉગ્ર વૃષ્ટિ હોયની એવી અસ્ત્રોની વૃષ્ટિ વરસાવા માંડી. પણ એને કુમારપાળે પોતાનાં અતિ દારુણ પ્રતિઅસ્ત્રોથી શોષી લીધીઃ ઉન્હાળાના સૂર્યને પોતાનાં તીવ્ર કિરણોવડે ગમે એવા જળાશયોને શોષી લેતાં કયારે વાર લાગે છે ? મોહરાયે પરસ્ત્રી, વ્યસન આદિક જે જે અસ્ત્રો કુમારપાળ પર છોડ્યાં તે તે, યોગ કવચે ગુપ્ત એટલે જાણે પાષાણુ હોયની એવા ચૌલુક્ય-રાયના શરીર પર લેશ પણ અસર કરી ન શકયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમ કરતાં કરતાં અનુક્રમે એનાં અસ્ત્ર માત્ર ખપી ગયાં. વળી એ બુદ્ધિ પણ બ્હેર મારી ગઈ, એટલે એને હવે શું કરવું, હવે કયાં જવું એનો વ્યામોહ થયો.

એવામાં રાજર્ષિએ એના પર બ્રહ્મચર્ય અસ્ત્ર છોડયું. એ અસ્ત્રનો એને એવો સજ્જડ પ્રહાર થયો કે એ, વિશ્વ જોઈ રહ્યું ને સંગ્રામમાંથી કાયર પુરુષની જેમ નાસી ગયો.

તે વખતે અન્તરિક્ષમાંથી શાસનદેવતાએ 'કુમારપાળનો જય થયો, કુમારપાળ જીત્યો'–એમ કહી એના પર પુષ્પની વૃષ્ટિ કરી. કુમારપાળે પણ પછી ધર્મરાયને રાજ્ય સોંપ્યું અને એને વિધિપુરસ્સર અભિષેક કર્યો.

એ પ્રમાણે મોહરાયનો પરાજય કરી વિજયવંત રાજર્ષિ ગુરુવર્ય શ્રીમદ્ હેમચંદ્રને નમન કરવા આવ્યો ત્યારે એમણે પણ એને યોગ્ય શબ્દોમાં આશીર્વાદ આપ્યો. કુલભૂષણ કુમારપાળ, ધર્મ નરપતિએ તને સત્પાત્ર જાણી પોતાની સર્વાંગસુંદર કૃપા પુત્રી આપી–એ યોગ સકળ ત્રિભુવનને પસંદ પડ્યો એટલે તું પણ સર્વત્ર પ્રસિદ્ધ થયો અને પ્રશંસા પામ્યો. વળી તેં પણ એ ધર્મરાયના ઉપકારના પ્રત્યુપકારમાં એના મહાવિકટ શત્રુ ભયાનક મોહરાયને હણી એને એનું રાજ્ય પણ પુનઃ અપાવ્યું. આવી તારી અનુપમ કૃતજ્ઞતા જોઈ, ભક્ત કુમારપાળ, હું તને આશીષ આપું છું કે ચિરકાળપર્યંત તારું કલ્યાણ થાઓ–તું અગાધ સુખસંપત્તિનો ભોકતા થા.

અન્યદા સાક્ષાત્ દેહધારી વિવેક જ હોયની એવા કુમારપાળે હેમાચાર્યને હર્ષસહિત સુંદર વિચારપૂર્વક કહ્યું—પ્રભુ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સદ્બુદ્ધિને આપનારા એવા આપના ઉપદેશથી મને ધર્મનું સ્વરૂપ સમજાયું છે, પણ એ ધર્મના જે ચાર પ્રકાર કહેવાય છે તે વિષે મારે જાણવું છે તો એ કૃપા કરીને મને સમજાવો.

કુમારપાળનો ધર્મને વિષે એવો રાગ જોઈને સકળસિદ્ધાંતના પારગામી સૂરિવર શ્રીમદ્ હેમચંદ્રે અમૃતશી મીઠી વાણીવડે સમજાવ્યું કે—

ધર્મ (૧) દાન, (૨) શીલ, (૩) તપ અને (૪) ભાવ– એમ ચાર પ્રકારે ધર્મ કહ્યો છે. એ ચારે પ્રકાર ચૌગતિ સંસારરૂપ વનને છેદવામાં મહાન્ ગજરાજોનું કામ કરે છે.

(૧) દાન એના ત્રણ ભેદ છેઃ અભયદાન, જ્ઞાનદાન અને ત્રીજો ધર્મોપષ્ટંભરૂપ દાન. મૃત્યુના પંજામાં સપડાયલા પ્રાણીને અભય અર્પવું એ અભયદાન. એ અભયદાન પુણ્યલક્ષ્મીનો સમસ્ત નિધાન છે. સ્થિરતામાં સુમેરુથી કોઈ પર નથી, પૃથુતામાં ગગનથી કોઈ પર નથી, પવિત્રતામાં સાગરથી કોઇ પર નથી તેમ હિતકર્ત્તામાં અભયદાનથી કોઇ પર નથી. સાધુજનોને આગમના ગ્રન્થ, સૂત્રોના અર્થ આદિકનો અભ્યાસ વગેરે કરાવી એમનો બોધ વધારવો એનો જ્ઞાનદાનમાં સમાવેશ થાય છે. અજ્ઞાનરૂપી અન્ધકારને ટાળવામાં સૂર્ય જેવું–એવું જે જ્ઞાન–તે કોઇને આપવું એ એને ત્રીજું લોચન આપ્યા જેવું છે. જે અર્પણ કરવાથી સાધુજનોના સાધુત્વનો નિર્વાહ થાય તે, ધર્મનું–ઉપષ્ટંભન કરતું હોઇને, ધર્મોષ્ટંભનરૂપ ત્રીજા પ્રકારનું દાન છે, અને એ સર્વમાં ઉત્તમ છે. બુદ્ધિમાન માણસ કોઇ પ્રકારની આશા વિના, પ્રસન્નમુખે, હર્ષના રોમાંચપૂર્વક, સુપાત્રને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિષે શુદ્ધ અન્ન આદિક પુણ્યની અભિવૃદ્ધિને અર્થે આપે છે. મણિયુક્ત સુવર્ણના જેવું દેદીપ્યમાન, ક્રિયાયુક્ત જ્ઞાન જે વ્યક્તિને વિષે હોય તે વ્યક્તિ, જનતાને દુર્ગતિમાં પડતાં રક્ષનારી હોવાને સબબે, પાત્ર–સુપાત્ર કહેવાય છે. વળી દયાદાન પણ દેવું અને એમાં પાત્રાપાત્રનો વિવેક કરવો નહિં. કેમકે એ દાન, દુઃખીજનોને ઉપકારક હોઇને ઉદ્દામ પુણ્યનો હેતુ છે. આમ અનેક લાભ જેમાં સમાયલા છે એવા આ દાનની યોગ્ય શબ્દોમાં પ્રશંસા કરવાનું સામર્થ્ય કોઇનામાં નથી. એ દાનને માટે તો જગદીશ્વર જેવા પણ હસ્ત પ્રસારે છે. અનુપમ સૌન્દર્યે યુક્ત શરીર, ભાગ્યનો ઉત્તમોત્તમ યોગ, હરકોઇ ઇષ્ટ વસ્તુની સિદ્ધિ, સારું વિશ્વ જેની અભિલાષા કરે એવા વૈભવ, અહોનિશ ઉદાર સુખ તથા પ્રાન્તે સ્વર્ગ અને મોક્ષની પણ પ્રાપ્તિ–એવાં એવાં તો આ દાન કલ્પદ્રુમનાં ફળ કહ્યાં છે.

(૨) હવે શીલ વિષે. સર્વથા ઓછુંવત્તું પણ બ્રહ્મવ્રત સેવવું—એનું નામ શીલ. આ શીલ મનુષ્યની કીર્ત્તિને વધારવામાં પ્રથમ પદે છે. કલ્પદ્રુમ પણ આ શીલને તોલે ન આવે કેમકે શીલ છે તે આ કલિયુગમાં પણ અકલ્પિત ફળનું આપનારું છે.

(૩) ધર્મનો ત્રીજો પ્રકાર તપ. વિવિધ ઇષ્ટ વસ્તુઓને વિષે, મનની અને પાંચે ઇન્દ્રિયોની અનિચ્છા—એનું નામ તપ. આ તપ છે તે સમગ્ર પાપને શોષી લે છે, પૂર્વે અગસ્ત્યઋષિએ સમુદ્રને શોષી લીધો કહેવાય છે એમ. જે દુર્ભાગી જેવા જનોને મુકિતરમણી ન અભિલષતી હોય એ સર્વને આ તપ છે તે પરમ સૌભાગ્યવાન્ બનાવી દઇને એનો યોગ કરાવી દે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૪) દાન આદિક ધર્મકૃત્યોમાં હૃદયની આત્યન્તિક પ્રીતિ એનું નામ ભાવ. આ ભાવ છે તે સંસારરૂપી મેઘને છિન્નભિન્ન કરી નાખવાને વાયુના જેવું સામર્થ્ય ધરાવે છે, દાન આદિક ત્રણે પ્રકારે ધર્મનું સેવન કરતાં છતાં પણ જો એ સેવન હૃદયના પ્રેમપૂર્વક ન હોય તો તે લવણ વિનાના ભોજન જેવું છે.

કુમારપાળ, તારી જિજ્ઞાસાને લઈને આ પ્રમાણે તને ધર્મની ચતુર્વિધતા સમજાવી. એ ધર્મને જે સદ્બુદ્ધિમાન શુદ્ધ મન, વચન અને કાયાએ કરીને આરાધે છે તે રાજ્યલક્ષ્મી અને પ્રાન્તે મોક્ષલક્ષ્મી પણ પામે છે. એ ઉપર વિક્રમરરાજાનું દૃષ્ટાન્ત છે તે કહું છું. સાંભળ—

## વિક્રમરાજાનું દૃષ્ટાન્ત.

ધાતકીખંડના, અત્યન્ત સમૃદ્ધિવાન એવા ભરતમાં શિવપુર નામનું, પૃથ્વીનું એક આભૂષણ હોયની એવું નગર હતું. ત્યાં લોકોમાં શોક, વિપત્તિ, દુઃખ કે રોગનું નામનિશાન પણ નહોતું. હર્ષ, સંપત્તિ, સુખ અને નવનવીન ભોગોપભોગ જ જયાં જાઓ ત્યાં પ્રચુરપણે દૃષ્ટિગોચર થતા હતા.

શિવપુરમાં ચન્દ્રમા સમાન દેહકાન્તિવાળો તેમ જ ચન્દ્રમા સમાન ઉજ્જવલ યશવાળો હરિશ્ચન્દ્ર નામે રાજા હતો. એનું ખડ્ગ શત્રુરાજાઓના અતિઉજ્જવળ યશનું પ્રાશન કરતું છતાં પાછું એમનો જ કાળરૂપ બનતું. કેવું આશ્ચર્ય ? કેવો વિરોધ ! એને શીલરત્નની અધિરોહિણી રોહિણી નામની પરમ પ્રિય પત્ની હતી, જે સૌભાગ્યના અદ્ભુત વૈભવોમાં ચન્દ્રમાની સ્ત્રી રોહિણી કરતાં પણ ચઢી જતી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં ત્રિવિક્રમ જેવો અત્યન્ત વિક્રમશાલી પણ અતિ દરિદ્ર વિક્રમ નામનો એક રજપુત રહેતો હતો. નાના પ્રકારના ઉપાયમાં અતિ નિષ્ણાત છતાં દુર્ભાગ્યશિરોમણિની જેમ એને કયાંયથી પણ ધનપ્રાપ્તિ ન થઇ એટલે એ એકદા અત્યન્ત ખિન્ન ચિત્તે વિચારવા લાગ્યો—અહા ! મારામાં આવા આવા શૌર્ય આદિક ગુણો છે પણ તે સર્વ એક દ્રવ્ય વિના વૃથા છે–એ બધા એકડા વિનાના મીંડા જેવા છે. ધન જ એક ફક્ત આખા વિશ્વનું સંજીવન–ઔષધ છે. એમાં વળી આશ્ચર્ય જેવું એ છે કે એનાં દર્શનથી પણ માણસો જીવે છે. ગરીબાઇથી પર એકે દુઃખ નથી, શ્રીમત્તાથી પર એકે સુખ નથી માટે, બુદ્ધિ જેનામાં હોય એણે તો એનો ઉપયોગ કરીને પ્રચુરપણે દ્રવ્ય ઉપાર્જન કરવું જ કરવું.

એવા વિચારને અન્તે એ દરિદ્રી વિક્રમ દેશાન્તર નીકળી પડ્યો. કેમકે લક્ષ્મી પ્રાપ્ત કરવાનો સૌથી અગ્રેસર ઉપાય ‘ ઉદ્યોગ કરવો ’ એ જ છે.

ઘૂમતાં ફરતાં અનુક્રમે વિક્રમ એક વનમાં જઈ ચઢ્યો ત્યાં જાણે એનું ભાગ્ય જ દેહ ધરીને આવ્યું હોયની એવા એક ધર્મતત્પર મુનિચન્દ્ર નામના આચાર્ય એની દૃષ્ટિએ પડ્યા. એમને જ્ઞાની જાણી નમસ્કાર કરી વિક્રમે પૂછ્યું—પ્રભુ, મને કેમ કયાંયથી દ્રવ્યપ્રાપ્તિ નથી થતી ? ગુરુએ કહ્યું--તેં પૂર્વભવમાં દાન દીધું નથી તેથી આ ભવમાં અમારા જેવા સાધુની પેઠે તું અકિંચન છો. દરિદ્રતાના મ્હોટા ભાઇઓ હોયની એવા કેટલા ય નિર્ધનો “ કંઇ આપો, અમને કાંઇ દાન કરો ” એમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહેતા કહેતા ઘેર ઘેર ભિક્ષા માગી રહ્યા હોય છે એ એમની પૂર્વની કૃપણતાનું જ પરિણામ છે. જીભે કરીને 'કંઇ આપો' એટલું એક જ વાકય દાતારનું તો ગૌરવ વધારે છે પણ યાચકનું લાઘવ પ્રકટ કરે છે. સંગ્રહમાં આગ્રહી તો કોટિબદ્ધ કીટ આદિક પણ હોય છે; પણ થોડા ય કોઇ કોઇ દેવો જેવા પણ આપવા તત્પર નથી. જેઓ લક્ષ્મીને ભંડારી રાખીને પૂરો ઉચ્છ્વાસ પણ ન લઇ શકે એવી સ્થિતિમાં મૂકે છે એમની સામે લક્ષ્મી પછી જાણે વેર વાળતી હોયની એમ દૃષ્ટિ સરખી પણ કરતી નથી, માટે હે પ્રવાસી, તારી શક્તિને અનુસાર એકાગ્રચિત્તે દાનધર્મનું સેવન કર. દાનધર્મ એક મેઘ જેવો છે; મેઘ દાહ ટાળે છે એમ દાનધર્મ દીનતા ટાળે છે. 'હું દરિદ્રી શું આપી શકું' એવો વિચાર તું કદિ પણ ન કરીશ; કેમકે દરિદ્ર પુરુષે આપેલું અલ્પ પણ દાન પુણ્યરૂપી મહાન્ સમૃદ્ધિ લાવી આપે છે. વળી પાત્રે આપેલું દાન કદિ પણ જતું રહેતું નથી; જો, પયોનિધિ સમુદ્રે આપેલું જળ, એ ઝીલનાર મેઘ પુનઃ વૃષ્ટિના આકારમાં પાછું દઇ દે જ છે ને.

અકિંચન એવા પણ આચાર્યનાં એ શબ્દો રજપુતે સુવર્ણપ્રાય ગણી સંઘર્યા. અને ત્યાંથી ચાલી જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં અલ્પ તો અલ્પ પણ દાન કરવા લાગ્યો.

એ પ્રમાણે કરતાં ચોખંડ પૃથ્વી પર ફરતાં ફરતાં એ વિક્રમને એકદા માર્ગમાં કોઈ વન આવ્યું. એમાં એક વૃક્ષ તળે વિશ્રામ અર્થે બેસતાં વિચાર થયો કે—પણ હું લક્ષ્મી લાવું કયાંથી અને સુપાત્રદાન કરું કેવી રીતે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આમ વિચાર કરી રહ્યો છે એવામાં નજીક કોઈ બિલ હશે એના પર એક સુવર્ણમહોર એણે દીઠી. એ પરથી ત્યાં કોઇ નિધાન હોવો જોઇએ, એમ અનુમાન કરી એણે ખોદવા માંડયું. થોડું ખોદ્યું ત્યાં અંદર સાચે જ નિધાન નજરે પડયો. જુએ છે તો એમાં પાંચસો મહોરો હતી. પણ એ દ્રવ્ય પારકું હતું, પોતાની માલિકીનું ન્હોતું એટલે એ લેવું ન લેવું એવા સંશયમાં પડયો. ત્યાં તો એકાએક કોઈ દેવી પ્રકટ થઇ એને કહેવા લાગી-વિક્રમ, તારી દાનબુદ્ધિ જાણી તને નિધાન આપવાને હેતુએ, વૃક્ષપર રહ્યે રહ્યે મેં જ બીલમાંથી એક મહોર બહાર પ્રકટ કરી હતી, માટે આ નિધિ તું નિઃશંક થઇ ગ્રહણ કર અને તારી પોતાની મિલકત હોય એમ એનો તું સ્વેચ્છ ઉપભોગ કર. એમ કહીને દેવી અન્તર્ધાન થઇ ગઈ.

રજપુત પણ આ સર્વ આશ્ચર્ય જેવું જોઈ જાણી વિચારવા લાગ્યો-અહો! દાનનો કંઇ મહિમા તો છે, કેમકે એની વાસનાથી જ દેવી જાણે મારું કોઇ કોઈ પૂર્વનું લેણું હોયની એમ નિધાન આપી ગઈ.

પછી તો એ નિધાન લઇ વિક્રમ પોતાને ઘેર ગયો અને ત્યાં સામાન્ય ગૃહસ્થની પેઠે કંઈક સુખે રહેવા લાગ્યો. વળી સર્વ સંપત્તિનું મૂળ દાન છે એમ વગર સંશયે સમજી ત્યારથી એણે હર્ષપૂર્વક દાનધર્મનું સવિશેષ સેવન આદર્યું. નજરોનજર ફળ ભાળે પછી કયો મૂર્ખ આળસમાં રહે? એમ એના પુણ્યરૂપી અરુણનો ઉદય થયે દારિદ્રરૂપ અન્ધકાર નષ્ટ થયો અને અનુક્રમે પ્રકાશરૂપ વિભવ પણ વૃદ્ધિ પામવા લાગ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકદા વિક્રમ જમવા બેઠો હતો ત્યાં એવા કોઈ શુભ યોગને લઈને શ્રી જિનપ્રભુ પારણાર્થે એને જ ઘેર આવી ઊભા. વીતરાગ પ્રભુને પોતાને ત્યાં આવ્યા જોઇ વિક્રમના હર્ષનો પાર રહ્યો નહિં. એણે અતિ પ્રમુદિત ચિત્તે અને ખરા પૂરા ભાવે પ્રભુને પ્રણિપાતપૂર્વક શુદ્ધ અન્નપાનાદિથી પ્રતિલાભ્યા.

એ વખતે જાણે વિક્રમના દાનની વાત સારા યે જગતમાં પ્રસિદ્ધ કરતા હોયની એમ આકાશમાં દુન્દુભિના નાદ થયા! વળી વિક્રમના ઘરમાં (દેવતાઓના) હર્ષાશ્રુઓની જ હોયની એમ ઉત્તમ ગન્ધોદકની, દાન આપનારની પૂજાને અર્થે જ હોયની એમ વિકસ્વર સુવાસિત પુષ્પોની, તથા લક્ષ્મીદેવી માટે સર્વ સમૃદ્ધ રાજધાની બનાવવા માટે જ હોયની એમ નવ-નવીન રત્નો તથા સુવર્ણની દેવકૃત વૃષ્ટિ થઇ. વળી વિક્રમના એ અન્તઃકરણના દાનને લઇને એને ત્યાં પગલાં કરતા પુણ્ય-નૃપતિની આ નીતિરીતિ છે એમ દર્શાવવા માટે જ હોયની એમ સુંદર હીરક વસ્ત્રોની પણ દેવકૃત વૃષ્ટિ થઇ.

સુપાત્ર દાનનો એવો અવર્ણનીય મહિમા સાંભળી, રાજા હરિશ્ચન્દ્ર પોતે પ્રજાજન સહિત ત્યાં આવ્યો અને વિક્રમની ભાટ–ચારણવત્ સ્તુતિ કરી.

વિક્રમના ઘરનું અન્નપાનાદિ સ્વીકારી શ્રી જિનપ્રભુ અન્યત્ર વિહર્યા. વિક્રમ પણ એવો દાનમહિમા જોઇ પોતાની જાતને ધન્ય ધન્ય ગણી ભાગ્યવશાત્ પ્રાપ્ત થયેલી સમૃદ્ધિનો આનંદ-પૂર્વક ઉપભોગ કરવા લાગ્યો. એણે કૈલાસ સમાન એક મંદિર બંધાવી એમાં સર્વ પ્રકારના પાર્થિવ વિષય સુખમાં મ્હાલતો રહેવા લાગ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકદા એ કોઈ રાજવીને છાજે એવાં ઉત્તમ વસ્ત્રાભૂષણ ધારણ કરી નગર બહાર કોઈ મનહર બગીચામાં ક્રીડાર્થે ગયો. ત્યાં પુષ્પગુચ્છોરૂપી સ્તનતટવાળી અને મૃદુ પલ્લવરૂપી કરકમળ-વાળી લતાંગનાઓના વિવિધ વિભ્રમોએ એનું મન હરણ કર્યું. એટલે, સુમનથી ભરપૂર હોઇ ચિત્તને અતિ હર્ષપ્રદ એ નન્દન-વનસમા એ બગીચામાં શોભા નીહાળતો, સકળ સુરાસુરોના મુકુટ-મણિ શક્રેન્દ્રવત્ ચિરકાળ મનમાન્યો આનન્દ ભોગવતો અહિં-તહિં ફરવા લાગ્યો.

ફરતાં ફરતાં બગીચાના એક ભાગમાં, પાંખ છેદાઇ ગઈ હોય એવા પક્ષીની પેઠે, ઊડવા જતો પણ ઊડી ન શકવાથી પાછો પૃથ્વી પર પડતો કોઈ ઉત્તમ જણાતો પુરુષ એની દૃષ્ટિએ પડ્યો. એટલે એણે એની પાસે જઈ પૂછ્યું–મહાનુભાવ, તમે ઊડવા જતાં કેમ પાછા નીચે પડી જાઓ છો ?

પેલાએ એ પ્રશ્નનો સુંદર અનુપમ વાણીમાં ઉત્તર આપ્યો કે–

વૈતાઢ્ય નામે વિસ્તીર્ણ પર્વત છે ત્યાં અતુલ સમૃદ્ધિનું ધામ મણિમંદિર નામનું નગર છે. એનો ઈન્દ્રસમ પરાક્રમી પવનવેગ નામે રાજા છે. એ રાજાને ઇન્દ્રાણીસમી અતિસ્વરૂપ-વાન્ જયા નામે પત્ની છે. એ પવનવેગ અને જયાનો હું પુત્ર છું. મારું નામ નીલકંઠ છે. મને વિદ્યા સિદ્ધ થયેલી હોઇને આકાશમાર્ગે જઈ આવી શકું છું. એટલે અતિ ઉત્કંઠા થઈ આવવાથી એ માર્ગે તીર્થવંદન અર્થે ગયો હતો. મુખ્ય મુખ્ય તીર્થોનાં દર્શન કરી પાછા ફરતાં આ રમ્ય બાગ નજરે પડ્યો એટલે અહિં ક્રીડાર્થે ઉતર્યો. બે ઘડી મોજ ભોગવી અહિંથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાછો મારા નગર ભણી જવાનો વિચાર આવતાં મારી એ આકાશગામિની વિદ્યાનું સ્મરણ કર્યું પણ કોઈ પ્રમાદી જીવની પેઠે એમાંનું એક પદ યાદ આવતું નથી, એટલે મારા આ સંસ્કાર થયા છે, કેમકે પક્ષિઓને જેમ પાંખ તેમ વિદ્યાસિદ્ધોને વિદ્યા ઉડવાનું સાધન છે.

વિદ્યાધર પિતાના વિદ્યાધર પુત્ર નીલકંઠની વાત સાંભળી વિક્રમને પણ દુઃખ થયું. એણે નીલકંઠને કહ્યું ભાઇ, જો તને ગોઠે તો મારી આગળ એ વિદ્યા મુખપાઠે બોલવા લાગ.

ભાઇ, હું એનો પાઠ કરું છું-તું સાંભળ એમાં મને કંઇ અડચણ નથી-એમ કહી નીલકંઠ બોલવા લાગ્યો, એમાં જે પદ એને સ્મરણમાં ન આવ્યું તે પદ વિક્રમે, પોતે પદાનુસારિણી વિદ્યાવાળો હતો એટલે કહી આપ્યું.

વિસ્મૃત પદ મળી ગયું એટલે હર્ષમાં આવી જઈ નીલકંઠે કહ્યું-અહો ! આ તારી પ્રજ્ઞા તો કોઇ અવર્ણનીય ઠરી ! કેમકે બોધ નહિં છતાં તેં મારું વિસ્મૃત પદ કહી આપ્યું. અથવા તો જળ, આકાશ અને દિશાઓનો છેડો આવે છે, પણ સમસ્ત વિશ્વને વિષે સામ્રાજ્ય ભોગવતી સત્પ્રજ્ઞાનો છેડો નથી. તારા આ ઉપકારનો યોગ્ય પ્રત્યુપકાર હું કોઇ રીતે કરી શકું એમ નથી પરંતુ હું કૃતજ્ઞ તો છું-મારામાં કૃતજ્ઞતા તો છે-એ કૃતજ્ઞતાને ઉચિત તારું કંઇક તો હિત મારે કરવું જોઇએ. એમ કહી એણે એને આકાશવિદ્યા આપી તથા સાથે વળી સર્વ પ્રકારનું વિષ ઉતારી નાખવાના સામર્થ્યવાળી એક મુદ્રિકા દીધી. અને 'વળી ફરી કોઇ વાર મળવા આવી જઇશ' એમ કહી એ આકાશમાર્ગે ઊડી ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નીલકંઠ ગયો એટલે વિક્રમ પણ એ વિશિષ્ટ વિદ્યા અને મુદ્રિકાની પ્રાપ્તિથી હર્ષ પામતો ઘેર સીધાવ્યો.

હવે, હરિશ્ચન્દ્ર રાજાને શ્રીદેવી જ હોયની એવી રૂપસૌન્દર્યવાન્ રત્નમંજરી નામની પુત્રી હતી. એ એકદા બગીચામાં પોતાની સમવયસ્ક સખીઓ સંગાથે ક્રીડા કરી રહી હતી એવામાં કોઇ નિર્દય સર્પે આવી એને દંશ દીધો. એનું વિષ એને તરત જ પગથી તે માથા સુધી સર્વત્ર વ્યાપી ગયું, એટલે એ મૂર્છિત થઇ છેદાયલી લતાની જેમ પૃથ્વી પર પડી ગઇ. એના માતપિતા આદિએ વાતની જાણ થતાં ત્યાં દોડી આવ્યાં અને વિષનો ઉતાર જાણનારા ગારુડી વૈદ્યોને બોલાવી એની ચિકિત્સા કરાવવા માંડી, પણ અભવ્યને ગુરુનો ઉપદેશ અને બાળકને સ્ત્રીનાં કટાક્ષો કંઇ અસર કરી શકતા નથી તેમ એ વૈદ્યાદિકના સર્વ કોઇ ઉપાયો વિષધરના વિષ પર કંઇ અસર કરી શકયા નહિં. પુત્રી ગતપ્રાણ જેવી લાગવાથી દુઃખિત થયેલા માતપિતાને મૂર્છા આવી ગઇ. થોડી વારે મૂર્છા વળી એટલે હરિશ્ચન્દ્રે મંત્રીની સાથે મંત્રણા કરી નગરમાં સાદ પડાવ્યો કે જે ધણી રાજપુત્રીને વિષ ઉતારી સાજી કરશે એને રાજા એ પુત્રી અને સાથે પોતાનું અર્ધું રાજ્ય આપશે.

એ પ્રકારની ઉદ્ઘોષણા સાંભળી, એમાં પ્રતિદિન ઉદયમાત્ર ચઢતાં જતાં ભાગ્યવાળા પુણ્યશાલી વિક્રમને પોતા પાસે રહેલી મુદ્રિકાની પરીક્ષા કરવાનો વિચાર થયો અને રાજાની આજ્ઞા માગી રાજપુત્રી આગળ ગયો. રાજાએ એને જોઇને જ પોતાની પુત્રી જીવતી થવાની માની લઇ મિત્રવત્ સામે જઇ એનો

સુંદર સત્કાર કર્યો. વિક્રમે તુરત જ વિષ ઉતારનારી પોતાની મુદ્રિકાના જળવડે રાજપુત્રીના મુખ પર છંટકાવ કર્યો, એ મંત્રેલા જેવા જળના સામર્થ્યથી રાજપુત્રી જાણે નિદ્રામાંથી જાગી હોય એમ આળસ મરડી બેઠી થઈ, વળી પદ્મિનીવત્ નેત્ર વિકસાવી એ ભાગ્યવંત નરનું કાન્તિમાન મુખડું જોઈ એના પર અનુરક્ત થઈ. એની ( રાજપુત્રીની )એ અનુરક્તતા હતી પણ યોગ્ય જ.

વિષ ઉતર્યું અને પુત્રી સાજીતાજી થઈ જોઈ રાજાના હર્ષનો પાર ન રહ્યો. એણે વિક્રમની બબ્બે મ્હોંએ પ્રશંસા કરવાપૂર્વક કહ્યું—વિક્રમ, દયાળુ જનોમાં તું જ એક અગ્રેસર છો, વિચારવંત જનોમાં પણ તું જ અદ્વિતીય છો : પારકાનાં દુઃખ ફેડવામાં તારું ચિત્ત સાચે જ અત્યન્ત રસ લે છે. છતે સામર્થ્યે જે માણસ પરોપકાર નથી કરતો તેને તો માતાના યૌવનનો ઉચ્છેદક જ સમજવો; એવા દુર્બુદ્ધિ ન જ જન્મતા હોય તો સારા. અથવા તો, વિક્રમ, તારી ઉત્તમતાની આ વાસ્તવિક પ્રશંસા નથી. જેના હાથથી જિનપ્રભુ જેવાનું પણ પારણું થયું એવા નરની જેટલી સ્તુતિ કરીએ એટલી ઓછી છે.

ત્યાર પછી યોગ્ય દિવસે અને શુભ મુહૂર્ત્તે રાજાએ પોતાની એ કુલલક્ષ્મી જેવી પુત્રી રત્નમંજરી, પોતે વચનથી બંધાયો હતો એ પ્રમાણે, વિક્રમને પરણાવી અને સાથે એને અરધું રાજ્ય પણ આપ્યું; કારણ કે સાધુજનો કદિ પણ વચનભંગ કરતા નથી, લીધેલી પ્રતિજ્ઞાનું પ્રાણ સાટે અનુપાલન કરે છે. ત્યારબાદ વિક્રમરાજા રત્નમંજરી સાથે હાથી પર બેઠો. તે જાણે આકાશમાં રહેલી તારાઓ વચ્ચે ચંદ્રમાની માફક શોભતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતો. ખરેખર વિક્રમરાજા કામદેવ સમાન છે અને મુનિઓની વિટંબના કરવાથી દુઃખી થયો પણ દાન દેવાવડે પાછો સુખી થયો. અને આ રત્નમંજરી પણ પૂર્વભવમાં રતી હશે. નહીં તો આ વિક્રમને કયાંથી મળે? એવી લોકોની રસિક વાતો સાંભળતો વિક્રમરાજા પોતાને ઘેર ગયો.

તે વિક્રમરાજા રત્નમંજરી સાથે કામદેવ સમાન સુખ ભોગવવા લાગ્યો. અને બહુ દાન દેવાથી સૂર્યનું તેજ જેમ દિવસમાં વધતું જાય તેમ તેના દાન ગુણથી ચોતરફ દેશ-દેશાંતરમાં યશ પ્રસરી ગયો. અને દૂર દૂર દેશથી યાચકો વિક્રમરાજા પાસે દાન લેવા આવવા લાગ્યા. ભમરાઓ જેમ કમળ પ્રત્યે ખેંચાય તેમ. હવે હરિશ્ચંદ્ર રાજાને પુત્ર ન હોવાથી પોતાનું ઘડપણ જાણી વિક્રમને ગાદીએ બેસાડયો, અને પોતે પરલોક પામ્યા, તેના પુણ્યથી ખેંચાઈને મોટા મોટા રાજાઓ સુંદર ભેટણાઓ લાવીને વિક્રમરાજાને ધરવા લાગ્યા. પોતાને ઘણી સ્ત્રીઓ હોવા છતાં રત્નમંજરી પર વિશેષ રાગ હોવાથી તેણીને પટ્ટરાણી તરીકે સ્થાપી. વિક્રમરાજાના ન્યાયથી દુષ્ટ પુરુષો જવાસાના ઝાડની માફક ઝુરાવા લાગ્યા, અને સંતપુરુષો કદંબના પુષ્પની માફક પ્રફુલ્લિત થયા. અને ચક્રવર્તી સમાન તેનું ચતુરંગ સૈન્ય કહેવાતું હતું. ખરેખર ત્રણ જગતમાં દાનનો મહિમા સમાતો નથી જેથી જેના પ્રભાવથી વિક્રમરાજા રાજ્ય પામ્યો, "યથા રાજા તથા પ્રજા" એ ન્યાયે લોકો પણ વિક્રમ રાજાની માફક દાન આપવા લાગ્યા.

એક વખતે વિક્રમરાજા સભામાં બેઠા હતા તે સમયે આકાશમાં મહાતેજસ્વી વિમાન જતું જોયું અને તે કયાં જાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે એમ સર્વ લોકો વિચાર કરતા હતા એટલામાં તે વિમાન સભા વચ્ચે આવ્યું અને એમાંથી નીલકંઠ નામના વિદ્યાધરે ઊતરીને રાજાને પ્રણામ કર્યા. રાજાએ તેને ભેટીને પોતાની પાસે બેસાડ્યો; અને ક્ષેમકુશળના સમાચાર પૂછ્યા. એટલે તે વિદ્યાધરે વિક્રમ રાજાને પોતાના આશ્રમમાં પધારવા વિનંતિ કરી. વિદ્યાધરની પ્રાર્થનાથી વિક્રમરાજા મંત્રીને રાજકારભાર સોંપી તેની સાથે વિમાનમાં બેઠા. આકાશમાર્ગે ચાલતાં ચાલતાં સમગ્ર પૃથ્વીનું નિરીક્ષણ કરતાં વૈતાઢ્ય પર્વત પર મણિનગરમાં પહોંચ્યા. અને નીલકંઠ વિદ્યાધરે બહુમાનપૂર્વક વિક્રમરાજાને પોતાને ઘેર લઇ જઇ વડીલ બંધુની માફક અતિથિસત્કાર કર્યો અને દેવકન્યા જેવી મદનવેગા નામની પોતાની બ્હેનને વિક્રમરાજા સાથે પરણાવી, અને નીલકંઠે પહેરામણીમાં અતિ કિમતી વસ્તુઓ ભેટ આપી. તે પછી શાશ્વત ચૈત્યોના દર્શન કરવા માટે વિક્રમરાજા વિદ્યાધરના વિમાનમાં બેસી ધાતકીખંડના તથા મેરુપર્વત આદિ સ્થળોમાં રહેલાં ચૈત્યોને વંદન કરી સુંદર સ્તોત્રોવડે સ્તુતિ કરી પોતાના ચક્ષુઓ સફળ કર્યાં. અને એ જ વિમાનમાં વિક્રમરાજા પાછા પોતાના નગરમાં આવી નીલકંઠ વિદ્યાધરને બહુમાનપૂર્વક વિદાયગીરી આપી.

ત્યારબાદ પોતાનાં પગલાંથી ભૂમિને પવિત્ર કરતા શ્રી મુનિચંદ્રસૂરિ ત્યાં વિચર્યા. વિક્રમરાજા તેમને વંદન કરવા ગયા અને વંદન કરીને બોલ્યા. હે સૂરીશ્વર, આપના ઉપદેશથી દાનના આ પ્રભાવથી હું મહાન રિદ્ધિને પામ્યો છું, અને હજી સુધી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ દાનના ધર્મનું સેવન કરી રહ્યો છું. મારા ઉપર કૃપા કરી ધર્મોપદેશ સંભળાવો.

રાજાનું પ્રિય વચન સાંભળી શ્રી મુનિચંદ્રસૂરિએ ગંભીર સ્વરે ઉપદેશ આપતાં જણાવ્યું કે–હે રાજા, દાનની માફક શીલ પણ ધર્મનું જીવન છે, અને શીલનો મહિમા સુંદર રીતે વર્ણવતાં મુનિશ્રીએ કહ્યું કે બ્રહ્મચર્યનું નવ વાડવડે સેવન કરતા મુનિ જેમ શોભે છે તેમ સ્વદારાસંતોષી ગૃહસ્થ પણ ઉત્તમ શીલથી શોભે છે. મનુષ્ય ગમે તેવો ક્રિયાપાત્ર વિદ્વાન તથા ચતુર હોય તો પણ શીલ વગર શોભતો નથી. સ્વર્ગના દેવો મહાસતીઓને જે મદદ કરે છે તે તો શીલવ્રતની એક વાત માત્ર છે. શીલવાન પુરુષોનાં વિઘ્નો એની મેળે નાશ પામે છે. એ પ્રમાણે સૂરીશ્વરનો ઉપદેશ સાંભળી વિક્રમરાજાએ પરસ્ત્રી-સેવનની ત્યાગની જિંદગી પર્યંત પ્રતિજ્ઞા લીધી. અને ગુરુ-મહારાજને વંદન કરી પોતાના સ્થાને ગયા.

પરસ્ત્રીસહોદર સમાન ગણાવાથી વિક્રમરાજાની ખ્યાતિ ચોતરફ પ્રસરી રહી, અને પોતાના દેહની માફક તે રાજા પોતાના વ્રતનું પાલન કરતો હતો.

એક દિવસ વિક્રમ રાજા સભામાં બેઠા હતા તેવામાં એક વણિક એક ઉત્તમ અશ્વ લઇને આવ્યો, અને રાજાને પ્રણામ કરી બોલ્યો કે–હે રાજન્ ! દેવોને લાયક આ ઉત્તમ અશ્વ છે માટે આપની ઇચ્છા હોય તો આને ગ્રહણ કરો. રાજાએ અશ્વના પરીક્ષકોને બોલાવી તેની તપાસ કરાવી. અશ્વના લક્ષણોના પરીક્ષકોએ તપાસ કરી કહ્યું કે–અશ્વના મુખ માંસળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી, કાન બહુ ટૂંકા છે, પાછળનો ભાગ પુષ્ટ છે, પીઠ જેની વિશાળ છે, વચલો ભાગ પાતલો છે, રોમરાજી નરમ છે અને ચંદ્ર સમાન કાંતિવાળા પુરુષપ્રમાણ ઊંચો આ અશ્વ ભાગ્ય વિના મલે નહિ. આ સાંભળી રાજાએ તે વણિકને અશ્વની યોગ્ય કિંમત આપી પોતાની અશ્વશાળામાં મોકલાવ્યો.

બીજે દિવસે પ્રભાતે રાજા અશ્વ પર બેસી તેની ચાલની પરીક્ષા કરવા શહેર બહાર નીકલ્યો. અશ્વ એકદમ દોડવા માંડ્યો ને ક્ષણ માત્રમાં બધાના આશ્ચર્ય વચ્ચે આકાશમાં ઊડવા લાગ્યો. રાજાના અસવારો આ જોઇને બોલવા લાગ્યા કે આ શું થયું ? રાજા આકાશમાં ને અમે નીચે પૃથ્વી પર, શું ઉપાય કરીએ ? એમ હાહાકાર કરતા જોઈ રહ્યા. રાજા પણ વિચારમાં પડ્યો કે–આ અશ્વ નથી પણ કોઇ માયાવી દેવ છે, એટલામાં તો તે અશ્વ નીચે ઉતરી રાજાને જંગલમાં મૂકી અદૃશ્ય થઈ ગયો.

વિક્રમ રાજા જંગલમાં ચારે તરફ જોવા લાગ્યા એટલામાં બે સુંદર દેવાંગનાઓ તેના જોવામાં આવી અને તેમની આંખો સ્થિર જોઇ તથા અતિ રૂપવાન જોઈને તેમણે નિશ્ચય કર્યો કે આ મનુષ્ય જાતિ નથી પણ દેવીઓ જ છે. તે દેવાંગનાઓ પ્રેમપૂર્વક બોલવા લાગી કે–હે રાજન્ ! અમે ઘણા સમયથી તમારી રાહ જોઈએ છીએ. એમ કહી રાજાને ઉપાડી ક્ષણ માત્રમાં સુંદર મહેલના સાતમે માળે રત્ન જડેલા પલંગ પર લઈ ગઇ. યુવાની અને લાવણ્યથી ભરેલી એવી કામાતુર થએલી દેવીને પલંગ પર બેઠેલી રાજાએ જોઈ. પલંગ પરથી નીચે ઉતરી અતિ વિનયપૂર્વક દેવીએ સ્વાગત કર્યું. પોતાની

દાસીઓ પાસે રાજાને સ્નાન કરાવી સુંદર રસવતીઓથી ભોજન કરાવી, દિવ્ય વસ્ત્રો પહેરાવ્યાં, અને તે દેવી રાજા પાસે આવીને બેઠી. અને કૃત્રિમ પ્રેમ દાખવી રાજાને મોહ પમાડતી કહેવા લાગી કે–હે વિક્રમરાજા! તમે મારા પૂણ્યથી જ અત્રે આવી પહોંચ્યા છો. ભાગ્ય વિના ચિંતામણિ રત્ન મળે ખરું? ઈશાન દેવલોકમાં રહેનારી હું આ વનમાં ક્રીડા કરવા માટે સુંદર મહેલ બનાવી રહું છું. ઘણા વખતે આપને જોઇને મારા નેત્રો સફલ થયા. એવી રીતે કામજ્વરથી પીડાતા મારા દેહને આપના સંગમથી શાંત કરો. આ સાંભલી પરનારી-સહોદર વિક્રમ રાજાએ દેવીને ઉપદેશ આપતાં કહ્યું કે—

તમે દેવકન્યા છો ને હું મનુષ્ય છું, તો મારી સાથે ભોગ ભોગવવાની ઇચ્છા કેમ કરો છો? અમૃતનું પાન કરનારા શું ખારા જળની ઇચ્છા કરે? કદી ન કરે. કહ્યું છે કે ઝેરનું પાન કરવું સારું પણ વિષયનું સેવન કરવું સારું નહીં. ઝેર તો એક જ વખત પ્રાણનું હરણ કરે છે, પણ વિષય સેવન તો જન્મો-જન્મ પ્રાણ હરે છે. અહો વિષયનું પ્રાબલ્ય કેટલું છે? જેથી પ્રાણીને અનંત કાળ સુધી ચારે ગતિમાં રખડવું પડે છે; માટે એ વિષયરૂપી વિષનું પાન ન કરતાં મોક્ષે લઈ જનાર એવું બ્રહ્મચર્યનું સેવન કરો. આ સાંભલી દેવીઓ ક્રોધાતુર થઈ બોલી કે–હે રાજન્! તું ખરેખર નપુંસક છે. ધિક્કાર છે તને કે તું અમારું આવું અપમાન કરે છે. મનુષ્યને સ્વપ્નામાં પણ દુર્લભ એવી દેવકન્યાઓ પ્રાર્થના કરે છે, છતાં તમે અનાદર કરો છો. વિક્રમરાજા કહે–હે દેવી! તારું કહેવું ગમે તેમ હોય તો પણ મારે જાવજ્જીવ પરસ્ત્રીનો ત્યાગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે, એટલે પ્રાણ જાય તો પણ મારા વ્રતનો ભંગ કદાપિ કરીશ નહીં. શું કાચના ટુકડા માટે કોઈ રત્નને ભાંગે ખરો ? ધતુરાના પાન માટે કલ્પવૃક્ષના ઝાડને કોણ છેદે ? વળી એક લોખંડની ખીલી માટે દેવમંદિરને તોડવા કોણ તૈયાર થાય ? તેમજ ક્ષણભરના શારીરિક સુખ માટે પવિત્ર શીળવ્રતનો ત્યાગ નહીં કરું. આ સાંભળી દેવી બોલી કે–મૂર્ખશિરોમણી ! હું તને ઇચ્છું છું છતાં ના પાડે છો તો તારા મસ્તકને ક્ષણ–માત્રમાં તરવારથી છેદી નાંખીશ. એમ કહી ખડ્ગ લઈ રાજાનું મસ્તક કાપવા હાથ ઊંચો કર્યો.

પરંતુ પ્રાણ જાય તો ભલે જાય તો પણ પોતાના શીલનું રક્ષણ કરવામાં દૃઢ નિશ્ચયવાળો રાજા મહામંત્ર નવકારનું સ્મરણ કરતો કરતો માથું નીચું નમાવે છે, પણ તેટલામાં તો દેવીઓએ અહો શીળનો મહિમા અદ્ભુત છે એમ આનંદપૂર્વક ઉચ્ચારણ કરતી પુષ્પની વૃષ્ટિ કરવા લાગી. રાજા આશ્ચર્ય પામી વિચારવા લાગ્યો કે હમણાં પ્રાણનો ઘાત કરવાને તૈયાર થયેલી દેવીએ ફૂલની વૃષ્ટિ કેમ કરી. તે સમયે દેવીએ કહ્યું કે–હે રાજન્ ! હાલમાં ઇશાનેંદ્રે પોતાની સભામાં શીળવ્રતમાં સ્થિર એવા તમને પોતાના દિવ્યચક્ષુથી જાણી દેવોને કહ્યું કે–હે દેવો ! ધાતકીખંડના ભરતક્ષેત્રમાં શિવપુરના રાજા વિક્રમ જેવો શીલવ્રતમાં દૃઢ કોઈ પણ પુરુષ નથી. સર્વવિરતિધર સાધુઓ કદાચ ચલિત થાય પણ વિક્રમ રાજા દેવાંગનાઓથી પણ મોહ પામે એમ નથી. આ વાત સાંભળી અપ્સરાઓમાં શિરોમણી એવી હું વિચારમાં પડી કે ઇંદ્રની આ વાત અજાયબી ભરેલી છે, કારણ કે મનુષ્યરૂપી કીડાને ચળિતઃ કરવામાં દેવીઓ પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શકયવાન નથી એ કેમ બને ? સ્વપ્નામાં કામિનીને જોઇને માણસ દ્રવી જાય તો સાક્ષાત્ મોહનું ઘર એવી અપ્સરાઓને જોઇને શું ચલિત ન થાય ? એમ ધારી તમારી પરીક્ષા કરવા માટે સ્વર્ગમાંથી આવી અશ્વ ઉપર અપહરણ વિગેરે આ બધો પ્રપંચ મેં કર્યો છે. તું ખરેખર ધર્મવીરમાં શીરોમણી સમાન છે અને શીળવ્રત પાળવામાં મુકુટ સમાન છે. કહ્યું છે કે અનુકૂળ સંજોગોમાં કોણ શીળ પાળતું નથી ? પણ પ્રતિકૂળ સંજોગોમાં પ્રાણસંકટ વખતે પણ જેઓ શીળવ્રતનો ભંગ કરતા નથી તે જ ખરા વ્રતધારી. ઉનાળામાં કોણ નદી તરી શકતું નથી ? બધા જ તરે છે પણ ચોમાસામાં ઘોડાપુર નદીમાં જે તરી શકે તે ખરા તરનારા કહેવાય. હે રાજા ! તારા જેવા સાચા બ્રહ્મચારીઓથી પૃથ્વી શોભે છે. જેમ પુનમના ચંદ્રવડે રાત્રી શોભે છે તેમ, ઇંદ્ર મહારાજે તમારી પ્રશંસા કરી તેની મને પૂરેપૂરી ખાતરી થઇ. **સત્પુરુષોની વાણી કદી મિથ્યા હોતી નથી.**

હે રાજન્ ! મેં તમને ઘણું દુઃખ આપ્યું તો હવે તમને રાજી કરવાને હું શું કરી શકું ? વિક્રમ રાજા બોલ્યા કે- બ્રહ્મચર્યનું પાલન એ મારી પ્રતિજ્ઞા છે. અને તેની પરીક્ષા તમે કરી એથી વિશેષ મારે શું જોઇએ ? તુરત જ દેવી રાજાને શિવપુર નગરમાં લઈ ગઇ; સોનાના દિવ્ય સિંહાસન પર બેસાડી સુંદર વસ્ત્ર આભૂષણોથી આદર સત્કાર કર્યો. અને નગરજનોને રાજાની તે વાત સંભળાવી મેઘની વૃષ્ટિની માફક સુવર્ણની વૃષ્ટિ કરી દેવલોકમાં ચાલી ગઇ. લોકો તે આશ્ચર્યકારક ઘટના સાંભળી આનંદમગ્ન થઇ ગયા, અને વિક્રમરાજાનો શિયળનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહિમા ચારે દિશામાં ફેલાયો. ત્યારબાદ રાજાને સંસારીસુખ ભોગવતા રત્નમંજરીની કૂખે એક પુત્રનો જન્મ થયો. તેનું નામ રત્નસાર પાડયું. મોટો થતાં તે કુંવર અનેક શાસ્ત્રનો અભ્યાસ કરી મહાવિનયી થયો અને તરુણ અવસ્થા પામતાં રાજાએ તેને યુવરાજપદ અર્પણ કરી પોતે દાન અને શીલરૂપી ધર્મનું સુંદર રીતે સેવન કરવા લાગ્યો.

ત્યારબાદ એ જ આચાર્ય મહારાજ ફરીથી વિહાર કરતા કરતા શિવપુરીમાં પધાર્યા અને તેમનું આગમન જાણી રાજા સપરિવાર વંદન કરવા ગયો. આચાર્યમહારાજે પણ મધુર વાણીથી ધર્મદેશના આપવા માંડી. દેશનાનો પ્રારંભ કરતાં આચાર્ય મહારાજે ધર્મના ચાર પ્રકારનું વર્ણન કર્યું અને જણાવ્યું કે–દાન અને શીલથી પણ વધુ ઉત્કૃષ્ટ એવો ધર્મનો ત્રીજો પ્રકાર તપ છે. કર્મરૂપી શત્રુનો નાશ કરવામાં તે અતિ બળવાન છે. તપ વૈરાગ્યનું મૂળ છે. મનને શાંત કરવામાં અતિ ઉપયોગી છે. ઉત્તમ ફળને આપવાવાળું એવા તપરૂપી ધર્મનું સેવન કરવુ યોગ્ય છે. અશુભ કર્મના ક્ષય માટે તપ એ ઉત્તમ ધર્મ છે. તપથી મહાન લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. એ તપ બાહ્ય અને અભ્યંતર મળી બાર પ્રકારનું કહ્યું છે. બાર પ્રકારના ચક્રની માફક તે બાર ભેદ નીચે મુજબ છે. (૧) ઉપવાસ. (૨) ઊનોદરી. (૩) વૃતિ-સંક્ષેપ. (૪) રસત્યાગ. (૫) શરીરકલેશ અને (૬) સંલીનતા. એ બાહ્ય તપના છ ભેદો છે. અભ્યંતર તપના છ ભેદ નીચે મુજબ છે (૧) પ્રાયશ્ચિત (૨) વૈયાવચ્ચ (૩) સ્વાધ્યાય (૪) વિનય (૫) કાયોત્સર્ગ અને (૬) શુભધ્યાન. સર્વ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિરતિ મુનિવરો આ બારે પ્રકારના તપનું સેવન કરે છે, પરંતુ બાર વ્રતધારી ગૃહસ્થો તે તપનું સર્વથા સેવન કરી શકતા નથી. તપને અને સંયમને અન્યોન્ય પ્રીતિ હોય છે. જ્યાં સંયમ હોય ત્યાં તપ પણ હોય છે, માટે ચારિત્ર એ જ ભવસમુદ્રથી તરવામાં ઉત્તમ સાધન છે. આ પ્રમાણે આચાર્યશ્રીનો ઉપદેશ સાંભળી રાજાનું મન પ્રફુલ્લિત થયું, અને પોતાના પુત્રને રાજ્ય સોંપી ગુરુના ચરણમાં દીક્ષા લીધી અને ગુરુ પાસે શાસ્ત્ર–સમાચારીનો અભ્યાસ કર્યો અને દુષ્કર એવા તપનું સેવન કરતાં માસખમણની તપશ્ચર્યા કરવા લાગ્યા. તેની તપની આવી ઉત્કૃષ્ટ વૃત્તિ જોઈને દેવો પણ આકર્ષાવા લાગ્યા. અને તે મુનિ ઘૃત વિગેરેની વિગયોનો ત્યાગ કરવા લાગ્યા. અને તેથી શરીર ગળાવા લાગ્યું. છતાં પારણામાં પણ વિગયોનું સેવન કરતા ન હોતા.

એકદા મહાતપસ્વી એવા વિક્રમમુનિ પારણા માટે લક્ષણાવતી શહેરમાં આવ્યા. ત્યાં લક્ષ્મણ નામનો રાજા રાજ્ય કરતો હતો, તેમને ચંડસેન નામનો પુત્ર હતો. તે શિકાર માટે જતો હતો ત્યાં સામા વિક્રમમુનિ આવ્યા. તેને અપશુકન માની મારવા માટે ઉત્સુક થયો એટલામાં તો પોતે મયૂરબંધથી બંધાએલો એવો મૂર્છા પામી જમીન પર પડ્યો. આ મહાનુભાવને શું થયું ? એમ હાહાકાર કરતા દયાળુ એવા તે મુનિ તેની નજીક ગયા. નગરજનોએ તથા તેના નોકરોએ ઘણા ઉપચારો કર્યા છતાં ચંડસેનને ચેતના આવી નહી. આ સાંભલી તેના પિતા લક્ષ્મણરાજા અત્યંત દુઃખ પામ્યા અને સપરિવાર પુત્રની પાસે આવ્યા. મુનિને મારવાના ઈરાદાથી પોતાના પુત્રની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સ્થિતિ થઇ છે એમ જાણી મુનિને પગે લાગી કહ્યું કે–હે મુનીશ્વર! જુવાનીના જોશમાં મારા પુત્રે કરેલા અપરાધની ક્ષમા કરો કારણ કે–સંતપુરુષો હમેશાં દયાલુ હોય છે. ક્ષમા એ જ વીરનું ભૂષણ છે. યુવાની, લક્ષ્મી, પરાક્રમ, વંઠ પુરુષોની સોબત, તથા અવિચારીપણું એ સર્વ માણસને અભિમાની બનાવે છે. વળી અજ્ઞાનરૂપી અંધકારમાં ડુબેલા ઉન્માર્ગગામી બને એમાં એનો શો વાંક? માટે આપ પ્રફુલ્લિત થઇ મારા પુત્રને સજીવન કરો! મેઘ જેમ વિજલી વિના જળ વરસાવે છે તેમ. તે સાંભળી વિક્રમ મુનિ કહે કે–હે રાજન્! મેં આ કાંઇ કર્યું નથી પરંતુ તમારો પુત્ર એની મેળે જ નિશ્ચેતન થયો છે. પ્રાણીમાત્રનું ભલું ઇચ્છનારા એવા મુનિઓ કોઇને પણ દુઃખ ન પમાડે તે તમારા પુત્રને શું મૂર્છિત કરે ખરા? લક્ષ્મણ રાજા મુનિના આ વચન સાંભળી બહુ દીનતાપૂર્વક ફરી વિનવવા લાગ્યો. અને કહ્યું કે–મારા પુત્રને શું થયું? મુનિ કહે–મને પણ એ જ વિચાર થાય છે. આ સાંભળી લક્ષ્મણ રાજા અચેતન થઇ ગયો.

એટલામાં સૂર્યસમાન કાંતિવાળો એવો એક દેવ ત્યાં પ્રગટ થઈ કહેવા લાગ્યો કે–હે રાજન્! હમણાં જ સૌધર્મેંદ્ર નંદીશ્વર દ્વીપનાં શાશ્વત ચૈત્યોને વંદન કરી તમારા નગર ઉપરથી આકાશ માર્ગે વિમાનમાં જતા મુનિને મારવા દોડતા એવો તમારા પુત્રને જોઇને ક્રોધવંત થઇ મને જિનશાસનપ્રેમી જાણીને અત્રે મોકલ્યો છે, અને તમારા પુત્રનો આવો અવિનય જોઇ મેં જ તેની આ દશા કરી છે; કારણ કે સમકિતી પુરુષો મુનિનું આવું અપમાન સહન કરી શકતા નથી; માટે જો તમારા પુત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુનિનું બહુમાન કરશે તો જ પાછો સચેતન થશે નહિ તો તેને સારો કરવાને દેવો પણ શક્તિમાન નથી; રાજાએ તે વાત કબૂલી પોતાના પુત્રને મુનિના ચરણે લગાડ્યો, જેથી રાજપુત્ર તરત જ સજીવન થયો, પછી તે દેવે ચંડસેનને કહ્યું કે-જો સંતપુરુષોને જ તું અપશુકન માને તો પછી સારું શુકન કયું? શું પાપી શીકારી મનુષ્યો સામા મળે તો જ તને સારા શુકન થયા કહેવાય? અને ધર્મિષ્ટો મળે તે અપશુકન? માટે સાંભળ હે રાજકુમાર, મુનિના દર્શન માત્રથી ક્ષણ માત્રમાં જ થાય છે.

તીર્થસેવા કે લાંબી તપસ્યાથી જે કર્મનો ક્ષય થાય છે તેટલો કર્મક્ષય હે ચંડસેન! આ મુનિનો તપ પ્રભાવ તેં પ્રત્યક્ષ અનુભવ્યો કે નહીં? જેથી સુધર્મ ઇંદ્ર જેવો પણ દાસ થયો ને તું પણ સજીવન થયો. એમ કહી મુનિને વંદન કરી દેવ સ્વર્ગલોકમાં ગયો. લક્ષ્મણ રાજાએ પુત્ર સહિત વિક્રમ મુનિને વંદન કરી ધર્મનું સ્વરૂપ પૂછયું. વિક્રમ મુનિએ ઉપદેશ આપતાં કહ્યું કે-હે રાજન્! સાંભળો વાયુ ઊંચી ગતિએ વાતો નથી, અગ્નિ વક્ર ગતિએ બળતો નથી, મેઘરાજા જે વૃષ્ટિ કરે છે, પૃથ્વી જે વગર આલંબને સ્થિર રહે છે, સૂર્ય અને ચંદ્ર જે હંમેશા પ્રકાશે છે. જડ પુરુષોના ઘરમાં જ લક્ષ્મીનો વાસ હોય છે. સુંદર વ્રતોના પાલનથી મનુષ્યો પવિત્ર થાય છે-એ સર્વ ધર્મના સેવનનું જ ફળ છે. કહ્યું છે કે—

धर्मो विश्वं जननीनोऽयं जिनेन्द्रैर्गदितः स्वयम् ।
निर्भाग्यैरतिदुर्लभः, कामकुंभ इव ध्रुवम् ॥ ३९४ ॥

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જિનેશ્વરોએ સ્વમુખે કહેલો ધર્મ ભવ્યજનોને હિતકારી છે, પણ ભાગ્ય રહિતોને કામકુંભની માફક દુર્લભ છે. આવો હિતકારી ઉપદેશ સાંભળી રાજા તથા પુત્ર વિનયપૂર્વક ધર્મનું સેવન કરવા ઊત્સુક થયો. વિક્રમ મુનિ પણ પારણું કરી અન્યત્ર વિહાર કરી ગુરુ પાસે ગયા. તેમનું આવું શરીર જોઇ મુનિચંદ્રે કહ્યું કે–હે વિક્રમ મુનિ! ગ્રીષ્મ ઋતુમાં સૂર્યના તાપથી તલાવ જેમ સોષાય તેમ તમારું શરીર અતિકૃશ થઇ ગયું છે, માટે હવે તમે તપ છોડી ઉત્તમ ભાવના ભાવો એવી રીતે ગુરુનો ઉપદેશ સાંભલી વિક્રમ મુનિ ઉત્તમ ભાવના ભાવતા ક્ષપકશ્રેણીએ ચઢતાં કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કરી સકલ કર્મનો ક્ષય કરી મોક્ષે ગયા.

આવી રીતે દાનાદિ ચારે ધર્મનું સેવન કરી વિક્રમરાજા જેમ પરમપદને પામ્યા તેમ હે કુમારપાલ ભૂપાળ! તમે પણ મન વચન કાયાએ ઉત્તમ ધર્મનું સેવન કરો. આ ઉપદેશ સાંભલી શ્રી કુમારપાળ રાજા સુપાત્રે દાન કરવામાં તથા બીજા ધર્મ કાર્યોમાં વિશેષ પ્રવૃત્ત થયા અને સાતે ક્ષેત્રોમાં પોતાની લક્ષ્મીનો વ્યય કરવા લાગ્યા.

એક સમયે ચૌલુક્યશિરોમણી કુમારપાળ સભામાં બેઠા હતા તેવામાં અતિ ચિંતાતુર ચહેરાવાળા એવા મહાજન લોકો રાજસભામાં આવ્યા, અને રાજાને નમસ્કાર કરી બેઠા. તેઓને દુઃખી જોઇને રાજા ચિંતાતુર થઈ આદરપૂર્વક બોલ્યા કે તમને શું દુઃખ છે? શું ન્યાય ભંગ થયો છે? સંધ્યાકાળના કમળની માફક આમ મ્લાન મુખ કેમ દેખાઓ છો? રાજાનું આ વચન સાંભલી લોકોએ કહ્યું કે–રાજન્! આપના રાજ્યમાં કદિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અન્યાય હોય જ નહીં. શું સૂર્ય પ્રકાશ્યે છતે અંધકાર હોય ? પરંતુ આપનો શહેરી કુબેર નામનો એક વણિક પરદેશથી અત્રે વહાણમાં આવતો હતો–અઢળક ધન પેદા કરી રસ્તામાં આવતાં વહાણ ભાંગી જવાથી તે રસ્તામાં જ મરણ પામ્યો. તેને પુત્ર નહીં હોવાથી તેના કુટુંબીઓ અતિ કલ્પાંત કરે છે તો તેનું ધન–દોલત તેને અપાવો જેથી તેની મરણક્રિયા વિગેરે કરાવીએ. રાજાએ પૂછયું કે તેની પાસે કેટલું ધન છે ? લોકોએ કહ્યું કે અઢલક ધન છે. આ જાણી કૌતુકથી રાજા કુમારપાળ તે શ્રેષ્ઠીને ત્યાં ગયા. શોકમાં ડુબેલા સર્વ કુટુંબીજનોને વૈરાગ્ય વાણીથી શાંતવન આપ્યું, ને કહ્યું કે–જીવન એ ચંચળ વસ્તુ છે ને દરેક મનુષ્યને મૃત્યુ એ નક્કી છે. જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી જીવન છે. શ્વાસ જ્યારે બંધ થાય છે ત્યારે મનુષ્ય મૃત્યુને વશ થાય છે. કહ્યું છે કે—

नवद्वारे शरीरेऽस्मिन्, श्वासवायुश्चलोऽप्यलम् ।
यत् तिष्ठति कियत् काल मपि तत् किं न कौतुकम् ? ॥४१७॥
विसूचिका विषं शूलं, शस्त्रानलजलादयः ।
हरंति जीवितं सद्यो, वाताः पक्विमपत्रवत् ॥ ४१८ ॥

કાલધર્મ પામેલા મનુષ્યો શું ફરીથી સજીવન થાય છે ? કદી પણ થતા નથી. એમ દિલાસો આપતાં રાજાએ કુબેર શેઠને ઘેર કરોડોની કીંમતનું સોનું ચાંદી જવેરાત જોયા. ગાયોના ધન–ઘોડા, ઊંટ, હાથી, ધાન્યના ઢગલાઓ તથા વસ્ત્રના ભંડારો જોયા તથા સેંકડો વહાણો, રથાદિ જોઇને આશ્ચર્ય પામ્યા. ખરેખર કુબેર શેઠ તે કુબેરભંડારી જ છે, નહી તો આટલી બધી

રિદ્ધિ સિદ્ધિ કયાંથી હોય ? હે રાજન્ ! આપ આ બધું ગ્રહણ કરો, એમ લોકોના કહેવાથી રાજાનું મુખ કરમાઇ ગયું અને વિચારવા લાગ્યા કે–યમરાજા તો માત્ર પ્રાણનું જ હરણ કરે છે; ધનનું નહિ, તો મરણનું ધન હરણ કરનારા રાજાઓ ખરેખર યમ કરતાં પણ નિર્દય કહેવાય. ખરેખર રાજેશ્વરી નરકેશ્વરી જે કહેવાય છે તે આવા અપુત્રિયાના ધનના લેવાના પાપથી જ કહેવાય છે. રાજાઓએ તો સામું ધન પ્રજાજનોને આપવું જોઇએ તેને બદલે બલાત્કારથી ધન લેવું એ હડહડતો અન્યાય છે; માટે મારા ત્રીજા વ્રતનો ભંગ કરનાર એવું અપુત્રી-આનું ધન લેવું મારે માટે જરાએ યોગ્ય નથી. એમ વિચાર કરી લોકોને કહ્યું કે–મારે આ ધન ખપે નહી. પતિના મરણથી મરણ પ્રાપ્ત થએલી સ્ત્રીઓનું ધન લેવાથી ખરેખર મરેલાને મારવા જેવું છે, માટે કુબેરશેઠના કુટુંબીઓ સુખેથી જીવો, એમ કહી રાજાએ સર્વ ધન આપી દીધું. આવા સદ્-વિચારથી પ્રફુલિત થયું છે મન જેનું એવા રાજાએ ત્યાંને ત્યાં જ રાજસેવકોને પૂછયું કે દર વર્ષે અપુત્રિઆનું ધન કેટલું આવે છે ? રાજકર્મચારિઓએ કહ્યું કે–રાજન્ ! દર વર્ષે બોંતેર લાખની આવક થાય છે. રાજાએ ત્યારથી હુકમ કર્યો કે હવેથી મારે આવું ધન કલ્પે નહી, અને તેવું ધન લેવાનો કાયદો રદ કર્યો. આથી સર્વ પ્રજાજનોથી પ્રશંસા પામેલા એવા શ્રી કુમારપાળ ભૂપાલ શ્રી હેમચંદ્રાચાર્યને વંદન કરવા ગયા. આચાર્ય મહારાજે લોકોના મુખથી સર્વ હકીકત જાણીને રાજાને કહ્યું કે–હે રાજન્ ! ખરેખર તમોએ મહાન પુણ્યનું કામ કર્યું છે. નિર્લોભી એવા મહાપુરુષો પણ ધનનો લોભ છોડી શકતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી—અપુત્રીઆનું ધન રાજા લે તો તેમનો પુત્ર કહેવાય પણ તમે તો ખરેખર પ્રજાના પિતાનું બિરુદ પ્રાપ્ત કર્યું. આવી ગુરુની પ્રશંસા સાંભળી રાજા બહુ આનંદ પામતો થકો પોતાના મહેલે ગયો.

ત્યારબાદ ચૈત્ય બંધાવવાથી મહાન્ પુણ્ય ઉપાર્જન થાય છે એવું સમજી ઉત્સાહપૂર્વક ભવ્ય મંદિરો બંધાવવા શરૂ કર્યાં. સૌથી પહેલું પાટણ શહેરમાં પોતાના પિતાના નામે ત્રિભુવનપાળ ચૈત્ય નામનું ભવ્ય દેરાસર બંધાવ્યું. પચીસ હાથ ઊંચાઇવાળા એ મંદિરમાં સવાસો અંગુલ પ્રમાણવાળી શ્રી નેમિનાથપ્રભુની ભવ્ય પ્રતિમા ભરાવી. ત્યારબાદ પોતાના બત્રીસ દાંતોથી પહેલાં જે માંસાહાર કર્યો હતો તેની શુદ્ધિ માટે બત્રીસ મંદિર કરાવ્યાં. તેમાં ગુરુના કહેવાથી બે સફેદ—બે કાલા—બે લાલ—બે નીલ અને સોળ સુવર્ણસમાન એવા ચોવીસ મંદિરોમાં શ્રી આદિનાથપ્રભુ વિગેરે ચોવીસ તીર્થંકરોની પ્રતિમા સ્થાપન કરી. ચાર મંદિરમાં ચાર શાશ્વત સીમંધરાદિ પ્રભુની સ્થાપના કરી. બાકીના ચાર ચૈત્યોમાં એકમાં રોહીણીદેવી, બીજામાં સમવસરણ, ત્રીજામાં અશોકવૃક્ષ, ને ચોથામાં શ્રી હેમચંદ્રાચાર્યની પાદુકાની સ્થાપના કરી. રાજગાદીએ આવ્યા પહેલા જ્યારે રાજા સિદ્ધરાજને લીધે છુપાતા ફરતા હતા, તે વખતે રસ્તામાં એક સમયે ચાંદીના સીક્કાઓ લેવાથી જે ઉંદરનું મરણ થયું હતું તે પાપની શુદ્ધિ માટે એક સુંદર ભવ્ય મંદિર બંધાવ્યું, તેમજ દેવશ્રીએ રસ્તામાં ત્રણ દિવસના ભૂખ્યા, એવા પોતાને જે કરંભક જમાડ્યો હતો તેની યાદગીરી માટે કરંભકવસી નામે વિશાળ ચૈત્ય બંધાવ્યું.

એક દિવસ શ્રી કુમારપાળ ભૂપાળ વાગ્ભટ્ટે બંધાવેલા મંદિરમાં શ્રી જિનેશ્વરપ્રભુના દર્શન માટે ગયા. તેમાં નેપાળ દેશથી રાજાએ મોકલેલી એવી એકવીશ અંગુલ પ્રમાણ ચંદ્રકાંતમણીની શ્રી પાર્શ્વનાથપ્રભુની પ્રતિમા જોઈને રાજા અતિ આનંદ પામ્યો. પછી તે બિંબને પોતાના કરમાં લઈને રાજાએ વાગ્ભટ્ટ મંત્રીને કહ્યું કે–આ મૂર્તિ હું પધરાવું મને આપો. વાગ્ભટ્ટ આનંદ પામી બોલ્યો–હે રાજન્! ખુશીથી સ્વીકારો ત્યારથી તે ચૈત્યકુમારવિહાર નામે પ્રસિદ્ધ થયું ને રાજાએ પ્રવીણ ઝવેરીઓ પાસે તે ચૈત્યમાં જાલીઓની એવી ઉત્તમ કારીગીરી કરાવી કે જેથી તે બિંબ ઉપર ચારે બાજુએથી પ્રકાશ પડે. ત્યારબાદ અર્ણોરાજનો પરાજય કર્યો તે વખતે ચૈત્ય બાંધવાની ભાવના થઈ હતી તે મુજબ શ્રી તારંગાજી પર્વત પર એકસો એક અંગુળ પ્રમાણ શ્રી અજિતનાથ પ્રભુની પ્રતિમા ભરાવી ઉત્તમ દેરાસર કરાવ્યું. ત્યારબાદ શ્રી ખંભાત બંદર જ્યાં પોતે શ્રી હેમચંદ્રાચાર્ય પાસે વ્રતનો સ્વીકાર કર્યો હતો. આલીંગ નામે એક જીર્ણ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી શ્રી મહાવીરસ્વામીની રત્નમય પ્રતિમા સ્થાપન કરી. આ સર્વ ચૈત્યોની પ્રતિષ્ઠા શ્રી હેમચંદ્રાચાર્યે મહામહિમાપૂર્વક કરાવી અને દરેક દેરાસરમાં પુષ્પપૂજા માટે સુંદર ઉદ્યાનો ભેટ આપ્યાં. ત્યારબાદ પોતાના તાબાના અઢાર દેશોમાં (એ અઢાર દેશ નીચે મુજબ છે) **૧ ગુર્જર, ૨ લાટ, ૩ સૌરાષ્ટ્ર, ૪ ભંભેરી, ૫ કચ્છ, ૬ સિંધ, ૭ ઊચ્ચા, ૮ જાલંધર, ૯ કાશી, ૧૦ સપાદલક્ષ, ૧૧ અંતર્વેદિ, ૧૨ મરુદેશ, ૧૩ મેદપાટ, ૧૪ માળવદેશ, ૧૫ આભીર, ૧૬ મહારાષ્ટ્ર, ૧૭ કર્ણાટક, ૧૮ કોંકણ.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી ચૌલુક્યાધિપતિ કુમારપાળભૂપાળે ઉત્તમ પ્રાસાદો કરાવ્યા જેથી અઢારે દેશમાં તેની કીર્તિ ફેલાણી. એ પ્રાસાદો કેવાં હતાં ? જાણે સ્વર્ગમાંથી દેવવિમાનો નીચે ઉતર્યા ન હોય ? અથવા તો જાણે ભૂવનપતિ તથા વ્યંતરદેવોના પ્રાસાદો ન હોય ? અથવા તો જાણે ચાંદી–સોના કે રત્નના પર્વતો ન હોય ? એવા ભવ્ય મંદિરો શોભી રહ્યા હતા.

હવે એક સમયે સૌરાષ્ટ્રનો રાણો સમરસેન કુમારપાળની આજ્ઞા પાળવાની બંધ કરી સ્વતંત્ર થયો. તેને વશ કરવા માટે રાજાએ ઉદયન મંત્રીને મોટું લશ્કર લઈ મોકલ્યો. અનેક માંડલિક રાજાઓ સાથે સૌરાષ્ટ્ર તરફ કૂચ કરી જતાં ઊદયન મંત્રીએ વચમાં વઢવાણમાં મુકામ કર્યો. ત્યાંથી આગળ જઈ શ્રી સિદ્ધાચળની જાત્રા કરવા ગયા, ત્યાં ગિરિરાજ પર ચઢી શ્રી ઋષભદેવની પૂજા કરી. વિધિપૂર્વક ચૈત્યવંદન કરવા બેઠા. એટલામાં મંત્રીશ્વરે એક આશ્ચર્ય જોયું. મંદિરમાં બળતા દિવાની એક વાટને એક ઉંદર મુખમાં લઇને દરમાં ભરાતો જોયો. પૂજારીઓએ ઘણી મહેનતે તે વાટ છોડાવી. મંત્રીશ્વરે વિચાર્યું કે આવા અકસ્માતથી આ કાષ્ઠનું મંદિર હોવાથી આગ લાગવાનો ભય છે, તેથી તીર્થને મહાન્ આશાતના થવા સંભવ છે, અને મનમાં વિચારવા લાગ્યો કે ધિક્કાર છે મારા જેવાને કે જેને રાજ્યની સેવામાં જિંદગી ગુમાવી છતાં આવા તીર્થનો જીર્ણોદ્ધાર કરાવી શકતો નથી. ધન્ય છે એ બહારણી-ઓને કે જેઓ ધૂળ સાફ કરી એમાંથી રત્નની પ્રાપ્તિ કરે છે. મારા જેવા પ્રમાદમાં રહી હાથમાં આવેલા ધર્મરત્નને ગુમાવી દે છે. ખરેખર આ પવિત્ર તીર્થમાં લક્ષ્મીનો વ્યય કરવો એમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવનની સાફલ્યતા છે. એમ વિચાર કરતાં કરતાં ત્યાં ને ત્યાં જ અભિગ્રહ લીધો કે રાજકાર્ય પતાવીને જ્યાં સુધી આ તીર્થનો ઉદ્ધાર ન કરું ત્યાં સુધી બ્રહ્મચર્ય–વ્રતપાલન કરવું ને રોજ એકાસણું કરવું.

ત્યારબાદ શ્રી વિમળગિરિની જાત્રા કરી, નીચે ઊતરી, સૈન્ય સહિત આગળ ચાલ્યા; કારણ કે સ્વામીની આજ્ઞા પાળવી એ તો ઉત્તમ ધર્મ છે. આગળ ચાલતાં ચાલતાં શત્રુના શહેર નજીક આવી પહોંચતાં મંત્રીએ સમર રાણા પાસે દૂતને મોકલ્યો ને જણાવ્યું કે–હે રાણા! તમે શ્રી કુમારપાળની આજ્ઞા માનો, નહીં તો યુદ્ધ કરવા તૈયાર થાઓ. દૂતની વાત સાંભળી રાણો અત્યંત કોપાયમાન થઇ સિંહની માફક ઉદયન મંત્રીની સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. સમર રાણો અનેક માંડલિક ક્ષત્રિયો સહિત વીરરસ મૂર્તિમંત હોયને શું? એમ શોભતો હતો. બન્ને સૈન્ય વચ્ચે ઉગ્ર યુદ્ધ ચાલુ થયું. તે સમયે સૈનિકો–બાણાવળીઓ બાણોવડે, તથા તરવાર, ભાલા, ગદા એવા અસ્ત્ર શસ્ત્રોથી સામાસામી પ્રહાર કરવા લાગ્યા–શત્રુના સૈન્યથી પોતાના સૈન્યને પરાજય પામતા જોઇને મંત્રીશ્વર જાતે યમની માફક આગળ ધસી આવી ધનુષબાણ ફેંકવા લાગ્યા. તેના બાણોથી શત્રુના અનેક સૈનિકો રણમાં રોળાવા લાગ્યા. આ જોઇને ક્રોધાયમાન એવો સમર રાણો પોતાના અશ્વને આગળ કરી મંત્રી સન્મુખ આવ્યો અને બન્ને વચ્ચે તુમુલ–યુદ્ધ ચાલ્યું. એવામાં મંત્રીશ્વરે શત્રુના બાણને રોકીને સમર રાણા પર એક તીવ્ર બાણ માર્યું. આથી રાણાએ કોપાયમાન થઈ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સામું એક બાણ માર્યું જે મંત્રીના કપાલમાં લાગ્યું. આવી રીતે સામસામા યુદ્ધ કરતાં જોઇને આકાશમાં દેવો પણ આશ્ચર્ય પામતા જોઇ રહ્યા. અનેક બાણોથી છેદાયું છે શરીર જેનું એવા મંત્રીશ્વરે હસ્તલાઘવી ક્રિયાવડે એક બાણ માર્યું ને સમર રાણાને મર્મ સ્થળમાં લાગતાં મૃત્યુ પામ્યો. ઉદયન મંત્રીના સૈન્યમાં જયજયકાર થઈ રહ્યો. ત્યારબાદ મંત્રીશ્વરે સમર રાણાના પુત્રને ગાદીએ બેસાડ્યો અને પુષ્કળ ધન પ્રાપ્ત કર્યું. યુદ્ધમાં લાગેલા બાણથી આખું શરીર ઘવાઇ ગયું છે જેનું એવા મંત્રીશ્વર રસ્તામાં જ બેભાન થઇ ગયા. સેવકોએ થંડા ઉપચારો કરવાથી મહામુસીબતે ભાન આવ્યું, અને તેમને તંબૂમાં લઇ જઈ સુંદર શય્યામાં સુવાડવામાં આવ્યા. અને અનેક ઔષધોપચાર કરવામાં આવ્યા. આટલું છતાં મંત્રીશ્વર વિલાપ કરવા લાગ્યા તે જોઈને માંડલિક રાજાઓએ મંત્રીશ્વરને પૂછયું કે–આપને શું દુઃખ છે કે આમ ઉદાસીન, વ્યગ્ર જણાઓ છો? આપે આગળ ઘણાં યુદ્ધો કર્યાં છે, અને વીર પુરુષને છાજે એવા ઘણા પ્રહારો લાગ્યા હતા, છતાં કોઈ વખતે આપે આવી વ્યગ્રતા બતાવી નથી, માટે તમારા મનમાં શું વ્યથા છે? તે કૃપા કરી જણાવો.

ઉદયન મંત્રીએ આર્દ્ર સ્વરે જણાવ્યું કે–શત્રુના બાણોના પ્રહારોથી મને જે વેદના થાય છે તેનું મને જરાએ દુઃખ નથી; કારણ કે સ્વામીના હુકમથી લડાઈમાં ગયેલો શૂરવીર યોદ્ધો કદિપણ યુદ્ધમાં પ્રાણુની પરવા કરતો નથી. ઊલટું તેને એમાં આનંદ થાય છે, પરંતુ શ્રી શત્રુંજય અને શકુની તીર્થના ઉદ્ધારની મેં જે પ્રતિજ્ઞા લીધી છે તેનો વિચાર કરી રહ્યો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



ઉદયનમંત્રિ મુનિને જોઇને વંદનકરી સર્વજીવોને ખમતખામણાં કરી સ્વર્ગે સીધાવ્યા

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

છું કે મારા મરણથી આ પ્રતિજ્ઞાનું પાલન રહી જાય, એ શલ્ય મારા મનમાં છે; કારણ કે અન્ય કોઇપણ દેવું મનુષ્યને દુઃખનું કારણ હોય છે, તો આ તો દેવતું દેવું, એ મહાદુઃખનું કારણ છે. આમ દેવઋણ અને નિયમભંગ એ બે વાતથી મારા હૃદયમાં અત્યંત વેદના થાય છે, એ સાંભળી સેનાપતિઓ આશ્ચર્ય પામી કહેવા લાગ્યા કે હે મંત્રીશ્વર! આપ એ વાતની ચિંતા દૂર કરો. અમો આપના બન્ને પુત્રો વાગ્ભટ્ટ અને આમ્રભટ્ટને આપની પ્રતિજ્ઞાની વાત જણાવીશું, અને આપની ઇચ્છા મુજબ તમારા પુત્રોને તે મુજબ અભિગ્રહ આપી બન્ને તીર્થોનો ઉદ્ધાર કરાવીશું. જો તેઓ આ કાર્ય નહી કરે તો અમે આ તીર્થનો ઉદ્ધાર કરીશું; આપ જરાએ ચિંતા કરશો નહી. આવું તે માંડલિક રાજાઓનું પ્રિય વચન સાંભળી મંત્રીશ્વરને અત્યંત શાંતિ થઇ, અને બોલ્યા કે–મારે અંતિમ આરાધના કરવી છે, માટે કોઈ સાધુ મુનિરાજને બોલાવો. ઘણી તપાસ કરી છતાં કોઈ મુનિરાજનો યોગ મલ્યો નહી એટલે મંત્રીશ્વરને અસમાધિ ન થાય તેટલા માટે કોઇ વંઠને મુનિનો વેશ પહેરાવી, મુનિના આચાર શીખવાડી મંત્રીશ્વર પાસે લઈ ગયા. મુનિને જોઇને વંદન કરી શ્રી ગૌતમસ્વામીની માફક તે મુનિને ખમાવી સર્વ જીવોને ખમતખામણાં કરી દુષ્કૃતનિંદા તથા સુકૃતની અનુમોદના કરતા કરતાં, અને પોતાની મેળે ભાવના ભાવતા દેહોત્સર્ગ કરી સ્વર્ગે સીધાવ્યા. તેમની અંતિમ ક્રિયા કરી સર્વ સામંતરાજાઓ પાટણ તરફ ગયા.

હવે આ તરફ જે વંઠ પુરુષ મુનિવેષ પહેરી આવ્યો હતો તે મંત્રીશ્વરે કરેલા નમસ્કારથી આશ્ચર્ય પામી વિવેકથી ખુલી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગયા છે ચક્ષુ જેના એવો વિચારવા લાગ્યો કે–આવા મહર્દ્ધિ ગુર્જરેશ્વરના મંત્રીએ મને વંદન કર્યું તો આ વેષ હવે છોડી દેવો એ ખરેખર મૂર્ખતા છે. ભલે મેં ઇચ્છા વગર સાધુ વેષ લીધો પણ હવે તો આ વેષમાં જ રહી આત્મકલ્યાણ કરું. ફરીફરી મને આવો વેષ કોણ આપશે ? આમ મનમાં વિચારી એ વેષધારી સાધુ રૈવતાચલ પર જઈ શુદ્ધ અનશન પાળી દેવલોક સિધાવ્યા.

મંડળેશ્વરો પણ શીઘ્રતાપૂર્વક પાટણ પહોંચી સમર રાણાના રાજ્યમાંથી અઢલક લક્ષ્મી શ્રી કુમારપાળને ચરણે ભેટ કરી. અને અત્યંત દિલગીરીપૂર્વક શ્રી ઉદયન મંત્રીના સ્વર્ગવાસની તથા અંતસમયની પ્રતિજ્ઞાની સર્વ હકીકત કહી તે સાંભળી રાજા મુખમાંથી તાંબુળ વિગેરે મુખવાસ કાઢી નાંખી, એક વડીલ બંધુની માફક શોકમાં ગરકાવ થઈ ગયા. ઉદયન મંત્રીના સુપુત્રો વાગ્ભટ્ટ, આમ્રભટ્ટ તથા અન્ય મંત્રીઓ પણ શોકાતુર થઇ ગયા. શ્રી કુમારપાળ ભૂપાલે જાતે મંત્રીશ્વરને આવાસે જઈ બહુ આદરપૂર્વક તેમના પુત્રપરિવારને દિલાસો આપ્યો, અને શ્રી વાગ્ભટ્ટને મહામંત્રી તરીકે સ્થાપ્યો.

હવે તે માંડલિક રાજાઓ સર્વે શ્રી વાગ્ભટ્ટ તથા આમ્રભટ્ટ પાસે આવી શ્રી ઉદયન મંત્રીએ તીર્થના ઉદ્ધારની લીધેલી પ્રતિજ્ઞા જણાવીને કહ્યું કે–તમો પિતાની ભક્તિ માટે તથા ધર્મની રક્ષા માટે ઉદયન મંત્રીએ કરેલો અભિગ્રહ લઇ મહાન્ તીર્થનો ઉદ્ધાર કરો. જેઓ પિતાનું દેવું ચૂકવે છે તે ખરેખર સુપુત્રો ગણાય છે, માટે તમો આ દેવઋણમાંથી પિતાને મુક્ત કરી પ્રશંસાને પાત્ર થાઓ. મંડલેશ્વરોની આવી અમૃત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેવી વાણી સાંભળી બન્ને મંત્રીપુત્રો ઘણા આનંદિત થયા અને બન્ને જણાએ એક તીર્થનો ઉદ્ધાર કરવાનો અભિગ્રહ ધારણ કર્યો.

મંત્રીશ્વર વાગ્ભટ્ટે શ્રી કુમારપાળ રાજાની આજ્ઞા માંગતા રાજાએ કહ્યું કે આવા પવિત્ર ગિરિરાજ શ્રી શત્રુંજયના ઉદ્ધારની વાતમાં મારી રજા માંગવાની હોય જ નહીં. ત્રણ જગતના નાથ એવા ઋષભદેવના ચૈત્યનો ઉદ્ધાર સુખેથી કરો. આવી રીતે રાજાના સહકારથી અને શ્રી હેમચંદ્રાચાર્યના આશીર્વાદ મેળવી શ્રી વાગ્ભટ્ટે મહાન્ સૈન્ય લઈ ઋદ્ધિપૂર્વક શ્રી શત્રુંજય પ્રતિ ચાલવા માંડયું અને શીઘ્રતાપૂર્વક શ્રી સિદ્ધાચળ પર પહોંચી શ્રી આદિનાથ પ્રભુના દર્શન–પૂજા કરી. ત્યાં સર્વ સૈન્ય માટે તંબૂઓ તાણી મુકામ કર્યો. અને હોશીઆર સલાટો, તથા શિલ્પીઓને તેડાવ્યા. આવા પવિત્ર તીર્થના ઉદ્ધારની વાત સાંભલી બીજા ઘણા શ્રેષ્ઠીઓ આવા પુણ્યના કામમાં ભાગ લેવા ત્યાં એકત્ર થયા.

એ સમયે ત્યાં ભીમ નામે એક ઘીનો વેપારી માથે ઘીની કુલ્લી મૂકી ફરતો ફરતો આવી પહોંચ્યો. પોતાની પાસે પૂંજીમાં ફક્ત છ સોનૈયા હતા અને ત્યાં લાવેલુ ઘી પ્રમાણિકતાથી વેચી એક સોનૈયો અને એક રૂપીઓ પેદા કર્યો. તે વણિકે સાતે સોનામહોરો વસ્ત્રની ગાંઠે બાંધી ભાવપૂર્વક એક રૂપીઆના ફૂલ લઇ શ્રી નાભિનંદની પૂજા–સેવા કરી. નીચે ઊતરી કૌતુકથી તંબૂમાં રહેલા સૈન્યને જોતો જોતો શ્રી વાગભટ મંત્રીના તંબૂ પાસે આવ્યો. સીપાઇઓએ તેના મેલાં વસ્ત્રો જોઇને અંદર દાખલ થવા દીધો નહીં, પણ બહારથી મંત્રીશ્વરની રીદ્ધિ

જોઈને વિચારવા લાગ્યો કે ખરેખર ઇંદ્રની સમાન શોભના એવા આ મંત્રીશ્વરને ધન્ય છે. હું અને એ બન્ને મનુષ્ય તરીકે સરખા છતાં મારામાં અને એમનામાં કેટલો બધો ફેર છે? ખરેખર ભાગ્ય વિના નર કોડી ન પાવે. આ મહાપુરુષને સેંકડો માણસો માન આપી રહ્યા છે. હજારો સેવકો સેવા કરી રહ્યા છે ને મારો તો કોઈ ભાવ પણ પૂછતા નથી! આ મંત્રીશ્વર પોતાની લક્ષ્મીથી દેશનું દારિદ્ર દૂર કરી રહ્યા છે. જ્યારે હું એવો અભાગી છું કે-મારું પણ ભરણપોષણ કરવા શક્તિમાન નથી. દાન માનથી વશ થઈ મંડલિક રાજાઓ પણ જેની સેવા-સ્તુતિ કરી રહ્યા છે ત્યારે દરિદ્રતાને લીધે મારી સ્ત્રી પણ પ્રશંસા કરતી નથી. આવા મહાન્ તીર્થનો ઉદ્ધાર કરવા મંત્રીશ્વર શક્તિમાન છે જ્યારે એક અંગુલ પ્રમાણ પણ તીર્થનો ઉદ્ધાર હું કરી શકું તેમ નથી. આવા અલૌકિક ચારિત્રવાન અને મહાન પુણ્યશાળી એવા મંત્રીશ્વર સંબંધી વિચાર કરતો હતો તે સમયે સૈનિકોએ તેને જોઈને ગળચી પકડીને બહાર કાઢ્યો. આ વાત મંત્રીના જાણવામાં આવતાં તુરત જ ભીમને પોતાની પાસે બોલાવ્યો.

ભીમ મંત્રીશ્વરને પ્રણામ કરી બેઠો. એટલે મંત્રીએ સ્વજનની માફક આદરપૂર્વક પૂછયું કે-આપ કયાંથી આવ્યા છો? ભીમે પોતાની સર્વ હકીકત કહીને ઘીના વેપારના લાભની હકીકત જણાવી. તથા પોતે પ્રભુની પૂજા એક રૂપીયાના ફૂલ લઈને કરી, એ વાત પણ જણાવી.

મંત્રીએ કહ્યું કે-ધન્ય છે તને કે આવી સ્થિતિમાં પણ તમે પરમાત્માની પૂજા-સેવા કરી; માટે તું મારો સાધર્મિક બંધુ

થયો. એમ પ્રશંસા કરી સર્વ સભા સમક્ષ પોતાની પાસે બેસાડ્યો. ઉત્તમ વસ્ત્રધારી મંત્રી કયાં ? ને કયાં મલિન વેશ-વાળો આ ભીમ વાણીઓ. કવિ કહે છે કે–સ્ફટિક રત્નની પાસે જાણે શ્યામ પત્થર ન હોય ? ભીમે વિચાર્યું કે–ખરેખર પર-માત્માની પૂજાનો જ આ પ્રતાપ છે. કે મારા જેવા ગરીબ વાણીઆને ગુર્જર મંત્રીશ્વર આટલું બધું માન આપે છે. તે અવસરે સર્વ શ્રેષ્ઠીઓ મંત્રીશ્વર પાસે આવી હર્ષોલ્લાસપૂર્વક કહેવા લાગ્યા કે–હે મંત્રીશ્વર ! તીર્થોદ્ધાર કરવામાં તમે એકલા શક્તિમાન છો છતાં અમને પણ આ પૂણ્યના કામમાં થોડો થોડો ભાગ લેવા દ્યો કેમકે કહ્યું છે કે–પિત્રાદિકને કદાચિત છેતરાય પણ સ્નેહવશ સાધર્મિક બંધુંને કદાપિ છેતરી શકાય નહિ; માટે અમે અમારી શકિત મુજબ જે કંઇ આપીએ તે આપ આ જીર્ણોદ્ધારમાં વાપરવા માટે સ્વીકારી અમારી ઇચ્છા પૂર્ણ કરો. સાધર્મિક બંધુઓના અતિ આગ્રહથી ઉદારચિત્ત એવા આમ્રભટે સર્વના નામોની નોંધ પોતે જાતે કરી. સર્વ શેઠીઆઓ પોતે નોંધાવેલી રકમની સોનામહોરો ત્યાં લાવવા લાગ્યા. આ જોઇ મંત્રીશ્વર પાસે બેઠેલા ભીમ વાણીઆને વિચાર થયો કે–મારા સાત સોનૈયા જો આ ચૈત્યોદ્ધારમાં વપરાય તો મારું જીવતર સફળ થયું સમજું. પણ શરમનો માર્યો બોલી શકયો નહી. મંત્રી એના મનની વાત જાણી બોલ્યા કે–હે વણિકબંધુ બોલો તમારે શું કહેવું છે ? ભીમ પણ અતિ હર્ષપૂર્વક બોલ્યો કે–હે સ્વામિન્ ! મારા પણ સાત સોનૈયા આ ઉદ્ધારમાં વાપરવા આપ ગ્રહણ કરો. ભીમની આ વાત સાંભળી મંત્રીશ્વર વિસ્મય પામ્યા અને કહ્યું કે-હે વણિક ! તમારી સુવર્ણમહોરો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાવો; કારણ કે હવે જલ્દીથી મારે ચૈત્યનો ઉદ્ધાર કરવો છે. અને વાગ્ભટ્ટે તેનું નામ જીર્ણોદ્ધારના ફાળામાં સૌથી પ્રથમ લખ્યું. એ જોઇને સર્વ શેઠીઆના મોઢા ઝાંખા પડી ગયા. આ જોઇને મંત્રીશ્વર બોલ્યા કે તમારા બધા કરતાં તેણે વધારે આપ્યું છે, કારણ કે તમે સર્વેએ તમારી પૂંજીનો સોમો ભાગ પણ આપ્યો નથી, ત્યારે ભીમે તો એની સર્વ મૂડી આપી દીધી છે. આ સાંભળી સર્વ નીચું જોઇ રહ્યા. ભીમ પણ પોતાની પ્રશંસા સાંભળી પોતાને ધન્ય માનવા લાગ્યો.

ત્યારબાદ મંત્રીશ્વરે પાંચસો સુવર્ણમહોરો તથા ત્રણ ઉત્તમ વસ્ત્રો ભીમને ભેટ આપવા માંડ્યાં, ત્યારે ભીમે તેનો સ્વીકાર ન કરતાં કહ્યું કે–શું આટલા દાન માટે મારું પુણ્ય વેચી નાંખું? ફૂટેલી કોડી માટે કયો મતિમાન ક્રોડો રૂપીઆને ગુમાવે? આમ કહી તે ભીમ વણિક્ પોતાને ઘેર ગયો. ઘેર જતાં પોતાની ડાકણ જેવી સ્ત્રીની બહુ બીક લાગતી હતી, પે તે સાતે સોનૈયા તીર્થોદ્ધારમાં વાપરી દીધા હતા તેથી પણ મહદ્ આશ્ચર્ય વચ્ચે તેની પત્નીએ મધુર અને પ્રિય શબ્દોથી આવકાર આપ્યો. આથી ભીમ વિચારમાં પડ્યો કે આ શું? ઝેરમાં અમૃત ને અગ્નિમાં કમળ કોઇ દિવસ ન સંભવે તેમ આ સ્ત્રીના મુખમાં પ્રિય વચન પણ સંભવે નહી. ખરેખર આજે મારા અહો ભાગ્ય છે કે મારી પત્ની મહાક્રોધી છતાં શાંત બની ગઇ. પછી ભીમે પોતે જે દ્રવ્ય ઉદ્ધારમાં વાપર્યું તે હકીકત જણાવી એટલે પત્નીએ કહ્યું કે સ્વામિન્! બહુ પુણ્યનું કામ કર્યું, કારણ કે સાંસારિક ભોગોમાં તથા પોતાના ઘર બંધાવવામાં તો બધા જ ધન વાપરે છે, પણ આવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધાર્મિક કાર્યમાં તો પુણ્યશાલીનું જ ધન વપરાય છે. તેમજ તમોએ મંત્રીશ્વર પાસેથી પણ સોનૈયા ન લીધા એ પણ બહુ સારું કર્યું. તીર્થસ્થાને પારકી લક્ષ્મી કેમ લેવાય?

એક દિવસે ભીમ વાણીઓ ગાયને બાંધવાની જગાએ ખીલો ખોદતો હતો, તે વખતે જમીનમાંથી એક સોનામહોરોથી ભરેલો ચરુ જોયો, તેને ઊઘાડતાં અંદરથી ચારસો-સોનામહોરો નીકળી. તે જોઇને તે વિચારવા લાગ્યો કે ખરેખર સાત સોનામહોરો વાપરવાનું આ ફળ છે, માટે એને પણ શુભ માર્ગે વાપરું એમ નક્કી કરી પોતાની પત્નીને જણાવ્યું. પત્નીએ એ સોનામહોરો લઈ વાગ્ભટ્ટ મંત્રી પાસે જવાનું કહ્યું. ભીમે મંત્રીશ્વર પાસે જઈ તે ધન તીર્થોદ્ધારમાં વાપરવા જણાવ્યું. મંત્રીશ્વરે કહ્યું કે-તમારા પુણ્યથી મળેલી લક્ષ્મી તમે સુખેથી ભોગવો. ભીમ કહે આ મારું ધન નથી, પારકું ધન હું શી રીતે વાપરું? છતાં મંત્રીશ્વર બળજબરીથી તેને ધન પાછું આપે છે. ભીમ તે લેતો નથી. એમ કરતાં રાત્રી થઇ અને બન્ને પોતપોતાને મુકામે સૂઇ ગયા.

રાત્રીએ સ્વપ્નામાં તીર્થના અધિષ્ઠાયક **કપર્દી યક્ષે** ભીમને કહ્યું કે-એક રૂપીઆના ફૂલ ભાવથી પરમાત્માની પૂજામાં વાપર્યાં, તેથી પ્રસન્ન થઇને આ ધન તને આપ્યું છે. ને તારી સ્ત્રીને પણ સુંદર વચનો બોલતી કરી છે; માટે આ દ્રવ્ય તારી ઇચ્છા પ્રમાણે ભોગવ. એમ કહી તે યક્ષ અંતર્ધ્યાન થયો. પ્રભાતે ઊઠીને ભીમે સ્વપ્નની સર્વ હકીકત મંત્રીશ્વરને જણાવી, સોના રૂપાના પુષ્પોથી શ્રી **આદિનાથ** પ્રભુને વધાવ્યા અને તે સોનામહોરો લઇ પોતાને ઘેર ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યારબાદ મંત્રીશ્વરે તે લાકડાનું મંદિર ઉતારી સુંદર પાષાણમય બનાવવાની શરૂઆત કરી. વિધિપૂર્વક સોનામહોરોથી ખાતમુહૂર્ત કરી શ્રી મૂળનાયક બેસાડવાની જગ્યાએ કૂર્માકારની સુંદર શિલારોપણ કરી.

તે ચૈત્યના ઉદ્ધારનું કામ ઉલ્લાસપૂર્વક કારીગરો કરવા લાગ્યા અને મંત્રીશ્વર પણ કારીગરોને રોજ નવા નવા ભોજનો તથા વસ્ત્રો આપવા લાગ્યા. મંત્રીશ્વર પણ દિવસ ને રાત જાતિ-દેખરેખ રાખતા હતા, જેમ જેમ મંદિર ઊંચે આવતું હતું તેમ તેમ મંત્રીશ્વરનું પુણ્ય પણ વધતું જતું હતું. એમ કરતાં બે વર્ષમાં તે ચૈત્ય તૈયાર થઇ ગયું. તે મંદિર શ્રી શત્રુંજયગિરિના મુગટ સમાન શોભતું હતું. આનંદથી ઉલ્લસિત થયું છે હૃદય જેનું એવા એ મંત્રીશ્વર પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી કરવા લાગ્યા. એવામાં કરમાઇ ગયું છે મુખ જેમનું એવા પૂજારીએ ઓચિંતા આવી મંદિર પડી જવાના દુઃખદ સમાચાર જણાવ્યા. અમૃતમાં ઝેર, દૂધમાં કાંજી, હર્ષમાં, શોક, અને વેદમંત્રોને બદલે અપશબ્દના શ્રવણની માફક આ શોક સમાચાર જાણી સૂર્યથી જેમ કમળ વિકશે તેમ દુઃખી થવાને બદલે મંત્રીશ્વર આનંદિત થયા. સેવકોએ શોકમગ્ન થઇ મંત્રીશ્વરને પૂછયું કે–હે સ્વામિન્ દિલગીર થવાને બદલે આપ હર્ષમાં કેમ છો ? મંત્રીશ્વરે જણાવ્યું કે–મારા જીવતાં આ મંદિર પડયું તો હું એને ફરીથી કરાવીશ દૈવયોગે મારા મૃત્યુબાદ જો પડયું હોત તો એ ચૈત્યનો ઉદ્ધાર બીજાને હાથે થતે; અને મને એનો લાભ ન મળતે, એ જાણી મને આનંદ થયો.

હવે શિલ્પશાસ્ત્રમાં પ્રવીણ એવા સલાટોને બોલાવી મંત્રી-

શ્વરે આ પ્રાસાદ તૂટવાનું કારણ પૂછયું ત્યારે સલાટોએ જવાબ આપ્યો કે–આ ભમતિવાળું મંદિર બાંધવામાં આવ્યું છે. કારણ કે વગરભમતિનું મંદિર બંધાવનારનો વંશ પ્રાયે નાશ પામે છે. અને પવનને બહાર આવવાનો માર્ગ ન રહેવાથી આ મંદિર ઓચિંતુ તૂટી ગયું. આ સાંભલી વાગ્ભટ્ટે વિચાર કર્યો કે–વંશ કોનો રહ્યો છે? કે મારો રહેશે? અને એની પણ શી ખાત્રી? વળી કર્મો વડે આત્માને લાગતાં પાપ અથવા પુણ્યને શું સંતતિ રોકી શકે? જરાપણ નહિ. આ ભવમાં કે પરભવમાં પુણ્ય વગર કોઈ પણ આત્માનો ઉદ્ધાર થઈ શકતો નથી, માટે ધર્મરૂપી સંતાનની વૃદ્ધિ એ જ ખરેખર લાભદાયી છે. તીર્થનો ઉદ્ધાર એ ભવરૂપી સમુદ્રમાંથી તરવાનું ઉત્તમ સાધન છે, માટે ભરત રાજાની માફક આ ચૈત્યનો ઉદ્ધાર કરાવી મારું નામ અમર કરું. એમ વિચારી મંત્રીશ્વરે સૂત્રધારોને ભમતી વગરનું મંદિર બાંધવા હુકમ કર્યો. આથી સલાટોએ નવેસરથી ફરી ચૈત્ય બાંધવાનું શરૂ કર્યું. અને તેને સંપૂર્ણ કરતાં ત્રણ વર્ષ લાગ્યાં. આ મંદિર બાંધવામાં મંત્રીશ્વરે ત્રણ ક્રોડ સોનૈયાનો ખરચ કર્યો, અને ઉજ્વળ એવા એ મંદિરને જોઇને લોકોની કૈલાસગિરિ જોવાની ઇચ્છા થઇ ગઇ. વિશાળ મંડપો શોભી રહ્યા છે જેમાં એવા એ ચૈત્યમાં દરેક મંડપે અનેક પૂતળીઓ મૂકવામાં આવી છે, એ જોઇને લોકો આશ્ચર્યચકિત થઇ ગયા. અનેક નાના દેવકુળકોથી વીંટાયેલો આ પ્રાસાદ દેવવિમાન સમાન શોભી રહ્યો છે.

હવે આ ચૈત્યની પ્રતિષ્ઠા કરવા માટે પાટણમાં બિરાજતાં શ્રી હેમચંદ્રાચાર્યને વિનંતિ કરી સંઘ સાથે બોલાવ્યા. વિક્રમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંવત ૧૨૧૧માં માગશર શુદ સાતમને શનિવારે શ્રી ઋષભ-દેવ પ્રભુની પ્રતિષ્ઠા સૂરીશ્વરે કરાવી. ધ્વજદંડ તથા સોનાનો કળશ પણ સ્થાપિત કર્યો મંત્રીશ્વરે મહાન ઉલ્લાસપૂર્વક અઠ્ઠાઈ મહોત્સવ કરાવ્યો. સૂરીશ્વરે આથી પ્રસન્ન થઈ મંત્રીશ્વરને કહ્યું કે–જગતમાં સર્વ જીવોને ધર્મનો આધાર છે અને તેમાં પણ તીર્થનો ઉદ્ધાર એ મહાન્ ધર્મ છે. તીર્થનું મૂળ એ તીર્થંકર પરમાત્મા છે, અને તેમની પ્રતિમા જિનેંદ્રસમાન છે અને તે પ્રતિમાને બિરાજમાન કરવાનું સ્થાન ચૈત્ય છે. અને તમે આ ચૈત્યનો ઉદ્ધાર કરી મહાન્ પુણ્ય ઉપાર્જન કર્યું છે. આવી રીતે ગુરુમહારાજના આશીર્વાદ લઈ મંત્રીશ્વર ગિરિરાજ પરથી નીચે ઉતર્યા. નીચે તલાટીમાં પોતાના નામથી (બહાડપુર) નગર વસાવ્યું. અને તે નગરમાં શ્રી કુમારપાળવિહાર નામનું એક ભવ્ય મંદિર બંધાવ્યું. અને તેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પધરાવી અને તે શહેરની ચારે બાજુ–ચોવીશ સુંદર બગીચાઓ બનાવી તે મંદિરોની પૂજા માટે અર્પણ કર્યા. ત્યાંથી મંત્રીશ્વર શ્રી સૂરીશ્વર સાથે સકળ સંઘ સહિત પાટણ આવ્યા.

હવે ગૂર્જરેશ્વરની આજ્ઞાથી તથા શ્રી વડીલ બંધુ વાગ્ભટ્ટની અનુમતિથી આમ્રભટ ભરુચ નગરે ગયા અને પોતાના પિતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે, શ્રી મુનિસુવ્રત સ્વામીના નવા મંદિરનો આરંભ કરાવ્યો. પણ કમનસીબે શરૂઆતમાં પાયાનું ખોદકામ ચાલુ કરતા એક મહાન અકસ્માત્ થયો. અને પાયામાં ઘણા માણસો જીવતાં દટાઈ ગયા. દટાઇ ગયેલા મજૂરોના કુટુંબીઓ આથી અત્યંત આક્રંદ કરવા લાગ્યા. આમ્રભટ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ આ જાણીને અત્યંત ચિંતાતુર બની ગયો. અને વિચારમાં પડયો કે–ઓહો આ શું થયું ? જીવવા માટે દવા લેતા જેમ રોગીનું મરણ થાય, તેમ મારે આ પુણ્યનું કામ શરૂ કરતાં મહાન પાપબંધ થયો. હવે આ કલંકથી હું લોકોને શું મોઢું બતાવીશ ? આ ખાડામાં પડીને મરી ગયેલા પુરુષોની પત્નીઓની હાયથી હું જરૂર બળી જઇશ. આના કરતાં મરવું સારું આમ વિચાર કરી, આ પાપથી પવિત્ર થવા માટે આમ્રભટ નર્મદાનદીના કિનારે ડૂબી મરવા માટે ગયા. તેમની ધર્મપત્ની પણ ઘણું વાર્યા છતાં આમ્રભટની સાથે ઝંપાપાત કરવા ગયાં. લોકોએ તથા અનુચરોએ ઘણુ રોકયા છતાં તે દંપતીએ નદીમાં પડતું મૂકયું, પણ મહાન્ આશ્ચર્ય વચ્ચે નદીમાં પડયા છતાં જરાએ ઇજા પામ્યા નહી. અને મહા તેજસ્વી એવી એક દેવી તેમના જોવામાં આવી. આમ્રભટે પૂછયું કેઃ આપ કોણુ છો ? કૃપા કરી જણાવો. તે દેવીએ ગંભીરસ્વરે કહ્યું કે–હે વત્સ ! આ ક્ષેત્રની રક્ષપાળ એવી હું પ્રભાઢ્યા નામે દેવી છું. પુણ્યની પ્રાપ્તિ માટે તેં આ ચૈત્યનો આરંભ કર્યો છતાં તારા સત્વની પરીક્ષા માટે આ સર્વ ઉપદ્રવ મેં જ કર્યો છે. હે વીર પુરુષ ! ખરેખર તું ધન્ય છે. તારામાં ઉત્કટ સત્વ છે, કારણ કે તારી માફક આવી રીતે પાપના ભયથી મૃત્યુને શરણ થનારા કોઇ વિરલા જ હોય છે. ઉત્તમ પરાક્રમ વિના કોઇ પૃથ્વીનાથ થઇ શકતું નથી. જેનામાં આવું પરાક્રમ હોય છે તે જ કાર્ય સિદ્ધ કરી શકે છે. કહ્યું છે કે–देहं पातयामि वा कार्यं साधयामि તારા આ સત્વથી હું પ્રસન્ન થઇ છું અને ખાડામાં પડેલા સર્વ મનુષ્યો સજીવન છે. તે તું નજરોનજર

જો. આમ કહી દેવી અદૃશ્ય થઇ. આમ્રભટે પણ ચૈત્યમાં આવી ખાડો ખોદાવ્યો તો સર્વ મજૂરોને જીવતાં જોયા. ખરેખર દેવી ચમત્કાર અજબ. એમ જાણી આમ્રભટે સર્વ દેવીઓને સુંદર ભોગ આપી પ્રસન્ન કરી. ત્યાર પછી નિર્વિઘ્નપણે દેરાસરનું કામ ચાલુ થયું અને અઢાર હાથ ઊંચું એક ચૈત્ય તૈયાર થયું, તેમાં આમ્રભટ મંત્રીએ શ્રી મુનિસુવ્રતસ્વામીની, રાજા અને રાણી, તેમજ અશ્વ તથા વાઘે મારેલી તથા વડનાં ઝાડ પરથી પડેલી એવી શકુનીની (સમડી) મૂર્તિઓ ઉત્તમ શિલ્પીઓ પાસે તૈયાર કરાવી.

હવે મંત્રીશ્વર આમ્રભટે પ્રતિષ્ઠા માટે સૂરિમહારાજને વિનંતી કરી. શ્રી હેમચંદ્રસૂરિ પણ મહારાજા કુમારપાળ તથા સંઘ સહિત પાટણથી ભરુચ નગરમાં પધાર્યા અને મહાન્ ઉત્સવપૂર્વક વિધિ સહિત શાંતિ ક્રિયા કરી કૂર્મના લાંછનવાળી એવી શ્રીમુનિસુવ્રતસ્વામીની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. શ્રી ચૌલુકયાધિપતિ ગુર્જરેશ્વર કુમારપાળની કૃપાથી મલ્લિકાર્જુન કોશવાળો, બત્રીશ લઘુઘટના પ્રમાણવાળો એવો સુવર્ણનો કળશ ચઢાવવામાં આવ્યો અને ઉત્તમ દીપાયમાન એવા રેશમી વસ્ત્રના ધ્વજ સાથે સુવર્ણ દંડ વિધિ સહિત સ્થાપન કર્યો. તે અવસરે સુંદર અને મધુર વાજીંત્રોના નાદો કરવામાં આવ્યા. અતિ હર્ષથી ઉભરાયું છે હૃદય જેનું એવા મંત્રીશ્વર આમ્રભટ તે પ્રાસાદના ઉપર મયૂરની માફક નૃત્ય કરવા લાગ્યા.

તે સમયે આમ્રભટે ઉત્તમ વસ્ત્રો તથા સુવર્ણાદિકનું દાન કરી લોકોનું દારિદ્ર દૂર કર્યું. લોકોએ પહેલા જલની વૃષ્ટિ તો ઘણી જોઈ હતી પણ આ પ્રસંગે તો વસ્ત્ર-સુવર્ણ રત્નની વૃષ્ટિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રત્યક્ષ જોઇ. અને આવા દાનથી લોકોથી જેટલું લેવાય એટલું લીધું અને તે સર્વ વસ્તુઓ ઘેર લઈ જવા માટે મજૂરો કરવા પડયા. તે સમયે કવિઓએ પ્રશંસા કરી કે–હે આમ્રભટ, સૃષ્ટિના કર્તા બ્રહ્માના હાથ કરતાં તારો હાથ વધ્યો, કારણ કે યાચકોના જન્મસમયે બ્રહ્માએ દરિદ્રના જે લેખ લખ્યા હતા તે તારા આવા ઉત્તમ દાનથી દરિદ્રના લેખો ભૂંસાઇ ગયા કારણ કે દરિદ્રીઓ શ્રીમાન્ થઈ ગયા. ત્યાર બાદ રાજાના કહેવાથી આમ્રભટે ચૈત્ય ઉપરથી નીચે ઉતરી આરતી ઉતારવા માટે તૈયાર કરી. પ્રથમ આરતી શ્રી કુમારભૂપાળે ઉતારી, ત્યાર પછી શ્રી આમ્રભટે ઉતારી અને તે પછી માતુશ્રી પદ્માવતી, બ્હેન તથા પુત્રો તથા સકળ સંઘે આરતી કરી. તે સમયે સર્વ લોકોએ કેશર મિશ્રિત ચંદનથી શરીરને વિલેપન કર્યું તથા કપાળમાં સુંદર તિલકો કર્યા છે અને ગળામાં સુંદર પુષ્પોના ચારશેરા હાર પહેર્યાં છે. આરતીના પ્રારંભસમયે શ્રી આમ્રભટે દ્વારપાળોને અશ્વોનું દાન કર્યું. તથા સોનૈયા સર્વ લોકોને દાનમાં આપતાં જ્યારે બધું ખલાસ થયું ત્યારે પોતાના શરીર પરના આભૂષણોનું દાન કરવા લાગ્યા. તે સમયે શ્રી કુમારપાલે તેમનો હાથ પકડી શીઘ્રતાથી આરતી ઉતરાવી. તે સમયે આમ્રભટે રાજાને પૂછયું કે–હે દેવ, આપે મને કેમ રોકયો ? રાજાએ કહ્યું કે–હે આમ્રભટ, જ્યારે તમે શરીર પરથી આભૂષણો આપવા માંડ્યાં ત્યારે મેં તમને રોકયા, કારણ દાનની ધારાએ ચઢેલા એવા મનુષ્યો કદાચ પોતાના માથાનું દાન કરી દે છે. ત્યાર પછી આમ્રભટે નીચે મુજબ મુનિસુવ્રતસ્વામિની સ્તુતિ કરી

कूर्मः क्षुद्रतमोऽपि लांछनमिषाद् यत्पादपद्मद्वयीं,
सेवित्वेव बभूव भूमिवलयं पृष्टे विवोढुं दृढः ।
अश्वोज्जीवनया धुरीणपदवीं कारुण्यभाजां श्रितः,
स श्रीमान् मुनिसुव्रतो जिनपतिर्दत्तां श्रियं श्रेयसीम् ॥६९६॥

કાચબો નાનો છતાં પોતાની પીઠ પર પૃથ્વીને ધારણ કરી, તેમ અશ્વને જીવિતદાન આપવાથી દયાળુ જનોમાં શિરોમણી એવા શ્રી મુનિસુવ્રતસ્વામી કલ્યાણ-મોક્ષરૂપી લક્ષ્મીને આપો. એવી રીતે સ્તવના કર્યા પછી ચૈત્યવંદન કર્યું. તે પછી સૂરીશ્વરે સંઘ સમક્ષ આમ્રભટને કહ્યું કે—આ પૃથ્વીમાં તમારા જેવા જન્મ લે તો કલિયુગ છતાં પણ સત્‌યુગ જ છે. વળી વૃદ્ધાસ્થાને લીધે જ દાનધર્મ સૂકાઇ ગયો હતો. તે તમારા જેવાના હાથ લાગવાથી દુનિયાભરમાં પ્રસરો. આવા સૂરીશ્વરના મુખથી નીકળેલા શબ્દો સાંભળી સર્વ લોકો વિસ્મિત થઇ આમ્રભટના સામું જોવા લાગ્યા. આમ્રભટે પણ ગુરુમહારાજનો તથા રાજાનો બહુ સત્કાર કર્યો. તે પછી સૂરીશ્વર પાટણ પધાર્યા.

ત્યાર બાદ કેટલોક સમય શ્રી આમ્રભટ ભરુચમાં રહ્યા. એવામાં અકસ્માત્ ગંભીર માંદગીમાં સપડાયા. તે જોઇને સર્વ સગાંવહાલાં ગભરાઈ ગયા અને જાત-જાતના ઉપાયો કરવા લાગ્યાં. વૈદ્યોએ ઉત્તમ ઔષધોવડે ઉપચાર કરવા માંડ્યા. મંત્રોના જાણનારાઓએ મંત્રોપચાર કર્યા. સ્નેહી જનોએ તીર્થયાત્રાની પ્રતિજ્ઞા લીધી. વડીલોએ ગોત્ર દેવીની માનતા રાખી, પૂજારીઓએ યોગિનીઓને બલી-બાકલાથી સંતુષ્ટ કર્યા; છતાં આમ્રભટને કોઇ પણ રીતે આરામ થયો નહી. આથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુઃખી એવી આમ્રભટની માતાએ શ્રી **પદ્માવતી** દેવીની આરાધના કરી, તેથી શ્રી પદ્માવતીદેવી પ્રત્યક્ષ થઈ કહેવા લાગી કે– તમારો પુત્ર જે સમયે આનંદમય થઈ ચૈત્ય ઉપર નાચ કરતો હતો તે સમયે તેને જોગણીઓ વળગી છે. આવા ધર્મિષ્ઠ બત્રીશ લક્ષણા પુરુષને જોઈને દુષ્ટ યોગિણીઓ ઇર્ષાળુ બને છે– શોકયના પુત્રને જોઈને શોકય બને છે તેમ. શ્રીમાન્ હેમચંદ્રસૂરિની હાજરી હતી ત્યાં સુધી તેઓ અપ્રકટ રહી અને તેઓ અત્રેથી વિહાર કરી ગયા એટલે દરિદ્રાવસ્થામાં જેમ દુઃખ પ્રગટ થાય તેમ પ્રગટ થઈ. એને દૂર કરવા માટે એ સૂરિ જ સમર્થ છે; કારણ કે અંધકારનો નાશ કરવા સૂર્ય જ સમર્થ છે એટલું જણાવી દેવી અંતર્ધ્યાન થયા. અને માતાએ શ્રી સૂરિમહારાજને બોલાવવા પાટણ માણસો મોકલ્યા.

ભરુચથી નીકળી સંધ્યાકાળે માણસો પાટણ પહોંચ્યા અને આચાર્ય મહારાજને સર્વ હકીકત જણાવી. આ જાણી સૂરીશ્વર શ્રી **યશશ્ચંદ્ર** ગણીને સાથે લઈ **આકાશમાર્ગે** તુરત જ ભરુચમાં આવી પહોંચ્યા. આમ્રભટની હાલત જોઈને આ સર્વ ઉપદ્રવ યોગીનીઓનો છે એમ જાણી લીધું. પછી શ્રી યશશ્ચંદ્ર ગણિએ શ્રી આમ્રભટની માતાને જણાવ્યું કે–મધ્યરાત્રિએ પુષ્પાદિક બલિ લઈને કોઈ ધીર પુરુષને અમારી પાસે મોકલજો. એટલું કહી ગુરુ ઉપાશ્રયે પધાર્યા. અડધી રાતે એક પુરુષને સર્વ સામગ્રી સહિત મોકલવામાં આવ્યો. તેમને લઈને સૂરિ મહારાજ સર્વ યોગણીઓમાં મુખ્ય એવી સૈંધવીના મંદિર તરફ ગયા. કિલ્લાની બહાર જેવા સૂરિ નીકળ્યા તેવા ચકલાઓનો મોટો સમુદાય ક્રૂર શબ્દો



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરતો સામો મલ્યો, તેને ગણિશ્રીએ બલિ બાકલા નંખાવ્યા એટલે અદૃશ્ય થઈ ગયા. આગળ જતાં પીળા મોઢાવાળા વાંદરાઓનું મોટું ટોળું જોયું તેને પણ મંત્રેલા ચોખા નાંખવાથી દૂર કર્યાં. ત્યાંથી સૂરિજીએ સૈંધવી દેવીના મંદિર નજીક યમરાજાના સેવકો જેવા ઘાતકી બીલાડાઓનું મોટું ટોળું સામું આવતું નીહાળ્યું, તેને પણ લાલ પુષ્પો નાંખવાથી દૂર કર્યું. ત્યારબાદ વિદ્યાના ભંડાર એવા સૂરિજીએ પોતે દેવીના તોરણ આગળ ઊભા રહી સૂરિમંત્રનું ધ્યાન ધર્યું. એટલે યશશ્ચંદ્ર ગણીએ સૈંધવી દેવીને કહ્યું કે–હે દેવી! જાલંધર આદિ અસુરો જેના પગની રજને પૂજે છે એવા શ્રી હેમચંદ્રસૂરિનો તું આદર-સત્કાર કર; કારણ કે મહાપુણ્યનો ઉદય હોય તો જ આવા લોકોત્તર પુરુષ અતિથિ તરીકે મળે છે. ગણિશ્રીનું આ વચન સાંભળી દેવી અટ્ટ અટ્ટ હાસ્ય કરવા લાગી અને જીભ બહાર કાઢી સૂરિ સન્મુખ દુષ્ટ ચેષ્ટા કરવા લાગી. એ જોઈને ગણિ બોલ્યા કે–હે દુષ્ટા! તું સૂરીશ્વરનું પણ અપમાન કરે છે? મારી શક્તિની પણ તને ખબર નથી? જેમ જેમ શાંતિપૂર્વક તને સમજાવું છું, તેમ તેમ મને પણ તું બીક બતાવે છે? ખરેખર એ પણ મહાન આશ્ચર્ય છે. એમ કહી યશશ્ચંદ્ર ગણીએ ભયંકર એવા ત્રણ હુંકારા કર્યા. પહેલા હુંકારથી દેવીનું મંદિર પાયાથી શિખર સુધી–ઝાડની ડાલીની માફક હાલવા માંડયું. બીજા હુંકારથી અંદર રહેલી સર્વ દેવીઓ ચિત્રમાં સ્થિર થઈ ગઈ હોય એમ સ્થંભિત થઈ ગઈ. અને ત્રીજા હુંકારથી સૈંધવી દેવી પોતે ભયથી વ્યાકુળ થઈ ઊછળીને સૂરીશ્વરના પગે પડી. બે હાથ જોડી બોલી કે–હું આપની દાસી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છું. આપ જે હુકમ કરો તે કરવા તૈયાર છું. ત્યારે ગણિશ્રી બોલ્યા કે–આ દુષ્ટ દેવીઓથી આમ્રભટને મુક્ત કરી સૂરિની સેવા કર. સૈંધવી બોલી કે–હે ગણિ, આ જોગણીઓએ આમ્રભટના શરીરના અંદરથી સેંકડો ટુકડા કરેલા છે, તેને કેવી રીતે છોડાવું ? અને કદાચ છોડાવું તો પણ જીવશે નહી. સિંહની દાઢમાંથી છુટેલો મૃગ કેમ જીવી શકે ? ગણી બોલ્યા ઠીક; કશી ફીકર નહી હું પણ જોઉં છું કે તું અહીંથી શી રીતે જઇ શકે છે ? ગણીનું આ વાકય સાંભળી સૈંધવી એકદમ ગભરાઈ ગઈ અને સિંહનાદથી ભયંકર અવાજ કર્યો. આથી સમગ્ર જમીન ધ્રૂજવા લાગી, પર્વતના શિખરો પણ પડવા લાગ્યાં, સમુદ્રનું પાણી ઊંચે ઊછળવા લાગ્યું અને ભરૂચ શહેરમાં સર્વ લોકો જાગી ગયા, અને સિંહનાદના શબ્દોથી બીધેલી એવી જોગણીઓ આમ્રભટને મૂકી–"**અમને બચાવો, અમને બચાવો**" એમ બોલતી પોતાની સ્વામિની પાસે આવી. ગણીએ મંત્રથી ફરીથી સર્વ જોગણીઓને સ્થંભિત કરી કહ્યું કે–હે દુષ્ટાઓ ! તમો આમ્રભટને છોડી જાઓ નહી તો મૃત્યુને શરણ થશો. શરીરમાં ખીલા ભોંકાતા હોય એવી વેદના અનુભવતી દેવીઓ મોંમાં આંગળી ઘાલી માંત્રિકશિરોમણી એવા ગણીને કહેવા લાગી કે–હે ગણીશ્વર, અમને માફ કરો. અમે તમારા ભક્તને છોડી દઈએ છીએ. તેની ખાત્રી માટે અમારો જમણો હાથ પકડી રાખો. હવેથી જો આ મહાપુરુષનું નામ લઇએ તો અમને જીવતાં મારજો. શરીરના સ્તંભનથી અમારા પ્રાણ કંઠે આવ્યા છે માટે દયા કરી અમને જલ્દીથી મુક્ત કરો.

ત્યારે ગણિ બોલ્યા કે–હે દુષ્ટાઓ, સ્તંભન માત્રથી જ્યારે તમને આટલું દુઃખ થાય છે તો પ્રાણ લેવાથી બીજાને કેટલું દુઃખ થતું હશે ? પ્રાણીનું રક્ષણ કરવું એના જેવું મોટા પુણ્યનું કામ બીજું કોઇ નથી અને જીવના વધ સમાન કોઈ મોટું પાપ નથી. માટે શાસ્ત્રમાં કહેલા આ તત્વને મનમાં કોતરી રાખો; અને કોઇ પણ જીવની હિંસા હવેથી કરશો નહી. તેમાં આમ્રભટ જેવા જૈનધર્મમાં સ્થિર એવા મહાપુરુષનું તો ખાસ કરીને રક્ષણ કરવું જોઇએ એવો ઉપદેશ આપી સર્વ દેવીઓને સ્થંભન મુક્ત કરી. પછી તે સર્વ જોગણીઓ શ્રી હેમચંદ્રસૂરિને પગે પડી, પોતપોતાને સ્થાનકે ગઇ. તે જ વખતે આમ્રભટ-મંત્રીની સર્વ વેદનાઓ નાશ પામી. જેના ગુરુ આવા સમર્થ હોય તેને શાની ફિકર હોય ?

પ્રાતઃકાળે શ્રી આમ્રભટે દેવીઓને ઉત્તમ ભોગો ધરાવ્યા અને શ્રી મુનિસુવ્રતસ્વામીની સ્તુતિ કરી, સૂરીશ્વર પણ પાટણ તરફ વિહાર કરી ગયા. શ્રી કુમારપાળ ભૂપાળે સૂરીશ્વરને પૂછ્યું કે–ઓચિંતા આપે કેમ વિહાર કર્યો હતો ? એટલે સૂરિએ રાજાને આમ્રભટ સંબંધી સર્વ હકીકત કહી સંભળાવી. આથી રાજા પણ અત્યંત આશ્ચર્ય પામ્યા. દાનાદિ શુભ કાર્યો વિશેષ કરવા લાગ્યા, અનેક નવા જિનમંદિરો કરાવ્યાં, અને જિન-મંદિર બંધાવનારને મદદ કરતાં શ્રી કુમારપાળ ભૂપાળે મહાન્ પુણ્ય ઉપાર્જન કર્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૪ મું.

એકદા શ્રી હેમચંદ્રાચાર્ય ચતુર્વિધ સંઘની પર્ષદા સમક્ષ અન્તિમ તીર્થંકર શ્રી વીરપ્રભુના ચરિત્રનું વ્યાખ્યાન કરતા હતા એમાં 'દેવાધિદેવની પ્રતિમા'ની વાત આવી-એમ કે

શ્રી વીરભગવાન સમગ્ર જનતાને હર્ષ પમાડતા વિહરતા અનુક્રમે શ્રેણિકનૃપતિના રાજ્યધાનીના નગર **રાજગૃહ** સમીપ આવી સમવસર્યા. ત્યાં નિરન્તરના પ્રતીહારી એવા અમરગણે રત્ન સુવર્ણ આદિકના ત્રણ કોટ વડે દેદીપ્યમાન એવા સમવસરણની રચના કરી. એ સમવસરણને વિષે બેસી જગદ્ગુરુએ શ્રોતાઓ સમક્ષ ધર્મોપદેશ આપ્યો.

પ્રભુનું આગમન સાંભળી એમના દર્શન-વંદનાર્થે આવેલા અનેક ધર્મજિજ્ઞાસુ જીવોમાં શ્રેણિકરાજવીનો બુદ્ધિમાન્ પુત્ર અભયકુમાર પણ હતો. એણે પર્ષદા વચ્ચે ઊભા થઇ પ્રભુને સપ્રણામ પ્રશ્ન કર્યો-પ્રભુ, (ભવિષ્યમાં) અન્તિમ **રાજર્ષિ** કોણ થશે ?

જગદ્ગુરુએ ઉત્તર આપ્યો— ઉદાયન નૃપતિ.

'એ ઉદાયન નૃપતિ કોણ?' એવા અભયકુમારના પુનઃ પ્રશ્નના ઉત્તરમાં એમણે કહ્યું—એ પૃથ્વીપતિનું ચરિત્ર જાણવાની ઇચ્છા હોય તો સાંભળ :

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનેક ખંડો અને દેશોમાં વ્હેંચાયલી આ પૃથ્વી પર સિન્ધુસૌવીર નામનો એક દેશ છે. એમાં 'વીતભય' નામનું સાર્થક નામવાળું એક પ્રસિદ્ધ નગર છે. 'વીતભય' શબ્દનો અર્થ 'નિર્ભય', અને એ નગર પણ વૈરિ આદિકની સામે નિર્ભય–સુરક્ષિત હતું, એટલે નામની ખરે જ સાર્થકતા હતી.

નગરમાં જિનભગવાનના અનેક સુંદર મનહર મંદિરો આવી રહ્યાં હતાં. એ મંદિરોના શિખર પર રહેલા સુવર્ણમય કળશની શ્રેણી જાણે દિશાઓરૂપી શાખાવાળા–શ્યામ ગુણરૂપી પત્રોવાળા અને ઝગમગી રહેલા તારાઓરૂપી પુષ્પોવાળા આકાશરૂપી વૃક્ષના પરિપકવ ફળોની લુંબો ને લુંબો હોયની એવો ભાસ થતો હતો !

ત્યાં ઉદાયન નામનો રાજવી રાજ્ય કરતો હતો. તે ઉદાયન ઉદયન એટલે સૂર્ય કરતાં પણ ચઢીયાતો હતો. એકલા આકારને લઈને જ નહિ પરન્તુ તેજમાં પણ અધિક હતો. એના અધિકાર નીચે સિન્ધુસૌવીર આદિક સોળ સમૃદ્ધ દેશ હતા અને વીતભય આદિક ત્રણસો ત્રેસઠ રમણીય નગરો પર એ આધિપત્ય ભોગવતો હતો. વળી મહાસેન આદિક દશ મુકુટધારી રાજાઓ એની સેવા કરી રહ્યા હતા, તેથી દશ દિક્પાલોથી નિરન્તર સેવાતા 'સેનાની' એટલે કાર્તિકસ્વામી જેવો તે શોભતો હતો. આવી આવી સામગ્રીને લઈને પછી એ 'અજિત' તો હોય જ એમાં તો કહેવું જ શું ?

એ ઉદાયનના ચેડારાજાની પુત્રી જે નામે પ્રભાવતી તેમ શરીરે પણ પ્રભાવતી હતી એ સાથે લગ્ન થયાં હતાં. એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લગ્નનાં ફળરૂપ એ દંપતીને **'અભિચિ'** નામનો પુત્ર સાંપડ્યો હતો. એ અભિચિ યુવરાજ પણ જાણે અન્ય સૂર્ય પ્રકાશતો હોયની એવો તેજસ્વી હતો. વળી ઉદયનને એક **કેશી** નામનો ભગિની પુત્ર-ભાણેજ પણ હતો.

ચંપાપુરી નામની નગરીમાં **કુમારનંદી** નામનો સમૃદ્ધિવાન્ સુવર્ણકાર એટલે સોની રહેતો હતો. એ ઉત્કટ વિષયલાલસુ હોઈ એણે પાંચસો પાંચસો સુવર્ણમહોર આપી આપીને પાંચસો જેટલી સુંદરીઓનાં પાણિગ્રહણ કર્યાં હતાં. વનને વિષે એક ગજરાજ ( હાથી ) અનેક અનુરક્ત હાથણીઓ સાથે ક્રીડાવિલાસ કરે છે એમ એ સોની પણ એ પાંચસો ય અતિ કામાતુર રમણીઓ સંગાથે વિષયસુખ ભોગવતો આનન્દમાં કાળ નિર્ગમન કરતો હતો.

એવામાં એકદા સ્વર્ગના અધિપતિ શક્ર-ઇન્દ્રની આજ્ઞાને લઈને અનેક દેવ-દેવીઓ નંદીશ્વરદ્વીપની યાત્રાએ નીકળેલા એમની સંગાથે પંચશૈલદ્વીપથી એક વિદ્યુન્માલી નામે દેવ અને એની **હાસા ને પ્રહાસા** નામની બે દેવીઓ પણ હતી. માર્ગમાં પંચશૈલદ્વીપનો અધિપતિ એ વિદ્યુન્માલી ચ્યવી ગયો અને હાસા પ્રહાસા પતિવિનાની થઇ એટલે કોઇ અન્ય પતિ મેળવી લેવાનો વિચાર કરતી અન્તરિક્ષમાં ગમન કરી રહી હતી ત્યાં પેલો પાંચસો પત્નીઓ સંગાથે વિલાસ કરી રહેલો સોની એમની દૃષ્ટિએ પડ્યો. એ સોનીનાં અજબ રૂપ અને કાન્તિ જોઇ કહેવા લાગી-લોકો મદનને અનંગ-અંગરહિત કહે છે એ વાત કેવળ વૃથા છે. આ આપણી નજરે પ્રત્યક્ષ મદનને જોઇએ છીએ-એ દેહધારી જ છે. આપણે ઈચ્છીએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવો એ સ્વરૂપવાન્ છે તો ચાલો આપણે તેની પાસે જઈ આપણું રૂપ એની દૃષ્ટિએ પાડી આપણને પત્નીઓ તરીકે સ્વીકારે એમ કરીએ.

એમ વિચારી બેઉ વિદ્યાધરીઓ અન્તરિક્ષથકી ક્ષણમાં એ કુમારનંદી આગળ ઉતરી આવી, એમને જોઇ એમનું સર્વથા અક્ષય્ય લાવણ્ય નીરખી નીરખી આશ્ચર્યમાં નિમગ્ન થતા સુવર્ણકારે પૂછયું-તમે કોણ છો ? અહિં શા માટે આવ્યા છો ? પ્રશ્નોત્તરીને પરિણામે એઓ હાસા પ્રહાસા નામે દેવીઓ છે જાણી, એમના મોહન સ્વરૂપમાં લોભાઇ એમની આગળ સોનીએ ભોગાર્થે પ્રાર્થના કરી. એટલે એમણે કહ્યું- જો તારે અમારી ઇચ્છા હોય તો પંચશૈલદ્વીપે અમે રહીએ છીએ ત્યાં આવજે.

એમ દેવીઓ તો સોનીને રોકડું પરખાવીને જતી રહી. પણ અહિં સોની અત્યન્ત કામવિહ્વલ થયો અને એમને હવે કેવી રીતે મેળવવી એનો ઉપાય ચિન્તવવા લાગ્યો.

ચિરકાળ વિચારણાને અન્તે નગરના જ રાજા આગળ જઈ મૂલ્યવાન્ ભેટ ધરી, પોતાના અભીષ્ટ કાર્યાર્થે એમની સહાયની યાચના કરી. એણે પણ એને માટે નગરમાં ઉદ્ઘોષણા કરાવી કે જે કોઇ માનવ કુમારનંદીને પંચશૈલદ્વીપે પહોંચાડશે એને એ કોટી સુવર્ણ આપશે.

એ ઉદ્ઘોષણા સાંભળી એ સ્થળની માહિતીવાળો પણ જીવનને આરે બેઠેલો એક લોભી વૃદ્ધ તૈયાર થયો. સોની

પાસે જઈ એણે આપવા કહેલું સુવર્ણ લઈ પુત્રોને આપી એણે એક પ્રવહણ તૈયાર કરાવ્યું.

નાવ સજ્જ થઇ ઊભું એટલે અનેકવિધ તૈયારી કરી રહેલ વિષયલોલુપ્ત સુવર્ણકાર પાંચસો પાંચસો પરિણીત સુંદરીઓના આક્રંદ છતાં પેલા વૃદ્ધની સાથે અંદર ચઢી બેઠો ને પ્રવહણ ચાલ્યું.

ઉપર આકાશ ને નીચે ચોદિશ સમુદ્રનાં જળ સિવાય અન્ય કંઇ પણ જોવામાં આવતું નહિં એવા અનેક ઉત્તાપભર્યા દિવસો અને ભીષણ કાળ રાત્રીઓ નિર્ગમતાં નિર્ગમતાં કેટલેક સમયે જળધિનો તટ દૃષ્ટિમર્યાદામાં દેખાયો. એટલે સાહસિક નાવિક–વૃદ્ધપુરુષે આંગળી ચીંધી–બતાવીને કહ્યું–સામે સમુદ્રતટે પહાડની એક ટેકરી પર પેલું ઘટાદાર વડનું વૃક્ષ જોયું. હમણાં થોડા વખતમાં આપણે ત્યાં પહોંચી જઇશું. એ વૃક્ષની શાખાઓ વિસ્તરતી વિસ્તરતી આ જળસાગરના બહોળા જળ પર આવી લટકી રહી છે. ત્યાં આપણે પહોંચીએ કે તરત જ તું તારા બેઉ હાથ પહોળા કરી એમાંની એકાદ શાખાને વળગી પડજે, ને એમ કરી પછી ધીમેથી એ વૃક્ષ પર જ ચઢી જજે. એ વૃક્ષ પર નિરન્તર મહાકાય ભારંડ પક્ષીઓ પંચશૈલથી રાત્રીવાસો રહેવા આવે છે. એ આવીને નિદ્રા લેવા માંડે એટલે તું એમાંના એકના (ત્રણ પગમાંના) વચલા પગને દૃઢ વળગી જઈ નિશ્ચેષ્ટપણે રહેજે. એટલે પ્રભાતે એઓ પુનઃ પંચશૈલ જશે ત્યારે તું પણ એમની સાથે ત્યાં પહોંચી જઇશ માટે સાવધાન થઈ વડની શાખાઓ વળગી પડજે. એમાં લેશ પણ ચૂક થઈ તો મૂઓ સમજજે. કેમકે હવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હમણાં જ આપણું આ નાવ મહાન આવર્ત્ત એટલે કુંડાળામાં પડશે-તે પાછું નીકળશે નહિં. મારું તો અહિં મૃત્યુ જ છે, પણ મેં તો ધનને લોભે મોતને નોતર્યું છે.

આમ વૃદ્ધ વાત કરે છે ત્યાં તો નિર્દિષ્ટ સ્થળ આવી પહોંચ્યું. સોની વડની ડાળીએ વળગી પડ્યો અને એ સાહસિક નાવિકના કથન પર વિશ્વાસ રાખી સર્વ કાંઇ કરી યથેષ્ટ સ્થળે એટલે પંચશૈલ દ્વીપે પહોંચી ગયો. બુદ્ધિ કોઇના બાપની છે ?

પંચશૈલમાં એ હાસાપ્રહાસાને મળ્યો. એમને જોઇ તથા એમનો અવર્ણનીય વૈભવ નીરખી એ જાણે સ્વર્ગને વિષે દેવત્વ પ્રાપ્ત થયું હોયની એમ હર્ષઘેલો થઇ ગયો. ઉભય દેવીઓ પણ એનું એવું સાહસ જોઇ આશ્ચર્ય પામી અને બહુ પ્રસન્ન થઇ પણ સાથે જ કહેવા લાગી કે–ભદ્ર કુમારનંદી, તું તારા આ માનવદેહે અમને ભોગવી શકે નહિં, અમો દેવીઓ માનવી જનને અભોગ્ય છીએ; માટે જો અમારા પર તું ખરે જ મુગ્ધ હો તો નિદાન એટલે નિયાણપૂર્વક અગ્નિપ્રવેશ, ઝંપાપાત આદિક હરકોઇ રીત્યા મરણ શરણ થઇ દેવત્વ પ્રાપ્ત કરી પંચશૈલનો સ્વામી બની અમારી પાસે આવજે.

એ સાંભળી સુવર્ણકાર તો આભો જ બની ગયો. પોતાની પરિણીત દેવાંગના સમી અંગના પરહરી અહિં આવ્યો તો અહિં પણ નાસીપાસ થયો, અને એમ ઉભય ભ્રષ્ટ થયો એટલે મૂઢવત્ દૈવને દોષ દેવા લાગ્યો. હાસાપ્રહાસાને તો એ જીવ પર દયા ઉત્પન્ન થઇ એટલે એમણે એને બાળકવત્ ઉપાડીને ચંપા-

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

પુરીની નજદીક કોઇ ઉપવનને વિષે મૂકયો. ત્યાં લોકોએ એને જોઇ 'કયાં જઈ આવ્યો' એમ પ્રશ્ન કર્યો. એના પ્રત્યુત્તરમાં એ પામર કામલુબ્ધ સોનીએ પોતાની વીતક કહી સંભળાવી એ દેવીઓના સમાગમાર્થે અગ્નિપ્રવેશની તૈયારી કરી.

એવામાં એનો નાગિલ નામે કોઇ મિત્ર હશે એણે એ વાત જાણી એટલે એણે આવીને ઉપાલંભપૂર્વક કહ્યું–કુમારનંદી, આ શું આદર્યું ? તારા જેવા બુદ્ધિશાળીને આવું અજ્ઞાનમરણ ઉચિત ન હોય, વિરૂપ એવા વિષયભોગ માત્રને અર્થે માનવજન્મ કાં હારી જા ? કેમકે ભોગ અને ઉપભોગના પદાર્થો તો ભવે ભવે પ્રાપ્ત થાય છે પણ માનવજન્મ પુનઃ કવચિત જ પ્રાપ્ત થાય છે. તારે ભોગની જ લાલસા હોય તો કલ્પવૃક્ષસદૃશ સદા ઇષ્ટપ્રદ એવો જે ધર્મ–તે ધર્મ જ આચરતો કાં નથી ? એ ધર્મ તારા અર્થ અને કામ–એ બેઉ તો પૂરશે જ પણ ઉપરાંત તારું કલ્યાણ પણ સાધશે–તને મુક્તિ અપાવશે. વળી વર્ત્તમાનમાં તને સ્ત્રીજન પર જેવો રાગ છે તેવો રાગ જો ધર્મ પર રાખીશ તો મુક્તિરમણી તારા પર પ્રેમ કરતી ઉત્સાહભેર તને ભેટતી આવશે. શું તું નથી જાણતો કે શુભ વસ્તુ પરનો દૃઢ રાગ મોક્ષનું કારણ છે, જ્યારે અશુભ વસ્તુ પરનો એવો જ રાગ સંસારબન્ધનનો હેતુ છે ?

આમ મિત્ર નાગિલે અનેક રીતે પ્રબોધ્યો પણ સુવર્ણકાર એક ટળી બીજો ન થયો. એણે તો નિદાનપૂર્વક અગ્નિપ્રવેશથી મૃત્યુ વ્હોરી લીધું, અને પંચશૈલ દ્વીપના સ્વામિત્વરૂપ દેવત્વ પ્રાપ્ત કર્યું. એ દેવાવતારમાં વિદ્યુન્માલી એવે નામે પ્રસિદ્ધ થયો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને પેલી હાસાપ્રહાસા સંગાથે અહોનિશ વિલાસ કરતો રહેતો પોતાની જાતને કૃતકૃત્ય માનવા લાગ્યો.

મિત્રના એવા અજ્ઞાન મરણના અંગીકરણથી નાગિલનું ચિત્ત સંસાર પરથી ઉઠી ગયું-એને વૈરાગ્ય ઉત્પન્ન થયો. એટલે એણે આર્હતી દીક્ષા ગ્રહણ કરી. એમાં પંચ મહાવ્રત યથા-યોગ્ય પાળી કાળધર્મ પામી અનુક્રમે એ પણ બારમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

એવામાં એક વાર દેવતાઓ નંદીશ્વરદ્વીપની યાત્રાર્થે નીકળ્યા અને એમની આગળ હાસાપ્રહાસા આજ્ઞાધીન હોઇને ગાયન કરવા ઊભી થઇ. એમણે પતિ વિદ્યુન્માલીને પટહ એટલે ઢોલ લઇ બજાવવાનું કહ્યું. પતિને તો 'મને વળી આજ્ઞા કરનાર કોણ' એમ ધારી અત્યન્ત રોષ થયો. પણ એટલામાં તો એના આભિયોગિક કર્મોના ઉદયને લઇને એ ઢોલ જ એની મેળે એને ગળે લાગી ગયો—બંધાઇ ગયો. એને (વિદ્યુન્માલીને) તો જાણે ગળે ઘંટીનું પડ બંધાયા જેવું લાગ્યું. એ બહુ લજવાયો અને ઢોલ ગળેથી લઇ લેવા ઘણા ફાંફા માર્યા પણ એ કેમે કરી છૂટયો નહિં. કેવી કર્મની વિચિત્રતા! એની સ્ત્રીઓએ એ વખતે કહ્યું-નાથ, અહિં ઉત્પન્ન થાય છે એ દેવોને આ ઢોલક બજા-વવાનું કાર્ય કરવું પડે છે માટે આપ પણ શરમ મૂકી આગળ આવો અને બજાવવા લાગો. આમ સ્ત્રીઓએ સમજાવ્યો એટલે વિદ્યુન્માલી આગળ આવ્યો અને સાજ બજાવવા લાગ્યો. કર્મનો દુર્વિપાક ખરે જ સમુદ્રના પૂરની પેઠે દુર્નિવાર જ છે.

પેલો નાગિલનો જીવ અહિં દેવપણે ઉત્પન્ન થયો હતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પણ યાત્રામાં સાથે હતો. તેણે એ ઢોલને બજાવનાર દેવને પોતાના જ્ઞાનબળે પોતાનો મિત્ર છે એમ ઓળખી કાઢયો. એટલે એ કંઇ વાર્તાલાપ કરવા એની પાસે ગયો, પરંતુ એનું સૂર્યબિમ્બસદૃશ પ્રખર તેજ હોઇને એ તેજ વિદ્યુન્માલી સહન ન કરી શકયો એટલે એનાથી ઉલટો દૂર જતો રહ્યો. નાગિલ એ સમજી ગયો એટલે એણે પોતાનું તે પ્રકારનું તેજ સંહરી લઇ એની નજદીક જઇ કહ્યું-પંચશૈલાધિપતિ, હું કોણ છું ? મને ઓળખ્યો ? પેલાએ કહ્યું-તું શક્રેન્દ્રનો કોઇ સામાનિક દેવ છે, બાકી તારું નામાભિધાન તો હું કંઈ જાણતો નથી. એ સાંભળી નાગિલે પોતાનું મૂળ મનુષ્યરૂપ કરી કહ્યું-ત્યારે હવે ઓળખી લે, હું તારો પૂર્વનો મિત્ર નાગિલ. મેં તને બહુ બહુ સમજાવ્યા છતાં તેં નિદાનપૂર્વક અગ્નિ શરણ થઈ મૃત્યુ માગી લીધું તેથી જ આવું વિડમ્બનાપૂર્ણ દેવત્વ તને મળ્યું છે. પણ મેં તો શ્રી અર્હત્‌ના ધર્મને બરાબર પીછાન્યો હતો અને તેથી એમણે ઉપદેશેલું વ્રત ગ્રહણ કર્યું એટલે એ વ્રતનું યથાયોગ્ય પાલન કરતાં કાળધર્મ પામી આવા વૈભવ અને ઝળહળતી કાન્તિભર્યા દેવત્વને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થયો છું. સ્મરણ રહે કે ભીષણ કાળા નાગનો દંશ ભલો, પણ અનંગ કહેવાતા પણ મદનનો દંશ ભૂંડો. સર્પ દંશ કોક વાર પણ ઉતરે છે, મદનનો દંશ એકદમ અસાધ્ય છે. મદનકૃત વિકૃતિનો ધન્વંતરિ જેવા વૈદ્યો પાસે પણ પ્રતીકાર નથી. એ વિકૃતિ તો અપસ્માર એટલે વાઇના દરદ જેવી છે. એમાં તો અન્તે મનુષ્યનું મૃત્યુ જ થાય છે.

ભલા મિત્રના આવા બોધવચનોની વિદ્યુન્માલી પર સારી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અસર થઇ. એને પશ્ચાત્તાપ થયો અને બોલ્યો–ત્યારે ભાઇ, હવે મારે શું કરવું ? તું જ સલાહ આપ. પેલાએ પણ એને યોગ્ય સલાહ આપીઃ એમ કે અત્યારે શ્રીમહાવીર ગૃહસ્થના વેષમાં છતાં પણ ભાવ સાધુવત્ એમના જ આવાસમાં કાયોત્સર્ગપણે રહ્યા છે. ત્યાં જઇ જોઇ એમની એ અવસ્થાની મૂર્ત્તિ કરાવરાવી કોઈ શ્રદ્ધાળુ એનું નિરન્તર અર્ચનપૂજન કરે એવો શોધી કાઢી એને સોંપ. તું એટલું કરીશ એથી તારું આગળ ઉપર ભવિષ્યમાં અવશ્ય કલ્યાણ થશે. ભાવિક જન અર્હત્ ભગવાનની રત્નમય, સુવર્ણમય, વિદ્રુમમય, પાષાણમય, શ્રીખંડમય આદિક ભાસ્વર–કાન્તિપૂર્ણ પ્રતિમા બનાવરાવે છે એથી દુર્ગતિ ટળી સદ્ગતિ થાય છે, એને ઇન્દ્રાદિકની સમૃદ્ધિ આવી મળે છે અને મોક્ષવધૂ જેવી રમણી પણ એનો સમાગમ ઇચ્છે છે.

વિદ્યુન્માલી પણ એ મિત્રે બતાવ્યો એ જ કલ્યાણકારી માર્ગ છે એમ નિર્વિકલ્પપણે સ્વીકારી યાત્રા પરિપૂર્ણ થયે ઘર ભણી વળ્યો.

( શ્રી વીર પ્રભુ અભયકુમારને કહે છે ) તે વખતે હું ગૃહસ્થાવાસમાં ક્ષત્રિયકુંડ ગામમાં કાયોત્સર્ગે રહ્યો હતો એ જોઈ જઇ એણે (વિદ્યુન્માલીએ) હીમવાન પર્વત પરથી ગોશીર્ષ ચંદન લઇ આવી એની મારી યથાદૃષ્ટ મૂર્ત્તિ–અદ્ભુત કાન્તિથી દેદીપ્યમાન એવી રચાવી અને પાછી શેષ વધેલા એ જ ચન્દનની એક મંજૂષા કરાવી એમાં સ્થાપિત કરી–મૂકી. એ લઇને સહર્ષ આકાશમાર્ગે પુનઃ પોતાના નિવાસસ્થળ ભણી વળ્યો. એવામાં ઉત્પાત વાયુને લીધે છ છ મહિના થયા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમુદ્રમાં અથડાતું એક નાવ એની દૃષ્ટિએ પડયું. એ જોઇ દયાર્દ્ર થઇ એણે પોતાના દૈવી બળે ઈન્દ્રજાળવત્ એ ઉત્પાતનો વાયરો સંહરી લીધો અને નાવિક સમિપ જઇ એને પેલી મંજૂષા આપી કહ્યું કે–આમાં એક દિવ્ય પ્રતિમા છે એને તું તારા પોતાના દ્રવ્યભંડારની જેમ જાળવી સિન્ધુસૌવીર દેશમાં આવેલા વીતભય નગરે જા. જઇને એ નગરના મધ્ય ચોકમાં ઊભા રહી આમ ઉદ્ઘોષણા કરજે કે–હે નાગરિકો, આમાં દેવાધિદેવની પ્રતિમા છે તે તમે લઇ લ્યો. એમ કહી સમજણ પાડી દેવતા પોતાને પંથે પડ્યો.

હવે પેલો નાવિક જે એક વણિક્ ગૃહસ્થ હતો તે એ પ્રતિમાના પ્રભાવે નિર્વિઘ્નપણે વીતભય પહોંચ્યો. ત્યાં તેણે પેલા દેવતાના કહ્યા પ્રમાણે ઉદ્ઘોષણા કરી. એ સાંભળી ત્યાંનો તાપસ ભકત ઉદયન રાજા પોતે ત્યાં આવ્યો. અન્ય પણ અનેક બ્રાહ્મણો આદિક નાગરિકો યે આવ્યા. સર્વેએ મંજૂષા ખોલવા માટે પોતાના ઈષ્ટ દેવ બ્રહ્મા, વિષ્ણુ, મહેશરૂપ ત્રિમૂર્ત્તિનું સ્મરણ કરી કરી તીક્ષ્ણ કુહાડાના પ્રહાર એના પર કરવા માંડ્યા. પણ પ્રહાર સર્વે જાણે કોઈ પાષાણ ઉપર પડતા હોયની એમ નિષ્ફળ ગયા, અને સામા કુહાડા ઉલટા ભાંગી ગયા. પેટી તો જાણે વજ્રમય હોયની એમ દુર્ભેદ્ય જ રહી. પ્રભાવશાળી દ્વિજ પ્રમુખ જેઓ ગર્જના કરતા આવ્યા હતા તેમનાં મુખ શ્યામ–નિસ્તેજ થઈ ગયાં.

આવી સ્થિતિમાં મધ્યાહ્ન થયો છતાં રાજાથી કંઇ પણ શુભ પરિણામ આવ્યા વિના સ્થળ છોડાય એમ રહ્યું નહિ. ભોજન સમય વીતતાં રાણી પ્રભાવતીએ રાજાને તેડવા પોતાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દાસી મોકલી, પરન્તુ અહિં તો જોવા જેવું કૌતુક થયું છે કહી રાજાએ દાસી મારફત ઉલટી રાણીને જ ત્યાં બોલાવી. રાણી પ્રભાવતી ત્યાં આવી. એને રાજા ઉદાયને સર્વ વાતથી માહિતગાર કરી. એટલે એણે તો તુરત જ કહ્યું કે–તમે શંકર-મહેશ આદિકને દેવાધિદેવ માન્યા એ જ અયુક્ત છે. દેવાધિદેવ તો શ્રી જિનપ્રભુ છે કે જેના ચરણકમળની સ્વર્ગના ઈન્દ્ર આદિ દેવગણ પૂજા–અર્ચા કરી રહ્યા છે; માટે આ મંજૂષામાં નિશ્ચયે શ્રી અર્હત્ દેવની સન્માનનીય પ્રતિમા હોવી જોઇએ અને એમ હશે એટલે જ મહેશ આદિના નામસ્મરણથી મંજૂષા ઉઘડતી નથી. માટે એમાં રહેલી શ્રી જિનની પ્રતિમા ચાલો હું વ્યક્ત કરું. એમ કહી એ અર્હત્‌ની પૂર્ણ ભક્તિમતી રાણીએ ચન્દન પુષ્પ આદિકવડે એ મંજૂષાની પૂજા કરી અને એ મ્હોટે સ્વરે બોલી કે–હે જગન્નાથ, તું જ સર્વ દેવોમાં શિરોમણિ છે, સર્વ ગ્રહોમાં ચન્દ્રમા શ્રેષ્ઠ છે એમ. હે પ્રભો, જો મારો તમારા ધર્મ પર સુલસા શ્રાવિકાનો હતો એવો જ ગાઢ અનુરાગ હો તો પ્રસન્ન થઈ નિધિવત્ મને દર્શન દ્યો. રાણીના આવાં વાક્યોને લઇને મંજૂષા સદ્ય ઉઘડી ગઇ. ભાનુના કિરણોને લઇને પદ્મ–કમળ ઉઘડી પ્રફુલ્લિત થાય છે એમ. મંજૂષા ઉઘડી એટલે અંદરથી તાજાં પુષ્પો જેના પર ચઢાવેલાં છે એવી તથા દીપ્તિવંત આભરણો જેને પહેરાવવામાં આવેલાં એવી શ્રી જિનદેવની પ્રતિમા અંદરથી પ્રકટ થઇ–તે જાણે ક્ષીરસાગરમાંથી લક્ષ્મી પ્રકટ થઈ હોયની ! પ્રભાવતીને લઈને અર્હત્‌ધર્મની ઉન્નતિ થઈ: કુમુદવનનો વિકાસ પણ કૌમુદી એટલે ચંદ્રિકાથી જ થાય છે ને. જૈન દર્શનનો એવો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અકથ્ય પ્રભાવ નીહાળી રાજાનું મન રંજન થયું. કમળ પુષ્પના સૌરભથી ભ્રમર પણ કયાં અનુરક્ત નથી થતો ? પછી તો રાણી એ વણિક્ વહાણવટીનો આત્મીય બન્ધુવત્ સમ્યક્-પણે સત્કાર કરી પ્રતિમા ઉત્સવપૂર્વક પોતાને આવાસે લઈ ગઈ. ત્યાં હૃદયને વિષે સાક્ષાત્ પરમાત્મમયી જ હોયની એમ માની એકાન્ત અન્તઃપુરમાં રાખી એની આદરપૂર્વક પૂજા કરી. પછી વળી એની સમીપે ઉદાયને પોતે સ્વર ગ્રામ મૂર્છના આદિના પોતાના જ્ઞાનને લઈને બહુ સુંદર રીતે વીણા બજાવી અને પ્રભાવતીએ સર્વ પ્રકારના હાવભાવ સહિત નૃત્ય કર્યું.

પછીના દિવસોમાં પણ પ્રભાવતીએ એ જ પ્રમાણે પ્રતિમાની પૂજા, ધ્યાન, નાટ્ય આદિ કર્યા કર્યું અને બહુ પુણ્ય ઉપાર્જન કર્યું.

એકદા એ પ્રતિમા સન્મુખ રાણી પ્રભાવતી નૃત્ય કરતી હતી અને રાજા ઉદાયન ગાતો હતો એમાં રાજા બેભાન થઈ ગયો હોયની એમ તાલથી સ્ખલિત થયો–તાલ ભૂલ્યો. એટલે રસમાં ક્ષતિ આવી તેથી રાણીએ કહ્યું–નાથ, શું તમે નિદ્રામાં છો ? ધ્યાન કેમ રાખતા નથી ? પણ રાજા કહે-પ્રિયે, મારું ધ્યાન તો બરાબર છે પણ તું નૃત્ય કરતી હતી ત્યાં મેં તારા તરફ જોયું તો તારા ધડ પર મસ્તક જ ન મળે. એટલે હું શૂન્ય જેવો થઇ ગયો અને તાલ ભૂલ્યો.

આ બનાવ સ્પષ્ટપણે અનિષ્ટકર્ત્તા નીવડશે એમ સમજીને ત્યારથી રાણી વિશેષ વિશેષ ધર્મધ્યાનમાં ચિત્ત પરોવતી થઈ; કારણ કે શોક દૂર કરનારી વસ્તુઓમાં ધર્મધ્યાન જ પ્રથમ પદે છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળી એક વખત દાસીએ રાણીને પૂજામાં પહેરવા માટે બે શ્વેત વસ્ત્ર આણીને મૂક્યા તે રાણીને દૃષ્ટિની ભ્રાન્તિને લઈને રકતવર્ણાં લાગ્યા. એટલે એણે રોષપૂર્વક દાસીને કહ્યું–પૂજામાં રકત વસ્ત્ર જોઈએ શું ? આંખો ઉઘાડીને લાવી છો કે મીચીને ? પણ દાસીએ પુનઃ એની દૃષ્ટિએ પાડયાં ને કહ્યું–ભગવતી, આ તો શ્વેત છે, રકતવર્ણાં કયાં છે ? રાણીએ જોયું કે દાસી ખરી હતી, ને પોતાનીજ દૃષ્ટિની ભ્રાન્તિ હતી.

એક દુર્નિમિત્ત તો પૂર્વનું હતું જ, પુનઃ બીજું ઉત્પન્ન થયું એ પરથી રાણી સમજી ગઇ કે હવે મારું આયુષ્ય અલ્પ છે. એટલે એણે વિષયમાત્રને વિષમય અન્નવત્ ગણી એકદમ ત્યજી દીધા. એને ખરે જ આ વિષય સંસાર પર વિરક્તભાવ થયો. અને તેથી રાજા આગળ જઈને, પોતાને હવે ચારિત્ર લેવું છે તે લેવાની રજા આપો એમ માગણી કરી. રાજાએ પણ એનું દૃઢ મનોબળ જોઇ એને એની અનુમતિ આપી, પણ સાથોસાથ માગી લીધું કે દેવી, સમય આવ્યે સ્વર્ગથકી મને જરૂર ધર્મનો પ્રતિબોધ આપવા આવજે.

પ્રભાવશાળી પ્રભાવતી પણ અવસરે ધર્મ પ્રતિબોધવા આવવા રાજા પાસે વચનથી બંધાઇ, અને શુભ દિવસે ગુરુસમીપે શ્રમણત્વ ઉચ્ચરી ઘર ત્યજી ચાલી નીકળી. અનેકવિધ તપ-જપ આદિ આચરી, રૂડી રીતે વ્રત પાળી, અનુક્રમે કાળધર્મ પામી સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઇ.

દેવાધિદેવની પ્રતિમા–પૂજાઅર્ચાનું કાર્ય પ્રભાવતીની પાછળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ દેવદત્તા નામે કુબ્જા જે અતઃપુરની દાસી હતી એને સોંપ્યું અને એણે પણ એ સંભાળી લીધું.

દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયેલા પ્રભાવતીના જીવે પણ પોતાનો પૂર્વ ભવ જાણી સ્વર્ગથકી આવીને મહાપ્રયાસે ઉદ્દાયન નૃપતિને સમ્યક્ત્વને વિષે સ્થિત કર્યો. તે દિવસથી એની પણ વિશ્વોપકારક જિનદર્શનમાં એક હાડોહાડ સાચા જૈનીની જેવી ઉદ્દામ શ્રદ્ધા બેઠી.

આ અરસામાં ગાન્ધાર દેશનો કોઈ ગાન્ધાર નામે શ્રાવક શાશ્વતા ચૈત્યના દર્શનાર્થે વૈતાઢ્ય પર્વતે ગયો. એ વૈતાઢ્યની તલાટી પાસે પહોંચ્યો પણ વૈતાઢ્ય પર ચઢવાની શક્તિ ન હોવાથી એણે બહુ ઉપવાસ આદિક કરીને શાસનદેવતાને આરાધ્યા. શાસનદેવીએ પણ એના પર પ્રસન્ન થઈ એનું મનવાંછિત પૂર્ણ કર્યું એટલું જ નહિં પણ સાથે એકસો આઠ ઈચ્છિતાર્થ પૂરનારી ગોળીઓ એને આપી અને ઉપરથી પાછો તલાટીમાં લાવી ઉતાર્યો. એમ કરીને પોતાને સ્થાને ગઈ. ગાન્ધારને એ પ્રકારની ગુટિકા મળી એટલે તો એના અભિલાષ વધવા માંડ્યા. એને વીતભયનગરમાં રહેલી દેવાધિદેવની પ્રતિમાના દર્શન કરવાની ઈચ્છા થઈ. ઈચ્છા થવાની સાથે જ એણે એક ગુટિકા મ્હોંમાં નાખી ધ્યાન ધર્યું એટલે એના પ્રભાવથી એ સદ્ય વીતભય પહોંચી ગયો અને ત્યાં પેલી દેવદત્તા કુબ્જાની સહાયથી પ્રતિમાનું ભક્તિપૂર્વક દર્શનવંદન કર્યું. એમાં તો એને એટલો બધો ભાવોલ્લાસ થયો કે એણે થોડો સમય ત્યાં જ સ્થિરતા કરી. એટલામાં એક વાર એને કંઈ વ્યાધિ થઈ આવ્યો ને સાધર્મિક વાત્સલ્યને લઈને દેવદત્તાએ એક બ્હેનની જેમ એની શુશ્રૂષા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી. પણ ગાન્ધારને એ વ્યાધિને પરિણામે મૃત્યુ નજદીક આવ્યું લાગ્યું એટલે પોતાની પાસેની સર્વ ગુટિકા કુબ્જાને આપી દીધી અને સાથે એનો પ્રભાવ પણ જણાવ્યો અને પોતે દીક્ષા અંગીકાર કરી.

હવે દેવદત્તા તો કુબ્જા–કુરૂપા હતી એને આ ગુટિકાના પ્રયોગથી સુરૂપા સુંદરી થવાનો વિચાર થયો એટલે એણે એવું ધ્યાન કરી એક ગુટિકા મુખમાં નાખી. ગોળી મ્હોંમાં ગઈ એટલે તો એ એક દેવાંગના સદૃશ મહાસ્વરૂપવાન સુંદરી બની ગઈ. પછી તો એની કાયા સુવર્ણવર્ણી બનેલી જોઈ લોકોએ એને 'સુવર્ણગુલિકા'ના નામથી સંબોધવા માંડી–એ તે નામે પ્રસિદ્ધ થઈ.

પણ મનુષ્યને લોભનો થોભ કયાં હોય છે? સુવર્ણગુલિકાને વિશેષ લોભ થયો. પોતે આવી રૂપવતી થઇ માટે હવે એને કોઇ પ્રિયતમની ઇચ્છા થઇ, પ્રિયતમ વિનાનું રૂપ એને વૃથા લાગ્યું. એણે કલ્પનાની સૃષ્ટિ રચવા માંડી, ઉદાયન રાજા ભણી દૃષ્ટિ ફેંકી, પણ "એ તો પિતાને ઠેકાણે" કહી અન્યત્ર નજર ફેંકી. અન્ય એને ન ભાવ્યા, 'એ તો પદાતિ જેવા.' કલ્પનાના ઘોડા આગળ દોડાવતાં માલવેશ્વર ચંડપ્રદ્યોત પર એની નજર ઠરી. એ જ મારો પ્રિયતમ થાઓ એમ એણે ચિન્તવ્યું. શાસનદેવી એની સહાયક બની. એનું મનવાંછિત પૂર્ણ કરવા એણે એ માલવેશ્વર આગળ એના રૂપસૌન્દર્યની બહુ પ્રશંસા કરી. પ્રદ્યોત પણ એ સાંભળી મોહમાં પડ્યો અને 'સુવર્ણગુલિકા' ની આગળ પ્રાર્થના કરવા–એનું 'માગું' કરવા એક ચતુર દૂતને મોકલ્યો. દૂતે જઇ વાત કરી પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ દેવીસદૃશ રૂપવતી સુંદરી 'પ્રિયતમ' થવા તૈયાર થયેલાને નજરે નીહાળ્યા વિના કેમ વરે ? દૂત પાછો આવ્યો, રાજાને સર્વ વાતથી વાકેફ કર્યો. એ તો પ્રિયાને વગર જોયે પણ મુગ્ધ થયો હતો એટલે હવે જાતે ગયા વિના રહી શકયો નહિં. એણે નામે 'અનિલવેગ' તેમ ગતિમાં પણ અનિલવેગ–વાયુવેગી એવો પોતાનો મતંગજ–હસ્તી હતો તે તૈયાર કર્યો અને રાતોરાત વીતભયનગરે પહોંચ્યો. પ્રિયા સમક્ષ જઈ ઊભો રહ્યો. બેઊએ પરસ્પરના રૂપ નજરે જોયાં, અને પરસ્પર પ્રેમમાં પડ્યાં. ચંડપ્રદ્યોતે વાત મૂકી ત્યારે હવે ચાલો આપણી રાજધાનીમાં, પણ સુવર્ણગલિકાને તો પેલી દેવાધિદેવની પ્રતિમા પ્રાણ સાટે હતી, એને મૂકીને નીકળાય નહિં, એક ક્ષણને પણ વિરહે એનું જીવિત ટકે નહિં. એણે કહ્યું–પ્રિય, આ પ્રતિમાના રૂપરંગ જેવી એક બીજી પ્રતિમા, જાણે એનું જ પ્રતિબિમ્બ હોયની એવી, બનાવરાવી લાવી એને હું અહિં મૂકી દઉં, અને અહિં છે એને સાથે લઈ લઉં. એમ થાય તો જ આવું.

મોહમુગ્ધ રાજાએ પણ એ પ્રતિમા બરાબર નજરે નીહાળી લીધી. રાતવાસો ત્યાં જ રહ્યો ને પ્રભાતે પાછો સિદ્ધ પુરુષવત્ માળવે પહોંચી ગયો. ત્યાં પેલીનું જ પ્રતિબિમ્બ હોય એવી, ઉત્તમ ચન્દનની એક બીજી પ્રતિમા બનાવરાવી કપિલ મહર્ષિને હાથે એની પ્રતિષ્ઠા કરાવી. પૂજનઅર્ચનપૂર્વક અલંકૃત કરી હાથમાં લઈ પાછો ઉપડ્યો તે સદ્ય આવી ઊભો મનની માનીતીની સમક્ષ. પંડે રાજનો ધણી અને અનિલવેગ જેવું વાહન ત્યાં વાર શી !

સુવર્ણગુલિકાના હાથમાં નવી પ્રતિમા આવી. એણે એ (નવી) જૂનીને ઠેકાણે મૂકી, જૂની ઉપાડી લીધી અને મનના માન્યા સાથ એ વાયુવેગી હસ્તી પર આરૂઢ થઈ. હવે પોતાની કહી શકાય એવી માલવરાજ્યધાની ઉજ્જયિનીમાં આવી પહોંચી.

પરસ્પરના રૂપસૌન્દર્યથી આકર્ષાયેલા દંપતીની વિષયાસક્તિની વાત શી કરવી? એ તો હવે ભોગવિલાસમાં પડ્યા. હવે પ્રતિમાનું પૂજનઅર્ચન કોણ કરે? એ તો એમને એક ઉપાધિ સમાન લાગ્યું. એટલે એમણે એ પ્રતિમા વિદિશા નગરીના કોઈ ભાયલસ્વામી નામના વણિકૂને સોંપી.

(શ્રી વીરપ્રભુ અભયકુમારને કહે છે–) હે અભય, એ વણિક્ગૃહસ્થના ઘરમાં રહેલી એ પ્રતિમાનું, કાળાન્તરે મિથ્યાદૃષ્ટિઓ ગુપ્તપણે પૂજનઅર્ચન કરશે. એ મૂઢાત્માઓ એની એક પ્રતિકૃતિ બહાર–ખુલ્લી સ્થાપીને એ ભાયલસ્વામિ નામે દેવ છે એમ લોકોને કહેશે. લોકો પણ એ મિથ્યાત્વીઓનું કહેવું સાચું માનીને એની પૂજા કરશે. ધૂર્ત્તોના કયા દમ્ભ નથી પ્રચલિત થતા? ધૂતારાઓ જે દંભ ચલાવે છે એમાં એઓ ફાવે જ છે.

સુવર્ણગુલિકા દેવાધિદેવની પુરાતની પ્રતિમા ઉઠાવીને રાતોરાત પલાયન કરી ગયા પછી પ્રભાતે ઉદ્દાયન રાજા સ્નાનાદિક ક્રિયા કરી, શુદ્ધ થઈ, પૂજાઅર્થે દેવમંદિરમાં ગયો ત્યાં તો એણે પ્રતિમા પર ચઢાવવામાં આવેલા પુષ્પ આદિક એકદમ મ્લાન–કરમાઈ ગયેલાં જોયાં. એ જોઇ એના મનમાં ઉદ્ભવ્યું કે આ પ્રતિમા બદલાઈ ગઈ, આ પ્રતિમા હતી તે નથી, બીજી છે. કારણ કે એને ચઢાવવામાં આવતાં પુષ્પ જે પ્રતિક્ષણે તાજાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ને તાજાં દેખાતાં તે આજ કરમાયલાં છે. વળી પૂજાનું કાર્ય જેને સોંપેલું છે એ દાસી પણ અહિં દેખાતી નથી. વળી મ્હાવતો હમણાં જ કહી ગયા કે આપણા હસ્તીઓ સર્વે નિર્મદ થઇ ગયા છે એ પરથી અનુમાન થાય છે કે ગંધહસ્તી અનિલવેગ અહિં આવેલો હોવો જોઇએ. માલવપતિ ચંડપ્રદ્યોત જ એ અનિલવેગને લઇ અહિં આવ્યો હશે અને એ જ પ્રતિમા તથા દાસી ઉભયને રાતોરાત લઇ ગયો હશે એમ જણાય છે. એમ જ નિઃસંશય બનેલું સમજી અત્યન્ત ક્રોધમાં આવી જઈ સેના સજ્જ કરાવી પંડે ચંડપ્રદ્યોતને સાથે યુદ્ધ કરવા ચાલી નીકળ્યો. એ વખતે એના આશ્રિત દશ મુકુટધારી રાજાઓ પોતપોતાનું સૈન્ય લઇ એને આવી મળ્યા–ગિરિનદીથી ભરાયલા ગંગાના પ્રવાહ સમુદ્રને જઈ મળે છે એમ.

એવી મ્હોટી સેના વેગભરી ચાલતી પોતાના ભારથી પૃથ્વીને નમાવતી–કંપાવતી વહી જાય છે ત્યાં માર્ગમાં એક નિર્જળ જંગલ આવ્યું. જબરી સેના અને જળ મળે નહિં એટલે, મૃગલાં ઝાંઝવાં જોઈ જળ સમજી દોડાદોડ કરી મૂકે છે એમ સુભટોએ ચોદિશ દોડાદોડ કરી મૂકી. એમનાં કંઠ અને તાળવાં તરસે સૂકાઇ ગયાં. પણ જળ ફક્ત એમના નેત્રમાં હતું, અન્યત્ર કયાંય નહોતું.

આ અકસ્માત્ આવી પડેલી વિપત્તિમાં રાજાને પોતાની પ્રભાવતી યાદ આવી–દેવલોકમાં એ દેવપણે હતી એનું એણે સ્મરણ કર્યું. એણે સ્વર્ગથકી આવી ત્રણ પુષ્કરિણી–વાવો જળથી ભરી દીધી. સુભટોએ એ વાવોમાંથી અમૃતની જેમ યથેચ્છ જળપાન કર્યું. કાળને એમનો કોળીયો કરી જવો હતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમાંથી તત્કાળ ઉગર્યાં–જીવ્યા. જળનાં, જીવન અને અમૃત એવાં બે નામ છે એ સાર્થક છે એમ તે વખતે લોકોએ જાણ્યું.

આમ વિપત્તિનું વાદળ ખસી ગયું ને સ્વસ્થતાનો સૂર્ય પ્રકાશ્યો એટલે રાજાએ આગળ પ્રયાણ કર્યું. સૈન્ય ઉતાવળે મજલ દડ મજલ કાપતું–કૂચ કરતું ઉજ્જયિની પહોંચ્યું.

ત્યાં બેઉ રાજાઓ–ઉદાયન અને ચંડપ્રદ્યોત–ના દૂતો માર-ફત વષ્ટી ચાલી. બહુ બહુ વષ્ટીને અન્તે બેઉ રાજવીઓએ જ પરસ્પર યુદ્ધ કરવું, ને તે પણ રથમાં રહીને કરવું–એમ નિર્ણય થયો. એમ બેઉ પ્રતિજ્ઞાથી બંધાયા. મૂર્ત્તિમાન અભિ-માન જ હોયની એવો ઉદાયન યુદ્ધ–રથમાં બેસી ચઢાવેલું તૈયાર ધનુષ્ય હાથમાં રાખી લઇ રણક્ષેત્રને વિષે આવી ઊભો. પણ ચંડપ્રદ્યોતે તો પ્રતિજ્ઞા લીધી એવી જ તોડી–એણે ક્ષત્રી-વટ ન જાળવી. રથમાં રહીને યુદ્ધ કરતાં પોતે કદિ વિજયી નહિં થાય એમ ધારી, આપેલા કોલ પર પાણી ફેરવી પોતાના ગંધહસ્તી પર આરૂઢ થઇ રણભૂમિ પર આવ્યો. એ જોઇ ઉદાયનના ક્રોધનું પૂછવું જ શું ? એણે કહ્યું–માલવેશ પ્રદ્યોત, આટલો આટલો પ્રૌઢ થયો ને વચનભંગ કરે છે ? રથમાં રહીને લડીશ એમ હમણાં જ કહીને પાછો તુરત જ અન્યથા આચરણ કરતાં તને તારા સ્વજનોની પણ કંઇ શરમ નથી આવતી ? યદ્વા જે માણસને ચોરની જેમ પારકા ઘરમાં પેસીને મૂર્ત્તિ અને દાસીને ઉપાડી જતાં શરમ ન આવી તેને વચન-ભંગની શરમ શી ! જીવિતને અર્થે તેં લાજ ને પ્રતિજ્ઞા બેઉ નેવે મૂકયાં પણ યાદ રાખ કે મારા હાથમાંથી તીર છૂટ્યાંની સાથે જ તારા પ્રાણ છૂટી જશે, તું જીવતો નહિં રહે.

એવાં છેવટનાં વચન સંભળાવી ઉદાયન પોતાના રથને કુંભારના ચાકની જેમ એકદમ અત્યન્ત વેગથી ગોળ ફેરવતો ફેરવતો પ્રદ્યોતને પ્રહાર કરવા એના હાથી ભણી ગયો. પ્રદ્યોતે પણ એ જ સમયે રથમાં રહેલા ઉદાયન પર ઘા કરવા અનિલ-વેગને એના તરફ પ્રેર્યો..

ઉદાયનનો રથ વર્તુલાકારે ફરતો ઘુમવા લાગ્યો અને એની પાછળ પ્રદ્યોતનો ગજરાજ વિશેષ ગર્જારવ કરતો ભમવા લાગ્યો. એમાં ઉદાયને લાગ સાધીને હાથીના પગપર તીક્ષ્ણ બાણોની એવી રીતે નેમ તાકીને વૃષ્ટિ કરી કે એના ચારે ચરણ વીંધાઈ ગયા, એ ઊભો રહી શકયો નહિં, પંગુવત રણભૂમિ પર પડી ગયો. એટલે ઉદાયને ઉપર રહેલા ચંડપ્રદ્યોતને પાડી દઈ જાણે મૂર્તિમાન્ વિજય હોયની એમ પકડી બાંધી લીધો. પછી એના કપાળ પર જાણે પોતાના યશની પ્રશસ્તિ હોયની એમ, 'દાસીપતિ' એવા વ્યક્ત અક્ષરો લખાવ્યા.

ત્યાર પછી 'પ્રતિમા કયાં છે? એમ પૂછયું એના ઉત્તરમાં પ્રદ્યોતે વિદિશાનગરીમાં જ્યાં એને મૂકી હતી તે સ્થળ ચીંધ્યું. એટલે એને બન્દિવાન્‌ની સ્થિતિમાં જ સાથે લઈને ઉદાયન ત્યાં ગયો. ત્યાં જઈ સમ્યક્ પ્રકારે પૂજનઅર્ચન કરી તે ઉચકી લેવા માંડી. પણ એ ઉચકાઈ નહિં, અચળ રહી. પુનઃ વિશેષ પ્રકારે ભક્તિ આદિ કરી પ્રાર્થના કરી કે–પ્રભુ, શું મારાં ભાગ્ય પુટ્યાં કે તમે મારે ત્યાં નથી આવતા? મૂર્તિના અધિષ્ઠા-યકે ઉત્તર આપ્યો–રાજન્, તું શોક ન કર, તારાં ભાગ્ય કંઈ ફુટ્યાં નથી. તારા નગર પર ભવિષ્યમાં ધૂળની એવી જબરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભયાનક વૃષ્ટિ થશે કે એ એમાં દટાઇ જશે; માટે હું તારે ત્યાં નહિં આવું.

દેવાધિદેવની પ્રતિમાનાં આવાં આદેશવચનો સાંભળી ઉદાયન મનમાં બહુ દુઃખી થયો. હાથમાં આવેલું ચિન્તારત્ન ગુમ થયા જેવી એને વ્યથા થઈ. એ વીલે મ્હોંએ પાછો ફર્યો, એણે પોતાના નગરનો રસ્તો લીધો.

જરૂર પડતા પડાવ કરતું કરતું સૈન્ય પ્રયાણ કરી રહ્યું છે ત્યાં તો માર્ગમાં જ, સમૃદ્ધિ પામેલા મહાપુરુષની જેમ સારા જગત્‌ના જીવનરૂપ એવી વર્ષાઋતુ બેસી ગઈ. ઘડી, પહોર, નક્ષત્ર, સૂર્ય અને ચન્દ્રમાની ગત્યાગતિને લઇને ઋતુએ જો કે સર્વે યે સમાનપણે–સરખી આનન્દદાયક છે તો યે એ એમાં વર્ષાઋતુનો મહિમા બહુ અધિક છે કેમકે એના પર સારા યે વિશ્વનું જીવિત અવલંબેલું છે. આવી લોકમાત્રની આશ્વાસન રૂપ વર્ષા બેઠી એટલે આભમાં ચોદિશ વીજળીના ચમકારા થવા લાગ્યા તે જાણે મેઘ પોતાની વેરણ ગ્રીષ્મઋતુને નસાડી મૂકવા પોતાનું ચળકી રહેલું ખડ્ગ નચાવી રહ્યો હોયની ! પોષિતભર્તૃકા વિરહિણી સ્ત્રી નેત્રજળથી–આંસુઓથી (પોતાની) છાતીને ભીંજવવા લાગી–એની સાથે જાણે સ્પર્દ્ધાને લઇને જ હોયની એમ મેઘમાળા પણ પૃથ્વીપીઠને જલથી ભીંજવવા લાગી.

એ વખતે ઉદાયને ચોદિશ દૃષ્ટિ કરી તો પૃથ્વી સર્વત્ર જળમાં જાણે ડૂબી ગઈ હોયની એમ લાગ્યું એટલે એણે આસપાસમાં યોગ્ય સ્થળ જોઇને સૈન્યને છાવણી–પડાવ નાખ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાનો આદેશ કર્યો. દશ રાજાઓ સાથે હતા. એમણે છાવણીનું જળથી રક્ષણ કરવાને ગારાની દીવાલો ઊભી કરાવી–એ છાવણીનું સ્થળ–પુર ત્યારથી દશપુર નામે પ્રસિદ્ધ થયું છે.

માર્ગમાં ઉદાયન ચંડપ્રદ્યોતનો ભોજન આદિ સમયે યોગ્ય સત્કાર કરવો વીસરતો નહિં. કેમકે સજ્જન પુરુષો દુશ્મન પ્રતિ પણ ઔચિત્ય તો જાળવે જ છે.

એવામાં પર્યુષણ પર્વ આવ્યું અને પ્રભાવતીનો જીવ દેવગતિ પામ્યો હતો. એણે સ્વર્ગથકી આવી ઉદાયનને એ વિષે જાણ કર્યો. ઉદાયન અતિ શ્રદ્ધાળુ હતો એટલે એણે તે દિવસે ઉપવાસ પાળ્યો. રસોઈયાને એને માટે કંઇ રસોઇ કરવાની ન રહી પણ ચંડપ્રદ્યોતને માટે તો રાજાને ઉચિત બનાવવી જ જોઇએ માટે એણે પૂછયું–મહારાજ, આપને માટે આજે શું બનાવું? આપ શું જમશો? પ્રદ્યોતને તો એ સાંભળી મનમાં ભય જ ઉત્પન્ન થયો. કોઈ દિવસ નહિં ને આજે આ બાબતમાં મને પૂછે છે તે નિશ્ચયે મારો ઉપહાસ કરે છે. નિઃસંશય આજે કંઈ અનિષ્ટ થવાનું. એમ વિચારીને એણે રસોઇયાને એના એવા પ્રશ્નનું કારણ પૂછયું તો એ રસોયાએ સત્ય હકીકત હતી એ જણાવી. એ જાણી એણે પણ શઠતાપૂર્વક કહ્યું–ભટ, તેં મને ઠીક યાદ દેવરાવ્યું. મારા માતપિતા શ્રાવક હોઇને મારે પણ આવા પવિત્ર પર્વે પુણ્યકૃત્ ઉપવાસ પાળવો જોઇએ. રસોઈયાએ એ વાત પોતાના રાજા ઉદાયનને જણાવી. ઉદાયને કહ્યું–એ ચંડપ્રદ્યોત જબરો ધૂતારો છે. એને એવો દંભ બહુ આવડે છે, પણ એ દંભમાં કહેતો હોય કે નિર્દંભપણે સાચેસાચું કહેતો હોય–ગમે એમ હોય–જ્યાં સુધી એ બન્દિવાન છે ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુધી આ પર્વદિવસે મારી ગમે એવી ધર્મકરણી પણ પુણ્યપ્રદ નથી. એમ વિચારી એણે એને મુક્ત કર્યો. પછી વળી એની ક્ષમાપનાપૂર્વક એના લલાટમાં લખાવેલા અક્ષરો ગોપવવા માટે, એક સજ્જનને શોભે એવા વિવેકપૂર્વક, એને લલાટે પટ્ટબંધન કર્યું–પટ્ટો બંધાવ્યો. તે વખતથી જ રાજાઓને શિરે પટ્ટબંધનનો રિવાજ પ્રવર્ત્યો છે. આ પહેલાં એઓ મસ્તકે આભૂષણમાં મુકુટ જ ધારણ કરતા.

આમ ઘટના બની રહી છે એવામાં વર્ષાઋતુ પૂરી થઇ એટલે ઉદાયન નૃપતિએ પોતાની ક્ષત્રીવટને અનુસરી ચંડપ્રદ્યોતને એનું ઐશ્વર્ય–એનું રાજ્ય પાછું સોંપી એને દેશ મોકલ્યો, અને પોતે પણ પોતાને સ્થાને આવી ગયો. ત્યાર પછી આ દશપુરસ્થળમાં ભવિષ્યમાં વસતી થઇ–લોકો આવી રહેવા લાગ્યા, અને એ એ જ નામે પૃથ્વી પર પ્રખ્યાત થયું. જંગલમાં મંગળ મ્હોટાને હાથે જ થાય છે.

માનવીને સ્ત્રી હોય, પુત્રાદિ પરિવાર હોય, શરીરસંપત્તિ હોય–બધું હોય પરન્તુ લક્ષ્મીદેવીની અકૃપા હોય–એની ગેરહાજરી હોય એટલે એને મનને વિષે બહુ દુઃખ લાગ્યા કરે છે; તેમ ઉદાયન નૃપતિને સમૃદ્ધ રાજ્ય છતાં દેવાધિદેવની પ્રતિમાની ગેરહાજરીનું દુઃખ બહુ લાગ્યું. એને મન એ પ્રતિમા કામધેનુવત્ હતી–એ ગઇ પરઘરે હતી ત્યાંથી યે ગઈ–એ વાતને એ પોતાનું મહાદુર્ભાગ્ય માનવા લાગ્યો. સ્વર્ગસ્થ પ્રભાવતીનો જીવ–દેવ ઉદાયનના આ ઉદ્વેગનું કારણ જાણી એના પરના સ્નેહને લઇને સ્વર્ગથકી આવી એને સાન્તવન આપતો કહેવા લાગ્યો–રાજન્, તું એ પ્રતિમા માટે આવડો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખેદ કેમ કર્યા કરે છે ? જેનાં ભાગ્ય ઓછાં હોય છે એવાને ત્યાં એ કલ્પવલ્લી જેવી સ્થિત રહેતી નથી. પણ તારે ત્યાં જીવંતસ્વામીની જે નવી પ્રતિમા છે એમાં પણ નિઃસીમ માહાત્મ્ય છે–એ ચે તીર્થપ્રાય છે એમ સમજજે. કેમકે જેવો પ્રતિષ્ઠા કરાવનાર એવો પ્રતિમાનો પ્રભાવ હોય છે અને આ નવી પ્રતિમાની પ્રતિષ્ઠા કોણે કરી છે–તું જાણે છે ? કેવળી કપિલમુનિ જેવાને હાથે એની પ્રતિષ્ઠા થઈ છે, માટે આ નવી પ્રતિમાનું પણ જૂનીની પેઠે જ નિરન્તર પૂજનઅર્ચન કર. વળી આત્મહિતાર્થે, યોગ્ય અવસર પ્રાપ્ત થયે ચારિત્ર લેવાનું ભૂલતો નહિં.

આમ સાન્ત્વનાત્મક વચનો કહી દેવતા તિરોધાન થયો. ઉદાયનને એ વચનો ગળે ઉતર્યા અને એણે એ નવી પ્રતિમાની આરાધના આદરી. પુણ્યલક્ષ્મીરૂપી લતાના મૂળ જેવું સદ્ધ્યાન તે ધ્યાવા લાગ્યો–શ્રી વીરભગવાન પોતે જ્યાં વિચરી રહ્યા છે એ દેશના ખરેખર ધન્યભાગ્ય સમજવાં. એવા તીર્થરૂપ ભગવાનના દર્શનવન્દનનો જેમને હમ્મેશાં લાભ મળે છે તેઓને પણ ધન્ય છે. અને એવા પ્રભુને હસ્તે ચારિત્રલક્ષ્મી અંગીકાર કરવાનો જેમને પ્રસંગ મળે છે એવા રાજવીઓ સત્ય જ કૃતાર્થ છે. ભાનુમાન્ સૂર્યની પેઠે પૃથ્વીને પાવન કરતા વિચરતા વિચરતા એ મહાત્મા જો અહિં પધારે તો મારું અજ્ઞાન-તિમિર દૂર થાય અને હું દીક્ષા લઉં.

( શ્રી મહાવીર અભયકુમારને કહે છે– ) ઉદાયન ભૂપતિનો એવો આશય જાણી એને પ્રવ્રજ્યા આપવા–એને પરિવ્રાજક બનાવવા માટે અમે ચમ્પાપુરીથી વિહાર કરીને એને વીતભય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નગરે પહોંચ્યા. ત્યાં અમે એને ધર્મોપદેશ દીધો કે "અનુપમ સુખની લ્હાણુ લેવરાવનાર અને મનને તેમજ વાણીને પણ અગમ્ય એવા ચિદાનન્દની પ્રાપ્તિ કરાવનાર તથા વિરક્તને વિષે જ રક્ત એવી જે મોક્ષવધુ-તેની જે જીવને અભિલાષા હોય તેણે એ મોક્ષવધુની દૂતી જેવી 'સર્વવિરતિ'ને હસ્તગત કરવી જોઇએ, દાનધર્મ વગેરે અનેક પ્રકારો ધર્મના છે પરંતુ એ સર્વ પ્રકાર ભોગ અને છેવટ સ્વર્ગપ્રાપ્તિના હેતુ છે. મોક્ષ અપાવવાનું સામર્થ્ય તો કેવળ સર્વવિરતિ વ્રતમાં જ છે." આ અમારો ઉપદેશ ઉદાયને જરા યે જરા ગ્રહણ કર્યો, (એણે જાણે એનું કંઠ પર્યન્ત પાન કર્યું)-ભ્રમર પુષ્પના રસનું તૃપ્તિપર્યન્ત પાન કરે છે એમ.

અમે આમ ઉદાયનને ચારિત્રરૂપ કલ્પવૃક્ષનું ફળ સમજાવ્યું અને એ સમજ્યો એટલે, ક્ષુધાતુર ભોજન માટે ઉતાવળો થાય છે એમ એ ચારિત્ર લેવા બહુ ઉત્સુક થયો. હવે પોતાની પાછળ રાજ્ય કોને સોંપવું એના વિચારમાં પડ્યો. પુત્રને સોંપવું? ના, એ કોઇ રીતે યુક્ત નથી. રાજ્ય તો પાપથી ભરેલું છે, એના ભારથી તો સંસારમાં ડૂબશે, સમુદ્રમાં ભારે નાવ બૂડી જાય છે એમ. વળી, કહે છે કે રાજ્યને અંતે નરક છે તો એને રાજ્ય આપી જવું એ નરકમાં મોકલવા જેવું છે. હું એનો પિતા થઇને એમ કરું? પિતા તો પુત્રનું કલ્યાણ કરે. આમ દીર્ઘ ઉહાપોહ કરીને રાજ્ય પોતાના ભાણેજ કેશીને સોંપ્યું. વળી શાસનપત્ર કરી આપીને ઘણા ગામ પેલી જીવંતસ્વામીની પ્રતિમાના પૂજનઅર્ચનના કાર્યના ખરચમાં આપ્યાં. આમ સાંસારિક કાર્યોનો ઉકેલ કરી ઉદાયને પુત્ર સહ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વર્ત્તમાન અમારી પાસે દીક્ષા લીધી. અલબત કેશીએ યોગ્ય દીક્ષામહોત્સવ કર્યો.

(શ્રી મહાવીર અભયકુમારને કહે છે) એ પ્રમાણે મોક્ષ-વૃક્ષના બીજતુલ્ય ચારિત્ર અંગીકાર કરી તરત જ ઉદાયન મુનિએ છઠ્ઠ, અઠ્ઠમ આદિક કષ્ટપૂર્ણ તપશ્ચર્યા આદરી દઈ પોતાના કર્મરૂપ પંકને શોષવા માંડ્યો છે. ઉદાયન રાજર્ષિનું ચરિત્ર તેં પૂછયું તે આ પ્રમાણે છે.

અભયકુમાર પ્રભુને શ્રીમુખે એ વૃત્તાન્ત સાંભળી બહુ હર્ષ પામ્યો. વળી પણ એણે પૂછયું–ત્યારે પ્રભુ, આગળ એનું શું થશે? એ પણ આપના જ્ઞાનબળે કહી મને ઉપકૃત કરો.

પ્રભુ કહે છેઃ–તારી જિજ્ઞાસા છે તો એ પણ કહું છું. સાંભળ—

સમ્યક્ પ્રકારે વ્રતનું અનુપાલન કરતાં છતાં પણ એનાં કોઇ પૂર્વભવનાં કર્માનુસારે એને કોઇ મહાન્ વ્યાધિ થશે. એને તો પોતાના દેહ પર કોઇ પ્રકારની મમતા ન હોઇ, એ ચિકિત્સાની ના કહેશે. વૈદ્યલોકો એને ભોજનમાં દહીં વાપર-વાનું કહેશે. એ રાજર્ષિ પણ પોતાની કાયા અતિ વ્યાધિથી ક્ષીણ થતી જાણી પ્રાસુક દહીંને અર્થે ગાયો જ્યાં બહુ રહેતી હોય એવા સ્થળની શોધમાં જશે. ત્યાંથી વિહરતા વિહરતા વળી વીતભય નગરીએ જઇ ચઢશે. ત્યાં કેશીને એમના આગ-મનની જાણ થશે. એના કુમંત્રીઓ એ વખતે એને કહેશે કે–તારા માતુલ કેમ આવ્યા છે. કંઈ સમજ્યો? રાજ્ય પાછું લેવા આવ્યા છે. વ્રત પાળવું સહેલું નથી, તપશ્ચર્યા વસ્તુ જ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અતિ કઠિન છે. હવે એ મનમાં અકળાય છે. વૈરાગ્યને લઇને દીક્ષા લેતા શું તો લીધી, પણ હવે એનું ચિત્ત ફર્યું છે, પૂર્વની દૃઢતા હવે રહી નથી; માટે હવે બાયલાની જેમ ભ્રષ્ટ થઇ સુખ વાંછતા આવ્યા છે.

કેશી તો કહેશે કે–હમણાં જ એનું રાજ્ય એ માગી લે નહિં ? હું તો એ મૂકી ગયા એ થાપણ સાચવું છું. મને પારકી વસ્તુનો લોભ નથી.

એના સલાહકાર શઠ મંત્રીઓ એને એ વખતે એમ કહેશે કે–સ્વામિન્, આ પારકી વસ્તુ કેમ કહો છો ? આ રાજ્ય તમારૂં જ છે. તમારાં એવાં અહોભાગ્યે તમને આપ્યું છે, જે રાજ્યને માટે રાજાઓને અનેકાનેક યુદ્ધ કરવાં પડે છે તે રાજ્ય જ્યારે તમારે હસ્તસ્થ જ છે ત્યારે કાંકરાની જેમ ફેંકી દેવાનું ડહાપણ શામાટે કરો છો ?

કેશીને એ વાત સત્ય લાગશે અને ત્યારે હવે શું કરવું એમ પૂછશે. એટલે એઓ મુનિને વિષ દેવાની સલાહ આપશે. અકર્ણ એવા સર્પ તો લોકોને ડસ્યા કરે એતો એમનો સ્વભાવ પડયો, પરન્તુ સકર્ણ ખલપુરૂષો સાધુઓને આટલું બધું દુઃખ આપવા તૈયાર થાય એ ખરે જ આશ્ચર્ય છે. ખલપુરૂષમાં અને કાલકૂટ વિષમાં પારકા પ્રાણ લેવાનું એક સરખું સામર્થ્ય છે તો ખળમાંથી કાળકૂટ નીપજ્યું કે કાળકૂટમાંથી ખળ ઉપજ્યો એની કંઇ સમજણ પડતી નથી. પણ અહો આ ખળ ( પુરુષ ) તો ખળ( ખોળ )માંથી પણ ગયો. ખોળ નિઃસ્નેહ અને મલિન છતાં પશુ જેવાને પણ હિત-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારક-ઉપયોગી છે ત્યારે ખળ( પુરુષ ) વિદ્વાનને પણ અહિત-કર્ત્તા છે.

કુમંત્રીઓની સલાહ માનીને, પછી તો, રાજ્યલોભી કેશી કોઈ ગોવાળણીદ્વારા મુનિને વિષયુક્ત દહીં અપાવશે, પણ એ વાતની પ્રભાવતીના જીવ-દેવ-ને જાણ થતાં વિષ અપહરી લેશે અને એ જ વખતે એને કહી પણ દેશે કે-તમને વિષયુક્ત જ દહીં મળવાનું માટે હવે તમારે દહીં કયાંયથી પણ વ્હોરવું નહિં ને ખાવું પણ નહિં. પણ દહીંનો ત્યાગ કરવાથી મુનિના શરીરમાં વ્યાધિ જોર કરશે કારણ કે ભૂત, વ્યાધિ અને શત્રુ કંઇક પણ બ્હાનું મળ્યું એટલે પ્રકોપે છે. કેશી પુનઃ પણ વિષમિશ્રિત દહીં અન્ય સ્થળેથી અપાવશે. દેવતા પ્રમાદમાં રહી વિષ હરી નહિં લે. મુનિ એ દહીં વાપરશે અને એની રગે રગે વિષ પ્રસરી જશે. પરિણામ જાણી જઇ મુનિ અનશન આદરશે. એક માસ અનશન પાળી, સમતાપૂર્વક રહી, કર્મ માત્ર ખપાવી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અન્તે મોક્ષે જશે.

મુનિને વીતેલી વીતકની પ્રભાવતીના જીવ-દેવ-ને ખબર પડશે અને એ કોપાયમાન થઇ સારા યે વીતભયનગરને ધૂળથી પૂરી નાખશે. જીવંતસ્વામીની પ્રતિમા પણ ધૂળમાં દટાઇ જશે અને એ જ સ્થિતિમાં અપ્રકટ પડી રહેશે. મુનિના એક શય્યા-તર કુંભારને દેવતા, પ્રેમને લઇને વીતભયથી સિણપલ્લી નામની નગરીએ લઇ જશે અને એના નામ પરથી કુંભકાર નામનું નગર વસાવશે. શો દેવતાનો નિઃસીમ પ્રેમ!



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અભયકુમારે વળી પૂછ્યું-ત્યારે પ્રભુ, એ પ્રતિમા પુનઃ ક્યારે પ્રકટ થશે ?

પ્રભુએ કહ્યું-અમારા નિર્વાણ પછી ૧૨૭૨ વર્ષે લાટદેશ, ગુજરાત અને સૌરાષ્ટ્રના સીમાડા પર, સ્વર્ગનું જ પરું હોયની એવું એક નવું અણુહિલ્લપાટણ નામનું નગર વસશે. ત્યાં અન્ય મનુષ્યો તો શું, પણ પાંજરામાં રહેલા શુક આદિક પણ જિનભગવાનના મંદિરોમાં નવકારમંત્રનો પાઠ કરનારા થશે. એ મંદિરોમાં રહેલી રત્નની પ્રતિમાના દર્શનથી ધાર્મિક જીવોને શાશ્વત-પ્રતિમાના દર્શન કર્યા જેટલો સંતોષ થશે. ત્યાં લોકો ચોથા-સુષમાકાળના મનુષ્યો જેવા સમૃદ્ધ, ચતુર, ધર્મજ્ઞ અને દીર્ઘાયુષી થશે. નિર્ધનતા તો ત્યાં ઘેર ઘેર પોતાની શોકય લક્ષ્મીનું જોર જોઇને ઈર્ષ્યાળુપણાને લીધે જ હોયની એમ એ નગરમાંથી નાસી જ જશે. અનુક્રમે, ત્યાં અમારા નિર્વાણ પછી ૧૬૬૮ વર્ષે ચૌલુકય વંશ શિરોમણિ મૂળરાજ ભૂપતિનો વંશજ, દયા-દાક્ષિણ્ય-નિપુણતા-વીરત્વ આદિ ગુણોએ યુક્ત કુમારપાળ નામનો મહીપતિ થશે. તે કર્ણ જેવો દાનવીર, યુધિષ્ઠિર જેવો ધર્મવીર અને અર્જુન જેવો યુદ્ધવીર થશે. દિગ્વિજય કરીને તે પૂર્વમાં ગંગા સુધીના, પશ્ચિમમાં વિન્ધ્યાચળ પર્યન્તના, દક્ષિણમાં સમુદ્રતટ સુધીના અને ઉત્તરમાં શક-તુર્કદેશ પર્યન્તના પ્રદેશો પર આધિપત્ય મેળવશે. ત્રણ્યે પુરુષાર્થ સાધિત કરવા થકી, એ ચૌલુકય મહીપતિ પ્રાણ અને પૈસા કરતાં પણ ધર્મને વ્હાલો કરશે.

એકદા એ ક્ષત્રિય રાજવીને વજ્રશાખાના ચન્દ્રકુળમાં થયેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હેમચન્દ્ર નામના આચાર્યના દર્શન થવાથી હૃદયને વિષે બહુ હર્ષ થશે. એમને વંદન કરી, એમની આગળ બેસી એમના મુખમાંથી નીકળેલી વાણીએ કરેલું આર્હત ધર્મ વિષેનું વ્યાખ્યાન શ્રવણ કરશે. શ્રવણ કરી, તત્ત્વવાત જાણી એ રાજા પોતાના શ્રેય-કલ્યાણનો રાશિ હોયની એવો સમ્યક્ત્વપૂર્વક શ્રાદ્ધધર્મ સ્વીકારશે, એ પોતાના રાજ્યમાં મદ્યપાન આદિ વ્યસનનું નામ માત્ર નહિ રહેવા દે, તેમ બીનવારસી ધન પણ નહિં લે. વળી એ સર્વત્ર દયાધર્મનું સ્થાપન કરશે તથા અનેક જિનમંદિરો બંધાવશે.

( શ્રી મહાવીર અભયકુમારને કહે છે ) એકદા એ કુમારપાળ નૃપતિ પોતાના ગુરુને મુખે અમારું ચરિત્ર સાંભળશે એમાં પેલી ધૂળમાં દટાઈ ગૂમ થયેલ પ્રતિમાની વાત આવશે. એટલે એ પોતાના આપ્ત જનો મારફત વીતભયમાં એ સ્થળે ખોદાણ કરાવીને પ્રતિમા શોધી કઢાવી પોતાના આવાસમાં લાવી મૂકશે અને એનું નિરન્તર પૂજનઅર્ચન કરશે.


શ્રી હેમચન્દ્ર આચાર્યે આ પ્રમાણે વ્યાખ્યાન કરેલા શ્રી વીરચરિત્રમાં પોતા સંબંધી વાત આવી તે સાંભળી કુમારપાળને હર્ષનાં રોમાંચ ખડા થયા. એ મનમાં વિચારવા લાગ્યો– અહો ! શ્રી મહાવીરે પોતાની પછી ઘણે કાળે થનારા મારા જેવાનો વૃત્તાન્ત સુર, અસુર અને માનવીની પર્ષદામાં પોતાને શ્રીમુખે કહ્યો–એ મારાં ધન્ય ભાગ્ય, મારો સફળ જન્મ, મારાં અગણિત પુણ્ય !

આમ પોતાને સર્વ પ્રકારે ભાગ્યશાળી લેખતા કુમારપાળે

પછી ગુરુશ્રીને તે પ્રતિમા હસ્તગત થશે કે કેમ એમ પૂછયું. ગુરુરાજે ધ્યાનપૂર્વક વિચારી કહ્યું–ઉદ્યમ કર્યે પ્રાપ્ત થશે, રત્નાકર શોષાઈ જાય, વાયુ વાતો બંધ થાય, જળને વિષે અગ્નિ ઉત્પન્ન થાય–એ બધું બનવું શકય છે, પણ શ્રી જિનપ્રભુના વચન અસત્ય ઠરવા અશકય છે–એમનાં મુખમાંથી અસત્ય વાણી નીકળે જ નહિં.

ગુરુની આવી વાણીને લઇને અને અન્ય પણ ભવ્ય શુકનને લઇને કુમારપાળનો ઉત્સાહ વધ્યો અને એણે હવે ચોક્કસ પ્રતિમા હાથમાં આવી માની.

પછી તો કુમારપાળે કર્તવ્ય અને વિધિવિધાન સમજાવીને માણસો વીતભયનગરે મોકલ્યા. એઓએ ત્યાં તપાસ કરી સ્થળ શોધી કાઢી આદરપૂર્વક ખોદાણકામ કરવા માંડયું. ચૌલુક્યરાયની પરમ શ્રદ્ધાળુતાને લઇને શાસનદેવીએ પણ સાન્નિધ્ય કર્યું. રાજાના પુણ્યપ્રભાવથી, ખોદતાં ખોદતા પ્રતિમા નીકળી–જડી આવી. વળી એની પૂજાના ખરચને માટે અમુક ગામોનું ઉદાયને જે શાસનપત્ર (તામ્રપત્ર પર લેખ) કરી આપ્યો હતો તે પણ નીકળ્યું. એ જોઇને રાજપુરુષોને બહુ હર્ષ થયો. એમણે પ્રતિમાને યથાવિધિ પૂજનઅર્ચન કરી ઉત્સવપૂર્વક રથમાં બેસાડી, પાટણ ભણી પ્રયાણ કર્યું. માર્ગમાં, પ્રતિમાના સહજ સુગંધને લઇને વનમાંથી ભ્રમરોના વૃંદ ને વૃંદ આવી એની આસપાસ ગુંજારવ કરવા લાગ્યા. ગામે ગામે ભાવિક લોકો એની પૂજા કરવા લાગ્યા. વળી આખી વાટે પ્રતિમાની બેઉ બાજુએ પૂર્ણિમાના ચંદ્રમા સમાન સુંદર



વીર પ્રભુની પ્રતિમાને પોતાના હાથે કુમારપાળ રથમાં ઊતારી
ગજરાજપર પધરાવી પોતાના મહેલમાં લઇ ગયા

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

ચામરો તો વીંઝાયા જ કરતાં હતાં. એમ પૂર્ણ સન્માન સહિત પ્રતિમાને પાટણ આણી. રાજા દેહધારી–સાક્ષાત્ પ્રમોદ જ હોયની એવા ગુરુરાજને આગળ કરી સકળ સંઘ સહિત સામો આવ્યો. પ્રતિમાને જોઇને રાજાને સાક્ષાત્ શ્રી વીર પ્રભુનાં દર્શન થયા એટલો હર્ષ થયો. એણે પ્રતિમાને સુવર્ણ પુષ્પોથી વધાવી ત્યાં જ ચૈત્યવંદન કર્યું. પછી એને પોતાને જ હાથે રથમાંથી ઉતારી ગજરાજ પર પધરાવી ઉત્સવપૂર્વક નગરમાં ફેરવી પોતાના મહેલમાં લઇ ગયો. ત્યાં એક નવું સ્ફાટિકનું મંદિર કરાવી એમાં રાખી એની ત્રણ કાળ પૂજા કરવા લાગ્યો.

પ્રતિમાના પ્રભાવથી અનુક્રમે કુમારપાળની સમૃદ્ધિમાં વૃદ્ધિ થતી ગઇ. પણ એમાં આશ્ચર્ય જેવું શું ! ચંદ્રોદયને લઇને સમુદ્રનાં જળ પણ ઉછાળાપૂર્વક વધે જ છે. પછી તો, પુંડરીક આદિક તીર્થનાં દર્શને આવે છે એમ, દૂર દૂરથી પણ લાખો ધાર્મિક લોકો એનાં દર્શને આવવા લાગ્યા. વળી પછી પેલું ઉદાયનવાળું શાસનપત્ર જોઇને, કુમારપાળે પણ પ્રતિમાના પૂજાના ખરચ માટે અમુક ગામો બક્ષીસ કર્યાં.

એકદા પ્રસ્તાવે શ્રી હેમચંદ્રાચાર્યે ધર્માત્મા કુમારપાળને શત્રુંજય આદિક તીર્થોની યાત્રાનું ફળ ઉપદિશતાં કહ્યું કે— તીર્થના ધ્યાનમાત્રથી સહસ્ર પલ્યોપમના સર્વ પાપ ક્ષીણ થાય છે, એના અભિગ્રહથી લક્ષ પલ્યોપમના પાપ નાશ પામે છે, તીર્થને માર્ગે પડતાં અનેક સાગરોપમના પાપ ધોવાઇ જાય છે અને તીર્થે પહોંચતાં સુગતિ પ્રાપ્ત થાય છે. વળી ત્યાં પ્રભુની પ્રતિમાના દર્શન થતાં સુખસમૃદ્ધિ, એની પૂજાઅર્ચાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવપદવી, અને એ પૂજનઅર્ચનને વિષે તીવ્ર ભાવ થાય છે તો મુક્તિ પ્રાપ્ત થાય છે. તીર્થયાત્રા સર્વ કોઈ શુભકૃત્યોમાં અગ્રણી પદે છે, કારણ કે એ તીર્થને વિષે, દાન આદિક સર્વ ધર્મો પરિસીમાએ પહોંચે છે. વળી તીર્થને વિષે અપાય–વપરાય એ દ્રવ્ય નિયોજક–દાતારનું એકદમ શ્રેય–કલ્યાણ કરનારું છે. શેરડીના વાઢમાં વરસે છે એ જળ જુઓ કે કેટલું માધુર્યકર છે? વળી માણસ એકાકી તીર્થયાત્રાએ જાય છે તો યે પુણ્ય બાંધે છે, ત્યારે સંઘ કાઢીને–સંઘપતિ થઈને જાય તો તો પછી એ પુણ્યબંધની વાત જ ન થાય–એટલો પુણ્યબંધ થાય. પૂર્વે ભરત ચક્રવર્તી આદિક મહીશ્વરોએ સંઘ-સમેત સાત સાત તીર્થોની યાત્રા કરી હતી તે આ જ હેતુને લઈને કરેલી, માટે હે કુમારપાળ, તારે પણ એમને અનુસરવું ઘટે છે. મ્હોટા હાથીઓએ જે ચીલો પાડ્યો હોય એ ચીલે જ એમનાં કલભ–બચ્ચાં ચાલે છે.

ગુરુરાજના આ ઉપદેશની શિષ્યને સચોટ અસર થઈ. એણે તે જ વખતે શુદ્ધ મુહૂર્ત જોવરાવ્યું અને એ મુહૂર્તે મ્હોટા ઉત્સવપૂર્વક પ્રસ્થાન કર્યું. અમારિ પડહ વજડાવવી, બન્દિવાનો છોડાવવાં, સાધર્મિક વાત્સલ્ય કરવાં, ચૈત્યસ્નાત્ર કરાવવાં–ઇત્યાદિક જે કાર્યો અન્ય સંઘપતિ મહાપ્રયાસે કરી શકે છે તે કાર્યો આ ધર્મધુરંધર ચૌલુક્ય રાજવી વિના પ્રયાસે પ્રતિદિન કરતો.

સંઘમાં શ્રી હેમચંદ્ર આદિક અનેક શાસ્ત્રપારંગત આચાર્યો, વાગ્ભટ આદિક મંત્રીઓ, પ્રહ્લાદ વગેરે માંડલિકો, રાજમાન્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાગશ્રેષ્ઠી પુત્ર, આભડ વગેરે શ્રેષ્ઠીઓ, નેવું લાખનો ધણી છાડ શ્રાવક વગેરે વણિક્ગૃહસ્થો, શિવાય અન્ય અનેક પુણ્યશાલી વ્યાપારીઓ નીકળ્યા; કારણ કે કલ્યાણકર કાર્યોમાં સજ્જનો હમ્મેશાં અતૃપ્ત જ હોય છે. રાજાના આમંત્રણથી યાત્રાર્થે ચોદિશથી એટલો સમૂહ આવી એકઠો થયો કે નગરના પહોળા માર્ગ પણ અતિ સાંકડા થઈ પડ્યા.

હવે પ્રયાણને દિવસે, સર્વ સંઘસમુદાય આવી ગયો એટલે સંઘપતિ રાજા નીકળવાનું કરે છે ત્યાં તો એના ચરપુરુષોએ આવી વ્યાકૂળતાપૂર્વક સમાચાર દીધા કે ડાહલદેશનો કર્ણ આપણી સાથે વિગ્રહ કરવા આવે છે તે બેત્રણ દિવસમાં અહિં આવી પહોંચશે. કુમારપાળ તો એ સાંભળીને આકુળ-વ્યાકુળ થઈ ગયો કે 'હવે શું થશે?' એના લલાટમાં પરસેવાના બિન્દુઓ ફુટી નીકળ્યાં. એ તો તરત જ વાગ્ભટ સાથે લઇને ગુરુશ્રી પાસે ગયો. જઇને, કાનમાં કરવત મૂકાયા જેવી એ વાત એમને એકાન્તમાં જણાવી કહ્યું—ગુરુરાજ, આપણે અહિંથી ચાલશું કે પાછળ શત્રુ આવીને મારા દેશના હાલહવાલ કરી નાખશે. અને જો એની સામા થઇને વિગ્રહ કરશું તો બેઉ સમોવડીઆ સમર્થ હોઇને વિગ્રહ બહુ લંબાશે અને ઘણો વખત લાગશે. એટલો બધો વખત આ પરદેશી યાત્રાળુઓ કેવી રીતે થોભી શકશે એ વિચારમાં ને વિચારમાં હું તો ચિંતાસાગરમાં નિમગ્ન થયો છું. પાષાણમય ભૂમિને લઇને સ્ખલના થવાથી તત્ક્ષણ રથ ભાંગી જાય છે તેમ વચ્ચે આ પ્રકારે વિઘ્ન નડવાથી મારા પવિત્ર મનોરથ ભાંગી ગયા છે. હું કોઈ અધમ હીનભાગ્ય ઠર્યો! મારા કરતાં તો આ

વ્યવહારીઆ વણિક્ સારા કે જેઓ સુખે સંઘપતિ થઈ શકે છે અને સંઘને યાત્રા કરાવી શકે છે. સંઘવીપદની પ્રાપ્તિ દેવતાના ભાગ્યમાં હોતી નથી તેમ મારા જેવાના ભાગ્યમાં પણ ન ઠરી. હું વણિક્ વ્યાપારીમાંથી પણ ગયો—એમનાથી પણ ઉતરતો ઠર્યો. અંકુરાને ઉગતાં જ દાવાનળ બાળી નાખે તેમ મારું આ ધાર્મિક કાર્ય આરંભમાં જ ચંડાળ દૈવે વણુસાડયું. એ સર્વ સાંભળી શ્રીહેમાચાર્યે એની ચિન્તારૂપી શાન્તિને અર્થે અમૃતવૃષ્ટિતુલ્ય વચનો કહ્યાં : હે રાજન્, તું શોક ન કર. તેં સુરેન્દ્રવત્ આ જે કલ્યાણકારી કાર્યનો સમારંભ કર્યો છે તે કદિ પણ ભાંગી નહિં પડે. બાર પહોરને અન્તે બધું સ્વસ્થ થઈ જશે.

ગુરુએ આ પ્રમાણે કહી એને સંપૂર્ણ ધૈર્ય જાળવવા કહ્યું પરંતુ જ્વરાતુર માણસની જેમ તેણે તો આખી રાત્રી અસ્વસ્થપણે ગુજારી : શું થશે એની ચિંતામાં એ મ્હેલમાં જાગતો બેસી રહ્યો.

પ્રભાત થયું ને ગુરુએ કહેલા બાર પહોર વીત્યા એવામાં ચરપુરુષોએ આવી કુમારપાળને સમાચાર આપ્યા કે મહારાજ, પ્રભાતમાં જ પહોંચી જઈ, સૈન્ય કિલ્લાની આસપાસ ગોઠવી દઈ પાટણને ઘેરો ઘાલવાનો નિશ્ચય કરી, આપનો શત્રુ કર્ણ રાત્રીએ સત્વર નીકળેલો. એને માર્ગમાં મધ્ય રાત્રીએ એનાં એવાં કોઈ પાપકર્મને યોગે હાથી પર રહ્યો હતો ત્યાં જ ક્ષણવાર નિદ્રા આવી ગઈ. એ નિદ્રામાં હતો ત્યાં જ યોગ એવો બની ગયો કે એના કંઠમાં રહેલી સુવર્ણશૃંખલા માર્ગમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઇ વડના વૃક્ષની શાખામાં ભરાઇ ગઈ એ એને ગળે ફાંસારૂપ થઈ પડી અને હાથી ગતિમાં જ હતો તેથી એ ફાંસાને લઇને શાખાએ લટકી રહ્યો. એનું ગળું તરત રૂંધાયું અને એ પંચત્વ પામ્યો. એનું ઔર્ધ્વદૈહિક પણ થઇ ગયું. આ બધું અમે નજરોનજર જોઇને આવ્યા છીએ અને આપની સમક્ષ નિવેદન કરીએ છીએ.

કર્ણને એવો અકસ્માત નડ્યો જાણી કુમારપાળે ક્ષણવાર તો ખિન્ન અને શોકાતુર થઈ ગયો. પણ ગુરુરાજના ભવિષ્ય વર્તી જવાના આબાદ જ્ઞાનથી આશ્ચર્ય પામતો સદ્ય એમની પાસે ગયો અને એમને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો.

આમ વિઘ્ન ટળ્યું એટલે કુમારપાળે મહાન્ ઉત્સવ કરી ભરતચક્રવર્તીવત્ અસાધારણ વૈભવ સહિત યાત્રાર્થે પ્રયાણ કર્યું. સમુદાય મ્હોટો તેથી માર્ગમાં કોઇને અગવડ ન આવે એટલા સારૂ એણે દરરોજ પાંચ પાંચ કોસના પ્રયાણનું નક્કી કર્યું.

શિષ્યપરમ્પરાયુક્ત ગુરુનો ધર્મના ફરમાન મુજબ પાદચારી વિહાર હતો એટલું જ નહિં પણ પગે પણ અડવાણા જ ચાલતા હતા. એ જોઇ સાથે ચાલતા રાજાએ પણ ઉપાન દૂર કર્યા-પગરખાં કાઢી નાખ્યા. એ પરથી ગુરુએ કહ્યું—રાજન્, મુનિવર્ગનો તો જીવરક્ષાને અર્થે પાદચારી અને ઉપાનરહિતપણે વિહાર હોય, પરંતુ તને એવો વિહાર કલેશકારક થઈ પડશે-તને તો પ્રમાદ થશે, અંતે દુઃખ-પીડા પણ થશે માટે અશ્વાદિ ગમે તે વાહનમાં બેસી જા અથવા છેવટ ઉપાન પહેરી લે.

ચૌલુક્ય રાજવીએ કહ્યું-પ્રભુ, પૂર્વે રંકાવસ્થામાં પરવશ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણે પગે ક્યાં નથી ચાલ્યો ? કેટલું યે અડવાણે પગે યે ભટકયો છું. છતાં પણ તેનો કંઇ અર્થ ન્હોતો, એ નિરર્થક હતું. અત્યારનું પાદચારિત્વ તો તીર્થના હેતુને લઇને અતિ સાર્થક છે–એથી તો મારું અનન્તભવભ્રમણ સર્વથા નષ્ટ થશે.

એમ યુક્તિવડે, વાહન વાપરવાનો ગુરુનો આગ્રહ પડતો મૂકાવી, રાજર્ષિએ અભિગ્રહધારીની જેમ, પાદચારીપણે જ ચાલવું શરૂ રાખ્યું.

રાજગુરુ અને રાજા–બેઉને એ પ્રમાણે પાદચારી પગે ચાલતા જોઇને, એમની ભક્તિ માટે અન્ય યાત્રિકો પણ મુનિ-વર્ગવત્ પગે ચાલવા લાગ્યા. એ પ્રમાણે કરતાં ધૂળ ઉડીને શરીરે ચોંટી એને મલિન કરવા લાગી છતાં એઓએ તો એમાં સ્વચ્છ વસ્ત્રવત્ નિર્મળતા સમજી લીધી. વળી સ્થાને સ્થાને લોકો ચૈત્યપરિપાટી, અર્ચનપૂજન આદિ કરતા એથી એઓને પોતે જાણે પોતાને ઘેર બેઠા હોય એમ લાગતું અને મુસાફરીનો પરિશ્રમ લેશ પણ જણાતો નહીં.

માર્ગમાં ધંધુકા આવ્યું. ત્યાંના લોકો પાસેથી એ આચાર્ય-શ્રીની જન્મભૂમિ છે એમ જાણ થતાં રાજાએ એ ભૂમિને ઉત્તમ તીર્થવત્ વંદન કર્યું. વળી આચાર્યશ્રી ત્યાં બાલ્યા-વસ્થામાં ઝોળીમાં સૂતેલા એટલે એ પરથી ત્યાં ઝોલિકા-વિહાર નામનું ચૈત્ય બંધાવ્યું અને એમાં શ્રી મહાવીર-સ્વામીની પ્રતિમા પધરાવી.

ત્યાંથી આગળ ચાલતાં સર્વત્ર શ્રી જિનધર્મનો ઉદ્યોત કરતાં કરતાં પુણ્યશાળી રાજા વલ્લભી નામના દ્રંગ આગળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવ્યો. ત્યાં સ્થાપ અને ઇર્ષ્યાંલુ એવા બે પર્વતો જોયા એમાં રહીને ગુરુશ્રીએ પ્રાતઃ આવશ્યક કર્યું. ગુરુને રાજાએ ત્યાં ધર્મધ્યાનમાં નિમગ્ન જોઇને એ પર્વતો પર એના જેટલા જ ઊંચા બે જિનમંદિરો કરાવ્યાં અને એમાં એકમાં શ્રી આદિનાથની અને બીજામાં શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પધરાવી.

અહીંથી આગળ ચાલ્યા એટલે શત્રુંજય તીર્થ દૃષ્ટિએ પડયું, અને રાજાએ ત્યાં મહોત્સવ કર્યો. પછી સાક્ષાત્ મોક્ષ-સ્વરૂપ એવા એ ગિરીશ્વર પર ચઢ્યો. ત્યાં પોતાના અમાત્યે બંધાવેલું સુંદર ચૈત્ય જોઇ એને એમ થયું કે જાણે એ સાક્ષાત્ એની કીર્તિનો પિંડ જ છે. મંદિરમાં પ્રવેશ કરી રાજર્ષિ કુમારપાળે ગુરુની સાથે રહીને નાભિનંદન શ્રી ઋષભ-દેવની પ્રતિમાના દર્શન કર્યાં, એને અન્તરના ઉમળકા સહિત વંદન કર્યું. જિનધર્મના તીર્થને વિષે અસાધારણ મહત્તા જોઇ–જાણી, એનાં દર્શન થયે એણે પોતાને કૃતકૃત્ય માન્યો. પછી પ્રભુની પ્રતિમાને સુવર્ણ પુષ્પો વડે વધાવી રાજાએ શક્રે-ન્દ્રની જેમ ચૈત્યપરિપાટી કરી. કોઈ પરાયાની દૃષ્ટિએ ન પડે એમ હંમેશાં અન્તઃપુરમાં રહેનારી રાજરાણીઓ જે આ યાત્રામાં સાથે હતી તેઓ પણ જિનભગવાનની પ્રતિમાના પૂજન અર્થે ચૈત્યે ચૈત્યે ભમવા લાગી.

ત્યાં મહુવાનિવાસી હંસ મંત્રીના, મારૂ શેઠાણીની કુક્ષિએ ઉત્પન્ન થયેલા, જગડુશાહે દુષ્પ્રાપ એવા ઇન્દ્રપદની પ્રાપ્તિને અર્થે સવા ક્રોડના મૂલ્યનું માણેક તીર્થને અર્પણ કરીને પહેલી માળા લીધી. શ્રેષ્ઠ લક્ષ્મીવાળા અન્ય શ્રીમંતોએ પણ સ્પર્ધા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ફરી કરીને આગ્રહપૂર્વક સ્વયંવરની માળા લેતા હોયની એમ માળાઓ લીધી. માણુસ પોતાનું સર્વસ્વ અર્પણ કરીને પણ એવી માળ લે છે. કારણ કે એના પુણ્યને લઈને આ લોકમાં પણ ઇન્દ્રની પદવી મળે છે. વળી ભોપળદેવી આદિક રાજ-રાણીઓએ અને રાજકુમારી લીલાવતીએ પણ ઉદ્યાપન આદિક શુભ કાર્યો આદરી–એ રીતે તીર્થને વિષે લક્ષ્મી વાપરી.

એ વખતે કુમારપાળે યાચકોને ઉત્તમ વસ્ત્રો, સુવર્ણ, મણી, ધન, હસ્તી આદિકનું દાન દેવા માંડયું તે જોઈ એક વિદ્વાન્ પંડિતે કહ્યું–હે ચૌલુકયભૂષણ રાજન્, આ કળિયુગમાં યાચકો-ના ભયથી જ હોયની એમ કલ્પવૃક્ષો નષ્ટ થઇ ગયા છે, માનને લઇને જ હોયની એમ દેવતાઓ માનવી આગળ આવતા નથી, રીસાણી હોય એમ સ્વર્ણાદિ સિદ્ધિઓ વશવર્તી રહી નથી એવે વખતે આ લોકોનું શું થશે એ વિચારથી જ હોયની એમ બ્રહ્માએ એ સર્વને સ્થાને અત્યારે તમને ઉત્પન્ન કર્યા છે.

મનવાંછિત દાન દઇ યાચકવર્ગને સંતોષી સંઘપતિએ અષ્ટાહ્નિક મહોત્સવ, ધ્વજારોપણ આદિક કલ્યાણકારી કાર્યોથી નિવૃત્ત થઈ શ્રીઆદીશ્વરને નમી અંજલી જોડી કહ્યું–હે નાથ, તમારી ઉપાસના કર્યા વિનાના મારા જે દિવસો ગયા તે વ્યર્થ ગયા છે. એને લઈને, મને હાથમાંથી સુવર્ણ પડી જવાથી જેવી વ્યથા થાય તેવી વ્યથા થાય છે, વિષગ્રસ્તને અમૃત મળ્યે અને વ્યાધિગ્રસ્તને ઔષધ મળ્યે જેવો હર્ષ થાય તેવો હર્ષ આજે મારા જેવા સંસારગ્રસ્તને આપ મળી જવાથી થયો છે. આપના દર્શનથી પરાઙ્મુખ રહી મ્હોટા રાજ્યનું

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

સ્વામિત્વ પણ હું ન સ્વીકારું. આપના દર્શનનો લાભ મળતો હોય તો આપના ચૈત્યમાં એક પક્ષીને અવતારે પણ રહેવાનું પસંદ કરું. વળી હે સ્વામી, આપના અનુગ્રહથી (૧) અરિહંત જેવા દેવ, (૨) શુદ્ધ ચારિત્રવાન્ ગુરુ, (૩) દયાનો તો સાગર એવો ધર્મ, (૪) લોકોને સમૃદ્ધ કરનારી એવી લક્ષ્મી, (૫) પરનું હિત સધાય એવો વ્યાપાર, (૬) એકલા સજ્જનોનો જ સંગમ, (૭) ગુણ ગુણીજન પ્રત્યે પ્રીતિભાવ અને (૮) અધ્યાત્મને વિષે પ્રવીણતા—આટલાં વાનાં મને ભવે ભવે મળો.

કુમારપાળે દેવાધિદેવ પાસે આવી માગણી કરી એ જોઈ પાસે રહેલો કોઈ ચારણ પ્રસંગોચિત બોલી ઉઠ્યો—જે એક પુષ્પને સાટે પુષ્કળ સમૃદ્ધિ આપે છે, દેવત્વ પણ બક્ષે છે, એટલું જ નહિં પણ મોક્ષ સુદ્ધાં આપે છે—એવા આદિદેવની ઋજુતાની, અહો! શી વાત કરવી! એમની સરલતા કોઈ અવર્ણનીય છે. એ સાંભળી કુમારપાળે એ બોલનારને એ જ શબ્દો ફરી ફરી બોલવાનું કહ્યું. બોલનાર ચારણ એ ફરી ફરી નવ વાર બોલ્યો. કુમારપાળે પ્રસન્ન થઈ એને નવ લક્ષ દ્રવ્ય આપ્યું.

પછી શ્રીહેમચંદ્ર આચાર્યે પોતે પંચશક્રસ્તવપૂર્વક સર્વ દેવોને વાંદી તીર્થાધીશ આદિદેવની આ પ્રમાણે સ્તુતિ કરી—હે નાભેય, તું સર્વસામર્થ્યવાન્ ઈશ્વર છો, પાલન કરનાર પિતા છો, દયાનો વિશાળ સાગર છો, પ્રાણીમાત્રનો કલ્યાણ કર્ત્તા છો, સર્વ જગતનું રક્ષણ કરનાર રક્ષક છો, સર્વ કોઈનો પૂજનીય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને માનનીય છો; માટે તારો સેવક હું આ સંસારથી ત્રાસીને તારી પાસે આવ્યો છું તો હવે સત્વર મારી રક્ષા કર, મારો ઉદ્ધાર કર.

આમ પુંડરીકગિરિની યાત્રા પૂરી થઇ.

અહિંથી (શત્રુંજયથી ઉતરી.) સંઘપતિએ અન્યત્ર–ઉજ્જયંતગિરિ ભણી પ્રયાણ કર્યું. કેટલેક દિવસે એ તીર્થે સંઘ પહોંચી ગયો. રાજા અને આચાર્ય બેઉએ સાથે ઉપર ચઢવા માંડયું ત્યાં ગિરિ અચાનક ધ્રુધ્રુયો. રાજાએ એનું કારણ પૂછતાં આચાર્યે ઉત્તર આપ્યો–અહિં માર્ગમાં એક સ્થળે છત્રશિલા નામની એક મહાન શિલા છત્રની જેમ રહેલી પડી છે. વૃદ્ધો તરફથી કર્ણપરમ્પરાએ એવો પ્રવાદ ચાલતો આવ્યો છે કે–કોઇ બે પુણ્યશાલી જીવ એક સાથે એ શિલા નીચે ચાલશે તો એ એઓના મસ્તક પર પડશે. અત્યારે આપણે પુણ્યશાળી વર્તીએ છીએ, તો એની નીચેથી પસાર થતાં, હમણાં થયેલી ગિરિની ધ્રુણુાટીને લઇને, એ શિલા કદાચિત્ સ્થાનભ્રષ્ટ થઈ આપણા પર પડે; માટે રાજન્, પહેલાં તમે એકલા ઉપર જાઓ ને તમારું કાર્ય ઉકેલી આવો. શ્રી નેમનાથના દર્શન વંદનાથે હું યે આવીશ, પણ પાછળથી આવીશ.

કુમારપાળ કહે–હું પહેલો જાઉં એ યુક્ત ન કહેવાય. એમાં વિનય સચવાતો નથી, માટે પહેલાં આપ પધારો, હું પાછળથી આવીશ.

બેઉ પુણ્યશાળીઓ, એ પ્રમાણે સમજણ કરી વારાફરતી ઉપર ચઢ્યા. પહેલાં સૂરિજી પધાર્યા ને પાછળથી શ્રીસંઘને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લઇને સંઘપતિ ઉપર ચઢ્યા. ત્યાં કામનો પરાજય કરી અખંડ બ્રહ્મચારી રહેલા શ્રીનેમિનાથની પ્રતિમાના દર્શનનો લાભ સૌએ મેળવ્યો. રાજર્ષિએ અને અન્ય પણ સૌ સાધર્મિકોએ જિન-ભગવાનને સ્નાત્ર, પૂજા, વિલેપન આદિ કરીને મહાપુણ્ય ઉપાર્જન કર્યું. પૂર્વની જેમ અહિં પણ પેલા જગડુશાહે એવું જ અદ્ભુત બીજું માણિક્ય આપીને માળા લીધી અને ઇન્દ્રપદ ઉપાર્જન કર્યું.

તીર્થ પર કરવી ઉચિત એવી સર્વ પણ ક્રિયા અને સર્વ કોઈ કાર્યો પૂર્ણપણે ઉકલી ગયા પછી સંઘપતિ ચૌલુક્યરાયે તીર્થાધિપતિ શ્રીનેમિજિનને વિજ્ઞાપના કરી કે–વાયુને બળે આકાશમાં મેઘમંડળ વીંખરાઇ જાય છે. પછી જ લોકોને સૂર્યનાં દર્શન થાય છે. તે દૃષ્ટાન્તે વિચારતાં મને થાય છે કે–આપના ધ્યાનને બળે મારાં પાપ સર્વ નાશ પામ્યા છે અને એટલે જ હું આપના દર્શનનો લાભ મેળવી શક્યો છું. વરસતા મેઘ જેવા આપ મારા ચિત્તમાં સદાકાળ વર્ત્તતા છતાં, હે નાથ, આ સંસાર દાવાનળનો દાહ મને કેમ પીડ્યા કરે છે ? મારે ફક્ત આપનું જ શરણ છે તો, હે વિશ્વેશ, મારા પર એવા પ્રસન્ન થાઓ કે આપના ધ્યાનને યોગે મારું મન આપમય બની જાય.

પછી હેમચંદ્રસૂરિએ પણ કોમળ કુસુમો હોયની એવાં સ્તોત્રોવડે તીર્થપતિના હર્ષભેર ખૂબ ઉપાસના કરી એમની આગળ યાચના કરી કે–હે પ્રભુ, પૂર્વ ભવમાં આપ મને ક્યાંય ન મળ્યા. આપના દર્શન મને થયાં જ નહિં; નહિં તો મારે આટલું આટલું ભવભ્રમણ શેનું હોય ? હવે એવાં કોઇ પુણ્યને

બળે, આપનાં દર્શન થયાં છે–આપ મળી ગયા છો, તો મારાં દુઃખ સર્વે ટાળો અને મને સુંદર શિવસુખ આપો.

. આ વખતે ગિરિ પર શૃંખલપુર પાસેની પાજથી ચઢાતું હતું, પણ એ પાજથી ચઢવું બહુ વિકટ લાગ્યું એટલે સંઘપતિ–રાજા એ સુરાષ્ટ્રના દંડનાયક–શ્રીમાલ જ્ઞાતિના અગ્રેસર–રાણા આંબદેવને કહી જુનાગઢને લગતી એક નવી સગવડભરી પાજ કરાવી.

આમ આ ઉજ્જયન્તગિરિની યાત્રા પૂર્ણ થયે, ત્યાંથી પ્રયાણ કરી સંઘ દેવપાટણ પહોંચ્યો. ત્યાં ચન્દ્રમાની કાન્તિને ભુલાવી દે એવી કાન્તિવાળા શ્રી ચંદ્રપ્રભુના દર્શન કર્યાં. અહિં પણ જગડુશાહે પૂર્વની પેઠે જ એવું જ મૂલ્યવાન માણિક્ય તીર્થને અર્પીને પ્રથમ ઈન્દ્ર–પદ મેળવ્યું. સત્પુરુષોને પુણ્ય કરવાની તૃષ્ણા વધતી જ હોય છે.

જગડુશાહના એવા સર્વ લોકાતિશાયી ચરિત્રથી અત્યન્ત વિસ્મય પામી રાજર્ષિ કુમારપાળે એને શ્રી સંઘસમક્ષ પૂછયું–રાજા મહારાજાઓને પણ દુષ્પ્રાપ્ય એવાં સવા સવા કોટિ દ્રવ્યનાં ત્રણ રત્નો તારી પાસે કયાંથી આવ્યાં? અથવા આવ્યા તો આમ પુણ્યકાર્યમાં કેમ આપ્યાં? એવાં રત્નો બીજાઓ પાસે પણ હશે પણ તારી માફક કોઈ આમ દાનમાં દઈ દે નહિં.

જગડુશાહે કહ્યું—રાજાજી, મધુકપુર કરીને અહિં એક નગરી છે. ત્યાં મારા પૂર્વજો રહેતા. એમની પાસે અનગળ દ્રવ્ય હતું. એમની સમૃદ્ધિ રાજા બાદશાહોથી પણ ચઢી જાય એવી હતી. મારા એક પૂર્વજે મેં અહિં આપ્યાં એવાં પાંચ માણિક્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપાર્જન કરેલાં તે પાંચે મારા પિતા હંસ મંત્રી પાસે આવ્યાં. એ પાંચમાંથી ત્રણ માણિકયનો ત્રણ તીર્થોમાં વ્યય કરી મોક્ષ યાવત્ મોક્ષ મેળવવાની મારા પિતાની ઉત્કટ અભિલાષા હતી. તીર્થયાત્રા કરવાની એને ઘણી ઇચ્છા છતાં એને એવો પ્રસંગ જ મળ્યો નહિં. એટલે મૃત્યુસમયે એણે મને પાસે બોલાવીને એ પાંચ રત્નો સુપ્રત કરી એમાંથી ત્રણ શત્રુંજય પ્રમુખ ત્રણ તીર્થે અર્પણ કરવા અને શેષ બે અમારા કુટુમ્બના નિર્વાહ અર્થે રાખવા ભલામણ કરી. ભલામણ કરીને એઓ પંચત્વ પામ્યા. એ મારા પૂજ્ય તાત કહી ગયા મુજબ ત્રણ રત્નો આપ જુઓ છો એમ મેં તીર્થક્ષેત્રમાં આપી દીધાં છે. હવે મારી પાસે બે છે, જુઓ આ રહ્યાં.

એ રત્નદ્વય રાજાએ અને સંઘે પણ હાથમાં લઇ નીરખી નીરખીને જોયાં, શું એનું તેજ ! સહસ્રરશ્મિ ભાનુ કરતાં પણ ચઢિયાતું !

તે વખતે કુમારપાળના મુખમાંથી સહજ શબ્દો નીકળી પડ્યા કે—હું એક મહિપતિ છું છતાં જગડુ આગળ હું કંઈ વીસાતમાં નથી, હું લેશ પણ સ્તુતિપાત્ર નથી. સ્તુતિને પાત્ર-સંપૂર્ણપણે પ્રશંસાને યોગ્ય આ જગડુ શાહ છે. અહો ! એણે આવાં મૂલ્યવાન રત્નોવડે ત્રણ જગતના નાથની પૂજા કરી ! શો એનો મોહત્યાગ !

પછી તો સુંદર રત્નો ખરીદી લેવાનો કુમારપાળને વિચાર થયો એટલે જગડુશાહને એના અઢી ક્રોડ દ્રવ્ય આપી એ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખરીદી લીધાં. બે હાર કરાવી, હારના મુખ્ય નાયક એટલે ચગદામાં અકેક રત્ન જડાવી, એક હાર શત્રુંજયે અને બીજો રૈવતાચળે જિનદેવની પ્રતિમાના કંઠાભૂષણ નિમિત્તે મોકલી દીધો.

આમ કુમારપાળે સંઘને મુખ્ય મુખ્ય તીર્થોની યાત્રા કરાવી. સંઘ અહિંથી પાછો ફર્યો અને હેમક્ષેમ પાટણ આવ્યો. પાટણમાં પણ સંઘપતિએ સર્વ યાત્રિકોનો યોગ્ય સત્કાર કર્યો. પછી સર્વે સંઘપતિની રજા લઇ પોતપોતાને સ્થાને ગયા.

હવે એકદા ધર્મજિજ્ઞાસુ કુમારપાળને શ્રી હેમચંદ્રાચાર્યે સાત તત્વોનું સ્વરૂપ સમજાવ્યું, તે આ પ્રમાણેઃ—

જૈનદર્શનમાં સાત તત્ત્વો કહ્યાં છેઃ (૧) જીવ, (૨) અજીવ, (૩) આશ્રવ, (૪) સંવર, (૫) નિર્જરા, (૬) બંધ અને (૭) મોક્ષ.

(૧) જ્ઞાનદર્શન લક્ષણવાળો જીવ. જીવ અનાદિ છે, અનન્ત છે અને કર્મનો કર્ત્તા તથા ભોક્તા છે.

જીવના બે ભેદ છે : (૧) **સંસારી**, (૨) **મુકત.** સંસારી જીવના વળી બે પ્રકાર છે : (૧) **સ્થાવર**, (૨) **ત્રસ.** એકેન્દ્રિય પૃથ્વીકાય–અપ્કાય–તેઉકાય–વાઉકાય અને વનસ્પતિ એટલાં **સ્થાવર** છે.

વનસ્પતિકાય સિવાયના પહેલાં ચાર **સૂક્ષ્મ** અને **બાદર** બેઉ છે.

વનસ્પતિકાય **પ્રત્યેક** અને **સાધારણ** એમ બે પ્રકારે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમાં **પ્રત્યેક** બાદર છે; **સાધારણ** સૂક્ષ્મ અને બાદર બેઉ છે.

**ત્રસ**ના ચાર પ્રકાર છે : ( ૧ ) બે ઇન્દ્રિયોવાળા, ( ૨ ) ત્રણ ઇન્દ્રિયોવાળા, ( ૩ ) ચાર ઇન્દ્રિયોવાળા, ( ૪ ) પાંચ ઇન્દ્રિયોવાળા. એમાં શંખ, કૃમી આદિ પહેલા પ્રકારમાં આવે છે. લીંખ, જૂ, કુંથવા વગેરે બીજા પ્રકારમાં આવે છે. ભમરા, મક્ષિકા, ડાંસ વગેરે ત્રીજા પ્રકારમાં આવે છે. શેષ—તિર્યંચ, નારક, માનવ અને દેવ ચોથા પ્રકારના છે. એઓ વળી **સંજ્ઞી** અને **અસંજ્ઞી** એમ બે પ્રકારે છે. જેઓને મન છે અને એ મનને લઇને શિક્ષા, ઉપદેશ આદિ જાણે છે–એ **સંજ્ઞી** : તે સિવાયના બધા **અસંજ્ઞી**.

**જીવ**ને દશ પ્રાણ કહેવાય છે : ( ૧ ) આયુ, ( ૨ ) ઉચ્છ્વાસ, ( ૩–૭ ) પાંચ ઇન્દ્રિયો, ( ૮ ) મન, ( ૯ ) ભાષા અને ( ૧૦ ) અંગબળ. આ પ્રાણના સંબંધને લઇને **જીવ** પ્રાણભૂત કહેવાય છે.

એક ઇન્દ્રિયવાળા જીવને ચાર પ્રાણ હોય છે.

બે ઇન્દ્રિયોવાળા જીવને છ પ્રાણ હોય છે.

ત્રણ ઇન્દ્રિયોવાળા જીવને સાત પ્રાણ હોય છે.

ચાર ઇન્દ્રિયોવાળા જીવને આઠ પ્રાણ હોય છે.

અસંજ્ઞી જીવને નવ પ્રાણ હોય છે.

સંજ્ઞી જીવને દશ પ્રાણ હોય છે.

ઉપર કહી ગયા એ જીવો વળી કેટલાક **પર્યાપ્ત** અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**કેટલાક અપર્યાપ્ત** હોય છે. પર્યાપ્તિઓ પામી અન્તર્મુહૂર્ત્તમાં ઉત્પન્ન થાય એ ‘ પર્યાપ્ત ’.

જૈનાગમમાં સમસ્તપણે છ પર્યાપ્તિ કહી છે : ( ૧ ) આહારપર્યાપ્તિ ( ૨ ) કાયપર્યાપ્તિ ( ૩ ) કરણપર્યાપ્તિ ( ૪ ) ઉચ્છ્વાસપર્યાપ્તિ ( ૫ ) વાક્પર્યાપ્તિ અને ( ૬ ) મનપર્યાપ્તિ.

પર્યાપ્તિકર્મ એ પર્યાપ્તિઓ એકેન્દ્રિય જીવોને ચાર હોય છે; બે, ત્રણ અને ચાર ઇન્દ્રિયોવાળા જીવને પાંચ હોય છે; અને પંચેન્દ્રિય જીવોને પૂરી છ હોય છે,

**જીવના વળી વ્યવહારી અને અવ્યવહારી** એમ પણ બે ભેદ છે : સૂક્ષ્મ નિગોદના જીવ અવ્યવહારી છે, શેષ સર્વ જીવ વ્યવહારી છે.

ભવસ્થ જીવો જ કર્મનો ક્ષય કરી મોક્ષ પામે છે; ત્યાં અનન્ત જ્ઞાન, અનન્ત દર્શન, અનન્ત સુખ અને અનન્ત વીર્ય—એમ ચાર ‘ અનન્ત ’થી યુક્ત એવા એઓ લોકાન્તે ઠરી ઠામ રહે છે. આ નિર્વાણ પામેલા જીવો જે ચિદાનન્દમય શાશ્વત સુખને વિષે રહે છે તે સુખ અવર્ણ્ય છે—ગમે તેવા વાગ્મિને પણ વાણીને અગોચર છે.

ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગળ—એ **પાંચ ‘ અજીવ ’** અને એક ‘ જીવ ’ મળીને છ વાનાં થયાં એ જિનના મતે છ ‘ દ્રવ્ય ’ ( ષડ્દ્રવ્ય ) છે.

જળચારી જીવોને જ્યાં ત્યાં જવા આવવામાં જેમ જળ સહાયકર્ત્તા છે તેમ જીવને અને પુદ્ગળને હરવા–ફરવામાં સહાયકર્ત્તા છે તે **‘ ધર્મ ’**.

વટેમાર્ગુઓને જેમ ( માર્ગમાં ) ઊભા રહી જવામાં, અટકી જવામાં વૃક્ષની છાયા સહાયક છે તેમ સર્વ જીવો અને અજીવોને પોતાની મેળે જ સ્થિર રહી જવામાં જે સહાયકર્તા છે તે ' અધર્મ '.

એક જીવપ્રદેશ પ્રમાણ અસંખ્યપ્રદેશસ્વરૂપ—એવા ધર્માધર્મ લોકાકાશને વ્યાપીને રહેલા છે.

જીવ અને પુદ્ગળને અવકાશ આપનારું, સ્વપ્રતિષ્ઠિત તથા પ્રદેશોની અનન્તતાને યોગે લોકાલોકમાં વ્યાપીને રહેલું છે તે ' આકાશ '.

લોકાકાશને વિષે સ્થિત એવા જે કાળના અણુઓ તે ' કાળ ' એ મુખ્ય છે. જ્યોતિષને વિષે જે ક્ષણ આદિક કાળ કહ્યો છે તે ગૌણ છે.

પદાર્થોની વર્ત્તમાન, ભૂત અને ભવિષ્યત્ સ્થિતિ સ્ફુટ વ્યક્ત કરી શકાય છે એ કાળનું જ ચેષ્ટિત છે.

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ—આ ચાર જેનામાં હોય એ ' પુદ્ગળ '. એ અબદ્ધ એટલે છૂટા હોય તો ' અણુ ' કહેવાય છે અને બદ્ધ હોય તો ' સ્કન્ધ ' કહેવાય છે.

અન્ધકાર, આતપ અને ઉદ્યોતરૂપ એ સ્કંધો સૂક્ષ્મ અને બાદર—એમ બે પ્રકારે છે; કર્મશબ્દ આદિકના ઉત્પાદક છે, સુખદુઃખાદિના હેતુ છે.

મન, વચન અને કાયાનો વ્યાપાર તે ' આશ્રવ '. પુણ્યપ્રાપ્તિનો હેતુભૂત હોય એવો આશ્રવ તે ' શુભ ' આશ્રવ; અને પાપનો હેતુભૂત હોય તે ' અશુભ ' આશ્રવ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિત્ત સદ્દ્ધ્યાનને વિષે સંગત હોય તો શુભકર્મ ઉત્પન્ન થાય છે અને દુર્ધ્યાને ચઢયું હોય તો અશુભકર્મો ઉત્પન્ન થાય છે.

મિથ્યાત્વરહિત અને શ્રુતજ્ઞાનયુક્ત જે વચન છે તે શુભ કર્મના ઉત્પાદક છે. એથી વિપરીત હોય તે અશુભ કર્મના ઉત્પાદક હોય.

કાયગુપ્તિવડે અર્થાત્ દેહને સંયમમાં રાખે તો જીવ સત્કર્મ બાંધે છે. જો એને સંયમમાં ન રાખે અને મહા-આરંભ કરાવે તો દુષ્કર્મ બાંધે છે.

આશ્રવનો નિરોધ–એનું નામ '**સંવર**'. એના બે પ્રકાર છે: દ્રવ્ય સંવર, ભાવ સંવર.

નવાં કર્મને યોગ્ય પુદ્ગળો ગ્રહણ કરતાં અટકવું–નવાં કર્મ ન બંધાય એમ કરવું–એ દ્રવ્યસંવર. સંસારના હેતુ એવાં જે કર્મો–તેનો નાશ કરવો–એ ભાવસંવર.

પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મો જેરી નાખવાં એનું નામ '**નિર્જરા**'.

નિર્જરા બે પ્રકારની છે: (૧) સકામા નિર્જરા. એ યતિઓને હોય; (૨) અકામા નિર્જરા. એ અન્ય જીવોનો હોય.

મિથ્યાત્વ આદિના સહકારવાળો જીવ કર્મને યોગ્ય પુદ્ગળો ગ્રહણ કરે એનું નામ '**બંધ**'.

આ બંધ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ અને પ્રદેશને લઇને ચાર પ્રકારનો છે.

જ્ઞાનાવરણાદિક કર્મોનો સ્વભાવ–એનું નામ 'પ્રકૃતિ'.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્મોની જઘન્ય ને ઉત્કૃષ્ટ કાળનિયતિ-એનું નામ 'સ્થિતિ'. એ કર્મોનો રસ-તે 'અનુભાવ' અને એ કર્મોના દળની સંહતિ-તે 'પ્રદેશ'.

વળી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ-આ ચાર કર્મબંધના હેતુઓ છે.

કુલ કર્મોથી મુક્ત થઈ જવું એને જિનભગવાનોએ 'મોક્ષ' કહ્યો છે. કેવળજ્ઞાની આત્માઓને જ એ મળે છે.

દુઃખનો આત્યન્તિક વિનાશ થઈને શાશ્વત સુખની પ્રાપ્તિ જેમાં થાય છે એવો જે મોક્ષ-તે કોને પ્રિય ન હોય ?

શ્રી હેમચંદ્રાચાર્ય કુમારપાળ ભૂપતિને કહે છે-હે ચૌલુક્ય નૃપતિ, આ સાત તત્ત્વોની વાત સાંભળી પાછી એને શ્રદ્ધાપૂર્વક માને છે એ સમ્યગ્ દૃષ્ટિવાન્-સમકિતી થઇ પ્રાન્તે એ ઉત્કૃષ્ટ પદનો અધિકારી થાય છે.

એકદા પ્રસ્તાવે કુમારપાળે શ્રી હેમચન્દ્રને પ્રાર્થનાપૂર્વક કહ્યું-ગુરુરાજ, તીર્થંકર આદિકના ચરિત્ર જાણવા સાંભળવાની મને બહુ ઉત્કંઠા છે. પોતાના ભક્તિમાન્ શિષ્યની એ અભિલાષા પૂરી કરવા સૂરિરાયે સંસ્કૃતમાં ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર નામે છત્રીશ હજાર શ્લોકના પૂરનો એક અતિરસિક ગ્રન્થ રચી એને સંભળાવ્યો. એ ગ્રંથના દશ પર્વ કે ભાગ છે. દ્રાક્ષ કરતાં પણ મીઠી એની કાવ્યરચના છે. વળી રાજાની પ્રાર્થનાથી આચાર્યમહારાજે યોગશાસ્ત્ર આદિ ગ્રન્થો, વીતરાગસ્તવ વગેરે પણ રચ્યાં. સાધુ અને શ્રાવક-ઉભયના આચાર સંબંધીનો એ યોગશાસ્ત્ર ગ્રંથ રાજાએ વાંચી ગુરુ પાસે એનું વ્યાખ્યાન પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરાવ્યું. એ પ્રમાણે સિદ્ધાન્તસારનું શ્રવણ કર્યા કરવાથી એને સારી આલમમાં 'વિચારચતુર્મુખ' એવું સુંદર બિરુદ મળ્યું.

એવામાં વળી એણે ગુરુભક્તિને લઇને નિયમ કર્યો કે મારે મારા ગુરુએ રચેલા સર્વ ગ્રંથો લખાવવા. એ નિયમને અનુસરીને એણે બહુ બહુ લેખકો રાખ્યા અને લેખનકાર્ય સતત સત્વર ચાલવા માંડયું-એટલે સુધી કે કોશાગારમાં તાલપત્ર હતાં તે બધાં કામમાં આવી ગયા. ઉપરાંત ત્રુટી પડી. એ કામના અધિકારીએ આવી નિવેદન કર્યું કે-મહારાજ, તાલપત્ર થઇ રહ્યાં છે, ને લેખનકાર્ય અટક્યું છે.

રાજાને દીલગીરી થઇ કે-ગુરુરાજમાં નવનવીન ગ્રંથો રચવાની અસ્ખલિત શક્તિ છે, પણ તે લખાવી લેવા જેટલાં પણ સાધન મારી પાસે નથી.

એણે બહુ વિચાર કર્યો, એ શરમાયો-મુંઝાયો. અન્તે સાયંકાળે એના મનમાં કંઈ સ્ફુરણા થઈ આવી અને થોડા માણસો સાથે લઈ નન્દનવનને વિસરાવી દે એવો પોતાનો બાગ હતો ત્યાં પહોંચ્યો.

બગીચામાં કેટલાક નિર્ગુણ તાલવૃક્ષો હતાં એમનું ચન્દન આદિક વડે પૂજન કરી, પોતે જાણે કોઈ મંત્રસિદ્ધ હોયની એમ કહેવા લાગ્યો-"મને મારી જાત પ્રત્યે જેવો આદર છે તેવો જ આદર જો મને શ્રી જિનના ધર્મ પ્રત્યે હોય તો તમે બધાં સગુણ-પ્રશસ્ય તાલપત્ર થઇ જાઓ." એમ કહી પોતાના કંઠેથી એક સુવર્ણ આભૂષણ લઇ એક તાલવૃક્ષને પહેરાવ્યું.

એ પ્રમાણે અનુષ્ઠાન કરી ત્યાંથી પોતાને મહેલે આવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આખી રાત ધર્મધ્યાન કર્યું. એની એવી અચળ શ્રદ્ધા જોઈ શાસનદેવતાએ તત્ક્ષણ સર્વ નિર્ગુણ તાલવૃક્ષોને સગુણ બનાવી દીધાં-લેખનને યોગ્ય એવાં પત્રોએ યુક્ત બનાવી દીધાં.

એ પ્રમાણે ફેરફાર થઈ ગયો એ પ્રભાતે બાગવાનની દૃષ્ટિએ પડ્યો. એટલે એણે તરત જ શ્રી હેમસૂરિ પાસે કુમારપાળ ભૂપતિ બેઠા હતા ત્યાં આવી વધામણી ખાધી-એ આનંદદાયક શુભ સમાચાર જણાવ્યા. કુમારપાળે એ ખુશખબર પ્રફુલ્લ વદને સાંભળી, એને યોગ્ય વધાઈ આપી રાજી કરી, કહ્યું-બાગમાંથી એ તાલપત્રો લઈ આવ અને લેખકો બેઠા છે એમને માગે એમ વહેંચી આપ.

"શેની વાત છે, આ બધું શું છે?" એમ ગુરુએ પૂછવા પરથી કુમારપાળે સર્વ વૃત્તાન્ત પર્ષદા સમક્ષ કહી સંભળાવ્યો, જે સૌ કોઇને ખરેખર ચમત્કારભર્યો લાગ્યો.

સૂરિજીને તો એ વાત સાંભળી જાણે કાનમાં અમૃત રેડાયું હોય એમ લાગ્યું. એ તો તરત કુમારપાળને સાથે લઈ એ બગીચે ગયા. સભામાં બેઠેલામાંથી પણ ઘણા એ કૌતુકભર્યો બનાવ નજરે નીહાળવા પાછળ ગયા. આ વાત કર્ણપરંપરાએ લોકોને કાને પહોંચી-ગામમાં ફેલાણી. એટલે વિપ્રજનો આદિક અન્ય દર્શની પણ એ ચમત્કાર જોવા ગયા. નકલી તાલવૃક્ષ અસલ તાલવૃક્ષ બની ગયા જોઈ સૂરીશ્વર તેમજ બીજા પણ સર્વે બહુ વિસ્મય પામ્યા.

તે વખતે આચાર્યશ્રીએ સર્વ જૈનેતરોને સંભળાવવા ખાતર જૈન ધર્મની પ્રશંસા કરતાં કહ્યું કે-અન્ય ધર્મથી જૈન ધર્મની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બહુ વિશિષ્ટતા–શ્રેષ્ઠતા છે જ. જુઓ ! એ જિનધર્મના સામર્થ્યને લઈને આ યુગમાં પણ નિર્ગુણ તાલવૃક્ષો પ્રશસ્ય બની ગયા ! ચંદનના વૃક્ષમાં અન્ય વૃક્ષ કરતાં પુષ્કળ સૌરભ ન હોય તો એના યોગથી દુર્ગંધી પદાર્થો સુગંધી થઇ જાય છે એ ક્યાંથી થાય ?

પછી તો એ તાલવૃક્ષો પરથી વિશાલ કોમળ પત્રો પુષ્કળ આવ્યાં અને લેખકોએ આચાર્યશ્રી રચિત સર્વ ગ્રંથો સુખે–અંતરાય વિના લખી આપ્યા.

એકદા સભાસમક્ષ સૂરીશ્વર વ્યાખ્યાન કરતા હતા એમાં એમ વાત આવી કે વિવેકી જનોએ વર્ષાઋતુમાં–વરસાદના દિવસોમાં ઘરથી બહાર નીકળવું યુક્ત નથી, કેમકે એ વખતે જળના પ્રચુરપણાને લીધે પૃથ્વી સઘળી જીવાકુળ થઇ જાય છે, એટલે માણસના બહાર હરવા ફરવાથી એ જીવોનો ઘાત થાય છે. અન્ય દર્શનવાળા પણ કહે છે કે જીવની રક્ષાને અર્થે બુદ્ધિમાન્ મનુષ્યે વર્ષાના દિવસોમાં ફક્ત એક કોસ સુધીમાં જવું આવવું ને એક જ સ્થળે રહેવું. એટલા માટે જ વળી પૂર્વે પણ શ્રી નેમિનાથના ઉપદેશને લઈને શ્રીકૃષ્ણવાસુદેવે વર્ષાઋતુમાં રાત્રીને વખતે બહાર જવું બંધ કર્યું હતું.

ગુરુનું એ વ્યાખ્યાન સાંભળી વિવેકી ચૌલુક્યભૂપતિએ નિયમ કર્યો કે–આજથી હું વર્ષાઋતુમાં ક્યાંય પણ બહાર જઇશ આવીશ નહિં; સર્વ ચૈત્યોના દર્શન અને ગુરુવંદન–એ બે સિવાય અન્ય કોઈ પણ કાર્યને અર્થે શહેરમાં પણ ફરવા નીકળીશ નહિં. આ પ્રમાણે એણે નિયમ કર્યો ને તે સર્વથા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકારે પાળ્યો જ. રાજકાર્ય આવ્યે પણ તેણે તે તોડ્યો નહિં, કારણ કે એને અંતરંગ તેમજ બાહ્ય–બેઉ પ્રકારની પ્રૌઢ થઈ ગયેલી મલિનતા ટાળવી હતી.

આ પ્રકારના એના નિયમની વાત ચોદિશ પ્રસરી. કેમ કે પુણ્યરૂપી કેતકીની કીર્તિરૂપી સૌરભ ક્યાંય ઢાંકી રહેતી નથી.

ગીજનીના મ્લેચ્છ બાદશાહે એના ચોદિશ ફર્યા કરતા ચરપુરુષોદ્વારા ચૌલુક્યરાયનો આ નિયમ સાંભળી અને ગુર્જરદેશ સ્વર્ગનો એક ભાગ હોયની એવો સમૃદ્ધ છે એમ માની, એ પોતાને હસ્તગત કરવા પુષ્કળ સૈન્ય લઈ, કૃતાન્તની જેમ પૃથ્વીને કંપાવતો ચઢી આવ્યો.

ગુજરાત સર કરવા ગીજનીથી મ્લેચ્છ બાદશાહ આવે છે એ વાત કુમારપાળના તે તરફ ફરતા ગુપ્તચરોએ જાણી. એમણે આવી એ બીના કુમારપાળને એકાન્તમાં કહી. વળી વિશેષમાં ઉમેર્યું કે—મહારાજ, એ બાદશાહના અસહ્ય પ્રતાપરૂપી સૂર્યનો પ્રકાશ ન સહન થવાથી રાજાઓ સર્વ ઘુવડની જેમ સંતાઇ જાય છે. બળવાન્ સેનાવાળા મ્હોટા મ્હોટા રાજાઓને પણ હરાવતું આવતું એનું સૈન્ય કોઇથી રોકયું રોકાય એવું નથી. એના સુભટોની સાથે સ્પર્દ્ધાની કે યુદ્ધની વાત તો બાજુએ રહી, એની સામે નજર કરવાની પણ કોઇ પણ સુભટમાં શક્તિ નથી.

પોતાના આપ્તજન જેવા એ ચરની વાત સાંભળી કુમારપાળને ચિન્તા થઇ. એ તત્ક્ષણ પોતાના અમાત્યને લઇને ગુરુ પાસે ગયો. જઇને કહ્યું કે–ગુરુરાજ મારા ચરપુરુષો સમાચાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાવ્યા છે કે તુર્કનો મહાબળવાન બાદશાહ પોતે મ્હોટું સૈન્ય લઇ ગીજનીથી નીકળીને આ તરફ આવે છે. મારામાં સામર્થ્ય છે, પણ મેં 'વર્ષાઋતુમાં રાત્રે ઘરથકી બહાર નહિં જ નીકળું' એવો અભિગ્રહ કર્યો છે એટલે તેની સામે જવાને અસમર્થ જેવો છું. હું તો ઘરમાં–મ્હેલમાં હોઉં ને એનું સમુદ્રના મોજાંની જેમ ઉછાળા મારતું સૈન્ય દેશને પાયમાલ કરી દે તો પછી મારે શું કરવું ? એક બાજુ આવો મારો નિયમ છે, ને બીજી તરફ આ શત્રુ ચાલ્યો આવે છે. મારે તો સાચે જ એક તરફ નદી ને બીજી તરફ વાઘ એમ વ્યાઘ્રતટી-ન્યાય ઉપસ્થિત થયો છે.

ગુરુએ એ સર્વ સાંભળી લઈ કહ્યું–ચૌલુક્યરાય, ધર્મ પર તારી નિષ્કપટ શ્રદ્ધા છે માટે સમજજે કે શત્રુ તારા દેશને કંઇ પણ ઉપદ્રવ કરી શકશે નહિં. તું જે સર્વજ્ઞના ધર્મનું આરાધન કરે છે–એ ધર્મનું માહાત્મ્ય જ એવું છે કે એની આગળ તારી ચિન્તા સર્વ વિસરાળ થઇ જશે. અગસ્ત્યઋષિ સમુદ્ર આખો પી ગયા હતા ( કહેવાય છે ) એમ એ ધર્મનું માહાત્મ્ય તારી ચિન્તામાત્ર પી જશે.

એ રીતે ચૌલુક્યભૂપતિને આશ્વાસન આપીને સૂરિજીએ પદ્માસન વાળી કોઇ મહાન્ શક્તિનું ધ્યાન ધરવા માંડયું. બે ઘડી થઈ નહિં ત્યાં તો રાજાએ દિવ્ય આભરણયુક્ત એવો એક પલંગ આકાશમાર્ગે આવતો જોયો. આ પલંગ વિદ્યાધરના કોઈ વિમાનની જેમ આકાશમાં નિરાલંબનપણે કેવી રીતે ચાલે છે એમ વિસ્મય પામતો રાજા તો ક્ષણભર એની સામું જોઇ રહ્યો. ત્યાં તો એ આકાશથકી ક્ષણવારમાં ગુરુ સમક્ષ ભૂમિ પર



હે! કુમારપાળ જે બળવાન શક બાદશાહ તારા પર ચઢાઈ લાવ્યો છે એજ આ

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

ઉતરી આવી સ્થિર થયો. એ પલંગ પર એક પુરુષ નિદ્રાવશ સૂતો હતો.

એ જોઇ કુમારપાળે "આ પલંગ ક્યાંથી ? એના પર વળી આ સૂતું છે કોણ ?" એમ સવિસ્મય ગુરુને પૂછ્યું.

એમણે ઉત્તર આપ્યો—કુમારપાળ, જે મહાબળવાન શક બાદશાહ તારા પર ચઢાઈ લઈ આવ્યો છે એ જ આ. મેં એના સૈન્યમાંથી પલંગમાં સૂતેલો જ અહીં લાવી ખડો કર્યો છે.

એ સાંભળી રાજા કુમારપાળ સંભ્રમપૂર્વક એનું મ્હોં જોવા જાય છે ત્યાં તો નિદ્રામાંથી જાગી જઇ ચોતરફ જોઇ એ શક બાદશાહ પણ વિચારમાં પડ્યો કે—મારી છાવણી કયાં ? મારું સૈન્ય કયાં ? હું અહિં કયાં આવ્યો ? કેવી રીતે આવ્યો ? આ બધા મારી સમક્ષ કોણ છે ? સ્વપ્નવત્ આ બધું શું છે ?

પણ એની ગભરામણ જાણી જઇને સૂરિરાયે જ કહ્યું—શકરાય, વૃક્ષ પરથી પડી ગયેલા વાનરની જેમ ચોદિશ નજર ફેરવતા શું વિચારી રહ્યા છો ? જેણે આ પૃથ્વી પર પોતાનું અને ધર્મનું એકછત્ર ઐશ્વર્ય સ્થાપ્યું છે, જેને દેવતાઓ પણ સહાય કરી રહ્યા છે, જે પોતાના શત્રુના રાજાઓને એમના મહેલમાંથી, અરે ! પૃથ્વીના ગર્ભમાંથી પણ ક્ષણમાત્રમાં દાસવત્ બાંધી લવરાવવા સમર્થ છે–એ આ ગર્વિષ્ઠના ગર્વરૂપી ધૂળને ઉડાડી મૂકવામાં પવનસમ સશક્ત કુમારપાળે તને પોતાના દેશ પર ચઢી આવતો સાંભળી અહિં બાંધી અણાવ્યો છે. એની એવી અગાધ શક્તિનો વિચાર કરી, તારું પોતાનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ હિત વિચારી, હે શક પાદશાહ, એને શરણે જા, એ શરણ કરવા લાયક પુરુષ છે.

હેમચંદ્રસૂરિના એ શબ્દો સાંભળીને અદ્ભુત ભય–ઉદ્વેગ–ચિન્તા–આદિ ભાવો ગીજનીપતિ મ્લેચ્છરાયના અન્તઃકરણમાં વ્યાપી ગયા. એણે એકીસાથે પલંગ અને મદ ઉભયનો ત્યાગ કરી સાક્ષાત્ વિદ્યુતની જ્યોત જેવા હેમચંદ્રસૂરિને પ્રણામ કર્યા. વળી ચૌલુકયરાયને પણ નમન કર્યું. પરવશપણે માણસને શું શું નથી કરવું પડતું ? ધિક્કાર છે એવી પરવશતાને !

પછી એણે કુમારપાળ આગળ હાથ જોડીને કહ્યું–હે ક્ષત્રિય–કુલભૂષણ રાજવી, અન્ય રાજાઓને દુર્લભ એવી દેવસહાય તને આમ સુપ્રાપ્ય છે એ હું નહોતો જાણતો. હે સત્યવચની રાજા, હું આજથી યાવજ્જીવ તારી સાથે એક મિત્રવત્ રહીશ. એ હું સોગંદપૂર્વક કહું છું.

ચૌલુકયરાયે પણ એની સાથે મિત્રધર્મે રહેવાની પ્રતિજ્ઞા લીધી. એણે એને પછી એટલું પૂછયું કે 'શત્રુને બાળી ભસ્મ કરી નાખે એવા મારા પ્રતાપાગ્નિ વિષે તેં સાંભળ્યું હતું છતાં આ પ્રમાણે મારા પર કેમ ચઢી આવ્યો ?'

મ્લેચ્છરાયે કહ્યું–તેં નિયમ કર્યો હતો માટે શહેર બહાર નહિં નીકળે એટલે છળપૂર્વક–છેતરપીંડીથી આ દેશ હસ્તગત કરી શકાશે, એમ સમજીને ઘેરથી ચાલી નીકળ્યો હતો; પણ હે રાજન્ ! આવા સર્વ સામર્થ્યવાન્ ગુરુ હાજર હોય ત્યાં તારી સાથે શું છળકપટ ચાલે ? માંત્રિક સમીપમાં ઊભો હોય ત્યાં મગના દાણા શું કાર કરે ? હે ક્ષત્રિયવીર, તારું પરાક્રમ

મેં પૂર્વે તો સાંભળ્યું હતું, પણ પાછો વિસરી ગયો હતો. હવે અત્યારે એ નજરે જોયું એટલે ફરી કદિ નહિં વિસરાય. એ તો હવે છાતીએ ચોંટયું. પણ હવે ભલો થઇ મને મારે સ્થાને પાછો પહોંચાડ. મને નહિં જોઇ મારું સૈન્ય ગભરામણમાં પડયું હશે.

કુમારપાળે કહ્યું–જો, તું તારી નગરીમાં વર્ષના છ માસ અહિંસા પળાવીશ એવી પ્રતિજ્ઞા કર તો જ તારી મુકિત છે. અન્યથા છૂટી શકીશ નહિં. મારું એ જ સર્વસ્વ છે, મારી એટલી જ અભિલાષા છે કે બળે કે છળે પણ જીવની રક્ષા કરવી. મારી જો કે આ યોગ્ય આજ્ઞા છે, પણ પુણ્ય તો એમાં તારું બહુ વધે છે. કેમકે પ્રાણીઓના પ્રાણની રક્ષા અમિત કલ્યાણની કરનારી છે એ તું નથી માનતો ? જો તારે સાચે જ છૂટીને તારે સ્થાને જવું હોય તો મારી વાત સ્વીકારી લે. અન્યથા તારાથી જવાશે નહિં, બન્દિવાનની જેમ મારે ત્યાં રહેવું પડશે.

શકાધિપતિ વિચારમાં પડ્યો. અનેક સંકલ્પવિકલ્પ કરી જોયા પણ કયાંય નજર પહોંચી નહિં. ચૌલુક્યરાયનું કહેવું સ્વીકાર્યા સિવાય મુકિત નથી એમ છેવટ સમજાયું. એટલે એણે એનું વચન માન્ય કર્યું. સામો માણસ બળવત્તર હોય ત્યાં અન્ય વિચારણા પણ હોય જ શાની ?

પછી તો એને કુમારપાળ પોતાને મહેલે લઈ ગયો અને એનું અનેકવિધ રૂડી પેરે આતિથ્ય કર્યું. વળી લોકો બધું જાણે એટલા માટે એને ત્રણ દિવસ રોકયો.

ચોથે દિવસે એને જીવરક્ષા સંબંધે બે શિક્ષાવચન કહી એને સ્થાને પહોંચાડ્યો. વળી એની સાથે પોતાના થોડાં આપ્તજન ગીજની મોકલ્યા. એઓએ ત્યાં જઇ વર્ષમાં છ માસ જીવહિંસા ન કરવી એવો પાદશાહ પાસે નગરમાં હુકમ ફેરવાવ્યો.

ત્યાંથી યવનપતિએ ગુર્જરરાજને યોગ્ય અશ્વાદિક આપ્યાં તે તથા અન્ય પણ અનેક ભેટ આપી તે લઇ એ માણસો પુનઃ પાટણ આવ્યાં. આવીને સર્વ ભેટો રાજા આગળ ધરી એને જીવરક્ષા સંબંધે અનેક સુભાષિતો સંભળાવી આનંદ આનંદ કરાવ્યો.

એકદા વળી રાજાએ પોતે પોતાની મેળે નિયમ કર્યો કે જેવો તેવો પણ જૈન મુનિ હોય એને મારે વંદન કર્યા વિના ન રહેવું. ગમે એવા ચારિત્રહીન હોય પણ નામ માત્રે યે જૈન મુનિ હોય એ મારે તો વન્દ્ય જ છે. એમાં એક વાર એ હસ્તી પર બેસીને સેના સહિત રાજમાર્ગ પર જતો હતો ત્યાં એક એવા મુનિ એની દૃષ્ટિએ પડ્યા કે જેના હાથમાં નાગરવેલના પાનનું બીડું રહી ગયું હતું, જેણે સુશોભિત ઉપાન પહેર્યાં હતા, જેનો એક હાથ કોઇ વારાંગનાના ખભા પર રહી ગયો હતો અને જે એક વિષયી નર સદૃશ દુષ્ટ કામચેષ્ટા કરી રહ્યો હતો. ભ્રષ્ટ એવા પણ એ મુનિને જોઇને એણે શ્રેણિકભૂપતિવત્ હાથીના કુંભસ્થળ પર મસ્તક નમાવી–માથું મૂકી એને હર્ષભેર વંદન કર્યું. એણે મનમાં એમ વિચાર્યું કે આમાં આ મુનિનો કંઇ દોષ નથી કારણ કે ધર્મજ્ઞ પુરુષ પણ આટલો બધો ભ્રષ્ટાચારી નીવડે છે એ એનાં કર્મને લઇને નીવડે છે–એનાં કર્મો એને એવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભ્રષ્ટાચારી બનાવે છે. કયાંક જીવ બળવત્તર હોય છે, કયાંક વળી કર્મ બળવત્તર હોય છે માટે જ એ બેને પરસ્પર શાશ્વત દ્વેષ વર્તે છે.

કુમારપાળે એ આચારભ્રષ્ટને શુદ્ધ ચારિત્રવાનની જેમ વંદન કર્યું. એ જોઈ એની પાછળ બેઠેલા નડુલરાયને હસવું આવ્યું. એને હસતો જોઈ વાગ્ભટ અમાત્ય શરમાયો, એને ખોટું પણ લાગ્યું. એણે તો આ બધો વૃત્તાન્ત શ્રીમદ્ હેમચંદ્રાચાર્યને જણાવ્યો. એમણે એ પરથી પ્રસંગ કાઢીને 'વન્દનને યોગ્ય કોણ અને વન્દનને અયોગ્ય કોણ' એ વિષે કુમારપાળને ઉપદેશ આપ્યો:—

જ્ઞાનદર્શનયુક્ત, નિષ્કષાય, જિતેન્દ્રિય અને કાયમ સામાયિકમાં જ રહેતા-એવા સાધુ વન્દનને યોગ્ય છે. પણ પાર્શ્વસ્થ (પાસથ્થા) અવષણ્ણ, કુશીલ, સંસક્ત અને સ્વચ્છંદી-એટલા અવંદ્ય છે.

પાર્શ્વસ્થ બે પ્રકારના છે: સર્વપાર્શ્વસ્થ અને દેશપાર્શ્વસ્થ. સદ્જ્ઞાનદર્શને યુક્ત હોય એવાની પાર્શ્વે (પડખામાં) રહેતા હોય તે સર્વપાર્શ્વસ્થ. શય્યાતર આદિક પર નિર્વાહ કરતા હોય તે દેશપાર્શ્વસ્થ.

અવષણ્ણ પણ એ જ પ્રમાણે બે પ્રકારના છે. બહુ શય્યા આદિક રાખનાર અને પોતાને માટે ખાસ તૈયાર કરાવેલ ભોજન લેનારા-એ (૧) સર્વતઃ અવષણ્ણ. અને આવશ્યકાદિક ન્યૂનાધિક કરનારા-એ દેશઅવષણ્ણ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુશીલ ત્રણ પ્રકારના : જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ અને વ્રતકુશીલ. એઓમાં, અકાળે અધ્યયન આદિક કરે–એ જ્ઞાનકુશીલ; જેને જેમાં તેમાં શંકા આદિક બહુ રહ્યા કરે–એ દર્શનકુશીલ; દ્રવ્યપ્રાપ્તિ ઉપાયદર્શન આદિની યોજના કર્યા કરે–એ વ્રતકુશીલ.

પાંચ આશ્રવ સેવનાર; રસગૌરવ–રિદ્ધિગૌરવ–શાતાગૌરવ એ ત્રણ પ્રૌઢ ગૌરવનો ગર્વ રાખનાર; સ્ત્રી ઘર આદિકને વિષે પ્રસક્ત;—આ ' સંસક્ત ' કહેવાય.

પોતે ઉત્સૂત્ર આચરણ કરે અને બીજાઓને પણ એવો ઉત્સૂત્ર ઉપદેશ આપે–એ ' યથાછંદ ' કે સ્વચ્છંદી.

આવાઓને વંદન કરવું એમાં નથી કીર્ત્તિ મળતી કે નથી નિર્જરા થતી. એમાં તો ઉલટો કાયકલેશ તથા કર્મબંધ થાય છે.

શ્રી હેમચંદ્રસૂરિએ આ ઉપદેશ આપ્યો–એ સાંભળી ભૂપતિ સમજી ગયો કે મેં પેલા મુનિને વંદન કર્યું એ કોઇએ જાણી જઇ ગુરુને નિવેદિત કર્યું હશે અને તેથી જ ગુરુજીએ આ ઉપદેશ દીધો છે. એટલે પછી એણે હિમતપૂર્વક કહ્યું—ગુરુરાજ, આજે મને તમે આ ઉપદેશ આપ્યો તે બહુ ઠીક કર્યું. હવેથી હું તમે અત્યારે કહ્યું એ પ્રમાણે જ કરીશ.

હવે પેલો સાધ્વાભાસ તો રાજાએ વંદન કર્યું એથી બહુ શરમાયો, પણ એ હતો ભવ્ય જીવ. એથી મનમાં વિચારવા લાગ્યો કે–મારા જેવા અધમશિરોમણિને ધિક્કાર છે ! અત્યન્ત

દુર્લભ એવું વ્રતરૂપી ચિન્તામણિ હાથમાં આવેલું એ મેં મોહને વશ થઈ પ્રમાદરૂપી સમુદ્રમાં ફેંકી દીધું ! પૂર્વે થઈ ગયા એ મુનિઓ ઉત્તમ પ્રકારની ભોગોપભોગની સામગ્રીને પણ મૂકી દીક્ષા લઈ ચાલી નીકળ્યા હતા ત્યારે મારા જેવો દીક્ષા લીધેલી છતાં આવા કનિષ્ટ ભોગની પણ અભિલાષા રાખે છે. સામર્થ્યને અભાવે દીક્ષા ન લેવી એ સારું, પણ એક વાર લીધી પછી એ મૂકી દેવી એ ભૂંડું એવો માણસ સાચે જ લોકોની નિન્દાને પાત્ર થાય છે. મારા જેવા ભ્રષ્ટને પણ વન્દન કર્યું એ રાજવીને હજાર વાર ધન્ય છે ! એના જેવાને વંદાવનાર મારા જેવાને ફિટકાર છે ! પોતે દુરાચારી હોય ને સદાચારીને પોતાને વાંદવા દે–એવા અનભિજ્ઞને કોઈ જગ્યાએ ઊભા રહેવાનું ઠેકાણું નથી. એવાને માટે નરકમાં પણ સ્થાન નથી, માટે હવે તો મારે સર્વ વસ્તુનો પરિત્યાગ કરી એવું કંઈ કરવું જોઈએ કે જેથી મારે ને એ રાજર્ષિને–બેઉને લેશ પણ શરમાવાનું ન રહે.

એમ વિચાર કરી એ મહાશયે ધન આદિક સર્વ વાનાં અન્ધનવત્ ત્યજી દઈ ગુરુ પાસે આલોચનાપૂર્વક પુનઃ વ્રત લીધું. ફરી દીક્ષા સ્વીકારી. વળી અનશને અને જળ વિના પોતાના પાપના તાપરૂપી આપત્તિ શમશે નહિં એમ સમજી એણે સદ્ય એ જ માર્ગ લીધો. આહારનો ત્યાગ કર્યો, ફક્ત જળ ઉપર રહેવા માંડ્યું. "જો હું મારા કલ્યાણમાં નડતર-રૂપ એવા રાગદ્વેષ ત્યજી દઉં તો, ત્યજતાં દુઃખ ઉત્પન્ન થાય છે એવો મોહ હું સુખેથી ત્યજી શકીશ" એમ વિચારીને હોયની એમ એણે રાગદ્વેષ ત્યજી દીધા. સંસારદાવાનળના

દાહથી બળી રહેલાને સમતારૂપી અમૃતથી શાન્તિ વળે છે એમ સમજીને એણે વળી યથેચ્છ સમતામૃતનું પાન કર્યું.

એ મુનિએ અનશન આદર્યું છે જાણી પોળે પોળના પાટણવાસીઓ હંમેશાં આવી આવીને ભાવના ભાવી પ્રભાવના કરવા લાગ્યા. રાજર્ષિ કુમારપાળને એ વાતની જાણ થઇ એટલે એ પણ હર્ષસહિત પ્રભાવના કરવા આવ્યો. કેમકે પુણ્યનો અંશ મેળવવા કોને ઇચ્છા નથી થતી ? આવીને સૂરીશ્વરને વંદન કરી એ એ મુનિસત્તમને વંદન કરવા જાય છે ત્યાં તો એણે એનો નિષેધ કર્યો. એમ કહીને કે-રાજન્, તમે તો મારા સાક્ષાત્ ગુરુ છો, તમે મને નમો પણ હું કેમ નમવા દઊં ? તમે તે વખતે હાથી પર રહ્યા રહ્યા મને વાંદ્યા ત્યાંથી જ હું અજ્ઞાનાન્ધકાર થકી જાગૃત થયો છું, અને દીક્ષા લઈ અનશન આદર્યું છે. તે વખતે તમે મને વંદન કર્યું ન હોત તો કલ્યાણકારી એવાં આ વ્રત અને અનશન મને ક્યાંથી હોત ? હું સંસારસમુદ્રમાં ડૂબી જવાની અણી ઉપર હતો ત્યાં જ તમારો નમસ્કાર મને એક નૌકાની પેઠે સહાયક-આધાર થઇ પડ્યો. એણે જાણે મને કરાવલમ્બન કરી ડૂબતો બચાવ્યો. આ ધર્માનુરાગી શ્રાવકો પ્રમોદ સહિત પ્રભાવના કરી રહ્યા છે એ તમારા જ સર્વ પ્રસાદના ફળ છે.

એ સર્વ સાંભળી રાજર્ષિએ પણ એને કહ્યું-તમે ખરે જ એક ભવ્યાત્મા છે અને એટલે જ એક નમસ્કાર માત્રથી તમને સદ્ય બોધ થયો. અભવ્ય જીવોને તો સ્વયમ્ વિશ્વવિદ્ જિનપ્રભુ બોધ આપવા માંડે-પ્રતિબોધ દે તો યે જાણે

એઓ સ્થૂલ પાષાણમય હોયની એમ એમને પ્રતિબોધ લાગે જ નહિં. જેમ સુખ કે દુઃખ પ્રાપ્ત થવામાં પ્રાણીને એનાં કર્મ જ હેતુભૂત છે, તેમ ધર્મ કે અધર્મની પ્રાપ્તિમાં પણ એને કર્મ જ હેતુભૂત છે, બીજા તો સાન્નિધ્યમાત્ર કરનારાં છે. આજની ઘડી તમારી ધન્ય છે. તમને ધન્યવાદ ઘટે છે કેમકે તમે આવું દુષ્કાર કાર્ય આદર્યું છે! અલ્પ પણ સુખ મૂકીને બીજું કોણ આવું દુશ્ચર કરવા તૈયાર થાય? જેમ પંકમગ્ન હસ્તી કોઇક જ પોતાનો ઉદ્ધાર કરી શકે છે, તેમ મોહમગ્ન પ્રાણી પણ કોઇક જ ભ્રષ્ટ થયેલા વ્રતનો ઉદ્ધાર કરી શકે છે. તમે સુકૃતને વિષે દૃઢ થાઓ! ઉત્કૃષ્ટ આનન્દના ભોક્તા થાઓ! સંસારને છેદવા સમર્થ થાઓ! અને મોક્ષ-સુખમાં લીન થાઓ.

એ પ્રમાણે એ મુનિવરની સ્તુતિ કરી, તથા આગ્રહપૂર્વક વાંદી, મહીપતિ ચૌલુકયરાયે પુણ્યોદ્યાનને વિષે અમૃતની નીક તુલ્ય એવી પ્રભાવના કરી.

શુભ ધ્યાનરૂપી વાયુને લઈને વિરજ (રજોગુણરહિત, નિર્મળ) થયું છે ચિત્ત જેનું એવા આ અનશની મુનિએ પછી થોડા દિવસમાં કાળધર્મ પામી સ્વર્ગગમન કર્યું.

શત્રુંજય આદિક ઉત્તમ તીર્થોની યાત્રામાં તથા સિદ્ધાન્ત-સાર શ્રવણ આદિક કાર્યોમાં, આમ પુણ્યલક્ષ્મીને લઇને પ્રિય લાગતા, કુમારપાળના દિવસો આનન્દમાં પસાર થયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૫ મું.

એક વખતે પ્રસંગોપાત્ત ચૌલુકયકુલભૂષણ કુમારપાળ નૃપવરે ગુરુવર્ય શ્રીમાન્ હેમચન્દ્રસૂરિને પૂછયું–ત્યારે, મહારાજ, હું પૂર્વભવે કોણ હતો અને આવતે ભવે કોણ થઇશ ? વળી સિદ્ધરાજે મને પારાવાર દુઃખ દીધું અને તમે અને ઉદયન અમાત્ય મારા પર આટલો અવર્ણ્ય વાત્સલ્યભાવ રાખો છો, એનું કારણ શું ? પૂર્વજન્મના એવા કોઇ વિશિષ્ટ પ્રકારના સમ્બન્ધ વિના, કયાંય જીવલેણ શત્રુવટ કે જીવજાન મિત્રતા સંભવે નહિં, માટે તમારામાં જે જ્ઞાન હસ્તી ધરાવતું હોય તે જ્ઞાનવડે જાણી લઇને સર્વ કહો. મારો સંદેહ તમારા સિવાય અન્ય કોઇ ટાળવા સમર્થ નથી.

આચાર્યશ્રીએ કહ્યું–કુમારપાળ, અત્યારે એવું કોઈ જ્ઞાન પ્રવર્ત્તમાન નથી, છતાં એવું સામર્થ્ય ધરાવતા કોઈ દેવી પ્રમુખને પૂછી તારા સર્વ સંદેહ ટાળીશ.

પછી આજ્ઞા માગી રાજવી તો પોતાને મહેલે ગયો એટલે સૂરિએ લાગલા જ સિદ્ધપુર ભણી પ્રયાણ કર્યું. ત્યાં પહોંચી કુમારી સરસ્વતી નદીને તીરે સ્થિત થઈ મંત્રમય સ્નાનથી પવિત્ર થઇ ત્રણ દિવસ પર્યન્ત સૂરિમંત્રનું આરાધન કર્યું.

આરાધનાને અન્તે એ મંત્રની આદ્ય અધિષ્ઠાયિની ત્રિભુવનસ્વામીની દેવી પ્રકટ થઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" મારું શું કામ પડયું ? મને કેમ યાદ કરી, સૂરિજી ? "

" દેવી, તારાં દિવ્ય નેત્ર છે તો જોઈને ચૌલુકયમણિ કુમારપાળના-ભૂત અને ભાવિ-સર્વ ભવ કહે.

દેવી તો હાથની હથેળીમાં રહેલા મુક્તાફળની જેમ સર્વ કંઈ જાણતી હતી એટલે પ્રશ્નકર્ત્તાના પ્રશ્નનો ઉત્તર આપવામાં એને કંઇ વિલમ્બ નહોતો. એણે સર્વ કંઈ કહ્યું. કહીને પુનઃ પોતાને સ્થાને ગઈ.

સૂરીશ્વરે પણ એ જાણી લઇ પાટણ આવી અષ્ટમતનું પારણું કરી કુમારપાળને બોલાવી ( એના પ્રશ્નના ઉત્તરમાં ) કહેવા માંડયું:—

નરવર કુમારપાળ ! મેદપાટ એટલે મેવાડ દેશમાં કોઈ ગગનચુમ્બી પર્વત પર જયન્ત નામનો પરમાર વંશનો પલ્લી· પતિ નિવાસ કરી રહ્યો હતો. મદમત્ત શત્રુઓની સામે સંગ્રામે ચઢી વિજય મેળવવાની ઉત્કટ ઇચ્છારૂપી ખરજને દૂર કરવા-મટાડવા એના પ્રચંડ ભૂજદંડ નિરન્તર એક ઔષધનું કાર્ય સારતા. એ વીરકેસરીએ દુશ્મનોનાં ગામડાં ભાંગી ભાંગીને એક છત્ર સામ્રાજ્ય સ્થાપ્યું હતું. શૂરવીરના શૂરાતનને દુષ્કર શું હોય ?

અન્યદા એક ધનદત્ત નામે સાર્થવાહ પુષ્કળ મૂલ્યવાન વસ્તુઓવડે ભરેલી પોઠ લઇ જયન્તની પલ્લી પાસેથી નીકળ્યો. એના પર તૂટી પડેલા જયન્તના લૂંટારા સુભટોએ આખી પોઠ હાથ કરી. ધનદત્ત માંડમાંડ નાસી છૂટ્યો.

સર્વસ્વ ગયું એટલે ધનદત્તનું હૃદય વિના અગ્નિએ બળવા માંડયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ વિચારવા લાગ્યો–પિશાચો એકઠાં કરી કોઈ રાક્ષસ જેમ લોકોને સતાવે છે તેમ ક્રૂર લૂંટારા ભેગા કરી જયન્ત પલ્લીપતિ મદમત્ત બની વટેમાર્ગુઓને અકથ્ય ઉપદ્રવ કરી રહ્યો છે. એવા દુર્બુદ્ધિનો જો હમણાં જ પ્રતીકાર નહીં કરવામાં આવે તો એ તો એના સ્વભાવે જઈ પુનઃ પુનઃ મારો અને મારા જેવાઓનો પરાભવ કર્યા કરવાનો; માટે હજુ મારી પાસે જે અન્ય પણ કોશસ્થ–ખજાનામાં દ્રવ્ય છે તેની મદદથી કોઈ રાજવીરના સૈન્યની સહાય યાચી એનું તો ઉન્મૂલન કરીશ.

એમ વિચારી મહામૂલ્યવાન ભેટ પ્રમુખ લઈ માળવાના રાજા પાસે જઈ પોતાની વીતક કહી સંભળાવી. એ સમર્થ નૃપતિએ પણ એને સાન્તવન આપતાં કહ્યું–તું તારે ઘેર જા. તારું સર્વ ધન એ ગર્વિષ્ટ જયન્તને પરાસ્ત કરી તારે ત્યાં મોકલાવી આપીશ.

પણ ધનદત્તે કહ્યું—રાજન્, મારે એ દ્રવ્ય ગયું એની કંઈ ફિકર નથી. મેં પ્રતિજ્ઞા કરી છે કે એ ફાટી ગયેલા જયન્તનું કોઈ રીતે એકદમ ઉન્મૂલન જ કરવું, માટે ક્ષત્રિય-વીર, આપ આપનું સૈન્ય મારી સાથે મોકલો કે જેથી હું મારું મનોવાંછિત પૂર્ણ કરું. આપની સહાયથી મારે તો એનું વેર લેવું છે–બીજું કંઈ નહિ.

માલવરાજે એ સાંભળી, વિચાર, કરી પ્રસન્ન થઇ એની સાથે સેનાપતિ સહિત એક મહાબળવાન ફોજ મોકલી.

ધનદત્તે પણ એ સેના સાથે ચાલી નીકળી પેલા દુષ્ટ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લૂંટારાની આખી પલ્લીને જ ઘેરો ઘાલ્યો-એની ચોમેર સૈન્યના સુભટો મૂકી દીધા.

જયન્ત એક અપૂર્વ શક્તિશાળી વીર હતો, પરંતુ સામે આવી પડેલું સૈન્ય દૈત્યસેનાવત્ અતિ દુર્ધર જોઇ પલાયન કરી ગયો.

એના સુભટો અચળ રહી બહુ લડ્યા પરંતુ અન્તે પરાજિત થયા-સાર્થવાહને હાથે હણાયા. પછી તો એણે આખી પલ્લી જ ભસ્મસાત્ કરી-સળગાવી દીધી. જયન્તની પત્ની ગર્ભવતી હતી તે નાસતાં પકડાઈ ગઇ. એનું દુષ્ટબુદ્ધિ વણિક્ સાર્થવાહે ઉદર ચીર્યું-બાળગર્ભનો નિર્દયતાપૂર્વક શિલા પર પછાડી જીવ લીધો.

એ પ્રમાણે વિજયી થઇ પોતાનું સર્વ દ્રવ્ય પણ વ્યાજ સહિત પાછું મેળવી જાણે કૃતાર્થ થયો હોય એમ, ધનદત્ત ઉતાવળો ઉતાવળો માળવે ગયો-માળવરાજને મળ્યો.

એનાં ગર્ભહત્યાના દુષ્ટકૃત્યની વાત એના આવ્યા પહેલાં જ માળવપતિને કર્ણગોચર થઇ હતી. એથી એણે એને જોતાં જ અત્યન્ત કોપાયમાન થઇ સંભળાવી દીધું—

નીચ ધનદત્ત, તું જાતિએ ભલે વણિક્ રહ્યો, પણ તારાં કૃત્ય એક શૂદ્રને પણ શરમાવે તેવાં છે. અરે, તું એટલો બધો નિર્દય થયો કે તેં તારે હાથે એક સ્ત્રીહત્યા, અને બીજી બાળહત્યા કરી! તેં આ જે લોકદ્રય વિરુદ્ધ આચરણ કર્યું તે એક ચંડાળ પણ ન કરે. પાપી તારું મુખ પણ હવે હું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોવા ચ્હાતો નથી. મારાથી દૂર થા. હા ! તારાં દર્શનમાત્રથી પણ હું પાપે લીંપાઉં.

આમ એ દુર્બુદ્ધિ વણિક્‌ની અત્યન્ત તિરસ્કારપૂર્વક નિન્દા કરી, એનું સર્વસ્વ લૂંટી લઈ, ન્યાયી માલવપતિએ એને દેશપાર કર્યો. અતિ ઉગ્ર પાપ આ ભવમાં જ આંબી મળે છે, એ કયાં અજાણી વાત છે ?

ધનદત્તને માલવરાજનો આ તિરસ્કાર અસહ્ય થયો. એને બહુ ગ્લાનિ ઉદ્‌ભવી. હવે એ બીજું શું કરે ? એ વનમાં ગયો. ત્યાં રહી તાપસનું જીવન નિર્ગમતાં આકરી તપશ્ચર્યા કરી. એનાં પ્રાન્તે મૃત્યુ પામી એ દુશ્વર તપને પ્રભાવે પુનર્ભવમાં ( આ ભવમાં ) સમૃદ્ધિશાળી રાજા અવતર્યો–એ રાજા તે ગુર્જરાધિપતિ સિદ્ધરાજ જયસિંહ.

પણ પલ્લીપતિ લૂંટારા જયન્તનું શું ?

પોતાના શૂરા ચોરસહાયકો અને ગર્ભિણી પત્નીને પણ મૂકીને એ નાઠો–એને કયાંય શરણ રહ્યું નહિં. નાસતાં નાસતાં કોઇ નિર્જન જેવા અરણ્યમાં એને અશરણના શરણ એવા કોઇ મુનિવરનો સમાગમ થયો. એ યશોભદ્રસૂરિને ભક્તિ-પૂર્વક નમી એમની આગળ બેઠો. એનું ભવિષ્ય ઉજળું હોવાથી એને એવી મતિ સૂઝી.

સૂરિએ એને એવો દીન–રંક જેવો જોઇ પૂછયું–અરે ભાઇ, તારી આવી અવસ્થા જોઇને મને લાગે છે કે તને કોઇના તરફથી બહુ દુઃખ પડયું છે. કહે, તારી આવી સ્થિતિ કેમ ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જયન્તે પોતાનું સમગ્ર વૃત્તાન્ત–પોતે કેવો લૂંટફાટનો ધંધો કરતો હતો, સાર્થપતિએ પોતાનો કેવી રીતે પરાભવ કર્યો–એ સર્વ એ સજ્જન મુનિવર આગળ નિવેદિત કર્યું. વળી કંઇક ખાવાનું હોય તો આપો એમ દીનતાપૂર્વક કહ્યું.

મુનિવરે કહ્યું–ભાઈ, તારી પાસે અઢળક લક્ષ્મી હતી છતાં કેમ તારે એ સાર્થવાહને લૂંટવો પડ્યો? કોઈ નિર્ધન હોય એ પણ ન કરે એવું અન્યાયી કાર્ય તેં એક ધનવાન રાજા થઇને કર્યું એટલે, તારો પરાભવ થયો એ યોગ્ય જ થયું છે. લૂંટારાને સ્થાનભ્રષ્ટ થવું પડે છે, એના કુળનો નાશ થાય છે, એનો વિભવ સર્વ જતો રહે છે. એવું લૂંટારાનું કાર્ય કોઈ બુદ્ધિમાન તો કરે જ નહિં. જીવિતપર્યન્ત ભલે દરિદ્રતા રહે, ભલે પારકે ઘેર કામ કરવાં પડે, પણ લૂંટફાટ કરીને વિભવ સંપડાવવો ભલો નહિં, માટે ભાઇ, સર્વ દુર્જનોએ જ સ્વીકારેલી છે એવી આ લૂંટારાની–ચોરની પ્રવૃત્તિ ત્યજી દે અને માયાને દૂર ફેંકી દઈ, નિષ્કપટપણે આર્યજનને ઉચિત એવી પ્રશસ્ય પ્રવૃત્તિ આદર. દીવો આવે ને અંધારે અજવાળાં થાય તેમ ગુરુજનનાં એવાં વાકયો સાંભળ્યાં ને જયન્તના હૃદયમાં અજવાળાં થયાં. એને સાચો માર્ગ હાથ આવ્યો, ખોટો પડતો મૂકયો.

પછી તો મુનિવરે વાત્સલ્યને લઇને, કોઇ ભક્તિમાન શ્રાવકને કહી એને ખાવાનું ભાતું અપાવ્યું. એ લઇને એ પોતાને માર્ગે પડ્યો.

ચાલતાં ચાલતાં એક **એકશિલા** નામની નગરીએ પહોંચ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં કોઈ ઓઢર નામના લક્ષ્મીના કૃપાપાત્ર ધનિક વણિકને ઘેર કામ કરવા રહ્યો.

પેલા ભદ્રંકર યશોભદ્ર મુનિવર પણ લોકો પર ઉપકાર કરવાના આશયથી વિહરતા વિહરતા અનુક્રમે તે જ એકશિલાએ આવ્યા. જયન્તને એમનો સમાગમ થયો.

પોતાની દુ:ખી સ્થિતિમાં હિતોપદેશ આપનાર અને ભૂખે ટળવળતો હતો તેવે વખતે ખાવાને અન્ન અપાવનાર એ જ મુનિ છે એ સ્મરણમાં લાવી જયન્ત તો બસ એમની શુશ્રૂષા રાતદિવસ સેવા કરવા લાગ્યો. કોણ કહે છે કે નિર્ધન-દુ:ખી જનોમાં કૃતજ્ઞતા નથી હોતી ?

શેઠના ઘરકામથી વહેલો વહેલો પરવારી જયન્ત પોતાના એ મહાઉપકારી ગુરુ પાસે જઈ બેસવા લાગ્યો એટલે ઘેર ઓછો નજરે પડવા લાગ્યો તેથી શેઠે એકદા એને પૂછ્યું-તું આજ કાલ આખો દિવસ કયાં રહે છે ?

"મારા એક યશોભદ્ર કરીને ગુરુ છે એમની પાસે રહું છું. એમના અમૃત સમાં મધુરાં વચનો સાંભળવાં મને બહુ ગમે છે."

એવા સુધા સમો મીઠો ઉપદેશ સાંભળવાનું ઓઢરને પણ મન થયું. એવા ગુરુના દર્શનની એને પણ વાંછના થઈ. કેમ ન થાય ? વિવેકનો સદ્ભાવ હોય ત્યાં કયા કલ્યાણમાર્ગનો અભાવ હોય ? એ જયન્તને લઈને મુનિશ્રી પાસે ગયો. વન્દન કરી સન્મુખ બેઠો.

મુનિને તો સારી યે આલમ પર વત્સલભાવ હોય, વળી

એમણે ' ભદ્રિકતાનું સાચે સાચું સ્વરૂપ ' જોયું એટલે એ ધનપતિને એણે આર્હત ધર્મનો કંઇક ઉપદેશ દીધો. એ ગ્રહણ કરીને શેઠ ને ચાકર બેઉ ઘેર ગયા.

ત્યાર પછી તો એ બેઉ નિત્ય પ્રભાતના પહોરમાં શય્યામાંથી ઉઠીને તુરત જ ગુરુ પાસે આવી એમનો ધર્મોપદેશ સાંભળવા લાગ્યા. એમ કરતાં કરતાં બેઉને શુદ્ધ શ્રદ્ધા બેઠી અને બેઉએ શ્રાવકધર્મ અંગીકાર કર્યો.

એવો અનેકાન્ત ધર્મ સ્વીકારતાં ઓઢરને બહુ હર્ષ થયો. બદલામાં ગુરુને કહ્યું-પ્રભુ, ગુરુદક્ષિણામાં શું આપું ?

" ગુરુદક્ષિણા ? " મહર્ષિએ આશ્ચર્યસહિત કહ્યું. " મહાનુભાવ ઓઢર, શું તું ગુરુદક્ષિણા માગવાનું કહે છે ? અમે અર્હત્‌ના સાધુ, અમારો સાધુધર્મ નિઃસંગ છે. અમે અપરિગ્રહી છીએ. અમારે અન્ય મતવાળાઓની પેઠે ગુરુદક્ષિણા લેવાની હોય નહિં. "

" પણ ત્યારે આપની હું શી ભક્તિ કરું ? કોઈ પણ રીતે મારે ભક્તિ તો કરવી જ છે. " ઓઢરે આગ્રહ કર્યો.

" તારો આગ્રહ જ છે તો એક જિનમંદિર કરાવ. " મુનિશ્રીએ એને સાચી ભક્તિ જોઈ એની આગળ ભક્તિનો અમૂલ્ય માર્ગ ચીંધ્યો.

સાચા ભક્ત ધનિક ઓઢરે પણ એ સ્વીકાર્યો. એણે શ્રી વીરભગવાનનું એક સુંદર ચૈત્ય બંધાવ્યું, અને એમાં એ જ ગુરુવર્યના નિર્દોષ-પુણ્યવંત હસ્તે, મહા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાતુર્માસ પાસે આવતું હતું અને સૂરીશ્વરને અન્યત્ર વિહાર કરવો હતો, છતાં ઓઢરની આગ્રહભરી અભ્યર્થનાને લઈને એઓશ્રી ત્યાં જ–એકશૈલામાં જ ચાતુર્માસ રહ્યા.

ચાતુર્માસમાં મેઘરાજાની મધુર ગર્જના થવા લાગી અને ભાગ્યવંતના ક્ષેત્રોમાં અંકુરા ફુટવા લાગ્યા તેમ સૂરિરાયની મધુર વાણી (વ્યાખ્યાનમાં) ગર્જવા લાગી અને ભાગ્યશાળીઓના અન્તરમાં ધર્મનાં બીજ રૂટવાં લાગ્યાં. મેઘ એકધારો વર્ષવા માંડ્યો અને ચોમેરથી બાહ્ય કાદવ–કીચડ ધોવાઈ ગયો તેમ સૂરિરાયની પણ એકધારી દેશના સદ્ધર્મનો વરસાદ વરસાવવા લાગી અને લોકોનો અન્તરનો મેલ–પાપપંક જ ધોવાઇ ગયો.

એવામાં પર્યુષણ પર્વ આવ્યું. શેઠ–ઓઢરની સંગાથે ચાકર જયન્તે પણ જિનપ્રભુનું પૂજન–અર્ચન કર્યું. શેઠે પુષ્કળ દ્રવ્ય–સામગ્રી સહિત, તો ચાકરે ફક્ત પાંચ કોડીના ફુલડાંથી–પણ તે શુદ્ધ શ્રદ્ધાએ અને નિર્મળ ભાવે.

જયન્તે વળી તે દિવસે ઉપવાસ પણ કર્યો, અન્ય પ્રવૃત્તિ ત્યાગી ધર્મકાર્યમાં જ ચિત્ત પરોવ્યું. પારણા વખતે વળી શુદ્ધ ભકતપાનથી મુનિને પ્રતિલાભી પછી જ પોતે પારણું કર્યું.

એ શેઠ–ઓઢર અન્તે મૃત્યુ પામીને પૂર્વે ઉપાર્જન કરેલાં પુણ્યસંચયને લઈને આ ભવમાં પણ ઉત્તમ મનુષ્યયોનિમાં ઉત્તમ અધિકારી અવતર્યો અને તે તારો અમાત્ય ઉદયન.

કાર્યકર–ચાકર અપૂર્વ શ્રદ્ધાશાળી જયન્ત પણ કાળધર્મ પામી પુનર્જન્મમાં (આ ભવમાં) એનાં એવાં વિશિષ્ટ પુણ્ય-બંધથી રાજયોગ પામ્યો, અને તે જ તું ગુર્જરરાય કુમારપાળ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



વળી તમે પૂર્વ ભવમાં પાંચ કોડી જેટલાનાં ફુલડાંથી પ્રભુ પૂજા કરી.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

યશોભદ્રસૂરિ પણ આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામી એનાં ગતભવપુણ્યને લઈને આ ભવમાં જિનના સાધુ થયા, અને તે જ હું-તારો ગુરુ-હેમચંદ્ર.

સાર્થવાહનો જીવ જે સિદ્ધરાજ થયો તે પૂર્વભવના વેરને લઈને તારો વધ કરવાના પ્રયત્નો કર્યા કરતો હતો, કેમકે વેર કંઈ જીર્ણ-જૂનાં થતાં નથી, ઊભાં જ રહે છે.

અમાત્ય ઉદયન અને હું બેઉ જણ તારા પર આટલો બધો વાત્સલ્યભાવ ધરાવીએ છીએ તે પૂર્વભવના સ્નેહના મોહને લઇને. પૂર્વભવના સ્નેહીઓ આગામી ભવમાં પણ સ્નેહીઓ જ રહે છે.

તેં પૂર્વભવમાં કેટલોક સમય લૂંટફાટ આદિ પાપકર્મ કર્યાં હતાં તેના પ્રતાપે તને આ ભવમાં કેટલોક કાળ કલેશ સહેવો પડ્યો છે.

વળી પૂર્વે પાંચ કોડી જેટલાનાં પણ ફુલડાંથી તેં પ્રભુપૂજા કરી, અને પૂર્ણ ભક્તિ સહિત સાધુઓને અન્નજળ વહોરાવ્યાં. એથી ઉપાર્જેલાં પુણ્યને લઈને તને આવી અતુલ સંપત્તિ પ્રાપ્ત થઈ છે.

ભક્ત કુમારપાળ, તેં પૂજન તો કર્યું હતું ફક્ત થોડાંશા ફુલડાંથી મુનિને દાન દીધું હતું તે ફક્ત એક જ વખત; પણ એનો મહિમા જોઈ લે, એના પરિણામે આ તારું ઐશ્વર્ય જોઇ લે, કેટલું ઐશ્વર્ય, કેટલી ને કેવી સમૃદ્ધિ! ધર્મનો મહિમા સાચેસાચ અવર્ણનીય જ છે. સહસ્ર જીહ્વાવાળો કહેવાય છે એ શેષ પણ એ કહી શકે નહિં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મપરાયણ કુમારપાળ, તેં પૂછ્યું હતું તે મેં કહ્યું છે-કહી દીધું છે. તારો પૂર્વભવ આ પ્રમાણે કહ્યો છે. મારા કહેલામાં તને લેશ માત્ર સંશય હોય તો તારા કોઇ વિશ્વાસપાત્ર અનુચરને એકશિલા મોકલી તપાસ કરાવ. એ ઓઢરના પુત્રોના ઘરમાં એક સ્થિરદેવી નામે અતિ વૃદ્ધ દાસી હજુ હયાત છે એ સર્વ વાત મૂળથી જ કહી આપશે.

હવે તારા આગામી ભવ વિષે કહું છું કે—

*અહિં તારું આયુષ્ય પૂર્ણ થયે, આ તારું મહાવિદ્વત્તામય જીવન સમાપ્ત થયે, તું આવતે ભવે વ્યન્તર જાતીય દેવયોનિમાં એક મહાસમૃદ્ધ દેવ (ઉત્પન્ન) થઇશ. એકલા પુણ્યના જ અર્થે એ દેવભવમાં પણ અનેક દેવોથી અલંકૃત થઇ સમગ્ર પૃથ્વી પર સકળ શાશ્વતા તીર્થોને દર્શને ફરતો રહેશે. એ દેવ નંદીશ્વરદ્વીપ આદિક સર્વ દ્વીપોને વિષે અઠ્ઠાઇ મહોત્સવ કરશે, અને તે પણ ભાવપૂર્વક સૌધર્મ ઇન્દ્રવત્. એ વળી મહાવિદેહ આદિક ક્ષેત્રોમાં જઈ સન્મુનિઓને નમી નમી એમના ઉપદેશરૂપી અમૃતરસનું આદરપૂર્વક તૃપ્તિપર્યન્ત પાન કરશે. અનેક લક્ષ્મીશી દેવીઓ સંગાથે નન્દનવન આદિક વનવાટિકાઓમાં જઇ યથેચ્છ વિલાસ કરશે.

એમ વ્યન્તરેન્દ્રનો ભવ પૂર્ણ થશે. એટલે ત્યાંથી ચ્યવી આ જ ભરતક્ષેત્રને વિષે ભદ્દિલપુર નામના નગરમાં, શતાનંદ નામના રાજાનો, ધારિણી રાણીની કૂક્ષિએ, મહાવૈભવવાળો, શતબળ

---

* ચારિત્રસુંદરગણિની માન્યતા પ્રમાણે કુમારપાળનું મૃત્યુ વિષપ્રયોગથી થયું છે : **विषप्रयोगात् समवाप्य मृत्युं स्वर्धाम यातास्ति समाधिलीनः ।**

નામે પુત્ર થશે. તે બાલ્યાવસ્થામાં જ સકળ કળાઓ પ્રાપ્ત કરી સર્વ વિદ્વાનોનો શિરોમણિ રહી, જાણે બૃહસ્પતિ હોયની એવો સર્વ શાસ્ત્રપારંગત થશે. એનો સમાગમ ઇચ્છતી આવતી એવી પણ પરસ્ત્રીઓને તો એક સુશ્રાવકવત્ વર્તતો હતો એ, યુવાનીમાં પણ શીલવ્રતનું અનુપાલન કરતો રહેશે.

પછી વળી રાજ્યગાદીએ આવશે ત્યારે, કોઇ અન્યની શિક્ષા વિના પણ, પૂર્વભવના જીવદયાના યોગે જ રાજ્યમાં અહિંસા પ્રવર્ત્તાવશે.

સાક્ષાત્ દેહધારી પરાક્રમ હોયની એવા શબ્દકારક સૈન્યોની સહાયથી એ લીલામાત્રમાં એક ચક્રવર્તી રાજવીની પેઠે સમગ્ર પૃથ્વીને જીતી લેશે.

એ અરસામાં અનન્ય વીરભક્ત શ્રેણિક રાજાનો જીવ પહેલી નર્કથી નીકળી આ ભરતક્ષેત્રમાં જ પદ્મનાભ નામે તીર્થંકર થશે. પ્રવ્રજ્યા લઈ તપશ્ચર્યા કરી કરીને કર્મમાત્રનો ક્ષય કરી નાખી, કૈવલ્ય પ્રાપ્ત કરી, અનેક અર્થીજનોથી સેવાતા કોઈ દાનવીરની જેમ સાધુસમુદાયથી સેવાતા પૃથ્વીપીઠ પર વિહરતા વિહરતા એ જિનપ્રભુ એકદા જાણે જંગમ કલ્પવૃક્ષ-હોયની એમ, પુણ્યને યોગે એ શતબળના જ ભદ્દિલપુર નગરે સમવસરશે. કોઈ સાધર્મિકનું આગમન સાંભળી એક સજ્જનને થાય એવા હર્ષ સહિત શતબળ પ્રભુનું આગમન સાંભળી એમને વંદન કરવા જશે. ત્યાં સંસાર–દાવાનળના દાહથી અત્યન્ત તપી ગયેલા જેવો એ રાજન્ પ્રભુની અમૃતશી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મીઠાશભરી ઉપદેશાત્મક વાણી સાંભળી, પ્રતિબોધ પામી, રાજ્યભાર પુત્રના સ્કંધ ઉપર નાખી, એમની જ આગળ, પુણ્યશ્રીની સહચારિણી એવી દીક્ષા ગ્રહણ કરશે.

એમ શ્રી જિનપ્રભુ જેવાને હાથે દીક્ષિત થઇ, દ્વાદશાંગીનું સંપૂર્ણ જ્ઞાન મેળવી, એમના ગણધર સમુદાયમાં અગ્યારમે પદે રહી, અતિ કઠિન તપશ્ચર્યા કરી, કર્મમાત્રને ખપાવી દઈ શતબળ મુનિ કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે.

પછી એ જ અદ્વિતીય જ્ઞાનરૂપી સૂર્યને પ્રકાશે અખિલ વિશ્વને પદ્મવત્ પ્રબુદ્ધ કરી એ મહાશય પ્રાન્તે મુક્તિરમણીનો વરદ હસ્ત પ્રાપ્ત કરશે–મુક્તિ પામશે.

( શ્રી હેમચન્દ્રસૂરીશ્વર કહે છે– ) એ પ્રમાણે કુમારપાળ, મેં કહ્યું એમ, આથી ત્રીજે ભવે, શ્રી જિનપ્રણીત ધર્મને પ્રભાવે તને નિઃશંક મોક્ષ પ્રાપ્ત થશે.

યાદ રહે કે–આ તારા ભૂત અને ભાવી ભવ શ્રી સૂરિમંત્રની અધિષ્ઠાત્રી દેવીએ મને કહ્યા પ્રમાણે જ મેં તને કહી સંભળાવ્યા છે.[1]

---

૧. આ પછી ચારિત્રસુંદર ગણિકૃત કુમારપાળના ચરિત્રમાં શ્રી હેમચન્દ્રસૂરિ—

वयमपि चिरकालं संयमं पालयित्वा स्वनशनविधिना च प्राप्य मृत्युं सुखेन ।
निखिलसुखमनोज्ञं देवलोकं तुरीयं निहृतसकलशोकं संगमिष्याम आर्य ! ॥

'અમે પણ ચિરકાળ સંયમ પાળી અનસન વિધિએ સુખે મૃત્યુ પામી દેવલોકે જશું' ઈત્યાદિ—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતા ઉપર જેમની અનન્ય કૃપા વરસી રહી છે. એવા અદ્વિતીય ગુરુરાજ પાસેથી "પોતાની હવે નજદીકમાં જ 'સિદ્ધિ' છે-પોતે એક આસન્નસિદ્ધ જીવ છે" એમ જાણી કુમારપાળને ત્રણ જગતમાં પણ ન સમાય એવો હર્ષોલ્લાસ થયો. હજુ તો જે વસ્તુ મળવાની વાર છે તે વસ્તુ જાણે મળી જ ગઈ હોય એમ એને લાગ્યું.

એ વખતે એણે સૂરિરાયને સંબોધીને કહ્યું:-પૂજ્ય ગુરુરાજ, જ્ઞાન ઘટતું જાય છે એવા આ ઉતરતા કળિયુગમાં સર્વજ્ઞવત્ અતીત અને અનાગત કહેનારું આપ સિવાય કોણ છે? જેમ ભગવાનની વાણી કદિ અસત્ય હોય નહિં તેમ આ દેવીની વાણી પણ એ પ્રભુના ધ્યાનાતિશયને લઇને કદિ અસત્ય હોય નહિં. પરંતુ માત્ર કૌતુકને લઈને, આપ આદેશ કરો તો મારા ગુપ્તચરને એકશિલાએ મોકલી એ વૃદ્ધ દાસીને પૂછાવી જોઉં.

ખુશીથી પુછાવી જો, અને તે પણ વિગતવાર પુછાવી જો એમ ગુરુશ્રીએ પણ કહ્યું. એટલે રાજવીએ તરત જ પોતાના આપ્તજનને એકશિલા મોકલ્યો. કૌતુકીને આળસ કેવું?

એ આપ્તજને પણ એકશિલા પહોંચી ઓઢરના પુત્રોને ઘેર વૃદ્ધાદાસી સ્થિરદેવીને સર્વ વૃત્તાન્ત અથેતિ પૂછયું. વળી ઓઢરે પોતે બંધાવેલું શ્રીવીરનું ચૈત્ય પણ ત્યાં હતું તે પણ એણે જોયું. ત્યાંથી પાછા આવીને સમગ્ર વાત કુમારપાળને યથાસ્થિત કહી તે સાંભળીને એને ગુરુના કહેવા પર પ્રતીતિ થઇ અને શ્રીસંઘ સમક્ષ 'કલિકાલસર્વજ્ઞ' એવું બિરુદ આપ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક વખત ચૌલુકયરાયે રાત્રે એકાન્તમાં શ્રીહેમચંદ્રસૂરિજીને પૂછ્યું–ગુરુરાજ, હવે મારી વૃદ્ધાવસ્થા થઇ. હું યે જોઉં છું ને તમે પણ જુઓ છો, પણ મારે તમારા જેવા સર્વ વિદ્યા-વિશારદ ગુરુ હયાત છતાં ગૃહસ્થાશ્રમના ફળરૂપ એક પુત્ર પણ થયો નહિં. હું કેટલો નિર્ભાગી ! આ અન્તિમ અવસ્થામાં મારા અંગ કૃશ–દુર્બળ થતાં જાય છે. મારી પાછળ મારે આ રાજપાટ કોને સોંપતા જવું એની ચિન્તા થાય છે. હવે તો પ્રભુ, રાજ્યની યોગ્ય વ્યવસ્થા કરીને હંસવત્ સમતા રસના સરોવરમાં ઝીલું–મૃત્યુ આવે ત્યાં સુધી એમાં જ જાણે રમ્યા કરું એમ થાય છે, તો કહો કે આ મારું રાજ્ય મારા ભત્રીજા અજયપાળને: સોંપતો જાઉં કે ભાણેજ પ્રતાપમલ્લને સોંપતો જાઉં ?

સૂરિરાયે વિચાર કરીને કહ્યું–અજયપાળ દુરાશયી છે, એ રાજયયોગ્ય નથી. રાજ્ય મળશે એટલે તો એ જાણે વેર વાળતો હોયની એમ મદમત્ત થઇ સર્વ ધર્મસ્થાનોનો વિનાશ કરશે. તારો ભાણેજ પ્રતાપમલ્લ છે, એ એના જેવો દુર્બુદ્ધિ નથી. એટલે એને રાજ્ય સોંપવાથી પરિણામ હિતકર થશે. વારસો સોંપવો તે ગુણ જોઇને સોંપવો, ફક્ત સંબંધ જોઇને સોંપવો નહિં. પુત્ર–શનિ હયાત છતાં સૂર્યે પોતાનો પ્રકાશગુણ કોને સોંપ્યો ? દીપકને સોંપ્યો.

'કરવાનો સમય આવશે ત્યારે આપ કહો છો તેમજ કરીશ ' કહી કુમારપાળ આજ્ઞા માગી સ્વસ્થાનકે ગયો.

હવે, કુમારપાળ અને શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વચ્ચે જે આ ગુપ્ત મંત્રણા જેવું થયું તે નજીકમાં બેઠેલા બાળચંદ્ર નામે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શિષ્ય સાંભળી ગયો. એને ગુરુશ્રી પ્રત્યે ગુરુબુદ્ધિ નહોતી, એમના પ્રત્યે એનો અભાવ હતો. શ્રી વીરપ્રભુ પ્રત્યે જેવું ગોશાળાનું તેવું શ્રી હેમચંદ્ર પ્રત્યે એનું દુષ્ટ આશયભર્યું વર્ત્તન હતું એવો એ કુશિષ્ય હતો. એણે સર્વ વાત તરત જ પોતાના બાળપણથી જ મિત્ર જેવા થઈ રહેલા અજયપાળને કહી દીધી.

અજયપાળે એ સાંભળી કહ્યું—આવી અતિ ગુપ્ત વાત તેં ભલી સાંભળી લીધી—એ તેં બહુ ઠીક કર્યું. આપણી મૈત્રીલતાને તેં સાચેસાચ ફલિત કરી. રાજાનો ગુપ્ત અભિપ્રાય તેં સાંભળી લીધો એ મારે કર્ણગોચર થયો એ તારી જ મૈત્રીનું અભીષ્ટ ફળ. હું તને વચન દઉં છું કે જો આ રાજ્યગાદી મને મળશે તો ત્યારે શ્રી હેમચંદ્રાચાર્ય જેમ કુમારપાળના ગુરુને સ્થાને છે તેમ તું મારા ગુરુને સ્થાને સમજજે.

આજથી હવે ભત્રીજો કાકા પ્રત્યે પૂર્ણ દ્વેષ કરવા લાગ્યો, પણ એમાં આશ્ચર્ય જેવું શું ? રાજ્યકારણ એવાં જ હોય છે. શ્રેણિક અને કોણિક બાપ દીકરો હતા છતાં એમને પરસ્પર ક્યાં ઓછું વેર હતું ?

આ વખતે શ્રી હેમચંદ્રસૂરિને ૮૪ વર્ષ પૂરાં થયાં. એ દરમ્યાન એમણે શબ્દાનુશાસન આદિક અનેક વ્યાકરણ–કાવ્ય–કોશ વગેરે ઉત્તમોત્તમ નવા ગ્રંથો રચ્યા હતા. નૂતન ગ્રંથો રચવા આદિકના કાર્ય કરતાં છતાં એ પોતાનો ક્રિયામાર્ગ કદાપિ ચૂકતા નહિં,–એમાં તો નિરન્તર સ્થિત જ રહેતા, વળી અન્ય બીજા ખપી જીવોને પણ એમાં સ્થિર કરતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તપશ્ચર્યામાં છઠ્ઠ, અટ્ઠમ પ્રમુખ કરતા અને એમ કરીને ધર્મની ઉન્નતિ કરતા, ચન્દ્રમા કુમુદગણને ઉલ્લસાવે છે એમ શ્રી જિનપ્રભુનો મત ઉલ્લસાવવામાં સતત પ્રયત્નશીલ રહેતા.

ચોરાશી વર્ષ પૂર્ણ થયાં અને એમને કોઇ એવા વિશિષ્ટ જ્ઞાનને યોગે જણાયું કે મારો અન્ત હવે નજીકમાં જ છે એટલે એમણે ગચ્છનો ભાર પોતાના ગુરુભાઈ શ્રી પ્રદ્યુમ્નસૂરિને સોંપ્યો. વળી શ્રીસંઘ તથા કુમારપાળને બોલાવીને એમની સમક્ષ યથાવિધિ અનશનવ્રત ગ્રહણ કર્યું. એમનાં દર્શન જાણે જન્મ ધરીને કર્યા જ ન હોય એમ લોકો સમૂહબદ્ધ ચોદિશથી એમના દર્શને આવવા લાગ્યા. એ વખતે એમણે છેવટની એકલી વૈરાગ્યમય દેશના આપી—જે સકળસંઘે અને રાજાએ પણ અપહિત ચિત્તે—એકાગ્ર મને શ્રવણ કરી.

દેશનામાં એમણે કહ્યું:—

संसारेऽत्र गलत्सारे भविनां कर्मयोगतः ।
चतुर्ष्वपि भवेष्वस्ति न मनागपि निर्वृतिः ॥

" આ ચતુર્ગતિ અસાર સંસારમાં ભવિજીવોને, કોઈ એવા જ કર્મના યોગે, લેશ પણ નિવૃત્તિ–સુખ નથી.

કારણ ? કારણ એ કે—

પ્રથમ તો આ જીવો અનન્તકાળ પર્યન્ત નિગોદનેવિષે રહે છે. ત્યાં એક ઉચ્છ્વાસને આંતરે એમનાં સત્તર સત્તર વાર જન્મ મરણ થાય છે, એમાં એઓ નિરન્તર જે અસહ્ય દુઃખ અનુભવે છે તે કોઈ રીતે વર્ણવ્યાં જાય એમ નથી. નરકમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નારકોને ( નરકના જીવોને ) જે તીવ્ર કલેશપરંપરા ભોગવવી પડે છે એના કરતાં અનન્તગણું દુઃખ નિગોદના જીવોને સહન કરવાં પડે છે. ત્યાંથી માંડ માંડ નીકળીને એઓ પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય અને વાયુકાયમાં અસંખ્યાત ઉત્સર્પિણી પર્યન્ત રહે છે. ત્યાંથી પણ કથંચિત્ નીકળીને સહસ્રો વર્ષ સુધી વિકલેન્દ્રિયમાં રહે છે, ત્યાં પણ દુઃખની સીમા નથી. ત્યાંથી નાના પ્રકારના ભવોમાં ભ્રમણ કરી પંચેન્દ્રિયત્વ પ્રાપ્ત કરી જળચર, સ્થળચર અને ખેચર તિર્યંચની યોનિમાં આવે છે.

જળચરોમાં, સ્થૂળશરીરી મત્સ્ય આદિકને ક્રૂર પ્રાણીઓને હાથે તીક્ષ્ણ પરશુવડે કાષ્ટવત્ વહેરાવા પર્યન્તનાં અકથ્ય કષ્ટ સહેવાં પડે છે.

સ્થળચરોમાં, બળદ આદિ જીવોને ભૂખ, તરસ, અંગચ્છેદ, છવિચ્છેદ, ડામ, ભારવહન આદિને લઇને જે અતિ દારૂણ કલેશ થાય છે તે આપણે સૌ પ્રત્યક્ષ જોઇએ છીએ. મૃગલાં જેવાને વળી જાળ અને એવા જ અન્ય પ્રયોગોવડે બાંધીને માંસલોલુપી જીવો તેલ વગેરેમાં પકાવે છે.

ખેચરોમાં, અનેક જાતનાં પક્ષીઓને નિર્દય ખાટકીઓને હાથે શૂળીમાં પરોવાઇને ચૂલે ચડવું પડે છે.

આ બધું વિચારીએ છીએ ત્યારે મુખમાંથી ખેદસૂચક હાહાકાર શબ્દો નીકળી જાય છે.

એ બધા અશરણ જીવો એ યોનિમાં સહસ્રધા પાપ કરી કરીને નરકગતિ જ પામે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં પણ એમને લલાટે એવા જ લેખ લખાયલા છે. ઉત્પન્ન થતાંની સાથે જ એમને અંગચ્છેદ, અગ્નિદાહ, ચક્ષુકર્ષણ આદિરૂપ અનેક ઘોર યાતના સહેવાની હોય છે. આ યાતના તો પરમાધામી દેવો તરફની છે, પરંતુ પરસ્પર-કૃત પીડાઓનો યે કંઇ પાર નથી. એઓ માંહોમાંહે પણ પૂર્વભવનાં વેર સંભારી સંભારીને એક બીજાનાં શસ્ત્રાઘાતો-વડે ખાંડણીમાં ખંડાતા અનાજના કણીઆની જેમ રેખરેખ થઇ જાય છે. વળી અગ્નિ પર કુંભીપાકવત્ રંધાવું પડે છે એ વખતે એમને જે દુઃખ થાય છે તે સહસ્ર જિહ્વાએ પણ કહ્યું કથાતું નથી.

આ નરકમાંથી કથંચિત્ કોઇ સુકૃતને યોગે ઉદ્ધાર થાય છે ત્યારે વળી સ્ત્રીજાતિના, નરકથી લેશ પણ ઉતરતા નહિં એવા, ગર્ભમાં ઉત્પત્તિ થાય છે. શરીરને રોમે રોમે તપાવેલી સોયવડે ભેદતાં જે કષ્ટ થાય તે કરતાં આઠગણું દુઃખ જીવને ગર્ભને વિષે થાય છે. જઘન્ય ઓછામાં ઓછા આઠનવ માસ અને ઉત્કૃષ્ટ કવચિત્ બાર+ વર્ષ પર્યન્ત ગર્ભમાં અધોમુખે રહ્યા કેડે જન્મતી વખતે જે વ્યથા જીવને થાય છે તે વ્યથાથી એઓ મરણોન્મુખ જેવા થઇ જાય છે. વળી બાલ્યકાળ આદિક ત્રણે અવસ્થાઓ એ કેવી રીતે પસાર કરે છે? ચોમેર દુઃખે ઘેરાયલાની જેમ જ. બાલ્યાવસ્થામાં અશુચિત્વની પીડા, યુવા-વસ્થામાં વ્હાલાનાં વિયોગ–વિરહનાં દુઃખ, અને ત્યાર પછી, છેવટે વૃદ્ધાવસ્થામાં અંગ રહી જાય, આંખે અંધાપો આવે,

+ સિદ્ધરાજ બાર વર્ષ સુધી માતાના ગર્ભમાં રહ્યો હતો, એમ ઋષભદાસકૃત કુમારપાળના રાસમાં વાત છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાન બ્હેર મારી જાય ઇત્યાદિ અનેક રીતે કલેશ ને કલેશ જ છે. કોઇને નિર્ધનતાનું દુઃખ, કોઇને સ્ત્રી ન મળતી હોય એનું દુઃખ, કોઇને પુત્ર સાંપડતો ન હોય એનું દુઃખ, કોઇને જિંદગીભર દાસત્વ-ગુલામીમાં સબડવું પડતું હોય એનું દુઃખ, કોઇને સબળ શત્રુની સામે સંગ્રામમાં ઉતરવું પડતું હોય એનું દુઃખ, તો કોઇને વળી માતતાત આદિના તિરસ્કાર-મેણાં સહન કરવાં પડતાં હોય એનું દુઃખ-આમ ચોમેર દુઃખનો વરસાદ વરસે છે, સુખનો છાંટો યે નથી દેખાતો.

મનુષ્ય માત્ર આમ સુખથી વિવર્જિત છે, પણ એમાં કોઇ ભદ્રિક વ્યક્તિ દાન આદિક ઉત્તમ કાર્યો કરવા થકી પુણ્યબંધ કરે છે તો તે ત્યાંથી મૃત્યુપછી દેવગતિમાં પણ જાય છે. કહેવાય દેવગતિ, દેવ એટલે રિદ્ધિસિદ્ધિના અનેકવિધ ભોગો-પભોગના-ભોક્તા સમજાય. પણ એ સમજણ સાચી જ નથી. ઘેરઘેર માટીના ચુલા છે. દેવલોકમાં પણ કિલ્વિષિક આદિક દેવો છે એમાં ઘણા એમના પૂર્વના દુષ્કર્મો ઉદય આવ્યે સ્વામિની સેવા ઉઠાવી ઉઠાવીને ખિન્ન ખિન્ન થઈ જાય છે. કેટલાક ઓછી સમૃદ્ધિવાળા હોય છે એઓ અન્યની, સ્ત્રી અને લક્ષ્મી પરત્વે ઉત્કૃષ્ટતા જોઇને બળી મરે છે. ઘણા વળી કામાન્ધ હોય છે. એઓ બીજાની મનહરણી દેવીઓ ઉપાડી જાય છે અને કૃષ્ણરાજી વિમાનોમાં ક્યાંય સંતાઇ રહે છે. પણ એવા શક્તિવાળાને માથે પણ સમર્થ ધણી છે. એમના ઉપરી ઇન્દ્ર છે. એ ઇન્દ્ર એવા કામાન્ધોને શિક્ષા કરે છે. એમના મસ્તક પર એવા વજ્રપ્રહાર કરે છે કે એઓ એથી મૂર્છા ખાઈ જાય છે અને છ છ માસ પર્યન્ત અવિરત આક્રંદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યા કરે છે. વળી બીજું; અસાધારણ વૈભવશાલી દેવત્વમાંથી એમનો પુનઃ દુર્ગતિમાં અધોપાત થવાનો છે એમ એમને જાણ થાય છે ત્યારે એમને જે નિરાશા થાય છે તે શબ્દોમાં વર્ણવી જાય એવી નથી.

આમ દેવોમાં પણ ઈર્ષ્યા, માન, માયા, લોભ, ઉદ્વેગ, ભય આદિક અથાગ છે. એવા એવા દોષોથી એમનો આત્મા કલુષિત છે. એટલે પછી એમને ય સુખ કયાંથી? સુખનાં સ્વપ્ન પણ કેવાં?

આમ નિઃશેષ સંસાર એકાન્ત દુઃખમય છે એમ સમજી વિવેકી મનુષ્યમાત્રે એકાન્ત સુખમય એવી મુક્તિ જ સાધવી, જન્મમરણનો ફેરો ટળી જાય એવા જ પ્રયત્ન આદરવા. એ મુકિત પ્રાપ્ત કરવા માટે પ્રથમ જરૂરીઆત 'આત્મજ્ઞાન' ની છે. न हि बीजात् परं किंचित् अंकुरोत्पत्तिकारणम्। જેનાથી 'આત્મા' ની ઓળખ પડે તે જ શાસ્ત્ર, તે જ વિવેક, તે જ ચારિત્ર, તે જ તપ, તે જ ધ્યાન અને તે જ સમાધિ સમજવી. આ સર્વ જ્ઞાનપરત્વે જેઓ પોતાને બૃહસ્પતિ સદૃશ સમર્થ કહેવરાવે છે એઓ પણ આત્માની ઓળખમાં તો જડ જેવા છે, આત્માને ઓળખવામાં એમની બુદ્ધિ કુંઠિત-મંદ જેવી છે. મહા મોહનિદ્રામાં ઘોરતા આ સમગ્ર વિશ્વમાં ફક્ત જ્ઞાન-લોચન એવો 'આત્મજ્ઞ' જ જાગ્રત-જાગતો છે. આત્મા છે તે પાપરૂપ કાજળથી વ્યાપ્ત છે. તે શુદ્ધ ઉજ્જવળ ત્યારે જ થાય કે જ્યારે સદ્ધ્યાનરૂપ જળવડે એનું સમ્યક્ પ્રકારે પ્રક્ષાલન થાય. વળી ધ્યાન ધરનારમાં વિશિષ્ટ યોગ્યતા જોઈએ છીએ. ધ્યાનને ઉચિત તે જ વ્યકિત છે કે જેણે સમસ્ત ઇન્દ્રિયોને

દાબી દીધી છે, કષાયોને બાળી નાખી ફેંકી દીધા છે, અને અન્તઃકરણને વૈરાગ્યમય અને મૈત્રી-કરુણા આદિ ભાવનામય કરી દીધું છે.

આત્મજિજ્ઞાસુએ ધ્યાવાના ચાર પ્રકારના ધ્યાન છે. (૧) પિંડસ્થ ધ્યાન, (૨) પદસ્થ ધ્યાન, (૩) રૂપસ્થ ધ્યાન અને (૪) રૂપવર્જિત-અરૂપી ધ્યાન.

(૧) કાયસ્થ, કર્મનિર્મુક્ત, જ્ઞાનવાન્ પરમ ઇશ્વર જિન-ભગવાન છે-એવું ધ્યાન ધરીએ એ પિંડસ્થ ધ્યાન.

(૨) હૃદયકમળને વિષે અર્હન્મય, ઉજ્જવળ મંત્રપદોનું ચિન્તવન કરીએ એ પદસ્થ ધ્યાન.

(૩) સમવસરણને વિષે પ્રાતિહાર્ય સહિત રહેલા છે એ સ્થિતિએ પ્રભુનું ધ્યાન ધરીએ એ રૂપસ્થ ધ્યાન.

(૪) અમૂર્ત, ચિન્મય, સિદ્ધ, જ્યોતિરૂપ અને નિરંજન પરમાત્મા છે એમ ચિન્તવન કરીએ એ અરૂપી ધ્યાન.

એ ચતુર્વિધ ધ્યાન ધ્યાવાથી જીવ એ જ ભાવના એ વાસિત તન્મયતા પામે છે; જેમ એક કીટક ભ્રમરનું જ સતત ચિન્તવન કરતાં ભ્રમર બની જાય છે. એમ અને એ તન્મય-તાને લીધે આ અન્તરાત્મા પરમાત્માને વિષે એવો તો લીન થઇ જાય છે કે ધ્યાતા અને ધ્યાન બેઉનો છેદ થઇને એની સાથે જ ઐકય બંધાઇ જાય છે. પછી ઘાતી કર્મોને નિર્મૂળ કરી, કેવળજ્ઞાન પામી, સારું યે વિશ્વ નજર આગળ તરતું હોય એમ દેખે છે. અહિં પણ સકળ કલેશનો ક્ષય કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવન્મુક્ત થઈ આત્મા પરમાત્માની જેમ પરમાનંદપદ પ્રાપ્ત કરે છે. અન્તે શૈલેશીકરણથી શેષ કર્મોને ખપાવી કાયા વોસ-રાવીને આત્મા પરમાત્મા જ બની જાય છે અને મોક્ષસુખમાં લીન થાય છે. સર્વે યે દેવોનું સર્વકાલિક સુખ એકત્ર કરીએ તો યે એ મોક્ષના સુખના અનન્તમા ભાગ જેટલું પણ ન થાય. એવું મોક્ષનું સુખ છે.


માટે હે ભવ્ય જીવો! પ્રમાદમાત્ર ત્યજી એવા પ્રયત્નશીલ થાઓ કે એ મોક્ષસુખ તમારા આગળ આવીને ઊભું રહે અને તે તમે તમારે હાથે જ ઉચકી લઇ શકો. અત્યારે કાળના એવા માહાત્મ્યને લઇને મુક્તિ જો કે વિદ્યમાન નથી, મોક્ષ નથી, તો યે, આત્માને વિષે રમણતા હશે તો અન્ય ભવે યે મળશે.

એ પ્રમાણે શ્રી હેમચંદ્ર આચાર્યે સભા સમક્ષ ઉપદેશ આપ્યો. દેશના પૂરી થઇ, અને ઘણા ભવ્ય જીવોએ સમ્યકત્વ ગ્રહણ કર્યું, ઘણાઓએ અનેક અભિગ્રહ લીધા; કારણ કે પુનઃ મળવા દુર્લભ, આવે અવસરે લેવાયા એ લેવાયા.

એ વખતે રાજર્ષિ કુમારપાળે ઊભા થઇ ગુરુશ્રીના ચરણમાં પડી એમને ખમાવતાં ખમાવતાં અશ્રુપૂર્ણનેત્રે ગદ્ગદ્ વાણીએ કહ્યું:

પ્રભુ! આવું શ્રેષ્ઠ અન્તઃપુર, આવું સમૃદ્ધ રાજ્ય અને આવું અનુપમ સુખ આદિક તો ભવે ભવે મળે, પરંતુ તમારા જેવા ગુરુ મળવા દુર્લભ છે. તમે મને એકલો ધર્મ માત્ર જ નથી આપ્યો, મને જીવિત પણ આપ્યું છે. મારું અનેક રીતે કલ્યાણ ને કલ્યાણ જ કરી મને પૂરો ઋણી કર્યો છે; એ ઋણ હું કેવી રીતે ફેડીશ? તમે આપતા હતા એવો ધર્મક્રિયાનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



એ વખતે રાજર્ષિકુમારપાળે ઊભા થઈ ગુરૂશ્રીના ચરણમાં પડી ગદ્‌ગદ્‌વાણીએ કહ્યું

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

અખંડ બોધ તમારી પાછળ મને કોણ આપશે ? આ અગાધ મોહસાગરમાં ડુબતાં મને નિર્યામણારૂપી કરાવલંબન આપી કોણ બચાવશે ? મેં તમારા પદપંકજની પર્યુપાસના કરી છે એ જો મનવાંછિત આપી શકતી હોય તો હું એટલું જ માંગું છું કે–એથી મને મારા મોક્ષ પર્યન્ત ભવે ભવે તમે જ મારા ગુરુ થાઓ–તમારો જ હિતોપદેશ મને મળે.

રાજા કુમારપાળવડે એવા વિલાપપૂર્વક ઉચ્ચરાયલા શબ્દોએ શ્રી હેમસૂરિ જેવા વેરાગીનું પણ હૃદય ભેદ્યું. નેત્રદ્વયમાંથી અશ્રુધારા વછૂટી–એને માંડ માંડ ખાળી, પગે પડેલાને કષ્ટપૂર્વક ઉઠાડી ગંગાની લહેરો જેવી નિર્મળ વાક્યવાણીમાં એમણે એને સંબોધીને કહ્યું;–

સૌરાષ્ટ્રના ચક્રવર્તી જેવાં રાજા, પણ મારા તો અનન્ય ભક્તિમાન્ શિષ્ય–કુમારપાળ ! હું સ્વર્ગગમન કરીશ, ત્યાં (સ્વર્ગમાં) રહેતાં પણ તારા જેવા સાચા ભક્તના હૃદયમાં તો કોતરાઈ ગયા જેવો છું, એટલે તારી સાથે જ છું; તારાથી છૂટો નથી. શ્રી જિનપ્રભુના ધર્મનું પૂર્ણ મનઃશુદ્ધિએ આરાધન કરી રહેલા તારા જેવાને મોક્ષ પણ દુર્લભ નથી તો સદ્‌ગુરુ કેમ દુર્લભ હોય. મારા વચનથી જ તેં જિનધર્મ અંગીકાર કર્યો અને પૃથ્વી પર પણ એનું સામ્રાજ્ય સ્થાપ્યું, એને ચૌદિશ વિસ્તાર્યો એમાં જ તારું ઋણ સર્વ ફેડાઈ ગયું છે. તું મારો અનૃણિ થયો છે. વળી અનેક ક્રિયાભ્રષ્ટ વ્યક્તિઓને પુનઃ ક્રિયામાર્ગમાં લાવનાર તારા જેવાને મારે શિક્ષા–વચનો કહેવાનાં શા હોય ? મને તો મારે સત્ક્રિયા સ્થાપનાચાર્ય કહીને સંબોધવો જોઈએ. વળી તું મોહથી પરાજિત થવાની

વાત કરે છે, તો કહેવાનું કે તેં જેનો પૂર્વે સર્વ જનતા સમક્ષ પૂર્ણ પરાજય કર્યો છે એ તારો પર્યન્તે પણ કેવી રીતે પરાભવ કરી શકશે? માટે સહજ ધૈર્યવડે તારા મનને દૃઢ કર–એને ધૈર્યરૂપ કવચથી સુરક્ષિત કર. કારણ કે મારા મૃત્યુ પછી તારૂં મૃત્યુ કંઇ દૂર નથી. તે વખતે તારા મૃત્યુકાળે તું ખામણાં, અનશન આદિક સમ્યક્ પ્રકારે કરજે. સમજ જો કે તે વિના તેં પૂર્વે પુણ્ય ઉપાર્જન કર્યું છે "રાખમાં હોમ કર્યા" જેવું છે. વળી આ લોક સંબંધી સર્વ કંઇ ક્રિયા કરવાની હોય તે તું પોતે જ કરી લેજે, તારે કોઇ સંતાન નથી કે જે એ તારી પાછળ કરે.

ગુરુનાં એ સર્વ વચનો ભૂપતિએ શાસ્ત્રનાં વચનો હોયની એમ મનમાં ધારી લીધાં. ત્યાંથી ઉઠીને વળી એણે બહુબહુ ભક્તિપૂર્વક પ્રભાવના પણ કરાવી. તે વખતે કુમારવર્ગે હર્ષના ઉદ્રેકમાં નૃત્ય આરંભ્યો, શ્રાવકસમુદાયે રાસ ઝીલ્યા, ભાટલોકો બિરુદાવળી બોલવા લાગ્યા અને ગાયકોએ સંગીત આદર્યું. ધર્મવ્યયમાં રાજાએ અને એના પાર્શ્વમંડળે લક્ષોગમે નવકાર દીધા અને પુષ્પોનો તો જાણે વરસાદ વરસાવ્યો.

પછી મૃત્યુ એકદમ સમીપ સમજીને સૂરીશ્વરે એકાગ્ર ધ્યાનમાં રહેવાને કારણે ચોદિશ કોલાહલ થઇ રહ્યો હતો એનો નિષેધ કરાવ્યો. પછી નિવૃત્તિરૂપી લગામવડે ઉત્કટ અશ્વવત્ ઇન્દ્રિયોનો રોધ કરી, ચંચળ ચિત્તને મર્કટવત્ ધ્યાનપાશવડે સુબદ્ધ કરી, પરમાત્મમય ચિન્તવન કરતાં બ્રહ્મરંધ્રને માર્ગે પ્રાણ છોડ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરુ મૃત્યુ પામ્યા જોઈ કુમારપાળને મૂર્છા આવી, ગુરુના જીવની પાછળ જવા નીકળી હોયની એમ ક્ષણભર ચેતના એને ત્યજી ગઈ. તે થોડીવારે પાછી આવી અને રાજાને સર્વત્ર શૂન્યકાર લાગ્યું. માણસને પોતાના ઇષ્ટજનનો આત્યન્તિક વિયોગ થવાથી થાય એવું દુઃખ એને થયું. એને લઈને એ ગદ્‌ગદ્ સાદે બોલવા લાગ્યો—

મારા મહાઉપકારી ગુરુરાજ, આટલો સમય મારા પર અકથ્ય ધર્મસ્નેહ દર્શાવી દર્શાવી, અત્યારે શા માટે એ મમતા ત્યજી મને અહિં મૂકી ચાલ્યા ગયા ? અથવા તો પોતાના દેહ પર પણ જેને મમત્વ નહોતો એવા પુરુષનો મારા પર મમત્વ-ભાવ કલ્પવામાં હું જ ભૂલ્યો છું. મને લાગે છે કે અદ્યાપિ પર્યન્ત મનુષ્યોને બોધ આપી હવે એનો લાભ સ્વર્ગના દેવોને આપવાના ઈરાદાએ જ તમે સ્વર્ગગમન કર્યું છે, કારણ કે સંત પુરુષોને સર્વ કોઇનું કલ્યાણ કરવાનું હોય છે. મને પશ્ચાત્તાપ એટલો જ થાય છે કે હું એટલો બધો નિષ્પુણ્ય કે રાજપિંડ-વડે હું તમોને પ્રતિલાભી શકયો નહિં.

રામચંદ્ર આદિ શિષ્યો પણ ગુરુરાજના મૃત્યુથી અત્યન્ત ખિન્ન થઈ કરુણસ્વરે કહેવા લાગ્યા–આજ પ્રભાવસાગર શુષ્ક થયો, સદ્‌ગુણોની ખાણ પર ઢાંકણું દેવાણું અને જ્ઞાનસત્ર નષ્ટ થયું. એકલું ઉદર જ પૂરવા તરફ લક્ષ રાખી રહેલા સૂરિઓ તો અનેક છે, પણ રાજા જેવા રાજાને પ્રતિબોધ પમાડી સારી આલમને ઉત્કૃષ્ટ જીવનમાર્ગ બતાવનારા તમે જ હતા. તમારા જેવા એક જ્ઞાનના પ્રદીપના નિર્વાણથી, પૃથ્વી અજ્ઞાનરૂપ અન્ધકારમાં ડુબશે. તમે મિથ્યાત્વને વિષવૃક્ષવત્ સમુન્મૂલન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી કલ્પતરુવત્ સમ્યક્ત્વ રોપ્યું હતું-એવું કાર્ય હવે બીજા કોનાથી થશે ?

આમ વિલાપ કરતા શિષ્યસમુદાય, અને શ્રાવકવર્ગના નેત્રોમાંથી અસ્ખલિત અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. પણ અન્તે ધૈર્ય ધારણ કરી શ્રીસંઘે સત્વર મનહર રચના યુકત શિબિકા તૈયાર કરાવી. વૃદ્ધ મુનિઓએ સૂરીશ્વરના દેહને સ્નાન કરાવી, અનુલેપન કરી, શુભ્ર વસ્ત્રોથી સંવૃત કરી એ શિબિકામાં પધરાવ્યું. ઉત્તમ શ્રાવકો ઉત્સવપૂર્વક એને બહાર લઇ ગયા અને ગુરુના દેહનો કર્પૂર, ચંદન આદિથી સંસ્કાર કર્યો.

તે વખતે જાણે એવા મહાપુરુષના મૃત્યુના શોકને લઇને જ હોયની એમ સૂર્ય ઝાંખો પડી ગયો, દિશાઓ શૂન્યકાર થઇ ગઈ અને દિવસ પણ ઘેરાયલો રહ્યો.

ચિતા ઓલવાઈ ગયા પછી રાજાએ ગુરુભક્તિને લઈને એની ભસ્મ પોતે લઈ મસ્તકે ચઢાવી, પછી બીજા માંડલિકો, શ્રાવકો અને સર્વ નાગરિકોએ પણ થોડી થોડી ભસ્મ ત્યાંથી લીધી એટલે ચિતાવાળી જગ્યાએ જાનુપ્રમાણ ખાડો થઇ ગયો. તે ખાડો અત્યારે પણ પાટણમાં મોજુદ છે અને શ્રીહેમાચાર્યની ગુફાને નામે પ્રસિદ્ધ-ઓળખાય છે. મ્હોટાઓની સંસ્કારભૂમિ પણ ખ્યાતિ પામે છે તે કંઈ ઓછું આશ્ચર્ય છે ?

પછી કુમારપાળે તળ પાટણમાં અને અન્ય સ્થળોએ પણ ગુરુને નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ કરાવ્યા.

શ્રીમદ્ હેમચંદ્ર આચાર્યનો જન્મ વિ. સં. ૧૧૪૫ની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાર્તિકી પૂર્ણિમાને દિને થયો હતો. એમણે દીક્ષા વિ. સં. ૧૧૫૪ ના વર્ષમાં લીધી હતી, એમને સૂરિપદ વિ. સં. ૧૧૬૬ની સાલમાં પ્રાપ્ત થયું હતું. એમનું મૃત્યુ વિ. સં. ૧૨૨૯માં થયું.

શ્રી હેમચંદ્ર આચાર્યના મૃત્યુનો શોક કુમારપાળને બહુ સાલ્યો. એનું તો જાણે ચિત્ત જ શૂન્યપ્રાય થઈ ગયું, રાજ્યના કાર્યો પરથી પણ એનું મન જાણે ઉઠી ગયું-એને એ કરવાં ગમતાં જ નહિં.

પણ છેવટે રામચંદ્ર આદિ વિદ્વાન સાધુઓએ અને શ્રાવકોએ બોધ દઇ દઇને માંડમાંડ બહુ વખતે એનો શોક ઓછો કર્યો.

સદ્ગત શ્રીમદ્ હેમચંદ્ર આચાર્ય જે ભવિષ્ય ભાખી ગયા હતા એના પર કુમારપાળની પ્રતીતિ હતી. એટલે એને હવે થયું કે મારા પણ દહાડા ભરાઇ ચૂકયા હોય, તેથી એકદા અવસરે એણે કોઇ ઉત્તમ દિવસ જોઇને ભાણેજ પ્રતાપમલ્લને ગાદીનશીન કરવાનો વિચાર કર્યો.

પણ 'મનુષ્ય અનેરું ચિન્તવે, દૈવ અનેરો હોય' એ કહેવત પ્રમાણે, એને, એ હજુ પોતાનો વિચાર અમલમાં મૂકે તે પહેલાં, એકદા અકસ્માત્ શરીરમાં સખત તાવ ચઢ્યો. રાજા જેવાને તાવ જેવો સહેજ વ્યાધિ આવે એ પણ અતિ લાગેઃ વૈદ્યસમાજ એકત્ર થયો-એમણે જોયું તો જ્વર વધતો હતો એટલે એઓની ચિન્તા પણ વધી, પરંતુ એમણે પ્રતીકારાર્થે યોગ્ય ઉપાય આદર્યો.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અજયપાળ, રાજાનો દુર્બુદ્ધિ ભત્રીજો, જે પેલા બાલચંદ્ર દ્વારા પોતાના કાકાશ્રીનો અભિપ્રાય જાણી ગયો હતો તેને અત્યારે છિદ્ર જડયું: એને એનો (રાજાનો) ઠરાવ ફલિત થવા પામે જ નહિ એવો ઉપાય હાથ લાગી ગયો, દૈવે જ જાણે એને એ માર્ગ બતાવી દીધો: રાજાની સારવારમાં એ હાજર રહેતો એટલે એણે તક શોધીને એને આપવાના દૂધમાં વિષ ભેળવ્યું. વળી કોશની કુંચીઓ હાથ કરી લઈ પ્રયત્ન કરી કેટલુંક સૈન્ય પણ પોતાનું કરી લીધું, અને કાકો મરે અને પોતાને રાજ્ય મળે એની વાટ જોતો બેઠો.

વિષમય દૂધ કુમારપાળના પેટમાં ગયું એની સમયે કંઇ અસર થવા માંડી. એ સમજી ગયો અને કોશમાં વિષ–નાશક છીપ હતી તે મંગાવરાવી.

કોશાધિપતિએ નિવેદન કર્યું–મહારાજ, અજયપાળ મારી પાસેથી કોશની ચાવીઓ પરાણે લઈ ગયો છે અને કોશનો પણ કબજો કરીને બેઠો છે.

કુમારપાળે વિશેષ જાણ્યું, પણ એ વિવેકી હતો એટલે એના પ્રત્યે કોપ ન કરતાં પોતે કેવળ એમ જ ચિન્તવ્યું કે ईदृशी भवितव्यता। ભાવી એમ જ હશે.

એની અસ્વસ્થતાના કારણે એની શુશ્રૂષા–તહેનાતમાં રહેલો એક ચારણ આ બધું જોઇ–સાંભળી રહ્યો હતો. રાજાએ પોતે પોતાના જ જામદાર ખાનામાંથી વસ્તુ–છીપ મંગાવી તે ન આવી એ એ જાણી ગયો. એટલે એણે કહ્યું–મહારાજ, તમે આટલા બધા પ્રાસાદ–મંદિરો શા માટે બંધાવ્યા ? એની કોણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંભાળ લેશે ? તમારી પોતાની છીપ પણ તમારે કામ આવતી નથી એ તમે જુઓ છો ને ?

" બારોટ, સાચું કહો છો, કંઇ કામ નહિં આવે. " રાજાએ સાચું બોલનાર તરફ પ્રેમની નજરે જોઇ કહ્યું. અને એવા સાચા બોલાની કદર કરવા, એનું દારિદ્રય ફીટાડનારું સારું ઇનામ આપ્યું.

એ જ વખતે એણે આજ્ઞાપત્ર કાઢયુંઃ સર્વ ચૈત્યોમાં પૂજા ભણાવો, અને સાધર્મિક વાત્સલ્ય આદરી ઘો. વળી દીન-દુઃખી જનોને અન્ન, વસ્ત્ર આદિ પણ આપ્યા કરો.

વિષે પોતાનું કામ કરવા માંડયુંઃ રાજાની અસ્વસ્થતા વધતી ગઈ.

એણે તત્ક્ષણ પર્યન્તારાધના અને તે પણ સવિધિ-વિધિ-સહિત કરવાને માટે રામચન્દ્ર મુનિવરને તેડું મોકલ્યું.

મુનિ આવ્યા અને વિધિ શરૂ થઈ.

સમીપમાં સૂર્યસદૃશ ઝળહળતી કાન્તિવાળા એક અર્હદ્-બિંબનું સ્થાપન કરી, એનું અર્ચનપૂજન કરી, એને પુનઃ પુનઃ નમી, એની સાક્ષીએ રાજાએ પાપ-પ્રક્ષાલન કરવાના હેતુએ, મુનિ સમક્ષ શુદ્ધ મને બોલવું શરૂ કર્યું:—

જન્મ્યો ત્યારથી અત્યાર સુધીમાં મારે હાથે કોઈ સ્થાવર કે ત્રસ જીવનો વધ થયો હોય એની હું પુનઃ પુનઃ ગર્હા કરું છું.

સ્વાર્થે કે પરાર્થે સહેજ પણ સ્થૂલ કે સૂક્ષ્મ અસત્યવાદ મેં કર્યો હોય એની હું જુગુપ્સા કરું છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન્યાયે કે અન્યાયે મેં પારકું ધન આદિક કંઈ પણ 'અદત્ત' લીધું હોય એ હું ત્યજું છું.

મારી પોતાની કે પારકી સ્ત્રી સાથે મૈથુન સેવ્યું હોય, વળી દેવાંગના પરત્વે પણ એ ચિન્તવ્યું હોય—એની હું પુનઃ પુનઃ નિન્દા કરું છું.

ધન, ધાન્ય, ક્ષેત્ર, ગૃહ, સુવર્ણ, દાસ–દાસી, અને ઢોર-ઢાંખર આદિકની વૃદ્ધિની તૃષ્ણા રાખી હોય—એ હું એકાગ્ર-ચિત્તે વર્જું છું.

જન્મ્યો ત્યારથી મેં રાત્રીભોજન કર્યું હોય કે અભક્ષ્ય ભક્ષણ કર્યું હોય—તે સર્વ ગર્હિત કાર્ય હું યે ગર્હું છું.

એ જ મુજબ દિગ્વિરતિ આદિ વ્રત પરત્વે કે સામાયિક આદિકમાં પણ મેં જે કંઇ અતિચાર સેવ્યા હોય એ હું ત્યજું છું.

પૃથ્વીકાય આદિકને રૂપે રહીને મારે જીવે જે કોઇ સ્થાવર જીવોને પીડા ઉપજાવી હોય તે સમસ્તની હું ક્ષમા માગું છું.

તિર્યંચ–નરક–મનુષ્ય કે દેવગતિમાં વસતાં મારે હાથે કોઇ ત્રસ જીવોને દુહવ્યા હોય એમની પણ હું ક્ષમા માગું છું.

દુષ્ટ શબ્દ, વાક્ય આદિ કહીને શ્રી સંઘમાં પણ મેં કોઇને કલેશ ઉપજાવ્યો હોય એની પણ હું ત્રિવિધે ત્રિવિધે ક્ષમા માગું છું.

સર્વ જીવ જાતિમાં ભ્રમણ કરતાં મેં વચન–મન કે કાયાથી પણ કંઈ યે દુષ્કૃત કર્યું હોય તે મિથ્યા થાઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દાક્ષિણ્યને લઈને કે લોભને લઈને મેં બીજાને કંઈ પણ મિથ્યાત્વ ઉપદિશ્યું હોય તે સર્વ મિથ્યા થાઓ.

આળસ આદિકને યોગે મેં ધર્મકાર્યમાં મારું છતું બળ ગોપવ્યું હોય તે મારું દુષ્કૃત પણ વ્યર્થ થાઓ.

પ્રતિમા પુસ્તક આદિકને મારાથી ચરણ સંઘટ્ટ થઈ જવાથી આશાતના થઈ હોય એ પણ વ્યર્થ થાઓ.

આમ, જાણે સ્નાનથી જ હોયની એમ, પાપની પ્રતિલેખનાથી આત્માને વિશુદ્ધ કરી એ રાજર્ષિએ પછી અનશન આદર્યું.

ઉપર જેમ એણે પોતાથી થઈ ગયેલા હરકોઈ પાપાચરણની નિન્દા-ગર્હા કરી (તે તે જીવોની ક્ષમા યાચી) એમ હવે પોતે કંઈ પુણ્યકાર્ય કર્યાં હોય એની અનુમોદના કરે છે.

મેં ન્યાય માર્ગે દ્રવ્ય ઉપાર્જન કરી એનો સાત ક્ષેત્રોમાં કંઈ પણ વ્યય કર્યો હોય-એ પુણ્યકાર્યની હું અનુમોદના કરૂં છું.

દેવગુરુની પૂજા સંબંધે કે જીવદયાના કાર્ય કરીને કંઈ પુણ્યબંધ કર્યો હોય, અથવા બીનવારસી પણ દોલત જતી કરી પુણ્ય બાંધ્યું હોય-એની હું અનુમોદના કરું છું.

શત્રુંજય આદિ પાપ ખપાવનારાં તીર્થોની યાત્રા કરી મેં જે કંઈ પુણ્ય બાંધ્યું હોય એની હું પરિભાવના કરું છું.

મને તીર્થંકરનું શરણુ હો, સિદ્ધનું શરણુ હો, સાધુનું શરણુ હો, અને જિનપ્રણીત ધર્મનું શરણુ હો. ત્રણેયે જગત્‌ને વંદ્ય એવાં એ ચારે મંગળ મને હો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ મારો ચૈતન્યમય આત્મા જ મારો છે. દેહાદિક સર્વે એ સાંયોગિક ભાવો છે તે પૃથક્ છે.

જીવને અહિં જે દુઃખ છે તે તો દેહ આદિકને લઇને જ છે, માટે અવશ્ય તજવા યોગ્ય એવા એ દેહ આદિકને હું વ્યુત્સર્જું છું–વોસરાવું છું.

એ પ્રમાણે પર્યન્ત–આરાધના કરી, શુભ ધ્યાને ચિત્તને નિર્મળ કરી, રાજાએ નિષ્કપટપણે પંચપરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કર્યું. મનમાં હજુ સર્વજ્ઞ ભગવાનનું, ગુરુ શ્રીમદ્ હેમચંદ્રનું તથા એમણે નિર્દેશેલા પાપવિનાશક ધર્મનું જ સ્મરણ હતું ત્યાં તો વિષ હાડોહાડ વ્યાપી ગયું હતું એટલે છેવટની મૂર્છા આવીને પ્રાણ ચાલ્યા ગયા.

આમ વિષપ્રયોગે નશ્વર દેહનો ત્યાગ કરી કુમારપાળનો જીવ પુનઃ સ્વર્ગમાં વ્યન્તરેન્દ્રપણે ઉત્પન્ન થયો.

કુમારપાળના મૃત્યુથી એના સમસ્ત પરિવારને જે શોક થયો એ અવર્ણ્ય હતો. એના પરિજનોને ન પૂરાય એવી ખાધ પડી. સૌરાષ્ટ્રે એક દયાસિન્ધુ ધર્મવીર રાજવી ગુમાવ્યો.

એવા ચૌલુક્યરાજરત્નની સંસ્કારવિધિ બહુ આડમ્બરપૂર્વક થઈ. વળી અજયપાળ આદિક એના ભત્રીજા વગેરેએ ભેગા થઇને એની સમસ્ત અંત્યક્રિયા પણ કરી.

એવા ધર્મશીલ ગુર્જરપતિના મૃત્યુથી વિષાદ પામી કવિ-વરોએ પણ એના ગુણગણની સ્મૃતિમાં અનેક કાવ્યો રચ્યાં :

क्षीणो धर्ममहोदयोऽद्य करुणा प्राप्ता कथाशेषताम्,
शुष्का नीतिलता विचारसरणिः शीर्णा गता साधुता ।
औचित्यं च परिच्युतं जिनमतोल्लासः कृशीयानभूत्,
श्रीचौलुक्यमहीपतौ क्षितितलात् स्वर्लोकमासेदुषि ॥

'આજે ચૌલુક્યમહીપતિના સ્વર્ગવાસથી ધર્મમહોદય ક્ષીણ થયો, કરુણા કથાશેષ થઈ ગઈ, નીતિલતા શુષ્ક થઈ, વિચારસરણી શીર્ણ થઈ, સાધુતા ગઈ, ઔચિત્ય ચ્યુત થયું અને જિનધર્મોલ્લાસ કૃશ થયો.

निर्दग्धः त्रिदशद्रुमः सुरगवी प्रच्याविता प्राणतः,
नीतः कामघटः कपालघटनां चिन्तामणिश्चूर्णितः ।
एकैकोचितदत्तलक्षकनकप्रोज्जीवितार्थिव्रजं,
दैवेनाद्य कुमारपालनृपतिं नीत्वा यशःशेषताम् ॥

'હા !, આ ક્રૂર કાળે કુમારપાળને લઈ જઈ બહુ અનિષ્ટ કર્યું છે. નિર્દય યમે એ કર્યું એ કલ્પદ્રુમને બાળી નાખ્યા જેવું કર્યું છે. કામધેનુનો વિનાશ કર્યા જેવું કર્યું છે, કામઘટને ભાંગીફોડી નાખ્યા જેવું કર્યું છે, ચિન્તારત્નનો ચૂરો કરી નાખ્યા જેવું કર્યું છે, લાખો ગમે દ્રવ્ય આપી યાચકોના જીવણહારને સ્થાને રહેલો એ નૃપતિ આજે કથાશેષ થયો છે. (પોતાની પાછળ નામ–કીર્તિ મૂકીને સ્વર્ગની વાટે સીધાવ્યો છે.)'

भूयांसोऽपि भवन्तु भूमिपतयो निःसीमदोर्विक्रमाः,
तन्मध्ये दधते न कोऽपि समतां चौलुक्यधात्रीभृतः ।

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

द्यूतादिव्यसनं निवार्य रुदतीवित्तं च मुक्त्वैव यो,
मारिं वारितवांश्चतुर्दशसमा विश्वक्ष्मामंडले ॥

રાજપાટ તો ઘણાને મળ્યા છે, એમાં પરાક્રમશાળી પણ ઘણા થઈ ગયા છે, પણ એ બધામાં આ ચૌલુકયરાયને તોલે આવે એવો એક પણ નથી, કારણ કે એણે કર્યું એવું કોઈએ નથી કર્યું. રાજ્યમાંથી દ્યૂતાદિ વ્યસનોને દેશવટો આપનાર એ એકલો જ; બીનવારસી દ્રવ્યને હાથ ન લગાડનાર એ એકલો જ; અને ચોદિશ પૃથ્વી પર અમારિ પટહ વજડાવનાર પણ એ એકલો જ થઈ ગયો છે.

लोको मूढतया प्रजल्पतु दिवं राजर्षिरध्यूषिवान्,
ब्रूमो विज्ञतया वयं पुनरिहैवास्ते चिरायुष्कवत् ।
स्वान्ते सच्चरितैः नभोऽब्धिमनुभिः कैलासवैहासिकैः,
प्रासादैश्च बहिर्यदेष सुकृती प्रत्यक्ष एवेक्ष्यते ।

લોક તો મૂર્ખ છે. તે કહે છે કે કુમારપાળ સ્વર્ગે ગયો, અમે–વિજ્ઞ એમ કહીએ ? અમે તો કહીએ છીએ કે એનું આયુષ્ય ઘણું છે–એ સુકૃતી તો અહિં જ વિદ્યમાન છે. આપણા અન્તરમાં, એનાં ઉત્તમ ચારિત્રને લઈને, અને બાહ્ય, એણે કરાવેલાં ૧૪૪૦ જેટલાં કૈલાસનો પણ ઉપહાસ કરી રહેલાં જિનમંદિરોને લઈને એ આપણને પ્રત્યક્ષ દેખાય છે.

હવે ખાલી પડેલા રાજ્યસિંહાસનને લાયક પ્રચંડભુજ-બળવાળો અજયપાળ જ છે એમ ધારીને રાજ્યના અધિકારી વર્ગે મહામહોત્સવપૂર્વક એને ગાદીનશીન કર્યો. ઊગતા ચંદ્રમાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોઇ કુમુદગણને ઉલ્લાસ થાય એમ ઉદયમાન એવા આ નૂતન રાજાને જોઇને પ્રજાજનને પણ અન્તરમાં મહાઉલ્લાસ થયો.

આમ મેં અનેક ધાર્મિક કથાઓનો સાર લઇ લઇને કુમારપાળ ભૂપાળનું વિચારપૂર્ણ ચરિત્ર **સંક્ષેપમાત્રમાં** કહ્યું છે. એના જેવા પવિત્ર પુણ્યશાલી મહાપુરુષનું મૂળથી પર્યન્ત સુધી **વિસ્તારયુક્ત** ચરિત્ર તો સ્વયં બૃહસ્પતિ પણ સહસ્ર રસનાવડે યે ન કહી શકે-એ કહેવાને બૃહસ્પતિ પણ સમર્થ નથી.

આ મારો પ્રયાસ નથી પ્રાચીન કવિવરો ખાટી ગયા છે એવો યશ ખાટવા, નથી અર્વાચીન વિદ્વદ્વરોની કૃતિની સાથે તુલના કરવા, કે નથી મારી પોતાની વિદ્વત્તાની જાહેરાત કરવા. મેં તો ઉત્તમ પુરુષોના ચરિત્ર ગાવાં એ પ્રચુર પુણ્યબંધનો જ હેતુ છે એમ સમજીને આ ચૌલુક્યકુલરત્નનું ચરિત્ર આલેખ્યું છે.

આ રાજર્ષિનું આ જાતનું ચરિત્ર ચિરકાળ થયાં કોઇએ ગુંથ્યું નથી, જો કે નાનાપ્રકારના પ્રબંધો વિદ્વાનોને સુખેથી નીકળ્યા છે ખરા. મેં તો 'પ્રભાવક-પુરુષચરિત્ર.' આદિ ગ્રંથોમાં જેવું જોયું છે તેવું ગુંથ્યું છે, માટે મારા આ પ્રયાસમાં એ વિબુધો કરતાં અધિકતા છે એમ પણ ન સમજવું તેમ ન્યૂનતા છે એમ પણ ન સમજવું.

આ મારા કાવ્યમાં નથી કોઇ નૂતન કે ભવ્ય પદરચના, તેમ નથી કંઇ વિચિત્રતા. નથી એવા ઉત્તમ અલંકારો કે નથી એવો શ્રેષ્ઠ રસ; તો પણ વિશારદ વાચકગણે આ કુમારપાળ ભૂપાળનું ચરિત છે એમ સમજી પુણ્યોપાર્જનને લોભે શોધી નીરખવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ કાવ્યગ્રન્થની રચના વિ. સં. ૧૪૨૨ માં કરી છે. એનું પૂર ૬૩૦૭ શ્લોક છે.

જ્યાં સુધી આકાશ અને પૃથ્વીને અન્તરાળે, અંધકારનો નિરાસ કરનારા શાશ્વતા દીપક જેવા સૂર્યચંદ્ર પ્રકાશતા રહે ત્યાં સુધી કુમારપાળ ભૂપાળનું આ સુંદર ચરિત્ર પુણ્યાત્મા જીવોના ચિત્તને નવીન અમૃતરસના ઝરણાની જેમ તૃપ્ત કરતું જયવન્તું રહો.

## ગ્રંથકર્ત્તાની પ્રશસ્તિ

શ્રી મહાવીરના મુખ્ય ગણધર શ્રીસુધર્માસ્વામીની પાટે આર્યસુહસ્તી થયા. એમના બાર શિષ્યોમાં મુખ્ય **શ્રીગુપ્ત** થયા. એમનામાં 'ચારણલબ્ધી' હતી. એટલે એમનો ગણ 'ચારણ ગણ' કહેવાયો. એ સદા સુમનગણથી સેવાતો હોઈને કલ્પતરુવત્ ખ્યાતિ પામ્યો. એ ગણને ચાર શાખા અને સાત (પલ્લવરૂપ) કુળ થયા. ચાર શાખામાંથી બીજી 'વજ્રનાગરી' શાખાના 'સ્થિતિધર્મ' નામના બીજા કુળમાં સ્વર્ગમાં વસનારા દેવતાઓ પણ જેમની તપશ્ચર્યાના ગુણગાન કરતા હતા એવા, ઉત્કૃષ્ટ 'લબ્ધિ'ના ભાજન અને દયાના સાગર શ્રીકૃષ્ણ નામે મુનિ થયા.

એમણે પોતાના એક પરમ મિત્રનું મૃત્યુ થયાના કારણે વૈરાગ્ય પામી દીક્ષા લીધી હતી. દીક્ષિત અવસ્થામાં એમણે કેટલાય દુર્ગ્રહ અભિગ્રહો લીધેલા, સર્પના ડસેલા કેટલાયના પોતાના ચરણામૃતવડે વિષ ઉતારેલાં, વર્ષભરમાં માત્ર ચોત્રીશ જ પારણાના દિવસ આવે એવી તો તપશ્ચર્યા કરેલી અને રાજામહારાજાઓ જેવા પણ બુઝવેલા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવા અનન્ય સામર્થ્યવાળા પ્રશમ ધન કૃષ્ણમુનિએ પૂર્વે નાગપુરમાં પોતાની મિષ્ટ આકર્ષક વાણીથી ત્યાંના એક નારાયણ શ્રેષ્ઠીને પ્રબોધી સુંદર જિનમંદિર કરાવ્યું હતું અને એમાં અન્તિમ પ્રભુ શ્રી મહાવીરસ્વામીના બિમ્બની પ્રતિષ્ઠા કરાવી હતી, તથા વંભ આદિક ૭૨ ગોકુળ સ્થપાવ્યાં હતાં ( વીર સં. ૭૧૯ ના ચૈત્રની શુકલ પંચમી ).

એની પછી આશ્ચર્યભર્યાં સુંદર ચરિતોના ધણી બહુ બહુ સૂરીશ્વરો થઈ ગયા. અનુક્રમે વિક્રમ સંવત્ ૧૩૦૧ ની સાલમાં નિર્ગ્રંથચૂડામણિ શ્રી જયસિંહસૂરિ થયા. તેઓ સૂર્ય જેવા પ્રતાપશાલી હતા અને અજબ મંત્રશક્તિ ધરાવતા હતા –એને લઇને એમણે એક વાર મારવાડમાં જળનો દુકાળ પડેલો તે વખતે ( મંત્રબળથી ) જળની નદીઓ ને નદીઓ આકર્ષી આણી શ્રીસંઘને જળ પૂરું પાડી જીવન્ત રાખ્યો હતો. એમને એવા પ્રભાવકશિરોમણિ જોઈને લોકોએ જાણે ચિન્તારત્ન હોયની એમ એમને નમી નમીને સન્માન્યા હતા. વળી એ પ્રસંગથી ઝળહળતી બુદ્ધિવાળા એ સૂરીશ્વરની કીર્ત્તિચન્દ્રિકા ચોદિશ એટલે પ્રસરી હતી કે ધરણીધર રાજા–બાદશાહો પણ એમના ચરણકમળમાં મસ્તક નમાવવામાં પોતે માન સમજ્યા હતા.

એક વખત તો દીલ્લીના સુલતાન ખુદ મહમ્મદશાહે પોતા તરફથી એમને દીન–દુઃખી જનોને ઉદ્ધારવાના પુણ્યકાર્યમાં લક્ષ જેટલું સુવર્ણ સન્માનપૂર્વ મોકલાવ્યું તે એમણે નિર્લોભભાવે તરત જ તૃણવત્ પાછું વાળ્યું, એ બનાવને લઇને ' સમગ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૃથ્વી પર કોઇ મહાત્મા પુરુષ હોય તો આ એક જ છે ' એવી એ દીલ્લી શાહ તરફથી પ્રશંસા પામ્યા હતા.

એમ અનેક ગુણાવળીએ યુક્ત અને ભવ્ય જનોના સંસાર-દાહને શાન્ત કરવાને સમર્થ એવા એ કૃષ્ણચંદ્રસૂરિની પાટે સૂર્ય જેવા મહાપ્રતાપી શ્રી જયસિંહસૂરિ થયા. એમણે પોતાના ગુરુને પ્રતાપે આ કુમારપાળભૂપતિનું બોધપૂર્ણ ચરિત્ર રચ્યું છે.

એની પહેલી નકલ ગુરુભક્તિને કુશળ, અવધાની, પ્રવીણ પ્રમાણશાસ્ત્રી અને સમર્થ કાવ્યકાર એવા નયચન્દ્ર મુનિએ લખી છે.

અત્યન્ત મનોહારી વિસ્તૃત સમુદ્રરૂપ જળવાળા, દિશાઓ-રૂપી પત્રવાળા અને પાતાળસ્થિત શેષનાગ રૂપ નાળવાવાળા આ લક્ષ્મીના ક્રીડાસ્થાન જેવા-મેદિનીરૂપ કમળને વિષે, સ્વ-ર્ણાચળ-મેરુપર્વત કર્ણિકાભાવને પોષતો રહે ત્યાં સુધી અર્થાત્ પૃથ્વી પર મેરુપર્વત હયાત રહે ત્યાં સુધી કાયમને માટે આ નિર્મળ ચરિત્રગ્રન્થ વિદ્વજ્જનોને આનન્દ ઉપજાવતો છતો જયવન્ત રહો.

## ઇતિ કુમારપાળ ભૂપાળ ચરિત્ર સંપૂર્ણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust